સાપ્તાહિક
# મુંબઈ સમાચાર
૨૦૪ વર્ષ
R.N.I. No. 1689/57 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 42
■ વિક્રમ સંવત ૨૦૮૨ ■ કાર્તિક સુદ- ૫ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ REGD.No. MCS/121/2024-26
રવિવાર, ૨૬ ઑક્ટોબર ૨૦૨૫, (૧૬ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦


ઉત્સવ પૂર્તિ ૫ થી ૧૧


LIKE & FOLLOW: /Mumbaisamachar4u


# સિડનીમાં ‘રો-કો’નો સુપર શો


ANTARA GOLD & DIAMONDS
DADAR | BORIVALI
TODAY'S GOLD RATE
₹ 11,493/-
PER 1 GRAM OF 22KT BIS HALLMARKED JEWELLERY
જુના સોનાના ઘરેણા શ્રેષ્ઠ ભાવે ખરીદીશું
DIAMOND JEWELLERY VVS-VS F-G QUALITY CERTIFIED NATURAL DIAMONDS
DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565
OPEN ON ALL DAYS




**વિન્ટેજ બૅટિંગઃ** સિડનીમાં ભારતને ત્રીજી વન-ડેમાં ગઈ કાલે વિજય અપાવનાર સ્ટાર બૅટર્સ વિરાટ કોહલી અને રોહિત શર્મા.

## ભારત રોહિત-વિરાટની જબરજસ્ત પાર્ટનરશિપ અને હર્ષિત રાણાની ઘાતક બૉલિંગને લીધે અંતિમ વન-ડે જીત્યુંઃ બંને સુપરસ્ટાર બૅટરે વિક્રમોની વણઝાર સર્જી

સિડનીઃ ભારતે અહીં વન-ડે સિરીઝની પ્રથમ બન્ને મૅચની હાર પછી ગઈ કાલે ત્રીજી મૅચમાં હરાવીને ઑસ્ટ્રેલિયાને ૩-૦ની ક્લીન સ્વીપથી વંચિત રાખ્યું હતું અને એનો સંપૂર્ણ બે દિગ્ગજ ખેલાડીઓ રોહિત શર્મા (અણનમ ૧૨૧) અને વિરાટ કોહલી (અણનમ ૭૪)ને ફાળે જાય છે. તેમની વચ્ચેની ૧૬૮ રનની યાદગાર ભાગીદારીની મદદથી ભારતે ૨૩૭ રનનો લક્ષ્યાંક માત્ર એક વિકેટના ભોગે મેળવી લીધો હતો. ટીમ ઇન્ડિયાએ નવ વિકેટ અને ૬૯ બૉલ બાકી રાખીને વિજય હાંસલ કર્યો હતો.

ઑસ્ટ્રેલિયાને ૨૩૬ રન સુધી સીમિત રખાવવામાં ભારતીય બોલર્સમાં પેસ બોલર હર્ષિત રાણા (૮.૪-૦-૩૯-૪)ની સૌથી મોટી ભૂમિકા હતી. વૉશિંગ્ટન સુંદરને બે વિકેટ મળી હતી, જ્યારે કમબૅક-મૅન કુલદીપ યાદવ, અક્ષર પટેલ, પ્રસિદ્ધ ક્રિષ્ના અને મોહમ્મદ સિરાજને એક-એક વિકેટ મળી હતી.

રોહિતે ઍડિલેઇડની બીજી મૅચમાં ૭૩ રન કર્યા હતા જે ભારતના પરાજયને કારણે એળે ગયા હતા, પરંતુ એ મૅચમાં સદીથી ઘણે દૂર રહ્યા બાદ ગઈ કાલે તેણે ૩૩મી વન-ડે સેન્ચુરી ફટકારી હતી. એ સાથે, આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં તેની ૫૦મી સદી નોંધાઈ હતી.

રોહિત અને વિરાટ ટી-૨૦ તથા ટેસ્ટ બાદ હવે વન-ડેમાંથી પણ સાગમટે નિવૃત્તિ લેશે એવી અટકળો

(જુઓ પાનું ૨) ▸▸

## મોદીની હત્યાનું ષડ્યંત્ર સીઆઈએ દ્વારા ઘડાયેલું?

### સંઘના મુખપત્રમાંના દાવા પ્રમાણે એસસીઓ સમિટમાંના આ કાવતરાને ભારત-રશિયા સંયુક્ત ઑપરેશનમાં નિષ્ફળ બનાવાયેલું

ઢાકાઃ અમેરિકાની જાસૂસી એજન્સી સીઆઈએ વિશ્વભરમાં સરકાર પાડવા, નેતાઓની હત્યા કરાવવા અને દેશો વચ્ચે લડાઈઓ કરાવવા માટે કુખ્યાત છે. સીઆઈએ નાગરિકોનો વિદ્રોહ ભડકાવીને જુદા જુદા દેશો પર દબાણ વધારી સરકાર પાડી નાખવા અને અમેરિકાનું આધિપત્ય સ્થાપિત કરવા માટે જાણીતી છે. બાંગ્લાદેશની રાજધાની ઢાકામાં અમેરિકાના સ્પેશ્યલ ફૉર્સના અધિકારીના રહસ્યમય મૃત્યુ સંબંધે એવો આક્ષેપ કરવામાં આવ્યો છે કે વડા પ્રધાન નરેન્દ્ર મોદીની હત્યાનું કાવતરું સીઆઈએ દ્વારા ઘડવામાં આવ્યું હતું અને એ સંદર્ભે જ આ અધિકારી ઢાકામાં

(જુઓ પાનું ૨) ▸▸

### ઑપરેશન ત્રિશૂળથી પાકિસ્તાન ફફડ્યું, ઍરસ્પૅસ બંધ કરી

## ગુજરાત-રાજસ્થાન સરહદે ભારતીય લશ્કરની ત્રણેય પાંખ કવાયત હાથ ધરશે

નવી દિલ્હીઃ ભારતીય લશ્કરની ત્રણેય પાંખ સાથે મળીને રાજસ્થાન અને ગુજરાતના સરહદી વિસ્તારોમાં લશ્કરી કવાયત કરવાની છે અને તેને કારણે પાકિસ્તાનમાં ફફડો બેસી ગયો છે અને આથી જ તેણે તેના હવાઈક્ષેત્રોમાં નિયંત્રણ જાહેર કરતી નૉટિસ બહાર પાડી છે.

૩૦ ઓક્ટોબરથી ૧૦ નવેમ્બર દરમિયાન રાજસ્થાન અને ગુજરાતના સરહદી વિસ્તારોમાં મોટી સંયુક્ત લશ્કરી કવાયતનું આયોજન કરવામાં આવ્યું છે. આ કવાયતમાં ભૂમિદળ, વાયુસેના

(જુઓ પાનું ૨) ▸▸

## દ. ગુજરાત, સૌરાષ્ટ્રમાં માવઠું ચિંતા કરાવે છે

### નવસારીમાં ૨.૨૦ ઈંચ પાણી પડ્યુંઃ પચીસ તાલુકામાં મેઘરાજા વરસ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં માવઠું થતા ધરતીપુત્રોની ચિંતા વધી હતી. અમરેલી, ગીર સોમનાથ, વલસાડ સહિતના વિસ્તારોમાં હળવાથી ભારે કમોસમી વરસાદ વરસ્યો હતો. કમોસમી વરસાદને પગલે રોડ પર પાણી વહેતાં થયાં હતાં અને ખેડૂતોની ચિંતામાં પણ વધારો થયો હતો. સ્ટેટ ઈમર્જન્સી ઓપરેશન સેન્ટરના આંકડા પ્રમાણે રાજ્યમાં સવારે છથી સાંજના છ

(જુઓ પાનું ૨) ▸▸

## શરમ, શરમ...

### વર્લ્ડ કપ રમવા આવેલી બે ઑસ્ટ્રેલિયન મહિલા ક્રિકેટરની ઈંદોરમાં સરેઆમ છેડતીઃ બદમાશ પકડાયો

ઈંદોરઃ ઑસ્ટ્રેલિયનાં બે મહિલા ક્રિકેટરોનો અહીં પીછો કરનાર અને તેમનો વિનયભંગ કરનાર બદમાશની ધરપકડ કરવામાં આવી છે. આ બે મહિલા ક્રિકેટર ગુરુવારે સવારે અગિયારેક વાગ્યે તેમની હૉટેલમાંથી કૅફે જઈ રહ્યાં હતાં ત્યારે તેમની છેડતી કરાઈ હતી. આરોપીને અકિલ ખાન તરીકે ઓળખી કાઢવામાં આવ્યો છે.

પોલીસ અધિકારીએ કહ્યું હતું કે એક રાહદારીએ શકમંદની બાઈકનો નંબર નોંધી લીધો હતો અને આના આધારે આરોપી ખાનની ધરપકડ કરવામાં આવી હતી.

ઈંદોરની ક્રાઈમ બ્રાન્ચના વધારાના ડીસીપી રાજેશ દંડોતિયાએ માહિતી આપી હતી કે અમને ઑસ્ટ્રેલિયન સિક્યોરિટી ટીમ તરફથી ફરિયાદ મળી હતી કે બે મહિલાઓ હૉટેલમાંથી કૅફે જઈ રહી હતી ત્યારે તેમની સાથે ગેરવર્તન કરવામાં આવ્યું હતું. ગુરુવારે

(જુઓ પાનું ૨) ▸▸

## અલવિદા સતીશ શાહ



સતીશ શાહજીના અવસાનથી ઊંડું દુઃખ થયું છે. તેમને ભારતીય મનોરંજન ઉદ્યોગના ખરા લૅજન્ડ તરીકે યાદ રખાશે. ઓમ શાંતિ.
- વડા પ્રધાન નરેન્દ્ર મોદી

મુંબઈઃ બૉલિવૂડના દિગ્ગજ ઍક્ટર અને કૉમેડિયન સતીશ શાહનું શનિવારે બપોરે બાન્દ્રા ઈસ્ટમાંના તેમના આવાસમાં અવસાન થયું હતું. ‘જાને ભી દો યારોં’, ‘મૈ હું ના’ જેવી ફિલ્મો હોય કે પછી ‘સારાભાઈ વર્સિસ સારાભાઈ’, ‘યે જો હૈ ઝિંદગી’ જેવી સિરિયલો હોય સતીશ શાહે બે પેઢીને પેટ પકડીને હસાવ્યા. કિડની સંબંધી બીમારીને લીધે તેમનું નિધન થયું હતું. તેઓ ૭૪ વર્ષના હતા.

એક્ટરના નિધનના સમાચારની પુષ્ટિ તેમના મેનેજરે કરતાં જણાવ્યું હતું કે શનિવારે બપોરે ૨.૩૦ વાગ્યે સતીશ શાહે અંતિમ શ્વાસ લીધા હતા. તેઓ કિડની સંબંધિત બીમારીથી પીડાઈ રહ્યા હતા. રવિવારે એટલે કે ૨૬મી ઓક્ટોબરના રોજ તેમના પાર્થિવ દેહના અંતિમ સંસ્કાર કરવામાં આવશે, એવી માહિતી પણ મેનેજરે આપી હતી.

(જુઓ પાનું ૨) ▸▸




## સાપ્તાહિક ભવિષ્ય - પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા
## તા. ૨૬-૧૦-૨૦૨૫ થી તા. ૧-૧૧-૨૦૨૫

ગ્રહગોચરઃ સૂર્યનારાયણ સમગ્ર સપ્તાહમાં તુલા રાશિમાં ભ્રમણ કરે છે. મંગળ તા. ૨૭મીએ તુલામાંથી વૃશ્ચિક રાશિમાં પ્રવેશે છે. બુધ વૃશ્ચિક રાશિમાં ભ્રમણ કરે છે. ગુરુ કર્ક રાશિમાં ભ્રમણ કરે છે. શુક્ર કન્યા રાશિમાં ભ્રમણ કરે છે. વક્રી શનિ મીન રાશિમાં ભ્રમણ કરે છે. રાહુ કુંભ રાશિમાં ભ્રમણ કરે છે. ચંદ્ર પ્રારંભે તા. ૨૬મીએ વૃશ્ચિકમાંથી ધનુમાં પ્રવેશે છે. તા. ૨૮મીએ મકર રાશિમાં પ્રવેશે છે. તા. ૩૧મીએ કુંભ રાશિમાં પ્રવેશે છે.

મેષ (અ, લ, ઈ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં આ સપ્તાહમાં વેપાર લાભદાયી બનશે. નોકરીમાં સફળતા જણાય છે. તા. ૨૮, ૨૯, ૩૦ નોકરીના કામકાજમાં શુભ જણાય છે. વેપારમાં સફળતા મેળવશો. આવકની વૃદ્ધિ થશે. મહિલાઓને પરિવારજનો માટે કિંમતી ચીજોની ખરીદી માટે અનુકૂળતા જણાશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં શૈક્ષણિક પ્રવૃત્તિમાં સફળતાનો અનુભવ થશે.

વૃષભ (બ, વ, ઉ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં લાંબા સમયનું રોકાણ શક્ય છે. નોકરી માટે તા. ૨૬, ૨૭, ૨૮ શુભ જણાય છે. પ્રવાસ દ્વારા નોકરીના કામકાજ પણ પૂર્ણ કરી શકશો. વેપારની નાણાંની આવકની વૃદ્ધિ થશે. મહિલાઓને આ સપ્તાહમાં નવા કામકાજના પ્રારંભ માટે અનુકૂળતા જણાશે. વિદ્યાર્થીઓ આ સપ્તાહમાં નવા અભ્યાસની પ્રવૃત્તિમાં સફળતા દાખવી શકશે.

મિથુન (ક, છ, ઘ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં વેપાર સફળ બની રહેશે. નોકરીમાં અનુકૂળતા જણાય છે. નોકરીની પ્રવૃત્તિમાં ધાર્યા મુજબની સફળતા મેળવશો. તા. ૨૭, ૨૮ શુભ ફળદાયી જણાય છે. નાણાં આવકનાં સાધનો વધુ મજબૂત બનશે. નવીન કામકાજનો પ્રારંભ પણ થાય. મહિલાઓને આ સપ્તાહમાં જીવનસાથીનો સહયોગ પ્રાપ્ત થતો જણાશે. વિદ્યાર્થીઓના આ સપ્તાહમાં અભ્યાસના કામકાજ સફળતાથી પૂર્ણ થઈ શકશે.

કર્ક (ડ, હ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવું રોકાણ સ્વનિર્ણયે થઈ શકશે. નોકરી માટે તા. ૨૭, ૨૮, ૨૯ લાભદાયી જણાશે. ભાઈ-બહેનો સાથેના સંબંધોમાં સુધારો આવશે. સરકારી કામકાજ સંપન્ન થશે. નવી મિલકતોનો ઉમેરો શક્ય છે. મહિલાઓને સંતાનના જવાબદારીના કામકાજમાં સફળતા જણાશે. પ્રવાસ શક્ય છે. વિદ્યાર્થીઓના નવા અભ્યાસના કામકાજ સફળતાથી પૂર્ણ થઈ શકશે.

સિંહ (મ, ટ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં મંદીના કામકાજમાં સાવચેતી દાખવવી જરૂરી છે. નોકરી માટે તા. ૩૦, ૩૧ શુભ જણાય છે. નોકરીના અધિકારીનો સહયોગ પ્રાપ્ત કરશો. નવી નોકરીનો પ્રારંભ પણ શક્ય જણાય છે. મિલકત વાહનની ખરીદી શક્ય છે. મહિલાઓને સંતાનની જવાબદારીમાં સફળતા જણાશે. વિદ્યાર્થીઓનો અભ્યાસ નિયમિતપણે જળવાઈ રહેશે.

કન્યા (પ, ઠ, ણ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારના જૂનાં રોકાણમાંથી નાણાં મેળવી શકશો. નોકરીમાં તા. ૩૦, ૩૧, ૧ શુભ જણાય છે. નોકરીની પ્રવૃત્તિઓમાં પરિવર્તનો પણ આવે તેમ છે. સ્વતંત્ર કારોબારમાં પ્રગતિ જણાશે. નાણાં આવકની વૃદ્ધિ થશે. મહિલાઓને પ્રાસંગિક જવાબદારીમાં સફળતાનો અનુભવ થશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં નિયમિતતા જાળવવામાં સફળતા જણાશે.

તુલા (ર, ત)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારનો તેજીનો વેપાર જાળવી શકશો. નવું નાણાં રોકાણ પણ શક્ય છે. તા. ૨૭, ૨૮ નોકરીમાં સફળતા દર્શાવે છે. સ્વતંત્ર કારોબારની નાણાં આવકની વૃદ્ધિ થશે. વ્યક્તિગત વર્ચસ્વ કાર્યક્ષેત્રે જળવાશે. નાણાં આવક જળવાઈ રહેશે. મહિલાઓને પડોશના સંબંધમાં સફળતાનો અનુભવ થશે. વિદ્યાર્થીઓને ઉચ્ચ પરીક્ષામાં સફળતાના અનુભવ થશે.

વૃશ્ચિક (ન, ય)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નિયમિતતા જાળવવામાં સાવચેતી દાખવવી જરૂરી છે. તા. ૨૯, ૩૦, ૩૧ નોકરી અર્થે પ્રવાસ સફળ દર્શાવે છે. જૂના કાયદાના પ્રશ્નનો ઉકેલ આવશે. પ્રવાસમાં યશ મેળવશો. નાણાં આવકના સાધનો વધુ મજબૂત બનશે. નાણાં આવકની વૃદ્ધિ થશે. મહિલાઓ પરિવારની જવાબદારી પૂર્ણ કરવામાં સફળતા અનુભવશે. વિદ્યાર્થીઓ નવું જ્ઞાન પ્રાપ્ત કરી શકશે.

ધનુ (ભ, ધ, ફ, ઢ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવું નાણાં રોકાણ શક્ય છે. નોકરી માટે તા. ૨૯, ૩૦, ૩૧ શુભ જણાય છે. પ્રવાસ દ્વારા કાર્યક્ષેત્રના અધૂરા કામકાજ પૂર્ણ કરી શકશો. નાણાં ખર્ચ પરત્વે સાવધાની દાખવવી જરૂરી છે. નવું નાણાં રોકાણ પણ શક્ય જણાય છે. મહિલાઓને નવા કામકાજના પ્રારંભમાં સફળતા જણાશે. મહિલાઓનો તીર્થપ્રવાસ સફળ જણાશે. વિદ્યાર્થીઓ આ સપ્તાહમાં કઠીન અભ્યાસક્રમમાં સફળતા મેળવશે.

મકર (ખ.જ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં સફળતા મેળવશો. નોકરીની પ્રવૃત્તિઓ એકંદરે સફળતા દર્શાવે છે. નોકરીના કામકાજમાં સફળતા મેળવી શકશો. ભાગીદારીની સંબંધોમાં સફળતા પ્રાપ્ત કરશો. કિંમતી ચીજોની ખરીદી, સ્થાવર મિલકતની ખરીદી શક્ય જણાય છે. વેપારના મિત્રો ઉપયોગી થશે. મહિલાઓને કુટુંબની જવાબદારીમાં સફળતાનો અનુભવ થશે. વિદ્યાર્થીઓ શૈક્ષણિક પ્રવૃત્તિમાં સફળતાનો અનુભવ કરશે.

કુંભ (ગ, શ, સ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવું નાણાંરોકાણ, દૈનિક સાપ્તાહિક વેપાર સફળતા દર્શાવે છે. નોકરીમાં તા. ૨૬, ૨૭, શુભ જણાય છે. કાર્યક્ષેત્રે યશ મેળવશો. મુસાફરી દ્વારા યશસ્વી કામકાજ સંપન્ન થશે. નાણાં વ્યવહાર સંપન્ન થશે. પ્રગતિ જળવાશે. મહિલાઓને કુટુંબના સભ્યોનો સહયોગ પ્રાપ્ત થતો જણાશે. વિદ્યાર્થીઓને નવા અભ્યાસ માટે અપેક્ષિત તકો પ્રાપ્ત થતી જણાશે. મુસાફરી યશસ્વી પુરવાર થશે.

મીન (દ, ચ, ઝ, થ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં વાયદાના વેપારમાં સાવધાની દાખવવી જરૂરી છે. નોકરીના કામકાજમાં પ્રગતિ જળવાશે. આ સપ્તાહના પ્રવાસ એકંદરે સફળ પુરવાર થશે. નાણાંની લેવડદેવડ સફળ બની રહેશે. મિત્રતાનો સુખદ અનુભવ થાય. મહિલાઓને કુટુંબ જીવનના પ્રશ્નનો ઉકેલ આવતો જણાશે. સહપરિવાર તીર્થપ્રવાસ જણાય છે. વિદ્યાર્થીઓનો અભ્યાસક્રમ નિયમિત જળવાઈ રહેશે.

## આજનું પંચાંગ

**દક્ષિણાયન - સૌર હેમંતઋતુ, રવિવાર, તા. ૨૬-૧૦-૨૦૨૫, લાભ પાંચમ- જૈન જ્ઞાન પાંચમ**

ભારતીય દ્વિનાંક ૪, માહે કાર્તિક, શકે ૧૯૪૭

વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૭, કાર્તિક સુદ-૫

જૈન વીર સંવત ૨૫૫૨, માહે કાર્તિક, તિથિ સુદ-૫

પારસી શહેનશાહી રોજ ૧૩મો તીર, માહે ૩જો ખોરદાદ, સને ૧૩૯૫

પારસી ફસલી રોજ ૧૩મો તીર, માહે ૪થો તીર, સને ૧૩૯૫

પારસી ફસલી રોજ ૧૧મો ખોરશેદ, માહે ૯મો આદર, સને ૧૩૯૪

મુસ્લિમ રોજ ૩જો, માહે ૫મો જમાદિલ અવ્વલ સને ૧૪૪૭

મીસરી રોજ ૫મો, માહે ૫મો જમાદિલ અવ્વલ, સને ૧૪૪૭

નક્ષત્ર જયેષ્ઠા સવારે ક. ૧૦-૪૬ સુધી, પછી મૂળ

ચંદ્ર વૃશ્ચિકમાં સવારે ક. ૧૦-૪૬ સુધી, પછી ધનુમાં

ચંદ્ર રાશિ નામાક્ષરઃ વૃશ્ચિક (ન, ય), ધનુ (ભ, ધ, ફ, ઢ)

સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૩૭, અમદાવાદ ક. ૦૬ મિ. ૪૩, સ્ટા. ટા.

સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૦૭, અમદાવાદ ક. ૧૮ મિ. ૦૫, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

ભરતીઃ બપોરે ક. ૧૩-૪૮, મધ્યરાત્રિ પછી ક. ૦૨-૫૫ (તા. ૨૭)

ઓટઃ સવારે ક. ૦૮-૦૬, રાત્રે ક. ૧૯-૫૨

વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, ‘પિંગલ’ નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૭, ‘વિશ્વાવસુ’નામ સંવત્સર, કાર્તિક શુક્લ - પંચમી. લાભ પાંચમ, જૈન જ્ઞાન પાંચમ, સૌભાગ્ય પાંચમ, પાંડવ પંચમી, વિંછુડો સમાપ્તિ સવારે ક. ૧૦-૪૬, ભદ્રા ક. ૧૪-૩૪ થી ક. ૨૭-૪૮.સૂર્ય મહાનક્ષત્ર સ્વાતિમાં, વાહન દેડકો.

શુભાશુભ દ્વિનશુદ્ધિઃ શુભ દિવસ.

મુહૂર્ત વિશેષઃ જયેષ્ઠા, મૂળ જન્મનક્ષત્ર શાંતિ પૂજા, ઔષધ ઉપચાર, પરદેશ ગમનનું પસ્તાનું, સૂર્ય-બુધ-કેતુ ગ્રહદેવતાનું પૂજન, પ્રયાણ મધ્યમ, હજામત, વિદ્યારંભ, બી વાવવું, ખેતીવાડીના કામકાજ, ધાન્ય ભરવું, પ્રાણી પાળવા, નિત્ય થતાં ખેતીવાડી, પશુ લે-વેંચના કામકાજ, કુલાચાર પ્રમાણે આજનાં પવિત્ર પર્વયોગમાં મિતિ નાખવી, કાંટો બાંધી નવા વર્ષનો વેપાર પ્રારંભી શકાય છે. મુહૂર્ત સમયઃ (૧) સવારે ક. ૦૮-૦૫ થી ક. ૦૯-૩૩ (ચલ) (૨) સવારે ક. ૦૯-૩૩ થી ક. ૧૧-૦૨ (લાભ) (૩) બપોરે ક. ૧૧-૦૨ થી ક. ૧૨-૩૧ (અમૃત) (૪) બપોરે ક.૧૩-૫૦ થી ૧૫-૧૮ (શુભ),

આચમનઃ ચંદ્ર-શનિ ચતુષ્કોણ શંકાશીલ સ્વભાવ, ચંદ્ર-નેપ્ચ્યૂન ચતુષ્કોણ ચાલબાજીવાળા

ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-શનિ ચતુષ્કોણ, ચંદ્ર-નેપ્ચ્યૂન ચતુષ્કોણ

ગ્રહગોચરઃ સૂર્ય તુલા, મંગળ-તુલા, માર્ગી બુધ-વૃશ્ચિક, ગુરુ-કર્ક, શુક્ર-કન્યા, વક્રી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, વક્રી હર્ષલ-વૃષભ, વક્રી નેપ્ચ્યૂન-મીન, માર્ગી પ્લુટો-મકર.

## સાપ્તાહિક દૈનંદિની
## તા. ૨૬-૧૦-૨૦૨૫ થી તા. ૧-૧૧-૨૦૨૫

રવિવાર, કાર્તિક શુક્લ-૫, વિ. સં. ૨૦૮૨, તા. ૨૬મી ઑક્ટોબર, ઈ. સ. ૨૦૨૫. નક્ષત્ર જયેષ્ઠા સવારે ક. ૧૦-૪૬ સુધી, પછી મૂળ. ચંદ્ર વૃશ્ચિકમાં સવારે ક. ૧૦-૪૬ સુધી, પછી ધનુ રાશિ પર જન્માક્ષર. સૌભાગ્ય પાંચમ, પાંડવ પંચમી, જૈન જ્ઞાન પાંચમ, વિંછુડો સમાપ્તિ ક. ૧૦-૪૬), ભદ્રા ક. ૧૪-૩૪ થી ક. ૨૭-૪૮. કુલાચાર પ્રમાણે આજનાં પવિત્ર પર્વયોગમાં મિતિ નાખવી, કાંટો બાંધી નવા વર્ષનો વેપાર પ્રારંભી શકાય છે. મુહૂર્ત સમયઃ (૧) સવારે ક. ૦૮-૦૫ થી ક. ૦૯-૩૩ (ચલ) (૨) સવારે ક. ૦૯-૩૩ થી ક. ૧૧-૦૨ (લાભ) (૩) બપોરે ક. ૧૧-૦૨ થી ક. ૧૨-૩૧ (અમૃત) (૪) બપોરે ક.૧૩-૫૦ થી ૧૫-૧૮ (શુભ) શુભ દિવસ.

સોમવાર, કાર્તિક શુક્લ-૬, તા. ૨૭મી, નક્ષત્ર મૂળ બપોરે ક. ૧૩-૨૭ સુધી, પછી પૂર્વાષાઢા. ચંદ્ર ધનુ રાશિ પર જન્માક્ષર. ષષ્ઠી વૃદ્ધિતિથિ છે. મંગળ વૃશ્ચિકમાં ક. ૧૫-૪૩. શુભ કાર્ય વર્જ્ય છે.

મંગળવાર, કાર્તિક શુક્લ-૬, તા. ૨૮મી, નક્ષત્ર પૂર્વાષાઢા બપોરે ક. ૧૫-૪૪ સુધી, પછી ઉત્તરાષાઢા. ચંદ્ર ધનુમાં રાત્રે ક. ૨૨-૧૪ સુધી, પછી મકર રાશિ પર જન્માક્ષર. સૂર્ય ષષ્ઠી - (છઠ્ઠ બિહાર), કલ્પાદિ. સામાન્ય દિવસ.

બુધવાર, કાર્તિક શુક્લ-૭, તા. ૨૯મી, નક્ષત્ર ઉત્તરાષાઢા સાંજે ક. ૧૭-૨૯ સુધી, પછી શ્રવણ. ચંદ્ર મકર રાશિ પર જન્માક્ષર. જલારામ જયંતી, ભદ્રા સવારે ક. ૦૯-૨૩થી રાત્રે ક. ૨૧-૪૮. શુભ દિવસ.

ગુરુવાર, કાર્તિક શુક્લ-૮, તા. ૩૦મી, નક્ષત્ર શ્રવણ સાંજે ક. ૧૮-૩૩ સુધી, પછી ધનિષ્ઠા. ચંદ્ર મકર રાશિ પર જન્માક્ષર. કાર્તિક શુક્લ - અષ્ટમી. દુર્ગાષ્ટમી ગોપાષ્ટમી, કુષ્માંડ નવમી, અક્ષય નવમી, સત્યુગાદિ, ત્રિવેન્દ્ર આર્ટ (કેરાલા) શુભ દિવસ.

શુક્રવાર, કાર્તિક શુક્લ-૯, તા. ૩૧મી, નક્ષત્ર ધનિષ્ઠા સાંજે ક. ૧૮-૫૦ સુધી, પછી શતભિષા. ચંદ્ર મકરમાં સવારે ક. ૦૬-૪૭ સુધી, પછી કુંભ રાશિ પર જન્માક્ષર. શ્રી હરિ જયંતી, રંગનાથ જયંતી (નારેશ્વર), સરદાર પટેલ જયંતી, જગધાત્રી પૂજા (બંગાળ), અનલા નવમી (ઓરિસ્સા), પંચક પ્રારંભ સવારે ક. ૦૬-૪૭. શુભ કાર્ય વર્જ્ય છે.

શનિવાર, કાર્તિક શુક્લ-૧૦, તા. ૧લી નવેમ્બર, નક્ષત્ર શતભિષા સાંજે ક. ૧૮-૨૦ સુધી, પછી પૂર્વાભાદ્રપદા. ચંદ્ર કુંભ રાશિ પર જન્માક્ષર. પ્રબોધિની સ્માર્ત એકાદશી (બિલિપત્ર), ભીષ્મ પંચક વ્રતારંભ, હરિયાણા - પંજાબ દિન, પંચક, ભદ્રા પ્રારંભ રાત્રે ક. ૨૦-૨૭. શુભ દિવસ.

# બિહારમાં જંગલરાજ કે વિકાસ-રાજ એ મતદારો નક્કી કરશેઃ અમિત શાહ

ખંડગિયાઃ કેન્દ્રના ગૃહ પ્રધાન અમિત શાહે શનિવારે કહ્યું હતું કે વિધાનસભાની ચૂંટણી નક્કી કરશે કે બિહારમાં જંગલરાજ પાછું ફરશે કે પછી રાજ્ય વિકાસના પંથે રહેશે.

ખંડગિયા જિલ્લામાં જાહેર સભાને સંબોધતાં તેમણે સ્પેશ્યલ ઈન્ટેન્સિવ રિવિઝન (એસઆઈઆર)નો વિરોધ કરવા માટે ઈન્ડિ બ્લોકની ટીકા કરી હતી. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે દરેક ઘૂસણખોરને શોધીને તેમનું નામ મતદારયાદીમાંથી રદ કરાશે અને તેમના દેશમાં મોકલવામાં આવશે. રાહુલબાબા કહે છે કે ઘૂસણખોરને બિહારમાં રહેવા દો. તમે મને કહો કે શું ઘૂસણખોરને દેશમાં રહેવા દેવાય? હું રાહુલ બાબાને સ્પષ્ટ કહેવા માગું છુ કે તમે ગમે એટલી રૅલી કરો પરંતુ ઘૂસણખોરને બચાવી શકશો નહીં. રાહુલ ઘૂસપેઠિયા બચાવ યાત્રા કાઢીને તેને બચાવી ન શકે.

શાહ કૉંગ્રેસના સંસદસભ્ય અને લોકસભાના વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીનો ઉલ્લેખ કરી રહ્યા હતા.

અમિત શાહે ભારપૂર્વક જણાવ્યું હતું કે એનડીએ બિહારમાં સત્તા પર આવશે. અમારી સરકાર દેશમાં દરેક ઘૂસણખોરને દેશની બહાર ફેંકી દેશે.

તેમણે આક્ષેપ કર્યો હતો કે વિરોધ પક્ષના મહાગઠબંધનની બે ઓળખાણ- ભ્રષ્ટાચાર અને સગાવાદ છે.

શાહે આરજેડી સુપ્રીમો લાલુ પ્રસાદ યાદવ પર કુટુંબની સમૃદ્ધિ પર ધ્યાન કેન્દ્રીત કરવાનો આક્ષેપ કર્યો હતો. (એજન્સી)

# ૧૦-૧૫ રાજયમાં આવતા સપ્તાહથી એસઆઇઆરની કવાયત શરૂ થઇ શકે છે

નવી દિલ્હીઃ ચૂંટણી પંચ આગામી સપ્તાહે મતદારોની યાદીના પ્રથમ અખિલ ભારતીય સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન (એસઆઇઆર)નો પ્રારંભ ૧૦ થી ૧૫ રાજ્યથી કરે તેવી શક્યતા છે, જેમાં આવતા વર્ષે ચૂંટણી થનારા રાજ્યોનો પણ સમાવેશ થાય છે, એમ અધિકારીઓએ શનિવારે જણાવ્યું હતું.

આસામ, તમિલનાડુ, પુડુચેરી, કેરળ અને પશ્ચિમ બંગાળમાં ૨૦૨૬માં ચૂંટણી યોજાશે અને તેઓ એવા રાજ્યોમાં સામેલ છે જ્યાં મતદારોની યાદીની સફાઈની કવાયત પહેલા શરૂ થશે.

ચૂંટણી અધિકારી આગામી સપ્તાહના મધ્યમાં એસઆઇઆરના પ્રથમ તબક્કાની જાહેરાત કરે તેવી શક્યતા છે, જેમાં ૧૦ થી ૧૫ રાજ્યનો સમાવેશ કરવામાં આવશે, એમ અધિકારીઓએ જણાવ્યું હતું.

ચૂંટણી પંચ એવા રાજ્યોમાં મતદારોની યાદી સફાઈ કવાયત હાથ ધરશે નહીં જ્યાં સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓ થઈ રહી છે અથવા થવાની છે, કારણ કે પાયાના મતદાન તંત્ર તેમાં વ્યસ્ત હોય છે અને એસઆઇઆર પર ધ્યાન કેન્દ્રિત કરી શકશે નહીં, એમ તેમણે જણાવ્યું હતું.

આવા રાજ્યોમાં એસઆઇઆર પછીના તબક્કામાં યોજાશે. બિહારમાં મતદાર યાદીની સફાઈની કવાયત પૂર્ણ થઈ ગઈ છે જ્યાં ૩૦ સપ્ટેમ્બરના રોજ લગભગ ૭.૪૨ કરોડ નામ સાથેની અંતિમ યાદી પ્રકાશિત કરવામાં આવી હતી.બિહારમાં બે તબક્કામાં મતદાન થશે, ૬ નવેમ્બર અને ૧૧ નવેમ્બરના રોજ, અને મતગણતરી ૧૪ નવેમ્બરના રોજ થશે.એસઆઈઆર રોલઆઉટ રોડમેપને મજબૂત બનાવવા માટે પંચે રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારીઓ (સીઈઓ) સાથે બે પરિષદ યોજી છે.

ઘણા સીઈઓએ તેમના છેલ્લા એસઆઈઆર પછી પ્રકાશિત મતદાર યાદીઓ તેમની વેબસાઇટ પર મૂકી દીધી છે.દિલ્હીના સીઈઓની વેબસાઇટ પર ૨૦૦૮ની મતદાર યાદી છે જ્યારે રાષ્ટ્રીય રાજધાનીમાં છેલ્લી સઘન સુધારણા કરવામાં આવી હતી.

ઉત્તરાખંડમાં, છેલ્લી એસઆઈઆર ૨૦૦૬માં થઈ હતી, અને તે વર્ષની મતદાર યાદી હવે રાજ્યના સીઈઓની વેબસાઇટ પર છે.

રાજ્યોમાં છેલ્લો એસઆઇઆર કટ-ઓફ ડેટ તરીકે સેવા આપશે, જેમ ૨૦૦૩માં બિહારની મતદાર યાદીનો ઉપયોગ પંચ દ્વારા સઘન સમીક્ષા માટે કરવામાં આવ્યો હતો.

# યુપીનાં મંદિરોની બહાર ‘આઈ લવ મોહંમદ’ લખાતા થઈ મોટી બબાલ

લખનઊઃ ઉત્તર પ્રદેશમાં આઈ લવ મોહંમદ પોસ્ટરના મુદ્દે ભારેલા અગ્નિ જેવી સ્થિતિ છે, ત્યારે અલીગઢમાં આ મુદ્દા પર ફરીથી વિવાદ સર્જાયો છે. અહીંના પાંચ મંદિરની બહાર કોઇએ ‘આઈ લવ મોહંમદ’ લખી દીધું હતું અને આ મુદ્દે કરણી સેના અને હિન્દુવાદી સંગઠનોના કાર્યકર્તાઓએ હોબાળો મચાવ્યો હતો. આરોપીઓની તાત્કાલિક ધરપકડ કરવાની માગ સાથે પોલીસ સ્ટેશન પહોંચી ગયા હતા અને પોલીસે સમજાવીને તેઓને શાંત પાડ્યા હતા.

મળતી વિગતો અનુસાર, અલીગઢના બુલકગઢી ગામમાં બે અને ભગવાનપુર ગામમાં બે મંદિરમાં અસામાજિક તત્વોએ આઈ લવ મોહંમદ લખેલું લખાણ લખ્યું હતું. શનિવારે સવારે જ્યારે ગ્રામજનોએ આ જોયું, ત્યારે તેઓ ગુસ્સે ભરાઈ ગયા હતા. ગામના કરણી સેના કાર્યકર સચિન ઘટનાસ્થળે પહોંચ્યા અને અન્ય અધિકારીઓને જાણ કરી હતી. જ્યારે પોલીસે લખેલા શબ્દો ભૂંસી નાખવાનું શરૂ કર્યું, ત્યારે સચિને વિરોધ કર્યો હતો. ત્યારબાદ પોલીસ તેને પોલીસ સ્ટેશન લઈ ગઈ હતી, જેનાથી લોકો વધારે રોષે ભરાયા હતા.આ મુદ્દે કરણી સેનાના સભ્યોએ ત્યાં પહોંચીને હોબાળો કર્યો હતો અને આરોપીઓની ધરપકડ કરવાની માંગ સાથે તેઓ બેસી ગયા હતા. જો કે બાદમાં પોલીસે જઈને તેમને સમજાવીને શાંત કર્યા હતા. બાદમાં કાર્યકર્તાઓ પોલીસ સ્ટેશન પહોંચી ગયા હતા. પોલીસે દાવો કર્યો છે કે સામાજિક શાંતિ અને સૌહાર્દને ખલેલ પહોંચાડવાના આ કાવતરાનો વહેલી તકે પર્દાફાશ કરવામાં આવશે.

# એલઆઈસી કહે છે કે અદાણીની કંપનીમાં સ્વતંત્ર રીતે રોકાણ કર્યું છે

નવી દિલ્હીઃ લાઈફ ઈન્શ્યોરન્સ કોર્પોરેશન ઑફ ઈન્ડિયા (એલઆઈસી)એ શનિવારે કહ્યું હતું કે વિગતવાર સંશોધન અને વિશ્લેષણ કર્યા બાદ બોર્ડ માન્ય નીતિ અનુસાર અદાણી ગ્રૂપ કંપનીમાં સ્વતંત્ર રીતે રોકાણ કરવામાં આવ્યું છે. એલઆઈસીએ એક્સ પર મૂકેલી પોસ્ટમાં કહ્યું હતું કે ડિપાર્ટમેન્ટ ઑફ ફાયનાન્સિયલ સર્વિસીસ (કેન્દ્રના નાણાં મંત્રાલયમાં) કે બીજી કોઈ સંસ્થાની આવા રોકાણ નિર્ણયમાં કોઈ ભૂમિકા નથી. ભારતના સૌથી મોટા ઈન્શ્યુરરે ફન્ડામેન્ટલ્સ અને વિગતવાર સંશોધન અને વિશ્લેષણ આધારે વર્ષોથી રોકાણના નિર્ણયો લીધા છે. તેનું રોકાણનું મૂલ્ય ૨૦૧૪થી દસ ગણુ વધીને ૧.૫૬ લાખ કરોડથી ૧૫.૬ લાખ કરોડ રૂપિયા થયું છે. આ મજબૂત ફંડ મેનેજમેન્ટ બતાડે છે.

એલઆઈસીએ એક નિવેદનમાં કહ્યું હતું કે રોકાણના નિર્ણયો એલઆઈસી સ્વતંત્ર રીતે લે છે અને વિગતવાર સંશોધન અને વિશ્લેષણ બાદ બોર્ડની માન્યતા પ્રાપ્ત નીતિ અનુસાર લેવામાં આવે છે. એલઆઈસી સંશોધન અને વિશ્લેષણના ઊંચા ધોરણોના આધારે એલઆઈસી રોકાણના નિર્ણયો લે છે અને આ નિર્ણયો કાયદાની જોગવાઈઓ અને નિયામકની માર્ગદર્શિકા તથા સ્ટેકહોલ્ડરના ઉત્તમ હિતમાં હોય છે. (એજન્સી)

# તિબેટમાં ભારતીય સીમા નજીક મિસાઈલ પૅડ બનાવી રહ્યું છે ચીન

નવી દિલ્હી : ચીન ભારતીય સરહદને અડીને આવેલા વિસ્તારમાં એક એર ડિફેન્સ બિલ્ડિંગ બનાવી રહ્યું છે. તેમાં કમાન્ડ અને કંટ્રોલ બિલ્ડિંગ, બેરેક, વાહન શેડ, દારૂગોળો સંગ્રહ સુવિધાઓ અને રડાર પોઝિશન સહિત અનેક બિલ્ડિંગનો સમાવેશ થાય છે. આ અંગે પ્રકાશમાં આવેલી સેટેલાઇટ તસવીરોમાં આ બિલ્ડિંગ તિબેટમાં પેંગોંગ તળાવના પૂર્વ કિનારા પર બનાવવામાં આવી રહ્યું છે. જે વર્ષ ૨૦૨૦માં ભારત અને ચીનના સૈનિકો વચ્ચે થયેલી અથડામણના સ્થળથી આશરે ૧૧૦ કિલોમીટર દૂર છે.આ બિલ્ડિંગમાં સ્લાઇડિંગ છતવાળા ઢંકાયેલા બંકરો પણ છે. જે ટ્રાન્સપોર્ટર ઇરેક્ટર લોન્ચર વાહનો માટે બનાવાયેલ છે, જે લાંબા અંતરની મિસાઇલનું પરિવહન અને ફાયરિંગ કરે છે. આ અંગે મળતી માહિતી મુજબ આ બંકરો ઇંચ-૯ મિસાઇલોને સુરક્ષિત રાખવા માટે બનાવાયેલ છે.

# રશિયાનો યુક્રેનની રાજધાની પર ભીષણ હુમલો, ચારનાં મોત

કીવઃ રશિયાએ શનિવારે રાત્રે યુક્રેનની રાજધાની કીવ પર મિસાઇલ અને ડ્રોન હુમલા કર્યા હતા. આ હુમલામાં ચાર લોકોના મોત નીપજ્યા અને ૧૬ ઘાયલ થયા હતા. આ જાણકારી સ્થાનિક અધિકારીઓએ આપી હતી.

કીવના શહેર લશ્કરી વહીવટના વડા તિમુર તકાચેન્કોએ જણાવ્યું કે રાજધાની કીવમાં શનિવારે સવારે થયેલા એક બેલિસ્ટિક મિસાઇલ હુમલામાં બે લોકોના મોત નીપજ્યા હતા જ્યારે નવ ઘાયલ થયા હતા. યુક્રેનની રાજ્ય કટોકટી સેવાએ જણાવ્યું કે એક જગ્યાએ એક બિન-રહેણાંક ઇમારતમાં આગ લાગી હતી. જ્યારે બીજી જગ્યાએ રોકવામાં આવેલી મિસાઇલોનો કાટમાળ ખુલ્લા વિસ્તારમાં પડ્યો હતો. જેનાથી નજીકની ઇમારતોની બારીઓને નુકસાન થયું હતું.કાર્યકારી પ્રાદેશિક ગવર્નર વ્લાદિસ્લાવ હૈવાનેન્કોએ જણાવ્યું કે ડિનિપ્રોપેટ્રોવસ્ક ક્ષેત્રમાં બે લોકોનાં મોત થયા. તેમજ સાત ઘાયલ થયા છે. તેમણે કહ્યું કે હુમલાઓમાં એપાર્ટમેન્ટ બિલ્ડિંગો, ખાનગી ઘરો, એક નાનું મકાન, એક દુકાન અને ઓછામાં ઓછા એક વાહનને નુકસાન થયું છે.

## પહેલા પાનાનું ચાલુ

### અલવિદા સતીશ શાહ

સતીશ શાહે પોતાની ફિલ્મી કારકિર્દી દરમિયાન અનેક ફિલ્મોમાં યાદગાર રોલ કર્યા હતા, પરંતુ તેમને નામના અપાવી ટીવી

સિરીયલ ‘સારાભાઈ વર્સીસ સારાભાઈ’એ. આ શોમાં તેમણે ઇન્દ્રવદન ઉર્ફે ઇંદુનો રોલ કર્યો હતો અને આજે પણ ઈન્સ્ટાગ્રામ પર તેમના શોની ક્લિપ્સ વાઈરલ થતી હોય છે. અનેક કૉમિક રૉલ કરનાર સતીશ શાહની રેખા સ્ટારર ‘ઉમરાવ જાન’માં પણ દિલાવરની નાની પણ ખૂબ જ મહત્ત્વની ભૂમિકા હતી.

ટીવી સિરીયલ સિવાય સતીશ શાહે અનેક યાદગાર ફિલ્મો પણ આપી છે, પરંતુ તેમની પહેલી ફિલ્મ ‘ભગવાન પરશુરામ’ હતી. ત્યાર બાદ તેમણે અજીબ દાસ્તાં, ગમન, ઉમરાવ જાન, શક્તિ, જાને ભી દો યારો, વિક્રમ બેતાલ, મૈં હું ના જેવી ફિલ્મોમાં કામ કર્યું હતું. ૧૯૮૪માં તેમણે યે જો હૈ ઝિંદગી સિટકોમમાં કર્યું અને પંચાવન એપિસોડની આ સિરીયલમાં તેમણે પંચાવન અલગ અલગ કેરેક્ટર પ્લે કર્યા હતા. ત્યાર બાદ તેમણે ફિલ્મી ચક્કર નામના શોમાં પ્રકાશનો રોલ કર્યો હતો, જેમાં તેમણે રત્ના પાઠક સાથે સ્ક્રીન શેર કરી હતી.

પચીસ જૂન, ૧૯૫૧ના ગુજરાતી પરિવારમાં જન્મેલા સતીશ શાહને બાળપણમાં એક્ટિંગ નહીં પણ ક્રિકેટ અને બેઝબોલમાં રસ હતો અને બંને સ્પોર્ટ્સમાં તેઓ માહેર હતા. એટલું જ નહીં પણ તમને જાણીને નવાઈ લાગશે કે સ્કૂલિંગ સમયે સતીશ સ્પોર્ટ્સને કારણે જ તેમની સ્કૂલમાં ફેમસ હતા. સ્કૂલમાં હતા ત્યારે સતીશ શાહ લોન્ગ જમ્પ અને હાઈ જમ્પમાં પણ ચેમ્પિયન હતા અને આ વાતનો ખુલાસો ખુદ સતીશ શાહે કર્યો હતો.

એક્ટિંગની દુનિયામાં આવવું એ સતીશ શાહ માટે એક સંયોગ જ હતો અને એક ઈન્ટરવ્યુમાં તેમણે આ વાતનો ખુલાસો કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે એક વખત સ્કૂલના એન્યુઅલ ફંક્શનમાં થનારા હિંદી નાટકમાં એક્ટરની કમી હતી અને એ સમયે ટીચરે નાટક માટે સતીશ શાહનું નામ આપ્યું. આ સાંભળીને તેઓ નર્વસ થઈ ગયા હતા. પરંતુ તેઓ શિક્ષકને ના પાડી શક્યા નહીં. રિહર્સલ સમયે ડાયલોગ કરી લીધા પણ કોની સામે ડાયલોગ બોલવાના હતા તે ભૂલી જતાં હતા.

સતીશ શાહના જવાથી ફિલ્મ અને ટીવીની દુનિયાને મોટી ખોટ પડી છે.

### દ. ગુજરાત, સૌરાષ્ટ્રમાં

સુધીમાં પચીસ તાલુકામાં વરસાદ વરસતા કારણે કારતકમાં અષાઢી માહોલ છવાયા હતો. નવસારીમાં ૨.૨૦ ઇંચ, ઉમરગાવમાં ૧.૪૬ ઇંચ, ડાંગ આહવામાં ૧.૧૦ ઇંચ, પાટણ (વેરાવળ)માં ૧.૪૨ ઇંચ, જલાલપોરમાં ૧.૧૮ ઇંચ, ખેરગામમાં ૧.૧૮ ઇંચ, કપરાડામાં ૧.૦૬ ઇંચ, વાપીમાં ૦.૭૧ ઇંચ, ગલતેશ્વરમાં ૪.૪૭ ઇંચ, પારડીમાં ૦.૩૯ ઇંચ, માળીયા હાટીનામાં ૦.૩૯ ઇંચ, સિંગવડમાં ૦.૩૧ ઇંચ, વલસાડમાં ૦.૩૧ ઇંચ, સુબીરમાં ૦.૨૮ ઇંચ, તાલાલામાં ૦.૨૪ ઇંચ વરસાદ પડ્યો હતો. રાજ્યમાં એક તાલુકામાં બે ઇંચથી વધારે, છ તાલુકામાં એક ઇંચથી વધુ અને ૧૮ તાલુકામાં એક ઇંચથી ઓછો વરસાદ નોંધાયો હતો.

સુરત શહેરમાં વાતાવરણ પલટો આવતાં ડુમસ બીચ વિસ્તારમાં વરસાદ નોંધાયો હતો. દરિયાકાંઠે ભારે પવન સાથે વરસાદ તૂટી પડતાં ફરવા આવેલા લોકોમાં અફરાતફરી મચી ગઈ હતી. પવન અને વરસાદથી બચવા માટે લોકોએ તાત્કાલિક દુકાનોનો આશરો લીધો હતો અને દરિયા કિનારે આવેલી નાની-મોટી દુકાનોમાં મોટી સંખ્યામાં લોકો શરણ લેવા દોડી ગયા હતા. અમરેલી, જૂનાગઢ, ગીર સોમનાથમાં વરસાદના કારણે ખેડૂતોને કપાસ, મગફળી, સોયાબીનના પાકને નુકસાન થવાની ભીતિ વ્યક્ત કરી હતી.દક્ષિણ ગુજરાતમાં કમોસમી વરસાદથી ડાંગરના પાકને મોટું નુકસાન થઈ શકે છે.

આ ઉપરાંત અરબ સાગરમાં ડિપ્રેશન સિસ્ટમ સક્રિય થતા સૌરાષ્ટ્રનો દરિયાકાંઠે એલર્ટ આપવામાં આવ્યું હતું.અમરેલી જિલ્લાના જાફરાબાદ બંદર પર એક નંબર સિગ્નલ હટાવી ભયજનક ત્રણ નંબર સિગ્નલ લગાવાયું હતું. તેમજ માછીમારોને દરિયો ના ખેડવા સૂચના આપવામાં આવી હતી.

### શરમ, શરમ

રાત્રે કેસ નોંધવામાં આવ્યો હતો અને સઘન વ્યૂહાત્મક ઑપરેશન બાદ આરોપીને પકડવામાં આવ્યો હતો.

બે મહિલાએ ખેલાડીઓના વિનયભંગની ટીકા કરતાં ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડે આ બનાવને કમનસીબ અને માનહાનિ કરનારો વર્ણવ્યો હતો. બોર્ડના સચિવ દેવજિત સાઇકિયાએ કહ્યું હતું કે આ કમનસીબ બનાવ હતો. આ પ્રકારનો બનાવ બદનામી અપાવે છે. રાજ્ય પોલીસે તત્કાળ પગલાં લઈને આરોપીને પકડયો એની અમે સરાહના કરીએ છીએ. કાયદો ગુનેગારને સજા કરશે.

આ બનાવ ખજરાના રોડ પર બન્યો હતો . મહિલાઓ હૉટેલથી નજીકની કૅફે ગઈ હતી. એક માણસે બાઈક પર તેમનો પીછો કર્યો હતો અને એક મહિલાને સ્પર્શ કરીને ભાગી ગયો હતો. ખેલાડીઓએ તરત જ ટીમના સિક્યોરિટી ઑફિસર ડેની સિમન્સને માહિતી આપી હતી. (એજન્સી)

### ગુજરાત-રાજસ્થાન

અને નૌકાદળ એમ ભારતીય સેનાની ત્રણેય પાંખ ભાગ લેશે. આ સંદર્ભે હવાઈ મુસાફરીને લગતી મહત્ત્વની માહિતી આપતો એક એડવાઇઝરી પણ જારી કરવામાં આવી છે. ભારતે મે મહિનામાં પાકિસ્તાન સામે ઓપરેશન સિંદૂર શરૂ કર્યા બાદ કોઈપણ પરિસ્થિતિમાં યુદ્ધ માટે સેનાને સતત તૈયાર રાખવા પર ભાર મૂક્યો છે. તાજેતરમાં સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે રાજસ્થાનમાં ભારત-પાકિસ્તાન સરહદ નજીક ભારતીય સેનાની થર શક્તિ લશ્કરી કવાયતનું અવલોકન કર્યું હતું.

### મોદીની હત્યાનું

હતો. સંઘના મુખપત્રમાં પ્રસિદ્ધ કરાયેલા અહેવાલમાં એવો દાવો કરાયો છે કે ચીનમાં તિયાનજિનમાં મોદી એસસીઓની બેઠક માટે હતા ત્યારે જ અમેરિકી સ્પેશ્યલ ફૉર્સનો અધિકારી ટેરેન્સ અર્વેલ જૈક્સન ઢાકામાં હતો અને ભારત તથા રશિયા દ્વારા હાથ ધરાયેલા સંયુક્ત ઑપરેશનમાં મરાયો હતો. છેલ્લાં થોડાક વરસોથી સીઆઈએ દક્ષિણ એશિયામાં ખૂબ જ સક્રિય છે અને ભારતના પડોશી દેશોમાં થોડા વર્ષથી જે નાટક તમે જોઈ રહ્યા છો એમાં સીઆઈએની સક્રિય ભૂમિકા હોવાનો દાવો કરવામાં આવી રહ્યો છે.

### સિડનીમાં

વચ્ચે રોહિતે મૅચ પછી પત્રકારો સાથેની વાતચીતમાં કહ્યું, ‘હવે હું ખેલાડી તરીકે ફરી ઑસ્ટ્રેલિયા ન પણ આવું. જોકે અહીં મને કરીઅરની શરૂઆતથી રમવાની ખૂબ મજા આવી.’

રોહિત અને વિરાટે વ્યક્તિગત રીતે તેમ જ જોડીમાં સિડનીની આ છેલ્લી વન-ડેમાં ઘણા વિક્રમો પણ નોંધાવ્યા હતા.

# જોગેશ્વરીની બિલ્ડિંગને ફાયરબ્રિગેડની નોટિસ

## બિલ્ડિંગની ફાયરસેફ્ટી સિસ્ટમ કામ કરતી નહોતી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: જોગેશ્વરી (પશ્ચિમ)માં ગુરુવારે જેએનએસ નામના બિઝનેસ સેન્ટરમાં લાગેલી ભીષણ આગની દુર્ઘટના બાદ બિલ્ડિંગ મેનેજમેન્ટ દ્વારા દાખવવામાં આવેલી બેદરકારી બદલ તેમને મુંબઈ ફાયરબ્રિગેડ દ્વારા નોટિસ ફટકારવામાં આવવાની છે. તેમ જ ફાયરબ્રિગેડ દ્વારા બિલ્ડિંગની વીજળી અને સ્યુએજ લાઈનનું જોડાણ પણ કાપી નાખવામાં આવશે એવું સુત્રોએ જણાવ્યું હતું.

ફાયરબ્રિગેડના ઉચ્ચ અધિકારીએ જણાવ્યુ હતું કે આ બિલ્ડિંગ પાસે ઓક્યુપેશન સર્ટિફિકેટ(ઓસી) નહોતું. બિલ્ડિંગની અંદર મોટી સંખ્યામા ઓફિસ હોવાથી ફાયરબિગ્રેડ તરફથી ઓસી મેળવવાનું તેમની માટે આવશ્યક હોવા છતાં તે સુધ્ધા તેમણે મેળવ્યું નહોતું. આ બધી ત્રુટી અને બિલ્ડિંગની સુરક્ષામાં રહેલી ખામીને લઈને તેમની પાસેથી ખુલાસો માંગતી નોટિસ મોકલવામાં આવવાની છે. આ દરમ્યાન તેમની વીજળી અને ગટરની લાઈન પણ કાપી નાખવામાં આવશે. ફાયરબ્રિગેડના અધિકારીએ વધુમાં જણાવ્યું હતું કે તપાસ દરમ્યાન બિલ્ડિંગમાં ગેરકાયદે બાંધકામ થયા હોવાનું પણ જણાઈ આવ્યું હતું. બિલ્ડિંગમાં ગેરકાયદે રીતે ફોલ્સ સિલિંગ બનાવવાથી લઈને ગેરકાયદે રીતે વધારાના ફેરફાર કરવામાં આવ્યા હતા. આ ફેરફારોની યાદી તૈયાર કરવામાં આવી છે અને તેમને સ્થાનિક વોર્ડ ઓફિસને મોકલી દેવામાં આવી છે. તેઓ આગળની કાર્યવાહી કરશે. ગુરુવારે આગ લાગ્યા બાદ શુક્રવારે ફાયરબ્રિગેડ દ્વારા ઘટના સ્થળનું ઈન્સ્પેકશન કરવામાં આવ્યું હતું. આ દરમ્યાન બિલ્ડિંગની ફાયર ફાઈટીંગ સિસ્ટમ કામ કરતી ન હોવાનું જણાઈ આવ્યું હતું અને તેને કારણે આગ વધુ ઝડપથી ફેલાઈ હતી. બિલ્ડિંગના અગ્નિશામક ઉપકરણો પણ કામ કરતા નહોતા. વર્ષમાં એક વખત ઈન-બિલ્ટ સિસ્ટમનું ઓડિટ થવું આવશ્યક છે પણ આ બિલ્ડિંગમાં નિયમનું પાલન કરવામાં આવ્યું નહોતું. નોંધનીય છે કે ગુરુવારે બિલ્ડિંગમાં આગ લાગ્યા બાદ ૨૭ લોકોને બચાવી લેવામાં આવ્યા હતા, જેમાંથી ૧૭ લોકોને ગૂંગળામણની તકલીફ થતા તેમને હૉસ્પિટલમાં દાખલ કરવા પડયા હતા. બિલ્ડિંગ કાચની હોવાથી ધુમાડો અંદર ફેલાઈ જતા આગ બુઝાવવાની કામગીરી પણ અવરોધ આવ્યા હતા. ■

પ્રભાદેવી ફ્લાયઓવર

# ૮૩ અસરગ્રસ્ત પરિવારના ઘર માટે ૯૮ કરોડનો ખર્ચ

મુંબઈ: વરલી - શિવડી એલિવેટેડ રોડ હેઠળ પ્રભાદેવી દ્વિસ્તરીય બ્રિજના નિર્માણથી અસરગ્રસ્ત ૮૩ અસરગ્રસ્ત પરિવારોને પરેલ, પ્રભાદેવી અને માટુંગા વિસ્તારમાં 'મ્હાડા'ના ફ્લેટ ફાળવવામાં આવશે. 'મ્હાડા'ના મુંબઈ બિલ્ડિંગ રિપેયર એન્ડ રિકન્સ્ટ્રક્શન બોર્ડે ૧૧૯ ફ્લેટ નક્કી કરી યાદી મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઓથોરિટી (એમએમઆરડીએ)ને સુપરત કરી હતી. આ ૧૧૯ ફ્લેટમાંથી ૮૩ ફ્લેટ 'મ્હાડા' દ્વારા નક્કી કરવામાં આવ્યા છે. ટૂંક સમયમાં નિર્ણય લઈ અસરગ્રસ્ત લોકોને ફાળવી દેવામાં આવશે. એમએમઆરડીએએ આફ્લેટમાટે મ્હાડાને ૯૮ કરોડ રૂપિયા ચૂકવવા પડશે. એમએમઆરડીએ વરલી અને દક્ષિણ મુંબઈથી અટલ સેતુ સુધી ઝડપથી પહોંચવા માટે વરલી - શિવડી એલિવેટેડ રોડનું નિર્માણ કરી રહી છે. આ એલિવેટેડ રસ્તો પ્રભાદેવી બ્રિજ ઉપરથી પસાર થાય છે અને પુલનું બાંધકામ કરતી વખતે જૂના પુલનું શું થશે તે પ્રશ્ન ઉભો થયો હતો. છેવટે એમએમઆરડીએ દ્વારા જૂનો પુલ તોડીને તેની જગ્યાએ નવો દ્વિસ્તરીય પુલ બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો. જોકે એના નિર્માણમાં બે બિલ્ડિંગને અસર થઈ રહી છે.

અસરગ્રસ્ત પરિવારના પુનર્વસનનો મુદ્દો વિવાદાસ્પદ બનતા કામમાં વિલંબ થયો છે. છેવટે રાજ્ય સરકારે પ્રભાદેવી અને માટુંગા વચ્ચેના વિસ્તારમાં અસરગ્રસ્ત ૮૩ પરિવારોને ઘર આપવાનો નિર્ણય લીધો છે.■

# પાલઘર જિલ્લામાં મતદારનું નામ યાદીમાં છ વખત જોવા મળ્યું

## ડુપ્લિકેટ એન્ટ્રી દૂર કરવામાં આવી: ચૂંટણી અધિકારી

પાલઘર : મહારાષ્ટ્રના પાલઘર જિલ્લાની મતદાર યાદીમાં એક મહિલાનું નામ છ વખત જોવા મળ્યું હતું. આ વિસંગતિને કારણે ચૂંટણી અધિકારીઓએ યોગ્ય પ્રક્રિયા પછી ડુપ્લિકેટ એન્ટ્રી દૂર કરી હતી. સુષ્મા સંજય ગુપ્તા નામની મહિલા નાલાસોપારા વિસ્તારમાં રહે છે અને ચકાસણીની પ્રક્રિયા દરમિયાન તેનું નામ યાદીમાં અડધો ડઝન વખત મળી આવ્યું હતું.

પાલઘર જિલ્લા ચૂંટણી અધિકારીએ શનિવારે જારી કરેલી સત્તાવાર નિવેદનમાં સુષ્મા ગુપ્તાનું નામ ૧૩૨ નાલાસોપારા વિધાનસભા મત વિસ્તારની મતદાર યાદીમાં વિવિધ સ્થળે જોવા મળ્યું એ અંગે સ્પષ્ટતા કરી હતી. મતદાર યાદીની ચકાસણીમાં બહાર આવ્યું છે કે પ્રથમ અરજી માન્ય ન થયા પછી વારંવાર દાખલ કરવામાં આવેલી અરજીઓને કારણે એન્ટ્રીઓ કરવામાં આવી હતી. આ અંગેનો જવાબ ૨૨ ઓક્ટોબરે આપવામાં આવ્યો હતો.

ગુપ્તાએ જાન્યુઆરી ૨૦૨૪ની આસપાસ ફોર્મ નંબર ૬ નો ઉપયોગ કરીને મતદાર નોંધણી માટે ઓનલાઇન અરજી કરી હતી. તાબડતોબ ઇલેક્ટોરલ ફોટો આઇડેન્ટિટી કાર્ડ (ઇપીઆઈસી) મળી જશે એવું તે માનતી હતી, પરંતુ તે ન મળ્યું એટલે તેણે ભૂલથી ફરીથી ઓનલાઇન ફોર્મ નંબર-૬ ભર્યું હતું.

મતદાર યાદીમાં છ એન્ટ્રીમાંથી પાંચ ડુપ્લિકેટ હોવાનું જાણવા મળ્યું હતું. આ ડુપ્લિકેટ એન્ટ્રીઓને નાલાસોપારા મતદાર યાદીમાંથી દૂર કરવામાં આવી છે અને સૂચિમાં ફક્ત એક જ નામ રહ્યું છે. (પીટીઆઈ)■

# મુંબઈની એક્વા લાઇન મેટ્રો-૩ની ટ્રેનોમાં હજુ પણ ઇન્ટરનેટના ધાંધિયા

મુંબઇ : મુંબઈની એકમાત્ર ભૂગર્ભ મેટ્રો લાઇન જેનો વરલી અને કફ પરેડ વચ્ચેનો અંતિમ તબક્કો બે અઠવાડિયા પહેલા શરૂ થયો હતો. આ નવા મેટ્રો કોરિડોર, એક્વા લાઇન પર મુસાફરી કરતી વખતે સમય પસાર કરવા ફોનને સ્ક્રોલ કરવો હોય કે પછી, કોઈ જરૂરી કામ માટે સેલ ફોનનો ઉપયોગ કરવો હોય, તો એ ભૂલી જાઓ. કેમકે હજુ પણ અંડરગ્રાઉન્ડ કોઈ સેવા ઉપલબ્ધ નથી. એક્વા લાઈન પર ઇન્ટરનેટ સેવા પૂરી પાડવા માટે કરાર કરાયેલ ઇન્ટરનેટ પ્રદાતા અને મુંબઈ મેટ્રો રેલ કોર્પોરેશન લિમિટેડ (એમએમઆરસીએલ) વચ્ચેના વિવાદને કારણે આ કામ અટકી ગયું છે. આ વિલંબને કારણે ટીકા પણ થઈ રહી છે. એક્વા લાઇન પરના તમામ ૨૭ મેટ્રો સ્ટેશનો પર કોન્કોર્સ વિસ્તારમાં ઇન્ટરનેટ ઉપલબ્ધ હોવા છતાં, ટ્રેનમાં ચઢતાની સાથે ઈન્ટરનેટ બંધ થઈ જાય છે. આરે જેવીએલઆર અને કફ પરેડ વચ્ચેની ૩૩.૫ કિમી લાંબી એક્વા લાઇન પર દરરોજ મુસાફરી કરતા ૧.૮ લાખ મુસાફરો માટે આ ખૂબ જ મુશ્કેલીભર્યું છે. એમએમઆરસીએલ એ કેબલ નાખવા માટે ₹૧૦૦ કરોડ ખર્ચ્યા હોવા છતાં નિયુક્ત સેવા પ્રદાતા રૂટ પર પોતાના ફાઇબર ઓપ્ટિક કેબલ નાખવા માગે છે. તેઓ માને છે કે તેમના કેબલનો ઉપયોગ કરવાથી સંચાલન ખર્ચ ઓછો થશે. અમને આશા છે કે આગામી થોડા દિવસોમાં કોઈ સમજૂતી પર પહોંચીશું. એક પ્રધાને નામ ન આપવાની શરતે જણાવ્યું. તેમણે સ્પષ્ટપણે જણાવ્યું હતું કે એમએમઆરસીએલ માંગણી સ્વીકારશે નહીં. ■

# કોણી મારી, ચીંટયો ખણ્યો

## ગડકરીની હાજરીમાં બે મહિલા અધિકારીઓનું ગેરવર્તન

નાગપુર: મહારાષ્ટ્રના નાગપુર શહેરમાં એક સરકારી કાર્યક્રમ દરમિયાન એક વિચિત્ર ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થતા ચર્ચાનું બજાર ગરમ થઈ ગયું છે. બે મહિલા વચ્ચે ધક્કામુક્કીની આ વિચિત્ર ઘટના કેન્દ્રીય પ્રધાન નીતિન ગડકરીની હાજરીમાં સ્ટેજ પર, બધાની સામે બની હોવાથી લોકોને આશ્ચર્ય થયું છે.

આ ઘટના એક રોજગાર મેળા દરમિયાન બની ત્યારે પોસ્ટમાસ્ટર જનરલ શોભા મધલે (નારંગી સાડી) અને સુચિતા જોશી (ગ્રે સાડી) એક જ સોફા પર બેઠા હતાં. અચાનક બંને વચ્ચે વિવાદ વધ્યો અને મધલેએ જોશીને કોણીથી ધક્કો માર્યો, હાથને હડસેલ્યો અને ચીંટયો પણ ભર્યો. આ આખી ઘટના કેમેરામાં કેદ થઈ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ હતી.



આ કેસમાં કહેવામાં આવી રહ્યું છે કે ઝઘડાનું મૂળ પોસ્ટમાસ્ટર જનરલના હોદ્દાને લગતું છે. વાસ્તવમાં શોભા મધલેની બદલી ૮ સપ્ટેમ્બરે કર્ણાટકના ધારવાડમાં કરવામાં આવી હતી. નવી નિમણૂક સુધી નાગપુરનો હવાલો નવી મુંબઈના પોસ્ટમાસ્ટર જનરલ સુચિતા જોશીને સોંપવામાં આવ્યો હતો. જોકે મધલેએ બદલી સામે કોર્ટમાં સ્ટે લીધો હતો. આ જ વિવાદની ગરમી મંચ પર પહોંચી હતી. આ મામલે બંને અધિકારીઓ સામે શિસ્તભંગની કાર્યવાહી થવાની સંભાવના છે. આ વીડિયો પર લોકોએ પ્રતિક્રિયા આપી છે કે નોકરીની લડાઈ સમજી શકાય છે, પરંતુ કેન્દ્રીય પ્રધાન નીતિન ગડકરીની સામે આવો તમાશો કેમ કર્યો? ■

# છઠ પૂજા માટે પાલિકા સજ્જ: ૧૪૮ કૃત્રિમ વિસર્જન તળાવ

## શહેર અને ઉપનગરમાં ૬૭ ઠેકાણે છઠ પૂજાનું આયોજન

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈમાં ૨૭ અને ૨૮ ઑક્ટોબર, ૨૦૨૫ના રોજ ઊજવવામાં આવનારા છઠપૂજા માટે મુંબઈ મહાનગરપાલિકાએ તૈયારી કરી છે. નાગરિકોની સુવિધા માટે મુંબઈમાં જુદા જુદા ૧૪૮ ઠેકાણે કૃત્રિમ વિસર્જન તળાવ અને ૪૦૩ ઠેકાણે વસ્ત્રો બદલવા માટે તાત્પૂરતા પ્રસાધનગૃહ, પ્રાથમિક વૈદ્યકીય સુવિધા, પીવાના પાણી જેવી સુવિધા ઉપલબ્ધ કરી આપવામાં આવ્યા છે.

છઠ પૂજાનું આયોજન કરનારી સંસ્થા, મંડળને આવશ્યક મંજૂરી અને સમન્વય માટે વન વિન્ડો સિસ્ટમનું સુવિધા ઉપલબ્ધ કરી આપવામાં આવી છે. સંબંધિત પોલીસ અને ટ્રાફિક ડિપાર્ટમેન્ટ સાથે સમન્વય સાધવા માટે દરેક વોર્ડમાં સમન્વય અધિકારી નીમવામાં આવ્યો છે.

દરિયા કિનારા તથા નૈસર્ગિક જળાશયો, તળાવ જેવા સ્થળે ભીડ ટાળવા માટે પાલિકાએ શહેર, પૂર્વ અને પશ્ચિમ ઉપનગરમાં કુલ ૬૭ ઠેકાણે છઠપૂજા માટે વ્યવસ્થા કરી છે. તેમ જ સ્વચ્છ અને સુરક્ષિત એવા કુલ ૧૪૮ કૃત્રિમ વિસર્જન તળાવ-ટાંકીઓની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી છે. સૌથી વધુ કૃત્રિમ તળાવ અને ટાંકીઓ ઘાટકોપર એન વોર્ડમાં ૪૪, દહિસર આ-ઉત્તર વોર્ડમાં ૨૨, તો કાંદિવલીમાં આર-દક્ષિણ ૧૬ છે. ગયા વર્ષે પાલિકાએ૩૯ ઠેકાણે તહેવાર ઊજવણી માટે સુવિધા ઉપલબ્ધ કરી આપી હતી. આ વર્ષે તળાવની સંખ્યા વધારવામાં આવી છે. ■

# ભિવંડીમાં જૂની ઈમારત ધરાશાયી: બેને બચાવી લેવાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ભિવંડીના હાફેઝ નગરમાં ન્યુ ગોરીપાડા વિસ્તારમાં આવેલી ગ્રાઉન્ડ પ્લસ એક માળની ઈમારત શુક્રવારે મોડી રાતના ધરાશાયી થઈ હતી. આ દુર્ઘટનામાં ગ્રાઉન્ડ ફ્લોર પરથી બે લોકોને બચાવી લેવામાં આવ્યા હતા. સદ્નસીબે કોઈ જાનહાનિ થઈ નહોતી.

ભિવંડી-નિઝામપુર મ્યુનિસિપલ કૉર્પોરેશનના ડિઝાસ્ટર મેનેજમેન્ટમેન્ટના જણાવ્યા મુજબ દીવાનશાહ દરગાહ રોડ પર આવેલી રેસિડેન્શિયલ અને કમર્શિયલ બિલ્ડિંગ હાફિઝ બિલ્ડિંગ તરીકે ઓળખાતી હતી. આ બિલ્ડિંગને જર્જરીત જાહેર કરવામાં આવી હતી. લગભગ ૪૦ વર્ષ જૂની ઈમારતને અગાઉ ૩૧ માર્ચ ૨૦૨૩ના સ્ટ્રક્ચર ઓડિટની નોટિસ આપવામાં આવી હતી. ત્યારબાદ ૨૪ ફેબ્રુઆરી ૨૦૨૫ના તેને ફરી નોટિસ ફટકારવામાં આવી હતી. ઈમારત જર્જરીત હોવા છતાં તેનું સમારકામ કરવામાં આવ્યું હતું. અધિકારીએ વધુ માહિતી આપતા કહ્યું હતું કે આ ઈમારતનો પહેલા માળો ખાલી હતો અને ગ્રાઉન્ડ ફ્લોર પર કરિયાણાની દુકાન ચાલુ હતું. શુક્રવારના રાતના લગભગ ૯.૧૫ વાગે આ ઈમારત તૂટી પડી હતી. ગ્રાઉન્ડ ફ્લોરમાં આવેલી કરિયાણાની દુકાનમાં રહેલા બે જણને ડિઝાસ્ટર રિસ્પોન્સ ટીમ દ્વારા સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યા હતા. સદ્નસીબે કોઈ જખમી થયું નહોતું. ■

# ડ્રેનેજ પ્રોજેક્ટના વિવાદમાં રહેવાસીઓને ઘરમાં બંધ કરી દીધા

પાલઘર: પાલઘર જિલ્લામાં ડ્રેનેજ પ્રોજેક્ટના વિવાદમાં સ્થાનિક પંચાયતના પદાધિકારીઓએ એક ઇમારતના રહેવાસીઓને તેમના ઘરમાં બંધ કરી દીધા હતા.

પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં કાસા વિસ્તારની એક ઇમારતના રહેવાસીએ આક્ષેપ કર્યો હતો કે નાયબ સરપંચ અને અન્ય બે જણે ૨૦ ઑક્ટોબરે કેટલાક રહેવાસીઓને ફ્લેટને બહારથી લૉક કરી દીધા હતા, જેથી તેઓ બહાર આવી શક્યા નહોતા.

અન્ય પડોશીઓએ બાદમાં દરમિયાનગીરી કરીને રહેવાસીઓને બહાર કાઢ્યા હતા, એમ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું.

ઇન્સ્પેક્ટર અવિનાશ માંડલેએ જણાવ્યું હતું કે અમે ફરિયાદીને તેનું નિવેદન નોંધવા માટે બોલાવ્યો છે.

જો પ્રથમદર્શી કેસ સ્થાપિત થાય તો ગુનો દાખલ કરવામાં આવશે અને આકરા પગલાં લેવામાં આવશે. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું હતું કે રહેવાસીઓ અને પંચાયત વચ્ચે ડ્રેનેજ લાઇનના પ્રોજેક્ટના કારણે વિવાદ થયો હતો. (પીટીઆઇ) ■

# ખેડૂતોની લોન માફી માટે વચનબદ્ધ: અજિત પવાર

છત્રપતિ સંભાજી નગર: રાજ્ય સરકાર ખેડૂતો માટે લોન માફીના વચનથી પીછેહઠ કરી નથી એવી ખાતરી મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારે શનિવારે આપી હતી. રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષ (એનસીપી) રેલીમાં પ્રવચન આપતા અટકાવી વ્યક્તિએ કરેલા સવાલના જવાબમાં પવારે આ પ્રમાણે જણાવ્યું હતું. અજિત પવાર નાંદેડ જિલ્લામાં પક્ષની સભાને સંબોધિત કરી રહ્યા હતા ત્યારે એક વ્યક્તિએ તેમને અધવચ્ચે રોકી કૃષિ લોન માફી અને સરકારના નિર્ણય વિશે જાણકારી આપવાની માગણી કરી હતી. નાણાં ખાતાનો પણ અખત્યાર ધરાવતા નાયબ મુખ્ય પ્રધાને વિવિધ યોજનાઓ પર રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવતા ખર્ચની યાદી આપી સ્પષ્ટતા કરી હતી કે સરકારે ક્યારેય ખેડૂતોની લોન માફ કરવાની ના પાડી નથી. તેમણે વધુમાં જણાવ્યું હતું કે રાજ્ય સરકારે પૂર અસરગ્રસ્ત ખેડૂતો માટે લગભગ ૩૨ હજાર કરોડ રૂપિયા ફાળવ્યા છે. લાડકી બહિણ યોજના માટે ૪૫ હજાર કરોડ રૂપિયા રાખ્યા છે. (પીટીઆઈ) ■

# બોનેટ પર મહિલા સાથે કાર હંકારી મૂકવા બદલ યુવકની ધરપકડ

મુંબઈ: બોરીવલીમાં બોનેટ પર બેઠેલી મહિલા કાર હંકારવા બદલ ૩૨ વર્ષના યુવકની ધરપકડ કરવામાં આવી હતી.

યુવકે કાર હંકારી મૂકતાં મહિલા નીચે પટકાઇ હતી અને તેને ઇજા પહોંચી હતી, એમ પોલીસે જણાવ્યું હતું.

બોરીવલી પશ્ચિમમાં ગુરુવારે આ ઘટના બની હતી અને વિનિત ઘાઇ નામના યુવક વિરુદ્ધ પોલીસે બેફામપણે વાહન હંકારવા તથા મહિલાને ઇજા પહોંચાડવા બદલ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો, એમ અધિકારીએ કહ્યું હતું.

સ્પામાં કામ કરતી મહિલા સાથે કેટલાક દિવસ અગાઉ વિનિતે મિત્રતા કરી હતી અને બાદમાં તેઓ પાર્ટી કરવા માટે પબમાં ગયાં હતાં.

દરમિયાન કારમાં ઘરે પાછા ફરતી વખતે બંને વચ્ચે કોઇ બાબતે બોલાચાલી થઇ હતી. આથી વિનિતે મહિલાનો મોબાઇલ લઇ લીધો હતો, જેને કારણે મહિલા કારમાંથી બહાર આવી હતી અને બોનેટ પર બેસી ગઇ હતી.

મહિલા બોનેટ પર બેઠી હોવા છતાં વિનિતે કાર પૂરપાટ વેગે હંકારી મૂકી હતી, જેને કારણે મહિલા પડી ગઇ હતી અને તેને ઇજા પહોંચી હતી. આ વિસ્તારના લોકો બાદમાં મહિલાને હોસ્પિટલમાં લઇ ગયા હતા. પોલીસે આ પ્રકરણે ગુનો દાખલ કરીને વિનિતની ધરપકડ કરી હતી. કોર્ટે તેને પોલીસ કસ્ટડી ફટકારી હતી. (પીટીઆઇ) ■

# અકસ્માતમાં મૃત્યુ: ૨૦.૯૭ લાખ રૂપિયાનું વળતર

થાણે: થાણે મોટર એક્સિડન્ટ ક્લેઇમ્સ ટ્રિબ્યુનલે (એમએસીટી) ૨૦૧૯માં માર્ગ અકસ્માતમાં મૃત્યુ પામેલા ૨૪ વર્ષના ટ્રક ડ્રાઇવરના કુટુંબને ૨૦.૯૭ લાખ રૂપિયાનું વળતર ચૂકવવાનો આદેશ આપ્યો હતો. એમએસીટીએ અકસ્માતમાં સામેલ ટેમ્પોના માલિક અને વીમા કંપનીને સંયુક્ત રીતે અને અલગ અલગ રીતે જવાબદાર ઠેરવ્યા હતા. તેમણે પહેલા વીમા કંપનીને રકમ ચૂકવવાનો અને બાદમાં તે વાહનમાલિક પાસેથી વસૂલવાનો આદેશ આપ્યો હતો. દાવેદારોનું પ્રતિનિધિત્વ કરતા એડવોકેટ પી.એસ. પાંડેએ જણાવ્યું હતું કે ૨૦ ડિસેમ્બર, ૨૦૧૯ના રોજ ટેમ્પો પ્રથમ વાડા-મનોર હાઇવે પર પાર્ક કરાયેલી મોટરસાઇકલ સાથે ટકરાયો હતો. બાદમાં ટ્રકને તેણે જોરદાર ટક્કર મારી હતી, જેમાં ટ્રક ડ્રાઇવર ટુન ટુન કુમાર લાલન ભગતને ગંભીર ઇજા પહોંચી હતી. થાણેની સિવિલ હોસ્પિટલમાં બાદમાં ભગતનું મૃત્યુ થયું હતું. (પીટીઆઇ) ■

# કુર્નુલ આગની ઘટના: સ્લીપર બસના પ્રવાસીઓ માટે જનજાગૃતિ ઝુંબેશ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: આંધ્ર પ્રદેશના કુર્નૂલ જિલ્લામાં તાજેતરમાં સ્લીપર બસમાં લાગેલી આગની દુર્ઘટનામાં ૨૦ પ્રવાસીઓના કમનસીબે મૃત્યુ થયાં હતાં. આ દુર્ઘટના બાદ પ્રવાસીઓની સુરક્ષાનો મુદ્દો ફરી ચર્ચાએ આવ્યો છે ત્યારે આવી દુર્ઘટના ટાળવા માટે અને આવી હોનારત દરમ્યાન યોગ્ય પ્રતિસાદ મળી રહે તે માટે મહારાષ્ટ્ર સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ કૉર્પોરેશન દ્વારા સ્લીપર બસમાં પ્રવાસ કરનારા પ્રવાસીઓને સુરક્ષાને લગતું માર્ગદર્શન આપવા માટે ઝુંબેશ હાથ ધરી છે. મહારાષ્ટ્ર સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટના ઓથોરિટીના જણાવવા મુજબ સ્લીપર બસમાં પ્રવાસીઓએ પોતાની અને અન્ય પ્રવાસીઓની સુરક્ષતા સુનિશ્ચિત કરવા માટે અમુક ઉપાય અને નિયમોનું પાલન કરવાનું આવશ્યક રહેશે. નિષ્ણાતોના મતે આગ લાગે અથવા એક્સિડન્ટ થાય ત્યારે બસમાંથી સુરક્ષિત રીતે બહાર નીકળવા માટે અમુક નિશ્ચિત માર્ગ હોય છે પણ તેની માહિતી ન હોવાથી અનેક વખતે જીવહાની થતી હોય છે.

પ્રવાસીઓની સુરક્ષાને ધ્યાનમાં રાખીને બસ શરૂ થવા પહેલા ડ્રાઈવર અને કંડકટરે પ્રવાસીઓને ઈમરજન્સી એક્ઝિટની માહિતી આપવી જોઈએ. બસનો મુખ્ય દરવાજો હંમેશા ખુલ્લો અને તેની સામે કોઈ વસ્તુ રાખવી નહી. બસમાં ઈમરજન્સી એક્ઝિટના માર્ગ પણ કોઈ સામાન રાખવું નહીં. બસની છત પર સામાન્ય રીતે બેથી ત્રણ એક્સકેપ હૅચ હોય છે. આગની દુર્ઘટના દરમ્યાન તેનો ઉપયોગ કરવો જોઈએ. સુરક્ષા હથોડી દરેક એરકંડિશન બસમાં બારી પાસે હોય છે, તેનાથી કાચને ફોડીને બહાર નીકળી શકાય છે. આગ લાગે ત્યારે બસમાં રહેલા પ્રવાસીઓએ બહાર નીકળવાના તમામ માર્ગ તરત ઓળખીને તેમાંથી બહાર નીકળવાનો પ્રયાસ કરવો. કપડાને આગ લાગી હોય તો પાણી અથવા ચાદર નાખી બુઝાવી દેવી. રાતના સમયે પ્રવાસ કરતા સમયે વધુ સતર્ક રહેવું. ઈમરજન્સી માટે ૧૦૦ અથવા ૧૦૮ નંબર પર મદદ માગવી જોઈએ. ■

# સુધરાઈની સ્કૂલના વિદ્યાર્થીઓ માટે નવા ટૅબની ખરીદી કરાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈ મહાનગરપાલિકાની શાળાઓમાં પણ ડિજિટલ એજ્યુકેશન પર વધારે ભાર આપવામાં આવી રહ્યો છે. અગાઉ વિદ્યાર્થીઓને અભ્યાસ માટે ટૅબ આપવામાં આવ્યા હતા, તે હવે જૂના થઈ ગયા છે, તેથી પાલિકા નવા ૧૯,૩૧૭ ટૅબની ખરીદી કરવાની છે.

પાલિકાના શિક્ષણ વિભાગના અધિકારીના જણાવ્યા મુજબ પાલિકાની સ્કૂલના પહેલાથી નવમા ધોરણના ૧૯,૩૧૭ વિદ્યાર્થીઓને ટૅબ આપવામાં આવવાના છે, જેમાં મરાઠી, ઈંગ્લિશ, હિંદી અને ઉર્દૂ મિડિયમનો સમાવેશ થાય છે. પાલિકા આ માટે ખાનગી કંપનીને ચાર વર્ષનો કૉન્ટ્રેક્ટ આપ્યો છે, જેમાં કંપની પાસેથી ટૅબની ખરીદી સહિત ચાર વર્ષના તેના મેઈન્ટેન્સનો પણ તેમાં સમાવેશ થાય છે. પાલિકા ટૅબ માટે લગભગ ૪૯ કરોડ ૧૯ લાખનો ખર્ચો કરવાની છે. ■


કપોળ મરણ




સાવરકુંડલા વાળા (હાલ કાંદિવલી) સ્વ. શાંતાબેન પ્રભુદાસ માવજી મોદી ના પુત્ર તથા રક્ષાબેન ના પતિ રોહિત (ઉ.વ.૭૧) તા ૨૩/૧૦/૨૫, ગુરુવાર ના દિવસે શ્રીજી ચરણ પામેલ છે. તે ચાંદની કશ્યપ ગોરડિયા, પૂજા પિનાલ સંઘવી અને રોનક ના પિતાશ્રી. તેઓ રુચિ ના સસરા. તેઓ રિવાન અને રાઈશા ના દાદા તથા જીયા અને હૃદય ના નાના. તેઓ સ્વ. નાથાભાઈ, સ્વ. નવનીતભાઈ, હરેશભાઈ, પ્રવિણાબેન મહેન્દ્ર વોરા તથા શર્મિષ્ઠાબેન હર્ષદરાય દોશી ના નાના ભાઈ. તેઓ સ્વ.શારદાબેન, આશાબેન અને જ્યોતિબેન ના દિયર. સ્વ.ભવાનીદાસ હરજીવનદાસ સંઘવી ના જમાઈ.

સ્વર્ગસ્થની પ્રાર્થના સભા : તા ૨૭/૧૦/૨૫, સોમવાર ના સાંજે ૫ થી ૭ રાખેલ છે.

પ્રાર્થના સભા નું સ્થળ : લેગેસી બેંક્વેટ્સ વીટી ઇન્ટરનેશનલ સ્કૂલ ચીકુવાડી, બોરીવલી પશ્ચિમ, મુંબઈ ૪૦૦૦૯૨. વેલે પાર્કિંગ ની સુવિધા છે

-: પ્રતિષ્ઠાન :- SHREEJI SteelTubes Pvt. Ltd.









LIKE & FOLLOW: /Mumbaisamachar4u

છેલ્લા પાનાનું ચાલુ

## મકાનમાલિકના

અસીલને ઓછામાં ઓછી પોલીસ કસ્ટડી આપવામાં આવે, એવી માગણી કરી હતી. દરમિયાન બંને પક્ષની દલીલ સાંભળ્યા બાદ મેજિસ્ટ્રેટે બનકરને ૨૪ ઑક્ટોબર સુધીની પોલીસ કસ્ટડી ફટકારી હતી.

બીડ જિલ્લાની વતની મહિલા ડૉક્ટર સરકારી હૉસ્પિટલમાં કામ કરતી હતી અને સાતારાના ફલટન ખાતે આવેલી હૉટેલની રૂમમાં તે ગુરુવારે રાતે ગળાફાંસો ખાધેલી હાલતમાં મળી હતી.

ડૉક્ટરે આત્મહત્યા પૂર્વે પોતાની હથેળી પર સુસાઇડ નોટ લખી હતી, જેમાં સબ-ઇન્સ્પેક્ટર ગોપાલ બદાનેએ તેના પર અનેકવાર બળાત્કાર ગુજાર્યો હોવાનો તથા સોફ્ટવેર એન્જિનિયર બનકર તેને માનસિક ત્રાસ આપતો હોવાનો આક્ષેપ કર્યો હતો. બંને જણ સામે આત્મહત્યા માટે પ્રવૃત્ત કરવાનો ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. પોલીસ અધિકારીના જણાવ્યા અનુસાર બનકર મકાનમાલિકનો પુત્ર છે, જેના ઘરમાં મહિલા ડૉક્ટર રહેતી હતી. ડૉક્ટરે આત્મહત્યા કરતા પહેલા તેને કૉલ કર્યો હતો અને તેની સાથે ચેટિંગ પણ કરી હતી. આ પ્રકરણની તપાસમાં સબ-ઇન્સ્પેક્ટર ગોપાલ બદાનેનું નામ સામે આવ્યા બાદ તેને સસ્પેન્ડ કરવામાં આવ્યો હતો.

## 'ફિટ મુંબઈ'

ચાવી છે. મુંબઈના નાગરિકોએ એકંદરે ફિટનેસ અને ઉર્જા જાળવવા માટે નિયમિત શારિરીક પ્રવૃતિ અપનાવવા અને પાલિકાની આ ઝુંબેશને ટેકો આપવા માટે કમિશનરે અપીલ પણ કરી હતી.

મુંબઈ પાલિકાના ઝોન-ત્રણના ડેપ્યુટી કમિશનર વિશ્વાસ મોરેએ જણાવ્યું હતું કે આ ઝુંબેશનો હેતુ ચાલવા ન માગતા લોકોને ચાલવા માટે પ્રોત્સાહિત કરવાનો. અને જોગિંગ કરવા માટે પ્રોત્સાહિત કરવાનો છે. નિયમિત કસરત બીમારીઓથી બચવામાં મદદ કરે છે.

પાલિકાએ મુંબઈ કોસ્ટલ રોડ પર સાયકલિંગ ટ્રેક અને ૭.૫ કિલોમીટરનો દરિયા કિનારે પ્રોમોનેડ વિકસાવ્યો છે અને સ્પોટર્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા અને ફિટ ઈન્ડિયા મૂવમેન્ટના સહયોગથી વાર્ષિક મેરેથોનની જાહેરાત કરી હતી. આ કાર્યક્રમ દર વર્ષે ડિસેમ્બરના બીજા રવિવારે યોજાશે અને તેનો ઉદ્‌ઘાટન કાર્યકામ ૧૪ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ થશે. પાલિકાએ રવિવારે શરૂ કરેલી 'ફિટ મુંબઈ' ઝુંબેશ હેઠળ દર શનિવારે સવારના ૬.૩૦ વાગે બગીચા અને મેદાન પર ફિટનેસ સત્રનું આયોજન થશે. તમામ ઉંમરના લોકો માટે વોકિંગ અને જૉગિંગ અને યોગનું આયોજન કરવામાં આવશે. વોર્ડ સ્તરે સ્થાનિક સ્તરે ફિટનેસ અને સામાજિક સંસ્થાના માધ્યમથી ફિટનેસ સત્રનું આયોજન કરવામાં આવશે. શિવયોગ કેન્દ્રના માધ્યમથી યોગ અને મેડિટેશન અને પ્રાણાયામ વગેરેનું આયોજન કરવામાં આવશે.

## કાજોલ, આર. માધવન

હસાવીએ છીએ કારણ કે તેઓ તેમની પોતાની રચનાની પ્રશંસા કરે છે. મારી કારકિર્દીની શરૂઆતમાં મારી પાંખો નીચે આટલો મજબૂત પવન બનવા બદલ આભાર... મારામાં સતત વિશ્વાસ રાખવા અને મને ઉત્સાહિત કરવા બદલ. તમને ખૂબ જ યાદ કરવામાં આવશે. સતીશ જી.. એક ખાલી જગ્યા જે ક્યારેય ભરી શકાતી નથી... શાશ્વત શાંતિમાં આરામ કરો, સાહેબ, જ્યારે અમે તમારા વિના કેવી રીતે આગળ વધવું તે અંગે ઝઝૂમી રહ્યા છીએ. ઓમ શાંતિ,'

કાજોલે તેના ઇન્સ્ટાગ્રામ હેન્ડલ પર એક વાર્તા શેર કરી અને લખ્યું, 'ખૂબ જલ્દી ગયા, પણ તમારું હાસ્ય કાયમ માટે ગુંજશે, શાંતિમાં આરામ કરો સતીશ જી.' ઇન્સ્ટાગ્રામ સ્ટોરી પર અભિનેતાનો ફોટો શેર કરતા કરણ જોહરે લખ્યું, 'ઓમ શાંતિ.' ફરાહ ખાને કહ્યું કે સતીશ શાહને 'જાણવાનો અને તેમની સાથે કામ કરવાનો આનંદ' અલગ હતો. 'શાંતિમાં આરામ કરો, પ્રિય સતીશ. મને દરરોજ મીમ્સ અને જોક્સ મોકલવાની તમારી યાદ આવશે,' એમ તેણે લખ્યું હતું. અમીષા પટેલે પોતાની પહેલી ફિલ્મ 'કહો ના... પ્યાર હૈ'માં અભિનેતા સાથે કામ કરવાનો અનુભવ યાદ કર્યો અને કહ્યું હતું કે શાહ સાથે કામ કરવું એ તેમના માટે એક લહાવો હતો. 'આ હૃદયદ્રાવક સમાચાર સાંભળીને દુઃખ થયું!! મારી પહેલી ફિલ્મ 'કહો ના... પ્યાર હૈ' માં તેમની સાથે કામ કરવાનો લહાવો મળ્યો. એક સારા અભિનેતા પણ એક સારા માણસ !! ઓમ શાંતિ,' એમ તેણે પોતાની ઇન્સ્ટાગ્રામ સ્ટોરી પર લખ્યું હતું.

## મુંબઈમાં

૫૦ મિલીમીટરથી પણ વધુ વરસાદ નોંધાયો હતો. એ બાદ શનિવારે મુંબઈ સહિત પડોશી શહેરમાં વાદળિયું વાતાવરણ રહ્યા બાદ દિવસ દરમ્યાન હળવોથી મધ્યમ સ્વરૂપનો વરસાદ પડયો હતો. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર દક્ષિણ-પૂર્વ અરબી સમુદ્ર પરના ડિપ્રેશન તેમ જ દક્ષિણ-પશ્ચિમ બંગાળની ખાડી પર લો પ્રેશર વિસ્તાર સર્જાયો હોવાને કારણે મુંબઈ સહિત રાજ્યના અનેક વિસ્તારમાં વરસાદ પડી રહ્યો છે. મંગળવાર સુધી મુંબઈ, થાણે, પાલઘર અને રાયગઢ જિલ્લામાં યલો અલર્ટ રહેશે અને આ દરમ્યાન વાવાઝોડા સાથે પવન અને વીજળીના ગડગડાટ સાથે વરસાદ પડી શકે છે. મુંબઈમાં ઓચિંતા આવી પડેલા વરસાદને કારણે જોકે ગરમી અને ઉકળાટમાં થોડી રાહત જણાઈ રહી છે. મુંબઈમાં ગયા અઠવાડિયામાં સરેરાશ તાપમાનનો પારો ૩૫થી ૩૭ ડિગ્રીની આસપાસ નોંધાઈ રહ્યો હતો, તેમાં વરસાદને કારણે થોડો ઘટાડો નોંધાયો છે. શનિવારે કોલાબામાં મહત્તમ તાપમાન ૩૦.૭ ડિગ્રી અને સાંતાક્રુઝમાં મહત્તમ તાપમાન ૩૩.૫ ડિગ્રી નોંધાયું હતું. છેલ્લા થોડા દિવસથી પ્રદૂષણનું પ્રમાણ વધી જતા એર ક્વોલિટી ઈન્ડેક્સ ઊંચો નોંધાઈ રહ્યો હતો પણ અચાનક ગયા અઠવાડિયાથી પડી રહેલા વરસાદને કારણે વાતાવરણમાં રહેલા પ્રદૂષણના કણો પાણી સાથે જમીન પર આવી જતા વાતાવરણ થોડું ચોખ્ખુ થયું છે. શનિવારે સાંજે મુંબઈનો સરેરાશ એર ક્વોલિટી ઈન્ડેક્સ ૬૬થી ૭૦ની વચ્ચે નોંધાયો હતો.

## 'તમે હંમેશાં મારા...

હતું. આ ફોટો શેર કરતાં સતીશ શાહે કેપ્શનમાં લખ્યું હતું કે, 'જન્મદિવસની શુભકામનાઓ, પ્રિય શમ્મીજી. તમે હંમેશા મારી આસપાસ છો.' આ ફોટો ૨૦૦૬ની ફિલ્મ સેન્ડવિચનો છે, જેમાં સતીશે ચેલારામણીની ભૂમિકા ભજવી હતી, જ્યારે શમ્મીએ સ્વામી ત્રિલોકાનંદની ભૂમિકા ભજવી હતી. બંનેએ અગાઉ ઘણી ફિલ્મોમાં સાથે કામ કર્યું હતું.

## એક બહુમુખી

રહ્યા હતા, ત્યારે અમે તેમની સાથે સતીશ શાહ વિશે વાત કરી ત્યારે તેમનું ગળું ભરાઈ આવ્યું હતું. 'મારા માટે તે ફક્ત કામ નહોતું, તે મારા માટે એક પરિવાર હતો, મારા માટે એક મોટો ભાઈ હતો. મેં ગઈકાલે જ તેમની સાથે વાત કરી હતી અને અમે તેમને મળવાના હતા. મેં તેમને ફોન કર્યો અને તેમણે કહ્યું, 'હું સૂઈ રહ્યો છું, બે દિવસ પછી આવજો'. તેઓ સ્વસ્થ અને આનંદમાં હતા અને મારા આખા પરિવારે તેમની સાથે ખૂબ વાત કરી હતી. મને મારી આસપાસ એક શૂન્યાવકાશ અનુભવાય છે. મને ખરેખર હમણાં વ્યક્ત કરવા માટે શબ્દો મળતા નથી,' એમ તેમણે કહ્યું હતું.

## નાગપુરથી

નક્કી કર્યું હતું. વિમાન નાગપુરમાં સુરક્ષિત રીતે ઉતર્યું હતું. વિમાનની તપાસ કરવા માટે હજી સમય લાગી શકે તેમ હોવાથી ફ્લાઇટ રદ કરવામાં આવી છે. નાગપુરમાં અમારી ગ્રાઉન્ડ ટીમે મુસાફરોને ભોજન પીરસવા સહિત તાત્કાલિક સહાય પૂરી પાડી છે. આ વિમાનમાં લગભગ ૧૫૦ જેટલા મુસાફરો હતાં. આ દરેક મુસાફરોને તેમની ટિકિટનું ભાડું પાછું આપવામાં આવ્યું હોવાનું પણ જાણવા મળ્યું હતું. એરપોર્ટ પર પક્ષીઓ પર નજર રાખવા માટે ૨૪ કલાક સ્ટાફ રાખવામાં આવે છે, પરંતુ રાત્રિના સમયે પક્ષીઓ મોટા ભાગે સ્પષ્ટપણે દેખાતા નથી.

## મહિલા ડૉક્ટર અને આરોપી

તે કહેતી કે અમારી નોકરીમાં ખૂબ તાણ હોય છે.

તે હંમેશાં તાણમાં દેખાતી હતી. મારો ભાઇ આઠ-દસ દિવસ માટે ઘરે આવ્યો હતો ત્યારે તે મહિલા ડૉક્ટરના સંપર્કમાં આવ્યો હતો. મહિલા ડૉક્ટર મારા ભાઇને દાદા કહીને બોલાવતી. મારો ભાઇ બાદમાં પુણે જતો રહ્યો હતો. ત્યાર બાદ મહિલા ડૉક્ટરે મારા ભાઇને પ્રપોઝ કર્યું હતું, પણ તેણે ઇનકાર કરી દીધો હતો. મારા ભાઇએ તેને કહ્યું હતું કે હું તમને મારા પરિવારના સભ્ય તરીકે માનું છું. તમે મને દાદા બોલાવો છો. તમે જેમ સમજો છો એવું કંઇ નથી, એમ બનકરની બહેને જણાવ્યું હતું.

તેણે વધુમાં જણાવ્યું હતું કે મહિલા ડૉક્ટરને માનસિક ત્રાસ આપવાનો પ્રશાંત બનકર પર આરોપ કરાયો છે. લક્ષ્મીપૂજા વખતે મહિલા ડૉક્ટરનાં માતા-પિતા અમારા ઘરે આવ્યાં હતાં. તો એ સમયે તેમણે માનસિક ત્રાસ અંગે કેમ કશું ન કહ્યું? દરમિયાન બનકરના ભાઇએ આક્ષેપ કર્યો હતો કે પોલીસે અમને વિના કારણ બેસાડી રાખ્યા હતા.

## મહિલા ડૉક્ટરના

કહ્યું કે જો ચોક્કસ અટક અથવા તે બીડ જિલ્લાની હતી એટલે મહિલાના ઉપરી અધિકારીઓએ તેમની ફરિયાદોને અવગણી હોય, જેવો આરોપ લગાવવામાં આવી રહ્યો છે, તો તે એક ગંભીર બાબત છે.

'સમગ્ર ઘટનાની તપાસ એસઆઈટી દ્વારા થવી જોઈએ અને ફાસ્ટ-ટ્રેક કોર્ટમાં ટ્રાયલ ચલાવવી જોઈએ,' એમ બીડના એનસીપીના નેતાએ કહ્યું હતું અને ઉમેર્યું હતું કે તેઓ આ માગણીઓ રજૂ કરવા માટે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસને પત્ર લખશે.

વિધાનસભા પરિષદમાં વિરોધ પક્ષના ભૂતપૂર્વ નેતા દાનવેએ પણ મહિલાના મરાઠવાડા મૂળનો ઉલ્લેખ કરતાં કહ્યું હતું કે 'મરાઠવાડાની આ પુત્રી, જે તેના જન્મથી જ સંઘર્ષ કરીને જીવનમાં ઉછરી હતી, તેનું મૃત્યુ દર્શાવે છે કે રક્ષકો ભક્ષક બની ગયા છે,' તેમણે કહ્યું હતું કે સાતારા જિલ્લાની બહારના અધિકારીઓની સ્વતંત્ર તપાસ સમિતિની નિમણૂક થવી જોઈએ.

દરમિયાન, એક ગૌણ પોલીસ અધિકારી દ્વારા મહિલા ડોક્ટર વિશે ફરિયાદ કર્યા પછી, સાતારા જિલ્લાના પોલીસ અધિકારીઓને મહિલા ડોક્ટર દ્વારા રજૂ કરાયેલા કથિત જવાબ મુજબ, તેને કામ કરવાની રીત અંગે પોલીસ અધિકારીઓ તરફથી ધમકીઓનો સામનો કરવો પડ્યો હતો અને તેના ગૃહ જિલ્લામાં બીડમાં ગુનાખોરી અંગે મજાક ઉડાવવામાં આવતી હતી.

મૃતક ડોક્ટરના એક સંબંધીએ દાવો કર્યો છે કે તેને પોસ્ટમોર્ટમ રિપોર્ટ બદલવા અને હોસ્પિટલમાં લાવવામાં આવેલા ધરપકડ કરાયેલા વ્યક્તિઓના તબીબી પરીક્ષણ રિપોર્ટમાં ફેરફાર કરવા માટે પોલીસ દ્વારા વારંવાર દબાણનો સામનો કરવો પડ્યો હતો.

એક કાર્યકર્તા નીતિન આંધલેએ તપાસ સમિતિને આપેલા મહિલા ડોક્ટરના કથિત નિવેદનને પોસ્ટ કર્યું હતું.

તે મુજબ, એક સાંસદે એકવાર ફોન પર તેના પર આરોપ લગાવ્યો હતો કે તે બીડની રહેવાસી હોવાથી ધરપકડ કરાયેલ વ્યક્તિને ફિટનેસ સર્ટિફિકેટ (જેનાથી પોલીસ તેની કસ્ટડી માગી શકત) ન આપતી હતી.

પોલીસ અન્ય ડોક્ટરોને તે વ્યક્તિની તપાસ કરવા માટે કહી શકતી હતી, પરંતુ આવું કરવામાં આવ્યું ન હતું, એવો તેણે દાવો કર્યો હતો.

વિપક્ષી શિવસેના યુબીટીના પ્રવક્તા સુષ્મા અંધારેએ પણ આ કેસની તપાસ માટે સ્વતંત્ર એસઆઈટીની રચના કરવાની માગણી કરી હતી.

## '...તો એ ડૉક્ટરનો

પોલીસ પ્રશાસનનું હોય છે. ડૉક્ટરે તે કારણસર અંતિમ પગલું ભર્યું તે તેની અંગત બાબત લાગે છે. તેનો વહીવટી બાબતો સાથે કોઇ સંબંધ નથી. તમામ પોલીસ ખરાબ નથી હોતા. પોલીસદળમાં સારા અધિકારીઓ હોવાથી પોલીસદળ સારાં કામ કરી રહ્યું છે, એમ તેમણે કહ્યું હતું.

## મધ્ય રેલવેમાં

પર બ્લોક હાથ ધરવામાં આવશે. આ સમયગાળા દરમિયાન થાણે-વાશી, નેરુળ અને પનવેલ વચ્ચે ટ્રેન વ્યવહાર સંપૂર્ણપણે બંધ રહેશે. પ્રવાસીઓને આ સમય દરમિયાન વૈકલ્પિક રૂટનો ઉપયોગ કરવાની ભલામણ રેલવે દ્વારા કરવામાં આવી છે.

## ૮૦ થી ૯૦

૮૦થી ૯૦ જેટલા પોસ્ટમોર્ટમ કરનારી યુવતી શું સ્ટ્રોન્ગ નહીં હોય?

પિતરાઇ બહેને જણાવ્યું હતું કે ગયા મહિને મારી તેની સાથે વાતચીત થઇ હતી. એ સમયે તેણે કહ્યું હતું કે પોસ્ટમોર્ટમ માટે મારા પર દબાણ કરવામાં આવે છે. અનફિટ હોય તો ફિટ દેખાડવા માટે પણ દબાણ કરાતો. ઇનકાર કર્યા એટલે ત્રાસ વધતો ગયો. અમે પાંચ પાનાંનો પત્ર લખ્યો. તેની તપાસ પણ થઇ, પણ કોઇ કાર્યવાહી ન થઇ.

તેણે વધુમાં જણાવ્યું હતું કે મારી બહેનને આત્મહત્યા માટે પ્રવૃત્ત કરવામાં આવી છે. તે આવું કરી શકે નહીં. તેનાં માતા-પિતા ખેતી કરે છે. તેના શિક્ષણ માટે લીધેલું દેવુ હજી ચૂકવાયું નથી. મારી બહેનને પાછી લાવી નહીં શકો, પણ તેનાં માતા-પિતાને આધાર આપવા માટે તેના નાના ભાઇને નોકરી અપાવો, એવી વિનંતી તેણે મુખ્ય પ્રધાનને કરી છે.

## નાયબ મુખ્ય પ્રધાન

છે કે મુંબઈ મનપાની ચૂંટણીમાં ભાજપ મનમાની કરીને વધુ બેઠકો પડાવી ન લે તે માટે આ મુલાકાત થઈ હતી. આધારભૂત સાધનોની વાત માનવામાં આવે તો રાજ્યમાં મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ અને ભાજપ દ્વારા બેઠકોની વહેંચણીમાં એકનાથ શિંદેને ટેકન ફોર ગ્રાન્ટેડ કરીને નામમાત્ર જગ્યાઓ આપવામાં આવશે એવી સંભાવનાઓ વચ્ચે આ બેઠકમાં શિંદેએ પોતાના માસ્ટર કાર્ડની મુલાકાત લઈને પોતાનો કક્કો સાચો કરવાનો પ્રયાસ આદર્યો હોવાનું માનવામાં આવી રહ્યું છે.

અહીં ઉલ્લેખનીય છે કે મુંબઈ, થાણે, નવી મુંબઈ જેવી એમએમઆરની બધી જ મનપામાં શિંદે સેનાના નેતાઓ સ્વબળે ચૂંટણીઓ લડીને પોતાનો મેયર બેસાડવા માગે છે, જ્યારે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ રાજ્યની મહત્ત્વની મનપામાં પોતાના મેયર બેસાડવાના લક્ષ્ય સાથે આગળ વધી રહ્યા છે, ત્યારે આ મુલાકાત અત્યંત મહત્ત્વની માનવામાં આવી રહી છે.

શિંદેની વડા પ્રધાન સાથેની મુલાકાત એવા સમયે પણ થઈ છે જ્યારે શિવસેનાના એક નેતાએ પુણેમાં જમીન સોદાના સંદર્ભમાં ભાજપના લોકસભા સભ્ય અને કેન્દ્રીય પ્રધાન મુરલીધર મોહોળ પર બંદૂક તાકી છે. મોહોળે તેમના પર લાગેલા આરોપોને નકારી કાઢ્યા છે.

શિંદેએ મહારાષ્ટ્રની પરિસ્થિતિ અંગે પણ ચર્ચા કરી હોવાનું જાણવા મળ્યું છે, શિવસેના મુંબઈ, નાશિક, પુણે, પાલઘર, કલ્યાણ, ડોમ્બિવલી અને નવી મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનોમાં ભાજપના સમાન ભાગીદાર તરીકે સ્થાનિક ચૂંટણીઓ લડવા માટે ઉત્સુક છે.

## પારસી મરણ

અરની જાલ બેકસ્તર તે મરહુમો રોશન જાલ બેકસ્તરના દીકરી. તે વીલુ જાલ બેકસ્તર તથા મરહુમ મીનુના બહેન. (ઉં. વ. ૭૧) રે. ઠે. બિલ્લીમોરીયા હાઉસ, બીજે માળે, રૂમ. નં. ૮, પ્રોકટર સ્ટ્રીટ, ગ્રાન્ટ રોડ, મુંબઇ-૪૦૦૦૦૭. ઉઠમણાંની ક્રિયા : તા. ૨૬-૧૦-૨૫ના દીને બપોરે ૩.૪૦ વાગે અસલાજી અગિયારીમાં છેજી.

નોશીર ફકીરજી દારુવાલા તે પેરીનના ધની. તે મરહુમો તેહમીના ફકીરજી દારુવાલાના દીકરા. તે વીરાફ ને માહારુખના પપા. તે વૈશાલીના સસરા. તે મરહુમો તેહમીના માનેકશા ધનદીવાલાના જમાઇ. (ઉં. વ. ૮૧) રે. ઠે. હીલ વીયુ સી.એચ.એસ. બિલ્ડિંગ નં-બી/૬૦૨, એલ. બી. એસ. માર્ગ, સૂર્યા નગર, વિક્રોલી, મુંબઇ-૪૦૦૦૮૩. ઉઠમણાંની ક્રિયા તા. ૨૬-૧૦-૨૫ના દીને બપોરે ૩.૪૦ વાગે, ઉપરની બેનેટ નં-૬માં ડુંગરવાડી પર.

ધન ફિરોઝ મહેતા તે ફિરોઝના ધન્યાની. તે મરહુમો બાનુબઇ બેહરામશા સુઇના દીકરી. તે ખુશરુ, ડોલી ને મરહુમ પરસીના માતાજી. તે પરીન, કલ્લેમી ને શાદબના સાસુજી. તે બકતુ, ખુરશેદ તથા મરહુમો રતન, જીમી, ફરોખ, ડોલી ને કેરસીના બહેન. તે મેહરાબ ને ઝીઆનના બપઇજી. (ઉં. વ. ૮૧) રે. ઠે. પટેલ અપાર્ટમેન્ટ, ફ્લેટ નં-૯૪, અગિયારી લેન, તેંભી નાકા, થાણે (વેસ્ટ), ૪૦૦૬૦૧. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૨૬-૧૦-૨૫ના દીને બપોરે ૩.૪૦ વાગે થાણા પટેલ અગિયારીમાં છેજી.

## હિન્દુ મરણ

**લુહાર સુથાર જ્ઞાતિ**

ગામ ભુંભલીવાળા હાલ કુંભારવાડા (મુંબઇ) સ્વ. ધરમશીભાઇ લક્ષ્મણભાઇ રાઠોડના ધર્મપત્ની ગં. સ્વ. કાશીબેન (ઉં.વ.૯૪) તા. ૨૫-૧૦-૨૫ને શનિવારના સ્વર્ગલોક પામ્યા છે. તે ભરતભાઇ, સ્વ. ચારુલતાબેન ભરતકુમાર મણીયાર, પ્રિતીબેન દીપકકુમાર ડોડિયા, ભારતીબેન રાજેન્દ્રકુમાર સિદ્ધપુરાના માતુશ્રી. તે હર્ષાબેનના સાસુમા. સ્વ. ગોવિંદભાઇ કરસનભાઇ (સાવરકુંડલા) પરમારના દીકરી. ચકુભાઇ ગોવિંદભાઇ પરમારના બેન. પ્રાર્થનાસભા તા. ૨૭-૧૦-૨૫ના સોમવારે ૫થી ૭. ઠે. લુહાર સુથાર જ્ઞાતી વેલફેર, કાર્ટર રોડ નં. ૩, અંબે માતા મંદિર પાસે, બોરીવલી (ઇસ્ટ) રાખેલ છે.

**ચરોતર રૂખી**

ગામ નાર નિવાસી સ્વ. નરેન્દ્રભાઇ ડાયાભાઇ સોલંકી (ઉં.વ. ૭૭) તા. ૨૧-૧૦-૨૫ના મંગળવારના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. હર્ષદાબેનના પતિ. સ્વ. કિશનભાઇ, સ્વ. રઘુનાથભાઇ, પોપટભાઇ, શારદાબેનના ભાઇ. વર્ષાબેન, ભાવનાબેન, રીટાબેન, તરુણભાઇના પિતા. પ્રકાશભાઇ, ભરતભાઇના કાકા. તે સ્વ. મણિલાલ ફૂલજી લાડના જમાઇ તા. ૨૭-૧૦-૨૫ના સોમવારના સુતક-સુવાળા અને પ્રાર્થનાસભા સાંજે ૫થી ૭ તેમના નિવાસ સ્થાનઃ એ-૩૯, દર્શન કો. ઓ. હો. સોસાયટી, પ્લોટ નંબર-૨, ગોરાઇ-૧, સ્ટેટસ હોટલની બાજુમાં, બોરીવલી (પશ્ચિમ).

**હાલાઇ લોહાણા**

મૂળ ગામ જામખંભાળીયા (હાલ થાણા) ગં. સ્વ. ઉષાબેન જયંત ઠક્કર (પંચમતીયા) (ઉં. વ. ૮૬) શુક્રવાર, તા. ૨૪-૧૦-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. લક્ષ્મીબેન પ્રાગજી રામજી પંચમતીયાનાં પુત્રવધૂ. સ્વ. જયંત પંચમતીયાના પત્ની. અલોક અને અમી ધર્મેન્દ્રભાઇ મણીયારનાં માતુશ્રી. તે મોનીકા અને ધર્મેન્દ્ર મણીયારનાં સાસુ. સ્વ. હીરાબેન જયંતીલાલ શાહના પુત્રી. વેદ અને હર્ષના દાદી. બન્ને પક્ષની પ્રાર્થનાસભા રવિવાર, તા. ૨૬-૧૦-૨૫ના ૧૦.૩૦થી ૧૨. ઠે. હાલાઇ લોહાણા મહાજનવાડી, (રઘુવંશી હોલ), ખારકરઆળી રોડ, થાણા (વેસ્ટ), લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**હાલાઇ લોહાણા**

જામ ખંભાળિયા નિવાસી સ્વ. શાંતાબેન તથા સ્વ. વંદ્રાવનદાસ ધનજીભાઇ બરછાના પુત્ર ચંદ્રકાંતભાઇ હાલ મુંબઇના પત્ની દીપીકાબેન (ઉં. વ. ૮૯) તે મુકેશભાઇ તથા ભાવેશભાઇના માતુશ્રી. સૌ. નીતાબેન તથા સૌ. રૂપાબેનના સાસુ. પાર્થ, શીતલ, સૌ. કાજલબેન નિર્વિશભાઇ ચોકસી તથા સૌ. કિંજલબેન ઉદિતભાઇ કોટકના દાદીમા. રાજકોટ નિવાસી સ્વ. વ્રજલાલ પરસોમતભાઇ રૂપારેલિયાના દીકરી મંગળવાર, તા. ૨૧-૧૦-૨૫ના દિવસે શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર રાખેલ નથી.

**કપોળ**

સાવરકુંડલાવાળા હાલ કાંદિવલી નિવાસી સ્વ. જેઠાલાલ ભીખાલાલ સંઘવીના પત્ની ગં. સ્વ. કંચનબહેન (ઉં. વ. ૯૫) તા. ૨૫-૧૦-૨૫ શનિવારના શ્રીજીચરણ પામેલ છે. તે મહેન્દ્ર, શૈલેષ, હંસા, હર્ષદાના માતુશ્રી. અ.સૌ. પ્રફુલ્લા, અ. સૌ. નીલા, અ. સૌ. કોમલ, સ્વ. કિરીટકુમાર મહેતા તથા સ્વ. અરુણકુમાર મહેતાના સાસુ. રસનાળવાળા હરીલાલ, ગોરધનદાસ મહેતાના દીકરી. ભાવેશ, ઉમંગ, અલ્પા વિજય ભાલરીયા, ઝીલ, હિષીના દાદી. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કપોળ**

અમરેલીવાળા હાલ કાંદિવલી સ્વ. મંગળાબેન કલ્યાણદાસ મોદીના પુત્ર મહેન્દ્ર (કીકુભાઇ) (ઉં. વ.૮૦) તે અરુણાબેનના પતિ. નેહા કલ્પેશ શાહના પિતા. સ્વ. ભાનુમતી રમણલાલ શાહના જમાઇ. સ્વ. કમળાબેન રમણીકલાલ કાણકીયા, સ્વ. ભાનુબેન ભગવાનદાસ સંઘવી, સ્વ. વસંતબેન કલ્યાણદાસ મોદી, ચંદ્રિકાબેન કલ્યાણદાસ મોદી, પીયૂષ (રાજુ ભાઇ) કલ્યાણદાસ મોદીના ભાઇ તા. ૨૫-૧૦-૨૫ શનિવારના શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક પ્રથા બંધ છે.

**ગુ. હા. સ. ચા. મોઢ બ્રાહ્મણ**

મુંબઇ ઘાટકોપર (હાલ ઓસ્ટ્રેલિયા) દિનકરભાઇ (દિનેશભાઇ) (ઉં.વ.૮૫) ગુરુવાર તા. ૨૩-૧૦-૨૫ના અક્ષરધામવાસી થયા છે. તે સ્વ. જીવતીબેન કેશવલાલ રતનજી ભટ્ટના સુપુત્ર. હંસાબેનના પતિ. શિલ્પાબેન તથા સમીરભાઇના પિતાશ્રી. તે સમીરભાઇ સંઘાણી તથા પાયલબેનના સસરાજી. તે સ્વ. જમનાબેન તથા સ્વ. ડો. રામજી ધરમશી ગણાત્રાના જમાઇ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઔદિચ્ય સહસ્ત્ર બ્રાહ્મણ**

ગં. સ્વ. કુકુબેન રસિકલાલ ત્રિવેદી (ઉં.વ.૭૯) તે સ્વ. બળવંતરાય ઠાકોરદાસ તારકસ અને ગં. સ્વ. વીરમતીબેન બળવંતરાય તારકસના પુત્રી. સ્વ. રસિકલાલ મણીલાલ ત્રિવેદીના ધર્મપત્ની. સ્વ. દીપિકાબેન, મહેશકુમાર તથા આરતીના માતાશ્રી. વલ્લરીબેન અને જનકકુમારના સાસુજી. અમેય અને તેજશ્રી, દેવાશિષના બા. તા.૨૪/૧૦/૨૫ના શ્રીજીચરણ પામ્યા છે.

**હાલાઇ લોહાણા**

કરાચીવાળા રાજકોટ હાલ વસઇ, ભુપેન્દ્ર દયાલજીભાઈ રાચ્છ (ઉં. વ. ૭૭) તે ૨૩/૧૦/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. તે ભારતીબેનના પતિ. જતીન તથા શીતલ કલ્પેશભાઈ ભીંડેના પિતા. અંકિતા તથા કલ્પેશભાઈના સસરા. સ્વ. હેમરાજભાઈ, સ્વ. મુકુંદરાય, સ્વ. ભાનુબેન હરિલાલ પંચમતીયા, સ્વ. કાંતાબેન પરષોત્તમભાઇ સેજપાલ, રમાબેન નટવરલાલ સચદે, સ્વ. ધીરજબેન રમણીકલાલ ઠક્કરના ભાઈ. સ્વ.પ્રવિણચંદ્ર હરિદાસ ઠક્કરના જમાઈ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઘોઘારી લોહાણા**

મૂળ ગામ દામનગર, હાલ કલ્યાણ, વિશાલભાઈ હર્ષદરાય જીવરાજાણી (ઠક્કર) (ઉં. વ. ૫૦) શુક્રવાર તા. ૨૪.૧૦.૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. શાંતાબેન ગીરધરલાલ પુરષોતમદાસના પૌત્ર. તે હર્ષદરાય અને સ્વ. નીલાબેન હર્ષદરાયના પુત્ર. સ્વ. રમણીકલાલ અને કિશોરભાઈનો ભત્રીજો. પ્રીતિબેન નિલેષકુમાર મજેઠીયા અને નેહાબેન અમિતકુમાર અઢિયાના મોટાભાઈ. અવની અને દિયાના મામા. તેમની પ્રાર્થનાસભા રાખેલ નથી. લૌકિક વ્યહવાર બંધ છે.

**મોઢ પોરેચા વણિક**

જુહુ વિલે પાર્લે (વેસ્ટ), મધુકાંત વી. દલાલ (ઉં. વ. ૮૫) ૨૩/૧૦/૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. યોગીનીબેન દલાલના પતિ. મિસ અપર્ણા દલાલ અને શ્રીમતી અનુજા ભાટિયાના પિતા. મિલનભાઈ ભાટિયાના સસરા. કરણ અને આન્યાના નાના, છગનલાલ નાણાવટીના જમાઈ. પ્રાર્થનાસભા રાખવામાં આવી નથી. લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

## જૈન મરણ

રમણીકલાલ રામજીભાઇ પંચમીયા ચાવંડ નિવાસી હાલ કુર્લા (ઉં.વ. ૯૬) તા. ૨૪-૧૦-૨૫ના દેહપરિવર્તન થયેલ છે. તે સ્વ. ધનલક્ષ્મીબેન તેમ જ સૌ. ઉષાબેનના પતિ. તે સ્વ. અંબેશભાઇ, રાજેશભાઇ, અપૂર્વભાઇના પિતા. ચાંદની રાજેશ પંચમીયાના સસરા. નીલ, પલક કોઠારીના દાદા. સ્વ. મનુભાઇ, સ્વ. હસમુખભાઇ, પ્રફુલભાઇ, હરેશભાઇ, સ્વ. લીલાબેન, સ્વ. મંજુબેન, રસીલાબેન, જસીબેન, શોભનાબેનના મોટાભાઇ. સ્વ. કાંતાબેન કેવલચંદ શાહના જમાઇ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

ધોરાજી નિવાસી હાલ વસઇ સ્વ. હરીલાલ શાહનાં પુત્ર મુગટલાલ હરીલાલ શાહ (ઉં.વ. ૯૩) આકોલા નિવાસી સ્વ. હિંમતલાલ સુંદરજી વોરાના જમાઇ. સ્વ. વસંતભાઇ, સ્વ. કિશોરભાઇ, અનંતભાઇ, કનકભાઇ, સ્વ. કુમુદભાઇ, સ્વ. ચંદનબેન, સ્વ. લીનાબેન, સ્વ. ધીરજબેનનાં ભાઇ તા. ૨૪-૧૦-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. મંજુલાબેનના પતિ. મેહુલ, સ્વ. દિલીપ, કમલેશ તથા રૂપા વિજય શેઠના પિતાશ્રી.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

અમરેલી નિવાસી હાલ મુલુંડ નવીનચંદ્ર છોટાલાલ કોરડીયાના ધર્મપત્ની અ.સૌ. પદમાબેન (ઉં.વ.૮૨) તા. ૨૪-૧૦-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે શિલ્પાબેન, રાકેશ, મેહુલના માતુશ્રી. ભૂપતભાઇ, ડિમ્પલ, ચેતનાના સાસુ. સ્વ. ખાંતિભાઇ, સ્વ. નટુભાઇ, સ્વ. વસુમતિબેન તથા યસુબેનના ભાભી. સ્વ. ભાઇચંદ નેમચંદ દોશીની દીકરી. સ્વ. જયંતીલાલ નેમચંદ દોશી (મહુવાવાળા)ની ભત્રીજી. ઠે. ૪૦૨, કોનાર્ક આકૃતિ, દેવીદયાળ રોડ, મુલુંડ (વે.), પ્રાર્થના / સાદડી તથા લૌકિક વ્યવહાર રાખેલ નથી.

**ઝાલાવાડી વીશા શ્રીમાળી મૂ. પૂ. જૈન**

વઢવાણ નિવાસી હાલ મુંબઇ સ્વ. ચંદ્રકાંત હિંમતલાલ શાહના સુપુત્ર મિલનભાઇ (ઉં. વ.૬૫) તા. ૨૨-૧૦-૨૫ બુધવારના અરિહંતશરણ પામેલ છે. તે જાગૃતિબેનના પતિ. ચિ. ભાવિકના પિતાશ્રી. અ. સૌ. પાયલબેનના સસરા. તથા પહલના દાદા. રશ્મિકાંત, પ્રીતીબેન બિપીનકુમાર શાહ તથા રૂપલબેન યોગેશકુમાર શાહના ભાઇ. લૌકિક તથા અન્ય તમામ વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી સ્થા. જૈન**

વેકરી નિવાસી હાલ કાંદિવલી ગં. સ્વ. રંજનબેન ધીરજલાલ શેઠ (ઉં.વ.૮૨) તા. ૧૯-૧૦-૨૫ રવિવારના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. ધીરજલાલ મોહનલાલ શેઠના પત્ની. તે પીયર પક્ષે ઇશ્વરીયા નિવાસી કિશોરભાઇ તથા રમેશભાઇ શામળજી અભેચંદ દોશીના બેન. અતુલભાઇ, સ્વ. પારુલબેન, સ્વ. નીલાબેન સંજયભાઇ બગડીયા તથા ભાવેશભાઇના માતુશ્રી. અ. સૌ. નમ્રતાબેન તથા અ. સૌ. મનીષાબેનના સાસુ. કૃતીન, દિશા, હર્ષ, પ્રીયા, હેમલ, પલક અને મનીતના દાદી. બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૨૭-૧૦-૨૫ના સોમવારે સવારે ૧૦થી ૧૨. ઠે. પાવનધામ, મહાવીર નગર, કાંદિવલી (વેસ્ટ).

**કચ્છી ગુર્જર જૈન**

કચ્છ ભુજના હાલ મુંબઇ ઘાટકોપર સતીષ રવીલાલ ઝવેરી (ઉં.વ.૭૨) શુક્રવાર, તા. ૨૪-૧૦-૨૫ના અરિહંતશરણ પામેલ છે. સ્વ. રવિલાલ સાકરચંદ ઝવેરીના સુપુત્ર. સ્વ. જયશ્રીના પતિ. પ્રિયંકા કૈતિકના પિતાશ્રી. કાંચી, ચૈતન્યના સસરા. વ્યોમના દાદા. માહિરના નાના. જયંતીલાલ અમૃતલાલ શાહ (દહાણુ)ના જમાઇ. પ્રતિભા, યોગેશ, ભાવના, ગિરીશ, સ્વ. હરીશના ભાઇ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઝાલાવાડી દશા શ્રીમાળી સ્થા. જૈન**

રાણાગઢ નિવાસી હાલ ઘાટકોપર સ્વ. કનકબેન તથા સ્વ. નંદલાલ મગનલાલ દોશીના પુત્ર નકુલભાઇ (ઉં.વ. ૬૬) શનિવાર, તા. ૨૫-૧૦-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે રશ્મિબેનના પતિ. સોનલબેન કિરણભાઇ ગાંધી, અતુલભાઇ-અમીબેન, રૂપલબેન, નિલેશભાઇ શાહના ભાઇ. શીના કપીલ માવ, સિદ્ધિ રોહિત માધાણીના પિતા. ધ્રુવિન અને આહાનના નાના. સુરેન્દ્રનગર નિવાસી સ્વ. ઇંદીરાબેન અને સ્વ. સૌભાગ્યચંદભાઇ શાહના જમાઇ. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર રાખેલ નથી.

**ઝાલાવાડી દશા શ્રીમાળી સ્થા. જૈન**

સાયલા નિવાસી હાલ ઘાટકોપર સ્વ. સવિતાબેન હિંમતલાલ શાહના સુપુત્ર જીતેન્દ્રભાઇ (ઉં. વ. ૭૭) તે સરોજબેનના પતિ. દર્શન, પ્રજ્ઞેશના પિતાશ્રી. મિતાલી, હિનાના સસરા. યશ, નિરવીના દાદા. ભારતીબેન અનિલભાઇ દોશી, સ્વ. દિનાબેન બીપીનભાઇ પારેખ, સ્વ. મયુરીબેન રાજેશભાઇ દોશીના ભાઇ. તે સ્વ. બાબુલાલ દેવકરણ ઉદાણીના જમાઇ. સ્વ. લલીતભાઇ ઉદાણીના બનેવી તા. ૨૪-૧૦-૨૫ના શુક્રવારે અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૨૭-૧૦-૨૫ સોમવારના ૩થી ૫. ઠે. આનંદ મંગળ હોલ, હિંગવાળા લેન ઉપાશ્રય, ઘાટકોપર (ઇસ્ટ). લૌકિક વ્યવહાર બંધ છે.

**ઝા. વી. શ્રી. મૂ. પૂ. જૈન**

બોટાદ નિવાસી હાલ કાંદિવલી હરગોવિંદદાસ ઉજમશીભાઇ બગડિયાના પુત્ર સુમતિભાઇ (ઉં. વ. ૬૯) તા. ૨૪-૧૦-૨૫ શુક્રવારના અરિહંતશરણ પામેલ છે. તે મિતાબેનના પતિ. રિદ્ધિ મિતુલ શાહ, નિદ્ધિ આર્યન ગાગિયા, ચાંદની હિતેશ વોરાના પિતાશ્રી. સ્વ. પ્રવીણભાઇ (બુધાભાઇ), સ્વ. લલિતભાઇ, સ્વ. હર્ષદભાઇ, સ્વ. કિરણભાઇ, દિલીપભાઇ તથા સ્વ. યોગેશભાઇના ભાઇ. સ્વ. ગજરાબેન, સ્વ. જશીબેન (સ્વ. તારાબેન), સ્વ. વિમળાબેન, કુંદનબેન, ચેતનાબેન તથા બિનાબેનના ભાઇ. કાંતિલાલ ઉજમશીભાઇ કુવાડીયાના જમાઇ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**પાટણ જૈન**

પાટણ અજીતનાથની પોળ, હાલ અંધેરી, વિમળાબેન કાંતિલાલ શાહના સુપુત્ર પ્રવીણભાઈ કાંતિલાલ શાહ (ઉં. વ. ૮૭) શુક્રવાર ૨૪-૧૦-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. નલીનીબેનના પતિ. કલ્પેશ અને જીજ્ઞાના પિતાશ્રી. પ્રીતિબેન અને કલ્પેશકુમારના સસરા. સ્વ. નરેન્દ્રભાઈ, મહેન્દ્રભાઈ, મુકેશભાઈના ભાઈ. સ્વ.મંજુલાબેન કાંતિલાલ પટણીના જમાઈ. લૌકિક વ્યવહાર બંધ છે.

**સ્થાનકવાસી જૈન**

બળેલપીપળીયા નિવાસી હાલ મુંબઈ, સ્વ. જયાબેન ફુલચંદભાઈ રવાણીના સુપુત્ર કિરીટભાઈ (ઉં. વ. ૭૪) તા. ૧૮.૧૦.૨૫ના શનિવાર અરિહંતશરણ પામ્યા છે. તે સ્વ. બિંદુબેનના પતિ. કુણાલ તથા મોનાના પિતા. સ્વ. શાંતાબેન ઘનશ્યામદાસ આચાર્યના જમાઇ. સ્વ. નવિનચંદ્ર, સ્વ. સુરેશભાઈ, સ્વ. જીતેન્દ્રભાઈ, સ્વ.ચંદ્રિકાબેન બળવંતભાઈ જાગાણી, ભારતીબેન રણજીતભાઈ શાહ તથા દિવ્યાબેન ગીરીશભાઈ ધમાણીના ભાઈ. લૌકિક પ્રથા બંધ છે.

**ઝાલા. સ્થા. જૈન**

બરવાળા ઘેડ નિવાસી હાલ સુરત મીરારોડ, સ્વ. સમજુબેન જીવરાજ શાહના સુપુત્ર વર્ધમાનભાઈ શાહ (ઉં. વ. ૮૭) ૨૧/૧૦/૨૫ના મંગળવારે અરિહંતશરણ પામેલ છે. તે નલિનીબેનના પતિ. ભાવિન, સમીર, જાગૃતિ, ઝુલા તથા સ્વ. મીનલના પિતા. અલ્પા, આશિતા, કલ્પેશકુમાર, રાજેશકુમાર, સ્વ.તુષારકુમારના સસરા. સ્વ.ધીરજભાઈ, સ્વ. ગુણવંતભાઈ, સ્વ જયંતીભાઈ, પ્રવીણભાઈ, વિજયભાઈ, સ્વ.જયાબેન, વિનુબેન, ગોપાલ સંપ્રદાયના સાધના શ્રીજી મહાસતીજીના ભાઈ. સ્વ.વાડીલાલ પાનાચંદ શાહના જમાઈ. તેમની પ્રાર્થનાસભા ૨૭/૧૦/૨૫ના ૧૦ થી ૧૨. સ્થળઃ શાંતિભાવન હોલ, બદ્રીનારાયણ વાડી, બી. એ. પી. એસ. હોસ્પિટલ પાસે, અડાજણ સુરત.

**દશા ઓસવાલ જૈન**

વાપી નિવાસી હાલ બોરીવલી, નવનીતરાય ઘેલાભાઈ શાહ (ઉં. વ. ૮૪) ૧૮- ૧૦-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. પ્રફુલ્લાબહેનના પતિ. અજીત અને છાયાના પિતા. અમીષાના સસરા, દહાણુના મોહનલાલ જેચંદના જમાઈ. જય અને જિનયના દાદા.

**પાટણ જૈન**

મૂળ નિવાસી પાટણ, ભાભાનો પાડો હાલ અંધેરી, પ્રભાકરભાઈ મણિલાલ શાહ (ઉં. વ. ૮૪) તા. ૨૫ ઑક્ટોબર ૨૫ના રોજ અરિહંતશરણ થયા છે. તે શ્રીમતી દીપીકાબેન શાહના પતિ. જિનેન અને મૌલિકના પિતાશ્રી. હેમાના સસરા. સુમનભાઈ, પ્રમોદભાઈ, ભારતીબેનનાં ભાઈ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. ૭૦૬, કૃષ્ણ એપાર્ટમેન્ટ, જુહુ લેન, સી.ડી. બરફીવાલા રોડ, બી.એમ.ડબલ્યુ શો રૂમ પાસે, અંધેરી પશ્ચિમ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**વાગડ વિ.ઓ.જૈન**

ગામ થોરીયારીના સ્વ. કુંવરબેન ધનજી રણમલ ગાલા (ઉં. વ. ૬૯) તા.૨૦.૧૦.૨૫ સોમવારના અવસાન પામેલ છે. સ્વ. જેવાબેન રણમલ ગાલાના પુત્રવધૂ. ધનજીના ધર્મપત્ની, જયેન્દ્ર, મનોજના માતુશ્રી. વૈશાલીના સાસુ. પ્રિન્સ, નવ્યાંશ, બાબુના દાદી. થોરીયારીના સ્વ. દિવાળીબેન કરશન હિરજી ગડાની સુપુત્રી. પ્રાર્થના સભા રાખેલ નથી. ઠે. એ-૧૦૧, સિધ્ધ પારસ બિલ્ડીંગ, દફતરી રોડ, મલાડ-ઈસ્ટ. મુંબઈ.

**વાગડ વિ.ઓ.જૈન**

ગામ રવ ના માતુશ્રી હિરાબેન રાજા દેસર છેડાના પુત્ર સ્વ. રતનશી રાજા છેડા ના ધર્મપત્ની વાલીબેન (ઉં. વ. ૯૨) બુધવાર, તા. ૨૨.૧૦.૨૫ ના અવસાન પામેલ છે. હિરજી, દિવાળીબેન, શાંતીલાલ, સ્વ. હસમુખ, સુરેશ, મુકેશ, ગીરીશના માતુશ્રી. વનિતા, મંજુલા, કંચન, હેમલતા, અનીતા, શાંતીલાલના સાસુ. પિયુષ, હિતેશ, નિખીલ, રોનક, મયંક, ઉમંગ, રોમી, જીજ્ઞા, ડીમ્પલ, વનિતા, રિયા, ધ્રુવી, હિનલ, હેત્વી ના દાદી. વૈશાલી, તરૂણા, કેહુલના નાની. ગામ નંદાસરના લખમાબેન દેવરાજ મોમાયા બોરીચાના દીકરી. પ્રાર્થનાસભા રવિવાર, તા. ૨૬.૧૦.૨૫. સમય સવારે ૧૦.૩૦ થી ૧૨. જાપ ૧૨ થી ૧૨.૩૦. પ્રાર્થના સ્થળ શ્રી થાણા વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ, તળાવપાળી, થાણા (વે). ઠે. ૧૦૩, પ્રશાંત એપાર્ટમેન્ટ, જય આનંદ હૉસ્પિટલ પાસે, થાણા (વે).

**વાગડ વિ.ઓ.જૈન**

ગામ ભચાઉના સ્વ. બુધિબેન લખમશી ભચુ નિસર (ઉં. વ. ૮૫) તા. ૨૪.૧૦.૨૫ શુક્રવારના અવસાન પામેલ છે. સ્વ.રત્નાબેન ભચુ લાલજી નિસરના પુત્રવધૂ. સ્વ. લખમશીના ધર્મપત્ની, મણીલાલ, સ્વ.હસમુખ, હેમલતા, ચંદ્રકાંતના માતુશ્રી. કુંવર, શાંતીલાલ, દમયંતીના સાસુ. જાગૃતિ, દિવ્યા, નિલેશ, નિધી, દ્રષ્ટિના દાદી. નીતિન, અક્ષયના નાની. નવાગામ સ્વ. ડાઈબેન તેજશી લખમણ ગડાની દીકરી. પ્રાર્થના સભા સોમવાર તા.૨૭.૧૦.૨૫ સમય સવારે ૧૦.૩૦ થી ૧૨ સ્થળ. શ્રી વર્ધમાન સ્થાનક, એલ.ટી.રોડ, ડાયમંડ ટેકિઝની સામે, બોરીવલી-વેસ્ટ.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

મોટી ખાખર (હાલે અંધેરી-ઇસ્ટ) ના અ.સૌ. ગીતા દિનેશ ગંગર (ઉં. વ. ૬૫) તા. ૨૪-૧૦-૨૫ના અવસાન પામેલ છે. દિનેશના પત્ની. માતુશ્રી હરખુબાઇ દામજીના પુત્રવધૂ. મીતા, વિરલના માતા. મણીબેન નથુભાઇના પુત્રી. હરખચંદ, રમેશ, જ્યોતિ, ઇલાના બહેન. પ્રાર્થના રાખેલ નથી. એડ્રેસ : દિનેશ ગંગર, બી-૨૦૫, અમરનાથ એપાર્ટમેન્ટ, ગુંડવલી, અંધેરી (ઇસ્ટ). ૬૯.

ગોધરાના રતીલાલ વિશનજી છેડા (ઉં. વ. ૮૪) તા. ૨૩-૧૦-૨૫ના અરિહંત શરણ પામેલ છે. ભાણબાઇ/હીમઇબાઇ વિશનજી લખધીરના પુત્ર. ચંચળબેનના પતિ. ભાવના, મહેશ, હંસાના પિતા. મુરજી, દેવજી, શામજી, આણંદજી, લક્ષ્મીચંદ, મણીલાલ, હીરાલાલ, વિનોદ, ભરત, ગોધરા કસ્તુર રામજી, ડોણ કેશર ચંદ્રકાંત, નાગલપુર વનિતા નિતિનના ભાઇ. રાયણ ભાણબાઇ શામજી અરજણના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. નિ. રતિલાલ છેડા, રૂમ નં. ૬, નવરત્ન સોસાયટી, હનુમાન રોડ, આઈઆઈટી માર્કેટ, પવઇ. મું.૭૬.

મોટા આસંબીયાના અ.સૌ. નંદીતા છેડા (ઉં. વ. ૭૨) તા. ૨૩-૧૦-૨૫નાં અવસાન પામેલ છે. ડો. વિનોદ શામજી શાહ (છેડા)ના ધર્મપત્ની. સ્વ. સોનબાઇ શામજીના પુત્રવધૂ. જસ્માના માતુશ્રી. કોડાયના રતનબાઇ કલ્યાણજી રામજી લાલનના પુત્રી. સ્વ. ઉમેશના બહેન. પ્રાર્થના રાખેલ નથી. ચક્ષુદાન તથા ત્વચાદાન કરેલ છે. ડો. વિનોદ શાહ, ૧૯/૫, સહકારનગર, વડાલા (વેસ્ટ) ૩૧.

ભોજાયના શ્રીમતી ભાનુમતી મગનલાલ ગાલાના જમાઇ મધુકરભાઇ (ઉં. વ. ૭૭) ૨૪-૧૦-૨૫ના અવસાન પામેલ છે. મીનાના પતિ. અમીષના પિતા. ભરૂચના જ્યોત્સનાબેન અરવિંદલાલ ધોળાભાઇના પુત્ર. રાજેશ, સ્વ. જયેશ, નીતીનના મોટા ભાઇ. પ્રાર્થના રાખેલ નથી. એડ્રેસ : મીના શાહ, જી-૭૦૩, સેટેલાઇટ ગાર્ડન, ફેસ નં. ૧, એ.કે.વૈદ્ય માર્ગ, ગોરેગામ (ઇ.), મું.નં. ૪૦૦૦૬૩.

ગુંદાલાના નેમજી હંસરાજ સંગોઇ (બોયડ) (ઉં. વ. ૭૦) તા. ૨૩-૧૦-૨૫ના અવસાન પામેલ છે રતનબેન હંસરાજ લાલજીના પુત્ર. સ્વ. પ્રવિણાના પતિ. હેલીનાના પિતા. પ્રેમજી, પોપટલાલ,જયવંતીના ભાઈ. સમાઘોઘાના વેલબાઈ નાગશી સાવલાના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. ઘરે આવવાની તસ્દી લેવી નહીં. ૧૨ નવકાર ગણવા. નિવાસ : હેલીના સંગોઇ, ૪૦૧, જીજ્ઞા આર્કેડ, સેક્ટર ૧૩, બોનકોડે, કોપર ખેરાણે, નવી મુંબઈ-૪૦૦૭૦૯.

ડુમરાના દેવકાંબાઈ વાલજી ગોસર (ઉં. વ. ૮૪)તા. ૨૪/૧૦/૨૫ના અવસાન પામેલ છે. માતુશ્રી મેઘબાઈ ખેતશી ગોસરના પુત્રવધૂ. વાલજીના ધર્મપત્ની. ગુણવંતી, હીરજી, સ્વ. જેષ્ઠા, હેમલતા, નીતા, મનીશા, રશ્મીના માતુશ્રી. રાયધણજરના કેશરબાઈ ગાંગજી દામજીના સુપુત્રી. ભાણજી, જેઠાલાલ, જગદીશ, કોટડી મહા.ના કલ્યાણબાઈ ગાંગજી, ડુમરાના લક્ષ્મી ચાંપશીના બહેન. પ્રાર્થના : પી.પી.ચેમ્બર, ત્રીજે માળે, શહીદ ભગત સીંગ રોડ, કે.ડી.એમ.સીની બાજુમાં, ડોંબિવલી (પૂર્વ). ટા.૩.૩૦ થી ૫.૦૦. (સ્કીન ડોનેટ કરેલ છે.) ઘરે આવવાની તસ્દી લેવી નહીં.

ભુજપુરના માતુશ્રી ભાવનાબેન અરવિંદ ભેદા (ઉં. વ. ૮૧) તા. ૨૩-૧૦-૨૫ ના અવસાન પામ્યા છે. અરવિંદ ખીમજીના ધર્મપત્ની. દેવકાબેન (લધીબાઈ) ખીમજી ધનજીના પુત્રવધૂ. અલ્પા, હિતેશ, મેહુલના માતુશ્રી. કારાઘોઘાના ભાણબાઈ ડુંગરશી મુરજી શેઠીયાના સુપુત્રી. બાબુભાઈ, વસનજીભાઈ, જેઠાલાલભાઈ, બારોઈ રતનબેન લાલજી, કારાઘોઘા કસ્તુરબેન લાલજી, દેશલપુરના મીનાબેન મોહનભાઈના બેન. પ્રા. યોગી સભાગૃહ, દાદર. ટા. ૨ થી ૩.૩૦. વેલે પાર્કીંગ છે.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

મુંબઈ સમાચાર ઉત્સવ રવિવાર
તા. ૨૬-૧૦-૨૦૨૫




# બિહારનો ચૂંટણી જંગ : અહીં વૈકુંઠ નાનું છે ને ભગતડાં છે ઝાઝાં...

**લોકસભા હોય કે વિધાનસભાની ચૂંટણી...એમાં બિહાર હંમેશાં અલગ તરી આવે છે, કારણ કે અહીંનાં ચૂંટણી જંગમાં ઝુકાવતા રાજકીય પક્ષોની તાસીર અલગ છે એમ અહીંના મતદાતાઓનો મિજાજ પણ આગવો છે...!**

કવર સ્ટોરી
વિજય વ્યાસ
feedback@bombaysamachar.com

બિહાર વિધાનસભાની ચૂંટણીનું કાઉન્ટ ડાઉન શરૂ થઈ ગયું છે અને પહેલા તબક્કાના મતદાન આડે ગણીને ૧૦ દિવસ રહ્યા છે. બે તબક્કામાં યોજાનારી ચૂંટણીમાં ૬ નવેમ્બરે પહેલા ને ૧૧ નવેમ્બરે બીજા તબક્કાનું મતદાન થશે. ૧૪ નવેમ્બરે મતગણતરી થશે ને બિહારમાં હવે પછી ૫ વર્ષ કોનું રાજ હશે તેનો ફેંસલો થશે.

બિહારની ચૂંટણી પર આખા દેશની નજર છે કેમ કે બિહાર દેશનાં સૌથી મહત્ત્વનાં રાજ્યોમાંથી એક છે. લોકસભાની ૪૦ બેઠકો ધરાવતા બિહારનાં પરિણામો કેન્દ્રમાં કોની સત્તા હશે એ નક્કી કરવામાં નિર્ણાયક ભૂમિકા ભજવે છે.

૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં ભાજપને સ્પષ્ટ બહુમતી નહોતી મળી અને ભાજપ ૨૪૦ બેઠકો પર અટકી ગયેલો, પણ બિહારના કારણે ભાજપની સરકાર બની શકી.

ભાજપે પોતે ત્યારે બિહારમાં ૧૨ બેઠક જીતેલી, જ્યારે નીતીશ કુમારની જેડીયુએ ૧૨- ચિરાગ પાસવાનની પાર્ટીએ ૫ બેઠક અને જીતનરામ માંઝીની પાર્ટીએ ૧ બેઠક હાંસલ કરેલી. આમ મળીને કુલ ૩૦ બેઠક જીતતાં ભાજપ બચી ગયેલો. બાકી બિહારમાં ભાજપ અને તેના સાથી પક્ષોનું અચ્યુતમ કેશવમ થઈ ગયું હોત તો કેન્દ્રમાં ભાજપ ફરી સરકાર ના રચી શક્યો હોત એ વાસ્તવિકતા હતી. હવે વિધાનસભા ચૂંટણીમાં ભાજપ અને તેના સાથી પક્ષો કેવો દેખાવ કરે છે તેના પર સૌની નજર સહેજે છે.

આમેય બિહારનું રાજકારણ દેશનાં અન્ય રાજ્યોના રાજકારણથી બિલકુલ અલગ છે. બિહારનું રાજકારણ આજેય કોમવાદ અને જ્ઞાતિવાદનાં સમીકરણો પર જ ચાલે છે. તેના કારણે બિહારમાં દેશનાં કોઈ રાજ્યોમાં ના હોય એટલા બધા પક્ષો ચૂંટણીના મેદાનમાં હોય છે. આ વખતે એવી જ સ્થિતિ છે ને વૈકુંઠ નાનું ને ભગતડાં ઝાઝાં જેવી હાલત છે. આ પૈકી મોટા ભાગના પક્ષો પોતાની તાકાત પર કદી સરકાર ના રચી શકે, પણ કોઈને સરકાર રચતાં રોકી શકે એટલી તાકાત ચોક્કસ ધરાવે છે.

આ કારણે ભાજપ જેવો દેશભરમાં છવાયેલો પક્ષ પણ પ્રાદેશિક પક્ષોની અવગણના કરી શકતો નથી અને તેમને સાથે રાખીને ચૂંટણી લડવી પડે છે.

ભાજપે દેશનાં બીજાં રાજ્યોમાં પોતાના સાથી પક્ષોને સાફ કરીને ધીરે ધીરે પોતે હાવી થઈ ગયો પણ બિહારમાં ભાજપ એવું કરી શક્યો નથી તેથી બિહારમાં ભાજપે નીતીશ કુમારને તો સાચવવા જ પડે છે અને એની સાથે માંડ પાંચ-સાત બેઠક જીતી શકે એવા ચિરાગ પાસવાન-જીતનરામ માંઝી અને ઉપેન્દ્ર કુશવાહા જેવા નેતાને પણ સાચવવા પડે છે અને અનિચ્છાએ એમનાં નખરાં ઉઠાવીને એમને થાબડવા પડે છે.

ભાજપે આ વખતે પણ નાના પક્ષોને સાથે રાખ્યા છે ને આ જોડાણ ભાજપને કેટલું ફળે છે તેના પર સૌની નજર છે, પણ દેશના ધ્યાનનું કેન્દ્ર નીતીશ કુમાર છે. નીતિશ ૨૦૦૫થી બિહારના મુખ્યમંત્રી છે. નીતીશે એક વાર નાટક કરીને રાજીનામું ધરી દીધું ત્યારે જીતનરામમાંઝી સવા વરસ માટે મુખ્યમંત્રી બન્યા હતા. તેને બાદ કરતાં નીતીશ જ બિહારની ગાદી પર બેઠા છે. નીતીશને મુખ્યમંત્રીપદે લગભગ ૧૯ વર્ષ થઈ ગયાં.

નીતીશે જાત જાતનાં તિકડમ કરીને સત્તા ટકાવી છે. કોઈ વાર ભાજપ તો કોઈ વાર લાલુ પ્રસાદ યાદવના ખોળામાં બેસીને સત્તા પર ટકી રહેવામાં માહિર નીતીશ કુમારની પાર્ટીને અત્યાર સુધી એક જ વાર સ્પષ્ટ બહુમતી મળી છે, પણ તડજોડમાં હોંશિયાર નીતીશ ગમે તે રીતે ગાદી પર બેસી જાય છે. છેલ્લે ૨૦૨૦ની ચૂંટણીમાં જેડીયુને ૪૩ બેઠકો જ મળી હતી જ્યારે ભાજપના ૭૫ ધારાસભ્યો જીત્યા હતાં છતાં ભાજપે જખ મારીને નીતીશને મુખ્યમંત્રી બનાવવા પડ્યા હતા. તેનું કારણ એ કે, ભાજપ મુખ્યમંત્રીપદ ના આપે તો નીતીશને આરજેડી સાથે હાથ મિલાવી લેવામાં જરાય શરમ નથી નડતી.

નીતીશ આ રીતે તડજોડ કરીને ટકી ગયા છે, પણ છેલ્લાં કેટલાંક વરસથી નીતીશની પડતીનાં એંધાણ દેખાઈ રહ્યા છે. નીતીશ સંપૂર્ણ સ્વસ્થ નથી અને જાહેરમાં નીતીશ બધું ભૂલી જાય છે એવું દેખાય જ છે. ક્યારેક ચિત્તભ્રમ થયો હોય એમ વિચિત્ર વર્તન નીતીશ કરવા લાગે છે...

બિહારની જનતા આવા માણસને ફરી મુખ્યમંત્રીપદે બેસાડે છે કે પછી ઘરભેગા કરી દે છે એ જાણવામાં સૌને રસ છે.

ભાજપ માટે પણ નીતીશ કેવો દમ બતાવે છે એ મહત્ત્વનું છે કેમ કે ભાજપ એકલા હાથે સરકાર રચવાની સ્થિતિમાં નથી. ભાજપ વરસોથી બિહારમાં એકલા હાથે સત્તા કબજે કરવા મથે છે પણ ફાવતો નથી. આ વખતે પણ સ્થિતિ એ જ છે કેમ કે બિહારમાં ભાજપ સ્પષ્ટ બહુમતી માટે જરૂરી ૧૨૨ બેઠકો પર પણ લડતો નથી. તેના કારણે ભાજપ નીતીશ પર નિર્ભર છે પણ આ વખતે ભાજપ બિહારમાં મહારાષ્ટ્ર ફોર્મ્યુલા અજમાવશે એવું મનાય છે.

**શું છે આ મહારાષ્ટ્ર ફોર્મ્યુલા ?**

મહારાષ્ટ્રમાં ભાજપે એકનાથ શિંદે પાસે બળવો કરાવી દેતાં શિવસેના બે ભાગમાં વહેંચાઈ ગઈ છે. ભાજપે ગમ ખાઈને પહેલાં શિંદેને મુખ્યમંત્રી બનાવ્યા પણ ૨૦૨૪ની ચૂંટણી પછી ભાજપ પાસે સત્તા છે. બિહારમાં પણ ભાજપ ચૂંટણી પછી જેડીયુમાં ભંગાણ પડાવીને પોતાની સરકાર બનાવવાની વ્યૂહરચના અમલમાં મૂકશે એવું મનાય છે.

અલબત્ત, આ વ્યૂહરચનાને અમલમાં મૂકવા ભાજપે ૮૦ બેઠકની આસપાસ જીતવી પડે.

બીજી તરફ, તેજસ્વી યાદવે બિહારમાં આગવો પ્રભાવ ઊભો કર્યો છે એ જોતાં ભાજપ ૮૦ બેઠકો જીતશે કે કેમ તેમાં શંકા છે. ભાજપના મિશનમાં પ્રશાંત કિશોર (‘પીકે’) પણ મોટો અવરોધ મનાય છે કેમ કે ‘પી.કે.’ સવર્ણોના મતો તોડીને ભાજપની મતબેંકમાં ગાબડું પાડશે એવું મનાય છે.

નરેન્દ્ર મોદી સહિત દેશના ઘણા નેતાઓને સત્તા સુધી પહોંચાડવાની વ્યૂહરચના ઘડી આપવાનો યશ ખાટતા પ્રશાંત કિશોર પોતાની ‘જનસુરાજ પાર્ટી’ સાથે બિહારના ચૂંટણી મેદાનમાં ઊતર્યા છે. પ્રશાંત કિશોરે છેલ્લા બે વર્ષમાં સમગ્ર બિહારનો પ્રવાસ કર્યો છે. પી.કે.એ બે વર્ષ સુધી જન સુરાજ યાત્રા કાઢીને બિહારના મોટા ભાગનાં ગામોને આવરી લીધાં હતાં. પ્રશાંત કિશોરે બિહારની દુર્દશાને મુદ્દો બનાવ્યો હતો અને આ મુદ્દો તેમને ફળે છે કે નહીં એ જોવાનું છે. વિધાનસભાની ચૂંટણીમાં પી.કે.ની પાર્ટી વીસેક બેઠકો જીતશે એવી આગાહી થઈ રહી છે એ જોતાં પહેલા ચૂંટણીમાં જ પી.કે. કિંગ મેકર બની શકે છે.

અલબત્ત, આ બધી ધારણાઓ છે અને તેમાંથી કઈ ધારણા સાચી પડે છે એ દેશ આખાને ટૂંક સમયમાં જોવાં જાણવાં મળશે...

## બિહારની ચૂંટણીમાં ૨૬ પક્ષનો મહાખીચડો...

બિહાર વિધાનસભાની ચૂંટણીમાં ભાજપ-જેડીયુ અને આરજેડી-કોંગ્રેસ એમ ૪ પક્ષ વચ્ચે સીધો જંગ હોવાનું મોટા ભાગનાં લોકો માને છે, પણ વાસ્તવમાં બિહારમાં ૧૬ રાજકીય પક્ષનો જંગ છે. ‘એનડીએ’ અને ‘મહાગઠબંધન ’ એ બે મોરચા વચ્ચે મુખ્ય જંગ છે અને આ બે મોરચામાં જ કુલ મળીને ૧૧પક્ષ છે...!



ભાજપના નેતૃત્વ હેઠળના ‘એનડી’માં ભાજપ અને નીતીશ કુમારની ‘જેડીયુ’ ઉપરાંત ચિરાગ પાસવાનની ‘લોક જનશક્તિ પાર્ટી’ (રામવિલાસ), જીતનરામ માંઝીની ‘હિંદુસ્તાન અવામ મોરચા’ (હમ) અને ઉપેન્દ્ર કુશવાહાની ‘રાષ્ટ્રીય લોક પાર્ટી’ મળીને કુલ ૫ પક્ષ છે.

બીજી તરફ, ‘મહાગઠબંધન’માં કોંગ્રેસ અને તેજસ્વી યાદવની ‘રાષ્ટ્રીય જનતા દળ’ (આરજેડી) ઉપરાંત મુકેશ સાહનીની ‘વિકાસશીલ ઈન્સાન પાર્ટી’ (વીઆઈપી)ની સાથે સીપીઆઈ, સીપીએમ અને સીપીએમ-એલ એમ ત્રણ ડાબેરી પક્ષ પણ છે.

પશુપતિનાથ પારસની ‘રાષ્ટ્રીય લોક જનશક્તિ’ પાર્ટીએ અસદુદ્દીન ઓવૈસીની પાર્ટી સાથે મળીને ‘ગ્રાન્ડ ડેમોક્રેટિક એલાયન્સ’ (જીડીએ) નામે નવો મોરચો બનાવ્યો છે.

આ જ રીતે, પ્રશાંત કિશોરની ‘જન સુરાજ પાર્ટી’- અરવિંદ કેજરીવાલની ‘આમ આદમી’ પાર્ટી (આપ) અને માયાવતીની ‘બહુજન સમાજ’ પાર્ટી (બીએસપી) પણ નોખા ચોખા બનાવીને ચૂંટણી લડી રહી છે.

આ જંગમાં ભાજપ- જેડીયુ અને આરજેડી મુખ્ય ખેલાડી છે, પણ બીજા પક્ષો કોઈ પણ રાજકીય પક્ષનો ખેલ બગાડવા સક્ષમ છે તેથી તેમને ઓછા આંકી ના શકાય. ■

# ભેદ-ભરમની અજબ દુનિયા ને દુનિયાના ગજબ ભેદ-ભરમ!

**આપણી આસપાસ અનેક ઘટનાઓ એવી બને છે, જેને આપણી બુદ્ધિ કે કોઈ જ્ઞાન-વિજ્ઞાન સમજાવી શકતું નથી કે નથી ઉકેલી શકતું. આવી અકળ દુનિયામાં એક અલપ-ઝલપ ડોકિયું**

ક્લોઝ અપ
ભરત ઘેલાણી
feedback@bombaysamachar.com

**સસ્પેન્સ-થ્રિલર-મિસ્ટરી...**

એક વત્તા એક એમ ચઢતી જતી કક્ષાના આ ત્રણેય શબ્દ એક રીતે જુઓ તો એક જ ગૌત્રના લાગે. એક યા બીજી રીતે એકમેક સાથે સંકળાયેલા લાગે.

અકળ કુદરતની કરામત છે કે આ જગતમાં આપણી આસપાસ કેટકેટલી વસ્તુઓ એવી છે, જે બહુ જ સહજતા-સરળતાથી આપણને સમજાય જાય છે તો સામે પક્ષે અમુક એવી પણ છે, જેને બધી જ રીતેના અનેક પ્રયાસ પછી પણ એની ક્રિયા- પ્રતિક્રિયા સમજી નથી શક્તા, સમજાવી નથી શકતા અને જ્યાં આપણી સમજ-જ્ઞાન-બુદ્ધિ , વગેરે નિષ્ફળ નીવડે છે અને જેનો એને જ આપણે મિસ્ટરી ગૂઢ રહસ્યનું નામ આપીએ છીએ અને જેનો ઉકેલ આપણા બધા માટે અશક્ય છે એને પણ આપણે જટિલ ‘રહસ્ય’ કહેતા થઈ ગયા છીએ.

આમ જુઓ તો દરેક વાત પાછળ કારણ હોય છે, પરંતુ જ્યારે આપણને એ કારણ મળતું નથી-જડતું નથી તો એ આપણા માટે ભેદી બની જાય છે. અલબત્ત, અમુક અપવાદોને બાદ કરતાં જગતમાં કોઈ પણ રહસ્ય એવાં નથી, જે કદી ન ઉકેલી શકાય. હા, કોઈ કોઈ રહસ્યનો તાગ મળતા પાંચ વર્ષ લાગે તો કોઈ ભેદ-ભરમ પાંચ દાયકા તો કોઈ પાંચ સૈકા સુધી પણ અણનમ રહે છે

આમ તો ‘મિસ્ટરી’ અને ‘સિક્રેટ’ના શબ્દાર્થ વચ્ચે પાતળી ભેદરેખા છે. આ વાતને બીજી રીતે સમજાવી શકાય, જેમકે જે વાતને આપણે ઈરાદાપૂર્વક બીજાથી છાની રાખીએ એ સિક્રેટ અને જે વાતને આપણે બરાબર સમજી ન શકીએ કે સમજાવી ન શકીએ એ મિસ્ટરી!

ખેર, એ બન્નેના શબ્દાર્થની વ્યાખ્યામાંથી બહાર આવીએ. માનવનો જન્મજાત સ્વભાવ એવો છે કે કોઈનાં પણ રહસ્યો જાણવા આપણે બહુ ઉત્સુક રહીએ...એ માટે આપણી કુતૂહલવૃતિ તીવ્ર બને છે, જ્યારે મિસ્ટરી આપણી નજર સામે આકાર લેતું એક એવું ગૂઢ રહસ્ય છે, જેને સમજી કે સમજાવી શકાતું નથી.

દાખલા તરીકે, ૪૫૦૦ વર્ષ પૂર્વે ૧૦ ટનથી પણ વધુ વજનદાર પથ્થરોથી ઈજિપ્તના ઊંચાં-તોતિંગ પિરામિડ તૈયાર કઈ રીતે થયા?!

એ જ રીતે કાવેરી નદીના કિનારે ૧૦મી સદીમાં બનેલું તમિળનાડુનું અતિ પ્રાચીન અને વિરાટ બૃહદેશ્વર શિવ મંદિરની રચના માટે જે ગ્રેનાઈટ પથ્થર વપરાયા છે એ આજુઅબાજુના વિસ્તારમાં મળતાં ન હોવાથી એને છેક ૫૦ માઈલ દૂરથી લાવવામાં આવ્યા હતા અને એ અતિ વજનદાર શીલાઓને અહીં સુધી લાવવા માટે પૂરા ૧૦૦૦ જેટલાં હાથીનો ઉપયોગ થયો હતો એવું ઈતિહાસ કહે છે! આ મૂળ મંદિર નીચેથી અનેક છૂપાં ભોંયરા પણ મળી આવ્યાં છે, જે દૂર દૂરનાં અન્ય મંદિરો સુધી સંકળાયેલાં છે!

આ શિવ મંદિરની બીજી અવાક કરી દેતી વિશેષતા એ છે કે વિશ્વનું આ એક માત્ર દૈવીસ્થાન છે, જ્યાં દિવસ દરમિયાન સૂર્ય પ્રકાશતો હોય છતાં જમીન પર મંદિરનો ક્યાંય પડછાયો પડતો નથી!

આજની તારીખે પણ જગતભરમાં આના જેવી કેટકેટલીય ઘટના એવી છે, જેની પાછળનું કોઈ ચોક્કસ કારણ આપણે જાણતા નથી. એ બધી વણઉકેલાયેલી છે, જેને ઉકેલવા સંખ્યાબંધ સંશોધકો સતત પ્રયત્નશીલ છતાં એ હજુય ગૂઢ અને અકળ જ રહી છે.

**ઈંગ્લેન્ડનું આ ઉદાહરણ લઈએ**

ત્યાંના સ્ટેફોર્ડશાયર પરગણામાં ૧૮મી સદીનું એક સ્મારક છે. પહેલી નજરે એ કોઈ ઐતિહાસિક સ્મૃતિ ખડક જેવું લાગે, પરંતુ એની નજીક જઈને જુઓ તો એના પર અંગ્રેજીમાં આ અક્ષરો લખ્યા છે : DOUOSVAVVM જાણીતા ઈતિહાસકારો-સંશોધનકારો-વિજ્ઞાનીઓ સુધ્ધાં આ અક્ષર સમૂહનો શું અર્થ થાય એનો હજુ સુધી તોડ કાઢી નથી શકયા... લોકવાયકા એવી છે કે કોઈ અજાણ્યા ગ્રહથી પૃથ્વીની મુલાકાતે આવેલા પરગ્રહવાસી પોતાના કોઈ કોડરુપે આવો અગૂઢ સંદેશો લખી ગયા છે!

આવા જ ભેદ-ભરમની એક વાત માટે આજે યુરોપનું ગ્રીસ પણ જાણીતું છે. કહે છે કે ૨૦૦૦ વર્ષ પહેલાં ગ્રીકના અજાણ્યા ટાપુ પાસે એક શીપ અકસ્માતનો ભોગ બનીને ડૂબી ગયું હતું. પાછળથી એના દરિયાઈ ભંગારમાંથી એક વિચિત્ર દેખાતું એક યંત્ર મળી આવ્યું, જે ત્યાંના ગ્રીક વિજ્ઞાનીઓ અને ઈતિહાસકારોના અભિપ્રાય મુજબ આશરે ઈશુ જન્મના ૧૫૦ વર્ષ પહેલાં બનેલું. કમ્પ્યુટર જેવી કામગીરી બજાવી શકતું આ યંત્ર વિભિન્ન ગ્રહણ તેમ જ અન્ય ગ્રહોની ગતિવિધિના ખબરઅંતર પણ રાખી શકતું હતું!

સૈકાઓ પૂર્વે આવું મશીન કોણે કઈ રીતે બનાવ્યું એનો સંતોષકારક તાગ આજના સંશોધનકારોનેય હજુ મળ્યો નથી!

વિશ્વમાં અનેક સ્થળ એવાં છે, જે એનાં વણઉકેલાયેલાં રહસ્યોને કારણે વિખ્યાત બન્યાં છે. આવી વિસ્મય જગાડતી જગ્યામાં ‘બર્મૂડા ટ્રાઈએન્ગલ’ મોખરે છે. ઉત્તર એટલાન્ટિક મહાસાગરમાં અમેરિકાના ફ્લોરિડા-પ્યૂટોરિકા અને બ્રિટિશ બર્મૂડા ટાપુ સમૂહ જે ત્રિકોણ આકાર સર્જે છે એ સમુદ્રી વિસ્તારમાંથી પસાર થતાં જહાજ અને આકાશમાં પસાર થતાં વિમાનો એમનાં પ્રવાસીઓ સાથે લાપતા થઈ જવાની અવારનવાર ઘટનાઓ બનતી રહે છે. પાછળથી વિમાન કે વહાણનો અત્તોપત્તો પણ નથી મળતો. એક અંદાજ મુજબ અહીંથી ૨૦૦૦ જેટલાં વહાણ અને ૭૫થી વધુ પ્લેન ‘અલોપ’ થઈ ગયાં છે. જોકે આવી ઘટના માટે હવામાનશાસ્ત્રીઓ ત્યાંના અતિશય ખરાબ હવામાનને દોષિત ગણાવે છે. આમ છતાં, આજે પણ બર્મૂડા બહું બદનામ છે.

જો કે, આ બધી ન સમજાતી કે હજુ સુધી જેના સુરાગ-પગેરું પણ નથી મળ્યા એવી ઘટનાઓ વચ્ચે એક બનાવ તો એવો છે, જે બધા જ પ્રકારની રહસ્યકથાઓને ફિક્કો પાડી દે...

આમ તો આ ઘટના લગભગ પંચાવન વર્ષ અગાઉની છે, પરંતુ એ એવી અનન્ય છે કે આજે પણ વિશ્વની અનેક ન ઉકેલાયેલી મિસ્ટરી -રહસ્યકથાઓમાં એ શિરમોર સમાન છે અને આજે પણ પોલીસ અને ડિટેક્ટિવ્સ સર્કલોમાં એની ચર્ચા થતી રહે છે

ઘટના પહેલી નજરે બહુ જ સરળ કે ચીલાચાલુ લાગે એવી હાઈજેકિંગ અને ખંડણીની છે. વાત કંઈક આમ છે.

અમેરિકાના પોર્ટલેન્ડથી સિએટલ સિટી માટેની ‘નોર્થવેસ્ટ એરલાઈન્સ ફ્લાઈટ-૩૦૫’ ટેકઑફ થવાની તૈયારીમાં હતી. ફ્લાઈટ માત્ર ૩૦ મિનિટની જ હતી. એ જ વખતે ડાર્ક સ્યુટ-વ્હાઈટ શર્ટ-બ્લેક ટાઈમાં ૪૦ વર્ષીય એક વ્યક્તિ વિમાનમાં દાખલ થઈ. એના હાથમાં એક બ્રિફકેસ હતી. એણે પોતાની બેઠક લીધી. લાઈટરથી સિગારેટ સળગાવી (એ જમાનામાં પ્લેનમાં સ્મોકિંગ કરી શકાતું). પેલી વ્યક્તિએ ચોતરફ નજર દોડાવી. ફ્લાઈટ ફૂલ હતી. એણે એર હોસ્ટેસને વ્હીસ્કી-સોડાનો ઓર્ડર આપ્યો. ઓર્ડર સર્વ થયો. એણે ધીરે ધીરે વ્હીસ્કીની ઘૂંટ લેવા માંડી. થોડી મિનિટ પછી એણે એર હોસ્ટેસને બોલાવી. એણે પોતાના ડ્રિકનું પેમેન્ટ ડૉલરમાં રોકડું ચૂકવી દીધું... એની સાથે એણે એક નાનો એવો કાગળ આપી ને કહ્યું : ‘વાંચી લો‘

પેલીએ એની પર ખાસ ધ્યાન ન આપ્યું એટલે પેલા શખસે નમ્ર સ્વરે કહ્યું : ‘મારું નામ ડી.બી. કોપર છે અને મારી પાસે બોમ્બ છે!’ એમ કહીને પેલાએ પોતાની બ્રિફકેસ ખોલી. એમાં ખરેખર ટાઈમ બોમ્બ હતો. એર હોસ્ટેસ એ જોઈને ધ્રૂજી ગઈ. પેલાએ કહ્યું : ‘ડરો નહીં... મારી આ નોટ તમારા ફ્લાઈટ કેપ્ટનને આપો-વંચાવો અને તાબોડતોબ એનો અમલ કરો!’

ભયભીત એર હોસ્ટેસે પાઈલટની કેબિનમાં જઈને પેલી નોટ વંચાવી ને વિગતવાર વાત કરી. ફ્લાઈટ કેપ્ટને કન્ટ્રોલ ટાવરને જાણ કરી. પેલા ડી બી કોપરે એના કાગળમાં ત્રણ માગણી કરેલી : (૧) એને બે લાખ ડૉલરની રોકડ કરન્સી આપવામાં આવે.(૨) ચાર પેરાશૂટ આપવામાં આવે.(૩) આ ફ્લાઈટ સિએટલ લેન્ડ થાય ત્યારે એર ફ્યુલની ટેન્કર હાજર હોવી જોઈએ...

એરલાઈન્સ અને એરપોર્ટ સિક્યુરિટી સ્ટાફે ફ્લાઈટના ૯૦ જેટલાં પેસેન્જરની સુરક્ષા માટે હાઈજેકરની બધી માગણી સ્વીકારી લીધી. ‘ટેકનિકલ’ કારણસર ફ્લાઈટને મોડી કરવામાં આવી ત્યારે ડી બી કોપરે ખંડણીરૂપે માગેલા બે લાખ ડૉલર ( જેની કિંમત આજે ૧૦ લાખ ડૉલર થાય!) રોકડા ઉપરાંત ચાર પેરાશૂટ એને સોંપી દેવામાં આવ્યા ત્યારે એ ફ્લાઈટના પેસેન્જરોને ખ્યાલ પણ ન હતો કે એમને હાઈજેક કરવામાં આવી રહ્યા છે..!

આખરે ફ્લાઈટ સાંજે સિએટલ લેન્ડ થઈ પછી વિમાનની ફ્યૂલ ટાંકી ભરવામાં આવી. અપહરણકર્તા ડી.બી.કોપરે પાઈલટ અને ફ્લાઈટ સ્ટાફની બે વ્યક્તિને રોકી રાખી બધા પેસેન્જરોને જવા દીધા પછી પાઈલટને વિમાન નેવાડા થઈને મેક્સિકો તરફ લઈ જવા કહ્યું.

લાંબી ફ્લાઈટ પછી મોડી રાતના અંધારામાં નેવાડાના એરપોર્ટ પર પ્લેન લેન્ડ થયું ત્યારે બધાના આશ્ચર્ય વચ્ચે એમાં પેલો અપહરણકર્તા ડી. બી. કોપર જ હાજર નહોતો...! બે લાખ ડૉલરની બેગ તથા એની ચાર પેરાશૂટ પણ ગાયબ હતાં...!

રાતના અંધારામાં ઊડતા વિમાનમાંથી એ બહાર કૂદી પડ્યો કે એનું શું થયું એ રહસ્ય આજે પણ ઉકેલાયું નથી!

એકધારી શોધ તપાસ પછી આ ઘટનાના દસેક વર્ષ બાદ ઓરેગોન સિટીના એક અવાવરું સ્થળેથી બે વપરાયેલા પેરાશૂટ તથા ત્યાંની એક નાની મોટેલની રૂમમાંથી પેલા ડી.બી.કોપરને અપાયેલી ખંડણીની અમુક રોકડ રકમવાળી બેગ પણ પોલીસને મળી ખરી, પણ સિએટલ ફ્લાઈટના હાઈજેકર ડી.બી.કોપર આજની તારીખે પણ અલોપ જ છે!


ડી.બી.કોપર જેવી તો અનેક વણઉકેલાયેલી ઘટના-કથાઓ છે, જેના પરથી અફલાતુન રોમાંચક મર્ડર મિસ્ટરી-સસ્પેન્સ થ્રિલર ફિલ્મ કે વેબ-શો સરજી શકાય! ■




ઈંગ્લેન્ડનું પ્રાચીન સ્મારક : અહીં બીજા ગ્રહના લોકો જે આંકડા લખી ગયા છે એ આજે પણ ઉકેલાયા નથી.



ડૂબેલા ગ્રીક શીપમાંથી મળેલું સૈકા પૂરાણું ગેબી યંત્ર




બદનામ બર્મૂડા ટ્રાઈએન્ગલ : અહીં અનેક વિમાન વહાણ ભેદી રીતે અલોપ થઈ જાય છે.



જેનો પડછાયો સુધ્ધાં ધરતી પર નથી પડતો એવું બૃહદેશ્વર શિવ મંદિર



ભેદી હાઈજેકર ડીબી કોપર : અધ્ધર વિમાનમાંથી કૂદી પડીને એ કયાં ગુમ થઈ ગયો એનું રહસ્ય આજે પણ અકબંધ છે!

આજે આટલું જ

શોભિત દેસાઈ
feedback@bombaysamachar.com

# બિહાર -૨૦૨૫ (૧)



*તુમ કો નયા યે સાલમુબારક હો દોસ્તો*
*મૈ ઝખ્મ ગિન રહા હું અભી પિછલે સાલકે*
*યે ખત કીસી કો ખૂન કે આંસુ રુલાયેગા*
*કાગઝ પે રખ દિયા હૈ કલેજા નિકાલ કે*
**ખલીલ ધનતેજવી**

**પડઘમ** નગારા ઢોલ ત્રાંસા વાગી રહ્યા છે અને નવી આબોહવાના સુસવાટા સાથે હાકલા પડકારા દેકારા સંભળાઈ રહ્યા છે બિહારના અને બિહારમાં. કાદર ખાનના જ કહેવા પ્રમાણે કાદર ખાને હિન્દી ફિલ્મની ભાષાની પત્તર રગડીઃ **જાઓ ઉસકી મા કે દૂધમેં હુકમ કા ઈક્કા ઘુમા ડાલો.** એણે જે કંઈ કર્યું એની કડાકુટમાં ચકલી ખેતર ચણીને ઓડકારો પર ઓડકારો ખાધા કરતી હોય ત્યારે ક્યાં પડીએ! પણ ૧૯૬૦-૬૧ની સાલનું તે વખતનું હિન્દુસ્તાન વર્ણવતા એણે પોતાના નાટક **'ભૂખ કશ્મીર કો બંગાલ બના દેતી હૈ'**માં નાટકની શરૂઆત આ શબ્દો લખીને કરી હતી **'તુમ્હેં યાદ હૈ વો ઝમાના જબ હમ હરરોજ ખાના ખાયા કરતે થે?'**

હજુ ભારતવાસી મુંઝાયેલો જ છે. ૨૦૧૨ પછી તો કેવો! નક્કી જ નથી થતું એનાથી કે બીજેપી એકદમ ફીટોફીટ છે? કે પછી દિલ્હીવાળા પાર્ટી (બે વાર)? કે પછી ઓરજિનલી બે બળદની જોડી કદી ન કોઈએ તોડી? (૧૯૭૦ પહેલાં).

પ્રશાંત કિશોર ઘણી પાર્ટીઓમાં ચૂંટણી નિષ્ણાતજ્ઞ (ખોટો શબ્દ જાણી જોઈને, જરા ખ્યાલ તો આવે એના વિસ્તારનો!) તરીકે ૧૫-૧૭ વર્ષ રહી આ વખતે પોતે પોતાની પાર્ટી 'જન સુરાજ પાર્ટી' દ્વારા પૂરી તૈયારી સાથે બિહાર-૨૦૨૫ ઈલેકશન લડી રહ્યા છે.

અને મોદીજીમાં જે ગટ્સ હતી ૨૦૧૨ થી ૨૦૧૪ સુધી એવી જ અને કદાચ વધારે ઈમોશનલ ગટ્સ એમનામાંથી ટપકે છે નીતરે છે વરસે છે તમે જે કહો એ. માનનીય મોદીજી તે વખતે માત્ર ગુજરાત જેવડા નાનકડા રાજ્યના મુખ્ય મંત્રી હતા અને ભરપૂર અને ભરચક સભામાં લખલખાં પસાર થઈ જાય એવાં ઉપરા ઉપરી બે વાક્યો બોલ્યા હતા. **'ભાઈઓ ઔર બહેનો! ઈસ કડી ધૂપ મેં આપ સબકી ઈતની બડી હાજરી દેખકર મૈ યે કહ રહા હું કી મા બેટેકી સરકાર તો ગઈ. ઔર ઈતની બડી તાદાત મેં આપ સબકા હોસલા દેખકર યે ભી તય હૈ કી બાપ બેટેકી સરકાર ભી ગઈ** અને મારા પરમ પ્રિય રવિવારના 'મુંબઈ સમાચાર'ના દેવીઓ અને સજ્જનો! ખરેખર બન્ને સરકારો ગઈ ગઈ, તે ગઈ જ. પ્રશાંત કિશોરમાં પણ આવો જ રણકો અને બિહારના લોકોના મુદ્દાની લાગણીઓ વણીને સજ્જ બનાવાયેલો રણકો મને સંભળાઈ રહ્યો છે. ત્રણ વરસથી પ્રશાંત કિશોરે સતત પદયાત્રાઓ કરી કરીને બિહારને ધમરોળી નાખ્યું છે. નવાઈ એને છે નહીં કશાયની કારણ કે મોટામાં મોટા પદ પર એણે ઓછામાં ઓછા આઠ દસને બેસાડ્યા છે અને એ પણ અલગ અલગ પાર્ટીઓના. મુદ્દો એનો મુખ્ય છે બિહારીઓનું નોકરી માટે પોતાના અને પરિવારના પેટનો ખાડો પૂરવા માટેનું સ્થળાંતર. જેની વાત અહીંથી ૫-૭ રવિવાર પહેલા થઈ ગઈ છે, એનું કહેવું છે કે એક લાખ કરોડ રૂપિયાનો પ્લાન્ટ પ્રિય રાજ્યમાં આપીને બિહારથી એ રાજ્ય સુધીની કોઈ સ્પેશ્યલ ટ્રેન ન આપો કે જેમાં બિહારનો મજૂર જઈ આવી શકે. અમને બિહારમાં એ એક લાખ કરોડ રૂપિયાનો પ્લાન્ટ આપો, જ્યાં એ પ્લાન્ટને લીધે ખુલવાવાળી શૈક્ષણિક વસાહતોમાં ભણીગણીને બિહારી નોકરી મેળવે.

ભગવાન પર આસ્થા બાબત શંકા કરવાનું મન થાય એવો પ્રદેશ છે બિહાર. બુદ્ધ જેવા બુદ્ધ અને મહાવીર જેવા મહાવીર કાંઈ ના કરી શક્યા અને ૧૯૯૦થી આ દેશના રાજકારણની ભાષા બગાડનાર લાલુ-રાબડી ૧૮ વરસ સુધી બિહારને તહસનહસ કરતા રહ્યા. એ પછીના આયારામ ગયારામ ઓછાં ખરાબ, એથી વિશેષ કાંઈ જ નહીં એવા કરોળિયા અવતાર - ટકવાની કલામાં માહિર. બિહારનું જે થવાનું હોય એ થાય.

પ્રશાંત કિશોરને હવે તો ગોદી-નોનગોદી - પેઈડ - નોનપેઈડ મીડિયાના કહેણ આવી રહ્યા છે કારણ કે બંદો હીટ છે. હીટ હો તો પેઈડ મીડિયાને પણ મીડિયા તરીકે તો ટકવું જ હોય, તો જ આગળ જતાં પેઈડ બની શકે.

કેટલા વાંચે છે અને વાંચશે એ જાણ નથી પણ વાંચ્યા બાદ તમે સહમત ન થાઓ તો જરૂર પસ્તાળ પાડજો.

પણ તૈયાર રહેજો. રાજકારણમાં બધું જ બની શકે છે. છટ્ઠીથી ઊઠી ગયેલા અમેરિકાથી પીએચડી બની શકે તો કોઈક યાદવ સંતાન ઓછામાં ઓછી સીટ હોવા છતાં બાકીના બે મોટા ભાઈના સપોર્ટથી બાકીના એકને દૂર રાખવાના 'નેક' ઈરાદાથી બિહારનો મુખ્ય મંત્રી બની ય શકે છે.

*ઈસ સિરે સે ઉસ સિરે તક સબ શરીકે જુર્મ હૈ*
*આદમી યા તો ઝમાનત પર રિહા હૈ યા ફરાર*
**દુષ્યન્ત કુમાર**

સિરેઃ ખૂણો, શરીકે જુર્મઃ ગુન્હામાં સામેલ, ફરારઃ ભાગેડુ

આજે આટલું જ. ■

સન્ડે ધારાવાહિક

અનિલ રાવલ
feedback@bombaysamachar.com




## થીજી ગયેલી પળમાં ફફડતા જીવની રોમાંચક કથા

**ઝુબૈદાનું** મન કશે લાગતું નહતું. એકનો એક દીકરો હોસ્પિટલમાં હોય તો કઇ મા આરામથી સૂઇ શકે અને કઇ મા સુખચેનથી જાગી પણ શકે? એ રાતભર ઇલિયાસના વિચાર કરતી જાગતી રહેતી. દિવસ રાત એ ચિંતામાં તડપતી રહેતી. ન નમાઝમાં કે ન કુરાનમાં...ન અઝાનમાં જીવ ચોંટે. ઇલિયાસની ખબર પૂછવાનો વિચાર આવતો, પણ એણે ઇલિયાસને કહેલી વાત યાદ આવી જતી. 'બસ, મૈને તેરી આવાઝ સૂન લી, અબ મૈં તુઝે ફોન નહીં કરુંગી, તેરા ઇન્તેઝાર કરુંગી....તૂ જલદી ઠીક હોકે આ જા...' એના ધીમા રડમસ અવાજમાં એક માનો ખુદા પરનો અતૂટ વિશ્વાસ હતો. જાફરભાઇએ ઝુબૈદાને બબડતી જોઇ. એમનાથી ઝુબૈદાનું દુઃખ જોવાયું નહીં. એમણે કોલ કર્યો. 'હલ્લો ઇલિયાસ, બેટા કૈસા હૈ તૂ?'

'હાં, વો ક્યા હૈ કી ઇલિયાસ કો...માઇલ્ડ હાર્ટ એટેક આયા હૈ...' સોલંકીએ ઇલિયાસના મોબાઇલ પરથી જવાબ આપ્યો. જાફરભાઇના કમજોર ખભા પર દુઃખનું આભ તૂટી પડ્યું. ઇલિયાસની અમ્મી સામે જ બેઠી છે. એને ખબર પડશે તો એનો દમ નીકળી જશે. હવે આગળ કંઇ વાત નહીં થઇ શકે. ઇલિયાસની તબિયત વિશે વધુ જાણવું છે, પણ ઝુબૈદાની હાજરીમાં કેમ જાણી શકાય. અસમંજસની આવી હાલતમાં ઝુબૈદાથી વાત છુપાવીને વાત સમેટી લેવા સિવાય બીજો કોઇ માર્ગ નથી.

'હાં બેટા, ક્યા? સબ ઠીક હો રહા હૈ....ચલો અલ્લાહ કા શુકર હૈ... અમ્મી? અમ્મી ઠીક હૈ...' બોલતાં બોલતાં જાફરભાઇની જીભ સહેરાના રણમાં પાણી વિના તરફડતા મુસાફરની જેમ તાળવે ચોંટી જતી હતી. ખુશી અને ગમ...બંનેને ચહેરા પર એકી સાથે રાખવું બહુ મુશ્કેલ હોય છે અને જાફરભાઇ જી-જાન લગાવીને, મહામુશ્કેલીથી આ કામ કરી રહ્યા હતા. તેઓ દીકરાની ખબર જાણવા પોતાના પર મંડાયેલી ઝુબૈદાની બેતાબ આંખો ચુરાવીને બોલતા હતા. ઝુબૈદા એમનો એકેએક શબ્દ ધ્યાનથી સાંભળી રહી હતી. સામે છેડે જાફરભાઇની ધડમાથા વિનાની વાતે સોલંકીને ગૂંચવી નાખ્યો. એ કંઇ બોલી શક્યો નહીં. જાફરભાઇ જ બોલ્યે રાખતા હતા. એ જ વખતે સોલંકીએ મોબાઇલમાં જોયું કોઇનો ફોન આવી રહ્યો હતો.

'હાં તૂમ અપના ખયાલ રખના. અચ્છા બેટા રખતા હું....' જાફરભાઇ બોલ્યા. હૈયાને ચીરી નાખતી વેદનાને ચહેરા પર લાવ્યા વિના વાત કરવાનું બહુ જ અઘરું હોય છે!

'તુમને બાત જલ્દી ખતમ કર દી.' ઝુબૈદાએ કહ્યું.

'હાં, પતા ચલ ગયા કી સબ ઠીક હૈ ફિર...' જાફરભાઇએ મોં ફેરવી લીધું.

'સબ ઠીક હૈ? 'સચમૂચ?' ઝુબૈદાએ જાફરભાઇની આંખોમાં ઝાંખવા એમનું મોં પોતાની તરફ કર્યું. જાફરભાઇએ નજર મિલાવી નહીં.

'મેરે સામને દેખકર બોલો....સબ ઠીક હૈ...?'

જાફરભાઇ સાચું બોલી શક્યા નહીં, પણ એમની આંખોમાંથી વહેતા આંસુ સચનું બયાંન કરી ગયા. ઝુબૈદાએ એમને ક્યારેય આ રીતે રડતા જોયા નહતા. દીકરાનું દુઃખ જેટલું માને હોય એટલું બાપને પણ હોય...એ ક્યારેક જ આંસુમાં ઝળકે. ઝુબૈદાએ એમને રડવા દીધા.

'ઝુઠ કા બોજ દિલ પર ભારી પડતા હૈ' એવી હકીકતથી વાકેફ જાફરભાઇએ ઝુબૈદાને કારમો આઘાત ન પહોંચે એટલા ખાતર દિલ પરથી ઝુઠનો એ કાળમીંઢ પથ્થર હટાવ્યો નહીં.

***********

ડો. સાળુંખેએ પવિત્રાને ફોન લગાડ્યો. પવિત્રાએ જોયું નંબર અજાણ્યો હતો, કદાચ હોસ્પિટલમાંથી હોય એમ માનીને એણે ફોન લીધો.

'હેલ્લો મિસિસ નિર્મલ?'

'યસ' પવિત્રાએ થડકતા અવાજે કહ્યું.

ડો. સાળુંખેએ ગળું ખંખેરતા કહ્યુંઃ 'હું ડો. પ્રભા સાળુંખે બોલું છું. જી. જી. ભોય હોસ્પિટલમાંથી.' પવિત્રાના ધબકારા વધી ગયા.

> **હૈયાને ચીરી નાખતી વેદનાને ચહેરા પર લાવ્યા વિના વાત કરવાનું બહુ જ અઘરું હોય છે!**

'નિર્મલને શ્વાસ લેવામાં થોડી તકલીફ પડી રહી હતી એટલે એમને કન્ટિન્યુઝ પોઝિટિવ એરપ્રેશર-વે (વેન્ટિલેટર) પર રાખવામાં આવ્યા છે. જોકે, ગભરાવાની જરૂર નથી, પણ મારે એ જાણવું છે કે એમને ફેંફસા કે હાર્ટ કે કિડની જેવી બીજી કોઇ તકલીફ ખરી?'

પવિત્રા વેન્ટિલેટરનું નામ સાંભળીને ગભરાઇ ગઇ...એમાં બીજી તકલીફો વિશેની ડો. સાળુંખેની વાતે એને વધુ ગભરાવી મુકી, પણ મન મક્કમ કરીને જવાબ આપવા જરૂરી હતા.

'એ લગભગ દોઢેક વર્ષ અમેરિકા હતો. ત્યાં કોઇ તકલીફ થઇ હોય તો મને કહે તો ખરો જ, પણ પ્લીઝ મને એ કહો...ઇઝ હી સિરયિસ?'

'નહીં, નહીં...ડોન્ટ વરી. સીપીએપી સારવારથી ઠીક થઇ જવું જોઇએ, પણ આવા કેસમાં અમારી પાસે દરદીની મેડીકલ હિસ્ટરી હોવી ખૂબ જરૂરી છે. એટલે પૂછ્યું. ઓકે, થેન્ક યુ મિસિસ નિર્મલ.'

ફોન કટઓફ્ફ થવાનો અવાજ આવ્યો, પણ પવિત્રાના મનનો વિચાર કટઓફ્ફ ન થયો.. એ ક્યાંય સુધી ફોન પકડીને ઊભી રહી. ઇમર્જન્સી માણસને સભાન બનવા મજબૂર અને મજબૂત કરી દેતી હોય છે. એણે કઠ્ઠણ કાળજે સુકેતુને ફોન લગાડ્યો.

'હા, બોલ.' સુકેતુએ કહ્યું.

'હોસ્પિટલમાંથી કોઇ ડો. મિસિસ સાળુંખેનો ફોન હતો.'

'એની થિન્ગ સિરિયસ?' સુકેતૂ થોડી આશંકા સાથે બોલ્યો.

'એવું લાગે છે....નિર્મલને શ્વાસ લેવામાં તકલીફ થવા લાગી એટલે એને કન્ટિન્યુઝ પોઝિટિવ એરપ્રેશર-વે (વેન્ટિલેટર) પર રાખ્યો છે. અને....અને ડોક્ટરે નિર્મલની મેડીકલ હિસ્ટરી વિશે પૂછ્યું.'

'ઓહ, તો વાત ઇમ્યુનિટી પર પહોંચી છે. મતલબ કે જો નિર્મલને બીજી કોઇ તકલીફ હશે તો કોરોનાના વાયરસ હાવી થઇ જશે અને ઇમ્યુનિટી ઓછી હશે અથવા નહીં હોય તો...'સુકેતુએ માથું ધૂણાવીને વિચાર ખંખેરી નાખ્યો.

'હા, એને કન્ટિન્યુઝ પોઝિટિવ એરપ્રેશર-વે...શોર્ટફોર્મમાં એને સીપીએપી કહે છે. આ પણ સારવારનો એક ભાગ જ છે. ઇન શોર્ટ ટ્રીટમેન્ટ સાચી દિશામાં ચાલી રહી છે.' ખુદ ડરી ગયેલો સુકેતુ સાવચેતીપૂર્વક બોલ્યો.

'મને બહુ ડર લાગે છે સુકુ,' પવિત્રા લગભગ રડી પડી.

'તું, તું ચિંતા નહીં કર. મારી પાસે સોલંકીનો નંબર છે. હું એને લાઇન ઓફ ટ્રીટમેન્ટ વિશે પૂછતો રહીશ. તું બિલકુલ ચિંતા નહીં કર.'

'સુકુ, આ કેવી કમનસીબી કે હું એને મળી પણ શકતી નથી.'

'બધાની લાચારી એક જ સરખી હોય એવું માનવ ઇતિહાસમાં કદાચ આ પહેલીવાર બન્યું છે.' સુકેતુએ કહ્યું.

'પણ આ કેવી લાચારી કે આપણે આપણા માણસને હોસ્પિટલમાં જોવા પણ જઇ શકતા નથી. એના માથા પર હાથ ફેરવી શકતા નથી.' દરવખતે જેની પાસે દરેક સવાલનો ઉત્તર રહેતો એ સુકેતુ કદાચ પહેલીવાર નિરુત્તર બની ગયો હતો.

*******************

જાફરભાઈ સાથે વાત ચાલુ હતી ત્યારે સોલંકીએ જોયેલું કે ક્યારનો એક ફોન આવી રહ્યો છે. વાત પતાવીને એણે સામે કોલ કર્યો. કેશુકાકા આસપાસ નહીં હોવાથી કિસને ફોન ઊંચકયો.

'હું સોલંકી..તમે કોણ બોલો?'

'હા સોલંકી સાહેબ, આપણી વાત થતી હતી...પછી ફોન કપાઇ ગયો...આપની હોસ્પિટલમાં કોઇ નિર્મલ પરીખ કરીને પેશન્ટ દાખલ થયા છેને?'

'હા એડમિટ થેયલા છેને.' સોલંકીએ ઉતાવળે જવાબ આપ્યો. કિસનને એના જવાબ પરથી પોતે એને ડિસ્ટર્બ કરી રહ્યો હોય એવું લાગ્યું એટલે એણે ઝડપથી પૂછ્યુંઃ 'કેમ છે હવે એમને?'

'આપ કોણ બોલો?' સોલંકીએ સવાલ કર્યો.

'કિસન મુંઝાયો. શું કહેવું? એ અમેરિકાથી પપ્પાની સાથે પ્લેનમાં આવેલા એમ કહેવું કે કોઇ બીજી રીતે તપાસ કરવી? એણે સાચું કહી દેવાનું નક્કી કર્યું.

'નિર્મલભાઇ અને મારા પપ્પા અમેરિકાથી સાથે આવ્યા હતા. એક જ પ્લેનમાં. નિર્મલભાઇને એરપોર્ટ પરથી સીધા હોસ્પિટલમાં લઇ જવાયા અને...'

સોલંકીએ અધવચ્ચે પુછ્યુંઃ 'તમારા ફાધરને હાલમાં કોઇ તકલીફ ખરી?'

'ના, ના, એમને કોઇ તકલીફ નથી....પ્લેનમાં સાથે હતા બસ એટલું જ અને એમનો નંબર લીધો નહીં. પપ્પાને એમની ચિંતા... કિસન ટેલિગ્રાફિક ભાષામાં બોલવા માંડ્યો. કેશુકાકાએ બહાર આવીને છેલ્લી વાત સાંભળી. એમણે તરત જ મોબાઇલ પોતાના હાથમાં લઇ લીધો અને સાંભળવા લાગ્યા.

'જુઓ, હાલ એમને ઇમર્જન્સી વોર્ડમાં દાખલ કયરા છે. હું તમને એમની વાઇફનો નંબર વોટ્સ એપ કરા....વધુ તમે એની પાહેથી જાણી લો એ બેટર રહેશે. અને પ્લીઝ, ઇમર્જન્સી સિવાય મને ફોન ની કરતા.'

'કિસન, નિર્મલની હાલત સારી નથી લાગતી.' કેશુકાકાએ મોબાઇલ આપતા કહ્યું. મોબાઇલ પર મેસેજની એલર્ટ સંભળાઇ. કિસને મેસેજ વાંચ્યો.

'સોલંકીએ મિસિસ નિર્મલનો મોબાઇલ નંબર મોકલ્યો છે.' કિસને નંબર વાંચતા વાંચતા કહ્યું.

'આપણે એમને કોલ કરીને નિર્મલભાઇની તબિયતનું જાણી લઇએ?' કિસને પુછ્યું.

'નિર્મલની હાલત સારી નથી તો એની વાઇફની હાલત ક્યાંથી સારી હોવાની?' કેશુકાકા ઊંડો નિઃસાસો નાખ્યો.

***************

જી. જી. ભોય હોસ્પિટલમાં રાતે બુરખો પહેરીને એક બાઇ દાખલ થઇ. વોચમેન મિશ્રા રાબેતા મુજબ ઘોરતો હતો. બાઇ લપાતીછુપાતી અંદર પ્રવેશી. રિસેપ્શનિસ્ટ પાછળ માથું ઢાળીને પડી હતી. લોબીમાં બન્ને બાજુ ભયના ઓથાર હેઠળ શ્વાસ લઇ રહેલા કેટલાક દરદીઓની પથારીઓ હતી. બુરખામાંથી બંને બાજુ ઝાંખતી બાઇએ વોર્ડની ઉપરનું લખાણ વાંચ્યું. વાંચીને એણે હળવેકથી દરવાજો ખોલ્યો. બાઇએ લાંબા વિશાળ વોર્ડની પહેલા બેડ પર પહોંચીને દરદીની સામે જોયું. છતને તાંકીને સૂતેલી મિસ એક્સે બુરખાધારી બાઇને જોઇ... બાઇએ બુરખો હટાવીને મિસ એક્સની સામે જોયું. મિસ એક્સે બાઇનું મોં જોઇને ચીસ પાડી. વોર્ડમાં બૂમરાણ મચી ગઇ. મહિલા દરદીઓ ગભરાઇને બેઠી થઇ ગઇ. ચીસ સાંભળીને બાઇ ત્યાંથી નાસવા લાગી. રિસેપ્શનિસ્ટ સફાળી જાગી ગઇ. જયમાલા પહેલા માળેથી નીચે ઊતરી આવી. ધસી આવેલા ગોપાળ અને રમેશે બાઇને ભાગતા જોઇ. પકડો પકડો બોલતા બંને એની પાછળ દોડ્યા. બુરખા સાથે દોડી નહીં શકતી બાઇએ બુરખો કાઢીને ફગાવ્યો. ઊંઘમાંથી બેબાકાળો જાગી ગયેલો મિશ્રા પણ એની પાછળ ભાગ્યો, પણ બુરખામાં આવેલો હરેશ અંધારામાં ઓગળી ગયો.

'લગતા હૈ કોઇ આદમી થા.' રમેશે બુરખો ઉપાડીને ત્યાં દોડી આવેલા સોલંકીને આપતાં કહ્યું.

'મિસ એક્સ...' સોલંકી બુરખો જોતાં જ બોલી ઉઠ્યો. લોબીમાં જ ડો. શાહ મળ્યા.

'શું થયું..? આ બૂમાબૂમ શાની હતી.?' એમણે પૂછયું.

'ટીવી ન્યૂઝની અસર...' સોલંકીએ બુરખો બતાવ્યો. (ક્રમશઃ)■

વલો કચ્છ

ડૉ. પૂર્વી ગોસ્વામી
feedback@bombaysamachar.com

# સરહદના સંત્રીઓ માટે અનોખો સેવાયજ્ઞ...



**કચ્છની** ધરતી હંમેશાં કંઈક વિશિષ્ટ રહી છે. સખત, ખારી, ખમીરીવાળી આ ધરાના કલેવરના સંવેદનશીલ સરહદે તૈનાત જવાનોને વધુ અનુભવ થતા હશે. તેમની હિંમત, ગરમી અને ઠંડી સામેની તેમની લડત અને તદ્દન કઠિન પરિસ્થિતિઓ વચ્ચેની તેમની ફરજ આ બધું જ આપણને નમાવી દે છે. એટલે જ તો સરહદના રખોપા કરતા ફરજનિષ્ઠ જવાનોની સેવા માટે સમર્પિત કચ્છ જીલ્લા ગ્રામ વિકાસ સમિતિ જેવી સંસ્થાઓને પ્રેરણા મળતી હોય છે તેમના માટે કશુંક કરવાની. સમિતિ પ્રમુખ અરવિંદભાઈ જોશીની ખરેખર બે દાયકાની સેવાની નોંધ અચૂક લેવી ઘટે.

આ સેવા યાત્રાની શરૂઆત અત્યંત સાદી રીતે થઈ હતી. કોટેશ્વરથી મુન્દ્રા સુધીના માર્ગમાં આવેલા તમામ શિવ મંદિરોમાં દર મંદિર દીઠ ૩૦ બિલ્વ પત્રના વૃક્ષો રોપવાનો નિર્ધાર કચ્છ જિલ્લા ગ્રામ વિકાસ સમિતિએ કરેલો અને આ અભિયાન માટે કોટેશ્વર મહાદેવ મંદિર ટ્રસ્ટ સાથે ચર્ચા થઈ, ત્યારે પુજારી દિનેશગિરિએ બીએસએફના જવાનોને મદદે બોલાવ્યા. અરવિંદભાઈ તો સેવાકીય મિજાજના એટલે જવાનોએ વૃક્ષારોપણ પછી આપેલી ચા-પકોડાની ટ્રીટ દરમિયાન પૂછી લીધું કે, 'તમારા માટે અમે શું કરી શકીએ?' ત્યારે કંપની કમાન્ડર સંતોષકુમારે તો પોતાના માટે તો કઈ ન માંગ્યું પણ મુસાફરો માટે પીવાના પાણીની વ્યવસ્થા માગેલી. એ માગને અનુસરીને અરવિંદભાઈએ સાથે જોડાયેલા નેટવર્કમાં દાતાઓને ઇજન મૂક્યું કે બીએસએફ કેમ્પમાં આરઓ પ્લાન્ટ અને કુલરની વ્યવસ્થા થઈ ગઈ. આ રીતે એક નાની વાતે એક મોટી સેવા શરૂ કરી અને આ સંબંધ આજે બે દાયકા પછી પણ એટલો જ જીવંત છે. સંરક્ષણ ક્ષેત્ર માગ મુજબ સુવિધા કરી આપે પણ સરકારી વિલંબ સુધીના ગાળામાં જવાનોની કઠિનાઈઓ વધુ હોય છે. આથી અરવિંદભાઈએ નિર્ધાર કરેલો કે બીએસએફ કેમ્પમાં સમયાંતરે એકાદ દિવસ ગાળવો અને જવાનો વચ્ચે રહી એમના માટે ખૂટતી કડી સંતોષવી.

તેમની આ યાત્રામાં અરવિંદભાઈ સમિતિના નેજા હેઠળ જવાનોની શક્ય તેટલી મદદ કરવાનું વિચાર્યું. આ સેવા યજ્ઞમાં ડે-નાઈટ ચશ્માં, એર કુલર, વોટર કુલર, બાંકડા બનાવી દેવા, એરકન્ડિશનર, ડીપ ફ્રીજ, ફ્રીજ, ટીવી જેવી નાની મોટી ચીજવસ્તુઓ જે જવાનોની થોડી ઘણી પણ સુવિધામાં વધારો કરતા હોય તે દાતાના સહયોગથી અરવિંદભાઈએ સાચા અર્થમાં જવાનોના બેલી બનીને કાર્ય કર્યું છે.

એમની સાથે સમય વિતાવતા વિચારતા એમને જાણ્યું કે સરહદ ઉપર તો શાકભાજીનો એકસાથે જથ્થો જતો હોય છે પણ કોલ્ડ સ્ટોરેજના અભાવે એ શાકભાજી ઘણી વખત બગડી જતી હોય છે. ગરમીના દિવસોમાં બહુ અઘરું પડતું હોય છે અને આ જ કારણથી કે દૂર પાણી, છાસ કે શાકભાજી જે છે એ ઠંડા રહે ફ્રીઝ કે ફ્રીજમાં તો એ ઘણા દિવસ સુધી સ્ટોર કરી શકાય અને એમને એ રાહત મળે ભોજનમાં. આ કારણથી અમે ડીપ ફ્રીજ અને ફ્રીજ અપાવ્યા. રાત્રે ફરજ દરમિયાન ઉપયોગી એવા ચાર હજાર જેટલા રે-બેન ચશ્માં ડે-નાઇટ ચશ્માં પણ અપાવ્યા, જેનાથી જવાનોની સુરક્ષા કાર્યક્ષમતા વધી. બીજી વખતમાં પણ પાંચેક હજાર જેટલા સાદા ચશ્માં પણ તૈયાર કરાવી આપ્યા. ક્યારેક નાની લાગતી વસ્તુ પણ કોઈના જીવનમાં મોટો ફેરફાર લાવે છે.

કચ્છની ગરમીનો સ્વભાવ તો બધાને ખબર છે. તાપમાન ક્યારેક ૫૦ ડિગ્રી સુધી પહોંચે અને ચામડી દાઝી જાય તેવી હાલત સર્જાય. આવી પરિસ્થિતિમાં જવાનો માટે એર કુલર, ફ્રિજ, એર કન્ડિશનર જેવી સુવિધાઓ દાતાઓના સહયોગથી ઉપલબ્ધ કરાવી. દરિયાકાંઠાના બોર્ડર પોસ્ટ્સ પર જ્યાં લાઈટની સમસ્યા હોય છે, ત્યાં ઇન્વર્ટર અને જનરેટર પહોંચાડ્યા. જે જગ્યાએ રસોઈ શક્ય ન હોય ત્યાં મોટા ટિફિનો આપ્યા જેથી એકસાથે ઘણા જવાનો માટે ભોજન પહોંચાડવું સરળ બને. આ માત્ર ચીજવસ્તુઓ આપવાની વાત નહોતી, આ તો એ માનવીય સ્પર્શ હતો જે સરહદની એકલતામાં પણ જવાનોને અમે તમારી સાથે છીએની લાગણી આપે છે. કચ્છમાં સેવા કર્યા પછી જવાનો જ્યારે જમ્મુ-કાશ્મીર કે પશ્ચિમ બંગાળની સરહદ પર જતા રહ્યા, ત્યારે પણ સમિતિએ દાતાઓની મદદથી ત્યાં પણ સુવિધાઓ પહોંચાડવામાં સફળતા મેળવી.

દાતાઓ પાસે ઘણી વખત એવું થતું હોય કે વારંવાર હાથ ફેલાવવા પડતા હોય પણ અરવિંદભાઈના કેસમાં ઊંધું છે. તો એક વખત દાતાઓને એક સાથે જે જરૂરિયાત હોય એ માંગ હોય એ વસ્તુ માટે માંગ મૂકી દેતા હોય છે અને પછી તો દાતાઓ વચ્ચે હરીફાઈ જામતી હોય છે અને અરવિંદભાઈને વહેલા તે પહેલાના ધોરણે દાતાને સેવાનો મોકો આપતા હોય છે. સેવાના આ માળખામાં ક્યારેય દબાણ નથી, છે તો માત્ર પ્રેરણા અને વિશ્વાસ.

વડીલનું માનવું છે કે, અનેક સુવિધાઓના અભાવે રહેતાં જવાનો પોતા પહેલા લોકોની સુવિધા વિચારતા હોય, આપણી સરહદની અણનમ રક્ષા કરતા હોય એમની દસ ટકા સેવા આપણને કરવાના નસીબ મળી જાય તોય ભયો ભયો. તેમણે તો આ સેવાને પોતાના જીવનનો મંત્ર બનાવી દીધો છે.

કચ્છ જિલ્લા ગ્રામ વિકાસ સમિતિએ માત્ર જવાનો માટે જ નહીં, પણ દિવ્યાંગ ભાઈ-બહેનો માટે ૪૦૦૦ જેટલા સિલાઈ મશીનો, રાશન કિટ વિતરણ, દિવ્યાંગ ભાઈબહેનોની મદદ, મેડિકલ કેમ્પો યોજ્યા આ સેવાઓની અનેક વખત નોંધ લેવાતી હોય છે પણ આજે થયું કે સરહદના સંત્રીઓ માટેની અનોખી સેવા છે તેની વાત નથી એક વાર લોકો સુધી પહોંચાડવી જોઈએ. સતત ચિંતન અને મનન કરતા રહેતા અરવિંદભાઈ જોશીની સેવા ખરેખર અદ્ભુત છે, અભિનંદનનીય છે. ■

સર્જકના સથવારે

રમેશ પુરોહિત
feedback@bombaysamachar.com

# મારગડે જાતાં મોહી શું સખી સજ્જન!

## વાટ જોતી પત્નીની વાત



આ વાત છે વસંત-ઋતુના પ્રાદુર્ભાવની. એવામાં પ્રિયતમના વિયોગમાં ઝૂરતી નવોઢાનું તનમન એને ઝંખે છે, એમાંથી દ્વિઅર્થી ભાવમાંથી આખરે તો જન્મે છે સાહિત્યઃ આ સાહિત્યના ભાવસભર અર્થોમાં જીવનની સંવેદનાઓ છે- વસંતના પ્રાગટ્યે સમજાતી હોય છે! લેખકે નવોઢા અને સખી દ્વારા કેવા સુંદર અર્થ પ્રગટાવ્યા ને સમજાવ્યા છે તે આગળ પર પામી શકાશે. આ માનવમનમાં જન્મેલી પ્રકૃતિનું ગીત સુંદર છે, સુમધુર છે.

પ્રકૃતિ સોળે શણગાર સજીને બેઠી છે. સર્વ વસ્તુ રમણીય લાગે છે. વન-ઉપવનમાં ફૂલોની જવાની ખીલી છે. મોસમની છડીદાર મલય પવન મંદ મંદ ફૂંકાઈ રહ્યો છે. ધરતીની અને ફૂલોની ખુશ્બુથી મઘમઘાટ થયેલું વિશ્વ વસંતના વિજયને વધાવી રહ્યું છે.

રંગની રેલમછેલ હોય એવા વસંતવજિયતા સમયે જેનો પિયુ પરદેશ ગયો છે એક નવી નવેલી નવોઢા તન-મનથી પિયુ પિયુ ઝંખતી બેઠી છે; એવામાં એની પ્રિય સખી આવે છે અને પૂછે છે કેઃ

**ઈન્દ્ર વાહન રવિ સુત**
**પવન પુત્ર ભંડાર;**
**તિને ભેલે કર્યો ભયે**
**કહે સખી કૌન વિચાર**

સખીએ ગૂઢ પ્રશ્ન પૂછ્યો છે; અર્થ આ પ્રમાણે છેઃ- ‘‘ઈન્દ્રનું વાહન હાથી. હાથીને સંસ્કૃતમાં હસ્તી કહેવાય છે, હસ્તીનો બીજો અર્થ હથેળી થાય છે. રવિસુત એટલે કર્ણ, કર્ણનો અર્થ કામ પણ થાય છે. પવન દ્વારા ભંડાર એટલે ગાલ. પવનપુત્ર હનુમાન પણ થાય.

હવે આ હથેળી, કાન અને ગાલ ત્રણે અવયવો ભેળાં કેમ થઈ ગયા છે? ટૂંકમાં હે સખી, તું આમ ગાલે હાથ દઈને કેમ બેઠી છો? કોના વિચારમાં છે? ચતુર સુજાણ હોવા છતાં પ્રિયતમના ખ્યાલમાં મગ્ન બનેલી નવોઢા જવાબ આપતી નથી એટલે સખીને ટીખળ સૂઝે છે! પ્રશ્ન એવો પૂછે છે કે આ સાંભળીને નવોઢા એને પોતાના સ્વામીના અર્થમાં લે છે જ્યારે તેની સખી બીજો અર્થ બતાવીને તેની ઠેકડી ઉડાવે છે. સખી કહે છેઃ-

**મારગડેથી જાતાં મોહી,**
**જીવમાં હરખી જીવન જોઈ;**
**એ પછી એ ના ગઈ અગાડી,**
**શું સખી સજ્જન? ના સખી-વાડી**

મારગમાં જાતા મોહી પડી અને જીવન જોઈને મન હરખાઈ પડ્યું અને હું એની પાસે દોડી ગઈ. આટલું બોલી એટલે નવોઢાથી પૂછાઈ ગયું કે ‘તું સજ્જનની વાત કરે છે? ત્યારે એની ચાલાક સખી કહે છે કે રસ્તે જતાં વાડી- બાગ જોયો અને મોહી પડી કારણ કે બધાં વૃક્ષો જીવનવાળાં અને લીલાછમ હતાં અને તેથી હું અહીં આવતા પહેલાં બાગમાં જઈને બેઠી હતી.

માટે હું તો વાડીની એટલે કે બાગની વાત કરું છું. નવોઢાએ મન મનાવ્યું હશે ત્યાં જ સખીએ બીજો કોયડો રજૂ કર્યો. નવોઢા તો પ્રિયતમના રટણમાં રમમાણ હતીઃ-

**આવી સ્કંધ પર મુજ પડે**
**મુજ મસ્તક શોભા એની વડે;**
**તેલથી મર્દન તન કરું બેશ**
**શું સખી સજ્જન? ના સખી કેશ.**

સ્વામીના અર્થમાં સ્કંધ એટલે જે ખભ્ભા પર માથું ટેકવે તે. પતિ એટલે જેનાથી માથાની શોભા વધે. આ પતિને હું આ ઋતુમાં તેલથી મર્દન કરું છું. જ્યારે કેશ એટલે વેણી- ચોટલાના અર્થમાં વાળ ખભ્ભા પર પડે છે.

માથાની શોભા વાળથી વધે છે. એવા એ વાળમાં તેલનું મર્દન કરવામાં આવે છે. આમાં પણ પરાભવ. હશે કરવા દે એને મજાક એમ માનીને નવોઢા ફરી પાછી વિચારમાં ગાયબ! ફરી પાછો સખીનો કોયડોઃ-

**પાકાઈ છે તો તનમાં પૂરી**
**પણ પરગજ્જુ કાયા છે શૂરી;**
**શોભા સભાતણી સુખદાન,**
**શું સખી સજ્જન? ના સખી પાન.**

પતિના સંદર્ભમાં અર્થ કરીએ તો સ્વામી પાકો છે. શુરવીર અને પરગજું છે. સભાની શોભારૂપ અને સુખદાન એટલે સુખનો આપનાર છે.

જ્યારે પાનના અર્થમાં જોઈએ તો એના એજ શબ્દો કેવો બંધબેસતો અર્થ થાય છે તે જોઈએ. પાન હંમેશાં પાકું સારું. પાકા પાનમાં અંદર રંગ છુપાયેલો છે તેથી પક્કાઈ છે.

બીજાને ખાવામાં કામ આવે છે તેથી પરગજુ છે અને પાન ખાવામાં તીખું હોવાથી અને લાંબો વખત ટકતું હોવાથી શૂરી કાયાવાળું કહેવાયું છે.

સભામાં પાનની શોભા છે અને મુખમાં મૂકતાં આનંદ આપે છે. સખીને મશ્કરી કરવાની જાણે કે વાસંતી મોજ આવી રહી છે. આગળ ચાલુ રાખે છે.

**મોટું પેટ શકાય ન માપી**
**મરજાદા ન લોપે કદાપી;**
**નૌતમ ગુણનો એવો નાગર,**
**શું સખી સજ્જન? ના સખી સાગર**

અર્થઃ જે મોટા પેટનો છે એટલે કે જેના પેટમાં દરેક વાત રહી શકે છે, તેમજ પોતાના માન-મરજાદ લોપતો નથી (સુજ્ઞ પતિ એવો જ હોઈ શકે) એવો નાગર એટલે સુઘડ અને નૌતમ નવગુણોથી ભરપૂર છે તે કોણ? નવોઢા કહે છેઃ ‘એ તો મારો સાજન, મારો પતિ પણ સખી પાકી છે તે કહે છે કે નહીં એ તો સાગર.

દરિયામાં પણ આ કાવ્યમાં બતાવેલા તમામ ગુણો છે. જેમ કે સાગરમાં બધું જ સમાય જાય એટલે એ મોટા પેટનો છે. આપણે આવી વ્યક્તિને સાગરપેટાં કહીએ છીએ! સમુદ્ર પોતાની મર્યાદા લોપીને બહાર નીકળતો નથી. સાગરમાં પણ અનેક ગુણો છે અને સમૃદ્ધિનો ભંડાર છે.

આમ સાગરની વાતમાં પણ સખી બનાવી ગઈ અને પાછી કહેવા લાગી કે સાંભળ હવે તો તારા સ્વામીની જ વાત કરું છું.

**સોડ વિષે સંતાઈને આવ્યો**
**ભલો ભુવન મારામાં ભાવ્યો;**
**સ્નેહવંત એ સદૈવ જીવો,**
**શું સખી સજ્જન? ના સખી દીવો.**

પતિના અર્થમાં કહીએ તો સોડમાં સંતાઈને સુનારો, મારા ઘરમાં આનંદ આપનારો એવો એ સ્વામી સદાને માટે હેમખેમ રહે જેથી અખંડ સૌભાગ્યવંતી રહું. અર્થ બરોબર બેઠા પછી નવોઢા તો આ મારા સ્વામીની જ વાત છે એમ જરૂર કહે પરંતુ સખીએ કહેલો અર્થ તો કાંઈક જુદો છે.

દીવાના અર્થમાં લઈએ તો તે જમાનામાં દીવાસળી ન હતી એટલે પોતાને ત્યાં અગ્નિ ન હોય તો બીજે ઘરેથી દીવો પ્રકટાવીને સાડીના પાલવમાં સંતાડીને લાવતા હતા જેથી પવનથી ઓલવાઈ ન જાય.

દીપકમાં સ્નેહ એટલે તેલ પૂરવામાં આવે છે એટલે એ સ્નેહવંતો અને ઘરમાં અજવાળું કરનાર કહ્યો છે. આ દ્વિઅર્થી કાવ્ય છે.

સખી દ્વારા થઈ રહેલો આ સંવાદ સમસ્યા કાવ્યનો એક પ્રકાર છે.

આ સમસ્યાઓ દ્વિઅર્થી હોવાથી ભાવાર્થ જુદો હોય છે સહેલીની ચતુરાઈ દરેક વખતે નવોઢાને પોતાના પતિ વિશે જ આમ કહેવાઈ રહ્યું છે.

એમ કહેવા માટે મજબૂર કરે છે અને પછી કહે છે કે નહીં. આનો અર્થ તો કાંઈક બીજો જ છે. આવાં રસસભર કાવ્યોનો રસાસ્વાદ હવે પછી માણતા રહીશું. ■

સુખનો પાસવર્ડ

આશુ પટેલ
feedback@bombaysamachar.com

# કોઈ પણ નિર્ણય ઉતાવળે ન લો...

ગયા અઠવાડિયે જાણીતા નાટ્ય અભિનેતા- દિગ્દર્શક અરવિંદ વેકરિયાનાં પત્ની ભારતીબહેનની પ્રાર્થનાસભામાં પ્રખ્યાત અભિનેતા સનત વ્યાસે અરવિંદભાઈના કુટુંબ સાથેના દાયકાઓ જૂના સંબંધની વાતો યાદ કરતા કહ્યું કે ‘ભારતીભાભી ખૂબ પોઝિટિવ હતાં. તેમણે અમારું ખૂબ ધ્યાન રાખ્યું હતું અને તેમની પાસેથી ઘણી વાતો શીખવા મળી.’ સનતભાઈએ ભાવુક થઈને એક કિસ્સો યાદ કર્યો કહ્યુંઃ

‘અરવિંદભાઈના બંને દીકરા તન્મય અને મનવીત અને મારી દીકરી નાનાં-નાનાં હતાં એ વખતે અમે એક રવિવારથી રવિવારની વચ્ચે થોડા દિવસો માટે માથેરાન ફરવાં ગયાં હતાં, કારણકે રવિવારે નાટકનો શો હોય. જોકે અમે રજાઓ માણીએ એ પહેલા જ માથેરાનની હોટેલમાં મને પ્રોડ્યુસરનો કોલ આવ્યો કે બે દિવસ પછી નાટકના શોનું આયોજન થયું છે. એ સમયમાં મોબાઇલ ફોન કે પેજર પણ હતા નહીં એટલે ટ્રંકકોલથી કામ ચાલતું. પ્રોડ્યુસરનો કોલ આવ્યો એટલે હું કચવાતા મને મારા કુટુંબને અરવિંદભાઈ અને ભારતીભાભી પાસે મૂકીને મુંબઈ આવ્યો. હું પ્રોડ્યુસરને મળવા પહોંચ્યો ત્યારે ખબર પડી કે એ નાટકનો શો તો કેન્સલ થયો છે! એટલે મને ખૂબ ગુસ્સો આવ્યો અને મેં નક્કી કર્યું કે હું હવે આ નાટક નહીં કરું. હું પાછો માથેરાન ગયો અને મેં ગુસ્સો વ્યક્ત કરતાં કહ્યું : ‘હવે હું આ નાટક કરવાનો નથી. મને પ્રોડ્યુસરે ટ્રંકકોલ કરીને મુંબઈ દોડાવ્યો તો જ્યારે શો કેન્સલ થયો તો ટ્રંકકોલ કરીને જાણ કરી શક્યા હોત ને કે હવે નાટકનો શો કેન્સલ થયો છે તો તમે ન આવતા.’ મને બહુ ખરાબ લાગ્યું છે એટલે હું હવે આ નાટકના શો નહીં કરું.’

એ વખતે ભારતીભાભીએ મને કહ્યુંઃ ‘સનતભાઈ, ઉતાવળે કશો નિર્ણય લેતા નહીં. તમે પ્રોડ્યુસરની સ્થિતિ સમજવાની કોશિશ કરજો. કદાચ તેની પણ કોઈ મુશ્કેલી હશે. તેમણે તમને જાણ ન કરી એની પાછળ કદાચ કશુંક કારણ હશે. તેમની કોઈક સમસ્યા હશે.’ ભારતીભાભીની એ વાત સાંભળીને હું શાંત પડ્યો. મેં તેમની સલાહ માની લીધી.

‘મુંબઈ આવ્યા પછી મને ખબર પડી કે પ્રોડ્યુસરે મને બોલાવ્યો એ પછી થોડા સમયમાં જ કોઈ કારણથી એ શો કેન્સલ થયો હતો. તેણે ટ્રંકકોલ કરવાની કોશિશ કરી જોઈ હતી, પરંતુ એ વખતે માથેરાનની ટેલિફોન લાઈનમાં ખરાબા હતી એને કારણે પ્રોડ્યુસર અમે જ્યાં ઊતર્યાં હતા ત્યાં અમારો સંપર્ક કરી શક્યા નહોતા!’

સનતભાઈએ કહેલો એ કિસ્સો સાંભળીને આજે આ વિશે લખવાનો વિચાર આવ્યો.




ઘણી વાર આપણે કોઈ વ્યક્તિની સ્થિતિ જાણ્યા વિના કોઈ નિર્ણય લઈ લેતા હોઈએ ત્યારે આપણાથી કોઈને અન્યાય થઈ જાય કે આપણું નુકસાન થઈ જાય એવી શક્યતા રહેતી હોય છે.

એક પરિચિત વડીલનો કિસ્સો યાદ આવે છે. એક વાર એ મને મળ્યા ત્યારે થોડા અપસેટ હતા. મેં કારણ પૂછ્યું ત્યારે તેમણે પહેલા તો વાત કરવાનું ટાળ્યું, પણ પછી મારા આગ્રહથી વાત કરી.

તેમણે કહ્યું, ‘બે દિવસ અગાઉ મોડી રાતે એક મિત્રનો કોલ આવ્યો. તે ઘણી વાર મધરાતે પણ કોલ કરતો હોય છે. મેં તેને કહ્યું કે ‘કોઈ બહુ જ અગત્યની વાત હોય તો હું થોડીવાર વાત કરી શકીશ નહીં તો મારા માટે અત્યારે વાત કરવાનું મુશ્કેલ છે, કારણ કે અત્યારે હું ખૂબ જ થાકેલો છું અને માંડમાંડ બોલી શકું છું.’ તો કોલ કરનારા મિત્રએ મને કહ્યું કે ‘તારે વાત કરવી હોય તો તું એક કલાકેય કરી શકે છે. તેં મધરાતે પણ ફલાણા માણસ સાથે એક કલાક વાત કરી હતી. એવી પોસ્ટ તેણે ફેસબુક પર પણ મૂકી હતી. હશે! હવે તું મોટો માણસ થઈ ગયો છે એટલે અમારા જેવા નાના માણસ માટે તારી પાસે સમય ક્યાંથી હોય!’

તેમણે મહેણું માર્યું એ સાંભળીને હું અકળાઈ ગયો અને મેં કહી દીધું કે ‘હું અત્યારે વાત કરતા કરતા બેહોશ થઈ જાઉં એટલો થાકેલો છું એ વાતની તને ફિકર નથી. અને તું તારી જ વાતો કર્યે જાય છે! તને મારા પર વિશ્વાસ ન હોય તો આજ પછી કોઈ દિવસ મને કોલ ન કરતો!’

જવાબમાં મિત્રએ ત્રાગું કરતા કહ્યું, ‘બધું સમજાય છે મને! મારી જગ્યાએ બીજા કોઈનો કોલ હોત તો...’

તેણે થોડી વાર કકળાટ કરવાનું ચાલુ રાખ્યું. છેવટે મારી ધીરજનો અંત આવી ગયો એટલે મેં કોલ કટ કરી નાખ્યો.

એ પછી થોડીવારમાં બીજા એક મિત્રનો કોલ આવ્યો. મેં તેનો કોલ રિસિવ ન કર્યો. તો તેણે મને મેસેજ કર્યો કે ‘અર્જન્ટ વાત કરવી છે.’

કોઈને અર્જન્ટ કામ હોય તો હું અડધી રાતે મિત્રો માટે દોડતો હોઉં છું. એટલે મેં તે બીજા મિત્રને સામેથી કોલ કર્યો કે ‘હું થાકેલો છું, પણ અર્જન્ટ હોય તો ટૂંકમાં વાત કરી લઈએ.’

તો મિત્રએ કહ્યું કે ‘આપણા ફલાણા મિત્રનો મને હમણાં કોલ આવ્યો હતો અને એને તારાથી ખરાબ લાગી ગયું છે. તેં તેનો કોલ કાપી નાખ્યો એ ખોટું કર્યું!’

મેં તેને કહ્યું કે ‘તેં આ વાત કરવા માટે મને કોલ કર્યો હતો? આ જ અર્જન્ટ કામ હતું?’

‘હા,આ અર્જન્ટ કામ જ છે ને! તારા આવા વર્તાવથી કોઈને પણ ખરાબ લાગી જાય.’ એટલે મેં તેને કહ્યું કે ‘અત્યારે ને અત્યારે ફોન મૂક ... નહીં તો હું તારો કોલ પણ ડિસકનેક્ટ કરી નાખીશ.’ તો એ મિત્રને પણ માઠું લાગી ગયું! એને કારણે હું અપસેટ થઈ ગયો છું.’

સાર એ છે કે કોઈપણ નિર્ણય ઉતાવળે ન લેવો જોઈએ. આપણે ઉતાવળે કશો પણ નિર્ણય લેતા પહેલા સામે વાળી વ્યક્તિની સ્થિતિ સમજવાની કોશિશ કરવી જોઈએ. ઘણીવાર ઉતાવળે લીધેલા નિર્ણયને કારણે પાછળથી પસ્તાવાનો વારો પણ આવતો હોય છે. ■

મિજાજ મસ્તી

સંજય છેલ
feedback@bombaysamachar.com

# વીતી રજાની મજા... ફરી એ જ રૂટિન સજા

*ટાઈટલ્સઃ*
*ફટાકડો અને જુમલો એક જ વાર ફૂટે. (છેલવાણી)*
*‘સૌથી મોટી ગિફ્ટ કઇ છે?’*
*‘જાતને પ્રેમ કરવો!’*

લ્યો, આ વરસે પણ દિવાળી આવી અને ગઈ. દર વખતે દિવાળી આવતાં પહેલા લેખકો, ચિંતકો દિવાળીની સફાઇ વિશે ડાહ્યું ડાહ્યું લખતાં હોય છે. જેમ કે- ‘જે રીતે આપણે દિવાળીમાં જૂના સામાનને કાઢીને ઘરને સ્વચ્છ કરીએ છીએ એમ મનમાંથી પણ નક્કામી લાગણીઓને બહાર ફેંકી દેવી જોઇએ!’

વેલ, આ સુઝાવ ખૂબ સારો છે, પરંતુ જૂની ડોલ કે પેન કચરા ટોપલીમાં આસનીથી ફેંકી શકાય છે, પણ નક્કામો સંબંધ ગમે તેટલો નક્કામો હોય પણ એ ભૂતકાળ છે ને ભૂતકાળનો નાશ કરી શકવાની ફોર્મ્યુલા ભગવાન પાસે પણ નથી! વળી નક્કામી લાગણીઓને એક્ઝેટલી કઇ રીતે સાફ કરવી એ કોણ કહેશે?

ઇંગ્લેંડમાં સુઝેન રૂટ નામની મહિલાનાં મનમાં ગજબનો કરારો ભરાઇ ગયો હતો. કોઇ ગીત કે સંગીત એની આસપાસ ના વાગતું હોય તોયે એ એને સંભળાયા કરતું.

સુઝેનનાં મનમાં ‘હાઉ મચ ઇઝ ધ ડોગી ઇન ધ વીન્ડો’ એ ગીત ચાર ચાર વરસથી સતત ગુંજ્યા કરતું હતું. સાલું, એ ગીત એનાં મનમાંથી હટતું જ નહોતું. એને દિવસે તો વાંધો આવતો નહોતો પણ રાત્રે એ ગીત જરાયે સહન થતું નહોતું, કારણ કે રાત્રે આસપાસ શાંતિ હોય છે અને રાતની નીરવ શાંતિમાં એ ગીત વધારે જોરથી મનમાં પડઘાતું.

એણે એક મનોવૈજ્ઞાનિકની મદદ લીધી, થોડો ફાયદો પણ થયો પણ પછી એને જૂડી ગારલેંડનું ગીત ‘સમવેર ઓવર ધ રેઇન બો’ સંભળાવા માંડ્યું! લ્યો, આ વળી નવી ઉપાધિ! પણ જો સુઝેન રૂટ ભારતીય હોત તો આપણે એને સમજાવી દીધી હોત કે દિવાળીમાં ઘરની સફાઇ સાથો સાથ મનની સફાઇ કરવી જરૂરી છે!

એવામાં અમુક વૈજ્ઞાનિકોએ એવી દવા શોધી છે, જે તમારી ખરાબ યાદોને એકદમ સાફ કરી શકે. ‘મેમરી એક્સિંગ્શન’ એટલે કે ‘સ્મૃતિ વિનાશક’ દવા બનાવી છે, તમારાં ભય, તમારી કડવી યાદો, તમારી નફરત એ બધાંને મિટાવી નાખે! ‘ફીંગોલીમોડ’ નામની દવા લોહીમાં ભળીને દિમાગ સુધી જઇ અને યાદોની દિવાલો તોડીને ખરાબ યાદોને મિટાવી શકે છે.


દરેક દિવાળીએ આપણે ઘર સાફ કરીએ એમ આવી દવાની ટેબલેટ લઇને મન પણ સાફ કરવું જોઈએ. શક્ય છે કે અમુક વરસ બાદ આપણે ત્યાં આવી દવાઓ દિવાળી પર એકબીજાને ત્યાં ભેટ આપવાનો રિવાજ પણ બની શકે.

આપણાં મનમાં પણ નફરત, ખોટા પૂર્વગ્રહો, ખોટા વિચારો, ગુસ્સો, ફરિયાદ, પંચાત એવું કેટકેટલું ઘર કરી ગયું છે ને? પેલાંએ મને પાર્ટીમાં ‘કેમ છો?’ ના પૂછ્યું, ‘પેલીએ મારી સાડીનાં વખાણ ના કર્યાં’, ‘પેલો મારાં પૈસા ખાઇ ગયો’... આવા બધાં વિચાર આપણાં મનનાં ગોડાઉનમાં જમા થાય છે તો ચાલો નવા વરસે આપણે મનની સફાઇ કરી આ બધી વાતોને ઝૂડીને બહાર કાઢીએ! જાલિમ જાતને જંઝોડીને જીવી લઇએ.

*ઇન્ટરવલઃ*
*બે દીવા ઝાંઝા બળે ત્યારે દિવાળી થાય છે.*
*(મરીઝ)*

-તો મહેરબાન- કદરદાન, ફોર્મ્યૂલા એ છે કે - જાણતા-અજાણતા કોઇની નિંદા કૂથલી કરી હોય કે કોઇનું મન દૂભાવ્યું હોય એની મનથી માફી માગી લેવાનો પ્લાન કરજો. અરે, નાના અમથા, નરી આંખે ના દેખાતા વાયરસમાં જીવનને ખતમ કરવાની તાકાત હોય તો શું આપણે આટલા મોટા થઇને વેર-ઝેરને ખતમ ના કરી શકીએ?

નવા વર્ષથી જીવનની પાટીને સાવ સાફ કરીને એના પર નવી વાર્તા લખાવાની હોય એમ વિચારીને જેની સાથે વરસોથી કિટ્ટા હોય, એ બધાને મળવાનું એક લાગણીભીનું લિસ્ટ બનાવજો, જેની સાથે અબોલા હોય એની પાસે કાન પકડવાની અરીસા સામે પ્રેકટિસ કરજો, અને બીલિવ મી.. તમે તમને પોતાને જ બહુ ક્યૂટ લાગવા માંડશો!




તમે વરસોથી નેપાળ કે સ્વિત્ઝરલેંડ જવાના પ્લાન કે મનસૂબા બનાવ્યા હોય ને હજી ચાન્સ જ ના મળ્યો હોય તો આંખ મીંચીને તમને પોતાને ત્યાં કલ્પી જોજો વગર પાંખે ઉડવામાં પાસપોર્ટ-વિઝા નથી લાગતા! કોને ખબર વરસ-બે વરસમાં અત્યારે કલ્પેલી વાત સાચી પણ ઠરે! મર્યા પછી સ્વર્ગ છે કે નહીં એની કોઇ ગેરેંટી નથી છતાં એની આશાએ ડરી ડરીને જીવી નાખીએ છીએં તો જે સ્થળ છે એમાં જવાની આશા સાથે પળ-બેપળ જીવવામાં શું ખોટું છે?

તમે ક્યારેક તમારા ખર્ચામાંથી બચાવીને તમારા પ્રિય પાત્ર માટે કોઇ ગિફ્ટ ખરીદી હતી.

ભલે એ ગિફ્ટ હજારો-લાખોની નહોતી, પણ એમાંથી જે લખલૂંટ ખુશી તમને મળી હતી એ ક્ષણને સંભારજો! શું મેળવ્યું કે શું ગુમાવ્યું-ના હિસાબ કિતાબ પડતા મૂકીને, નવા વર્ષે એક સાડી કે ચોકલેટ બોક્સ ખરીદવાનો ઉત્સાહ, આશા સાથે જીવવાનું ટોનિક આપશે.

યાદ કરજો પહેલી કમાણી જેને તમે તમારા મિત્રો સાથે શેર કરી હતી કે પછી ચાની ટપરી કે નાનકડી હોટેલમાં મિત્રોને આપેલી પાર્ટી હોય, એમાં દુનિયા જીતી લીધી હોય એવી જે ફિલિંગ થઇ હોય એ ક્ષણોને યાદોનાં આલ્બમમાંથી ખંખેરીને એકવાર અડી લેજો... તમારા ટેરવાં તાજા થઇ જશે ને આવનારા સમયનો ડર પળભરમાં વિસરાઇ જશે!.

સૌથી મોટી વાત, બીજાને કરી શકો કે નહીં પણ સૌથી પહેલાં જાતને માફ કરજો, તમારી ખામીઓથી ખુદને દુઃખી કરશો નહીં અને ખૂબીઓ પર ફોકસ આપી આવનારા નવા સમય, નવા જીવનને આવકારજો કારણ કે તમારા માટે તમારાથી શ્રેષ્ઠ ચીજ કોઇ જ નથી... ટ્રાય કરી જુઓ, સપનાં જોવા પર સેલ્સ ટેક્સ નથી લાગતો!

આનાથી વધારે ફીલગુડ ફિલોસોફી આપણને નથી આવડતી ને એટલે જ કદાચ સુખી છીએં.

*એન્ડ-ટાઈટલ્સઃ*
*આદમઃ કચરો કાઢ્યો*
*ઈવઃ તારા મનનો કે મારા મનનો?* ■

# એક બાળક...એક મંચ આત્મવિશ્વાસ ને પેરેન્ટિંગના સબક

મોર્નિંગ મ્યૂસિંગ
રાજ ગોસ્વામી
feedback@bombaysamachar.com

દિવાળીમાં ફટાકડા ફૂટે તે પહેલાં, ‘કૌન બનેગા કરોડપતિ’ ગેમ શોના એક એપિસોડને લઈને સોશ્યલ મીડિયા પર બહુ તડાકા-ભડાકા થયા. અમિતાભ બચ્ચનના આ સૌથી લોકપ્રિય શોની પ્રતિસ્પર્ધામાં એક પ્રતિભાશાળી બાળકે ભાગ લીધો હતો (તેની ઉંમરને જોતાં આપણે તેનું નામ ટાળીએ). શરૂઆતમાં તો તેની બુદ્ધિમત્તા, હાજરજવાબી અને આત્મવિશ્વાસે (અમિતાભ સહિત) સૌનું ધ્યાન આકર્ષિત કર્યું, પરંતુ ગેમ જેમ જેમ આગળ વધતી ગઈ તેમ તેમ તેનો આત્મવિશ્વાસ ધીમે-ધીમે અતિ-આત્મવિશ્વાસમાં તબદીલ થતો ગયો. તેની જવાબો આપવાની રીત, સવાલોની ખીલ્લી ઉડાવવાની વૃત્તિ અને દરેક નિર્ણયમાં પોતાને ‘સાચા’ માનવાની માનસિકતા- આ બધાએ દર્શકોને એ વિચારવા માટે મજબૂર કરી દીધા કે આ આત્મવિશ્વાસ હતો કે ઉદ્ધતાઈ કે પછી અહંકારની ઝલક? સોશ્યલ મીડિયા પર તેની વીડિયો ક્લિપ શેર કરીને બહુ બધા યુઝર્સે તો તેને બત્તમીજી ગણાવી તો અમુક લોકોએ એ બાળકનું આવું વર્તનને પેરન્ટસની ઘોર નિષ્ફળતા પણ ગણાવી હતી.

બાળકના વ્યવહાર પર દર્શકોની પ્રતિક્રિયાઓ એટલી આકરી હતી કે કદાચ હોસ્ટ અમિતાભ બચ્ચન પણ ડઘાઈ ગયા હોવા જોઈએ, જે સામાન્ય રીતે હોટ સીટમાં બેસતા પ્રકાર-પ્રકારમાં પ્રતિયોગીઓ સાથે મોજ લેતા હોય છે અને જે ‘કૌન બનેગા કરોડપતિ’ને કોઈપણ પ્રકારની ભૂલ કે વિવાદથી છેટા રાખવાની દરકાર કરતા હોય છે.

ઘણા લોકોએ અમિતાભના ધૈર્ય અને સંયમની પ્રશંસા કરી કે તેમણે બાળકના વર્તનને શાંતિથી સહન કર્યું. કેટલાક લોકોએ કહ્યું કે બાળકની ભૂલ નથી, પરંતુ એના ઉછેરમાં કમી છે કે તેને ધૈર્ય અને શિષ્ટાચાર શીખવવામાં આવ્યો નથી.

એક યૂઝરે લખ્યું, ‘બાળક સ્માર્ટ છે, પરંતુ તેને એ સમજવું જરૂરી છે કે મંચ પર બધાની ઈજ્જત કરવી જરૂરી છે.’

આ એપિસોડ સાહજિક હતો કે સ્ક્રિપ્ટેડ એ તો ખબર નથી, પણ આવો આત્મવિશ્વાસ એક સાર્વજનિક તમાશાનો વિષય બને અને તેને એક સિદ્ધિ ગણવામાં આવે તે પેરેન્ટ્સ તરીકે અને એક સમાજ તરીકે ચિંતાની બાબત છે. એક વધુ પડતું લાડ-લડાવેલું બાળક એમ માનતું થઇ જાય કે તેનો વ્યવહાર પ્રશંસા પાત્ર છે તો તેના ભવિષ્ય માટે અહિતકારી છે.

મનોવિજ્ઞાનમાં તેને ‘સિક્સ પોકેટ સિન્ડ્રોમ’ કહે છે- ખાવાનું, રમકડાં, એટેન્શન, વખાણ, ગેજેટ્સ અને લાડની ટેવ હોય તે. પાણી માગે તો દૂધ હાજર કરી દેવાની વૃત્તિ. માતા-પિતા અને દાદા-દાદીના હાથે અતિશય લાડમાં ઉછરેલાં બાળકોમાં ધીરજ ઓછી હોય છે, માત્ર લેવાની જ ભાવના હોય છે, નિરાશાને સહન કરવાની તાકાત નથી હોતી અને ‘ના’ સાંભળવાની તૈયારી નથી હોતી.

આત્મવિશ્વાસ એવી શક્તિ છે જે બાળકને આગળ વધવાની હિંમત આપે છે, પરંતુ જ્યારે એ આત્મવિશ્વાસ અનુભવ, વિનમ્રતા અને શીખવાની ક્ષમતા વગર આવી ગયો હોય ત્યારે તે અતિ-આત્મવિશ્વાસ બની જાય છે- જે અંતે ખોટા નિર્ણયો અને નિષ્ફળતાનું કારણ બને છે.

પેલા બાળકના જવાબોમાં ઘણી વખત ‘આ તો હું જાણું છું’નો ભાવ એટલો પ્રબળ હતો કે તે પ્રશ્નને પૂરો સાંભળ્યા વગર જ જવાબો આપતો હતો. આ વૃત્તિ આજના સમયમાં એક ઊંડી માનસિક સમસ્યાને દર્શાવે છે- તાબડતોબ પણ ઉપરછલ્લું જ્ઞાન. આજનાં બાળકો તેજ છે, પણ ગહેરાઈમાં જતાં નથી.



આજનાં પેરેન્ટ્સ તેમનાં બાળકોને લઈને બહુ મહત્ત્વાકાંક્ષી હોય છે. એ ઇચ્છતાં હોય છે કે તેમનું બાળક ‘સૌથી આગળ રહે.’- સૌથી બુદ્ધિશાળી, સૌથી પ્રતિભાશાળી, સૌથી આત્મવિશ્વાસી... આ પ્રક્રિયામાં એ ઘણીવાર ‘વિનમ્રતા’ અને ‘ધૈર્ય’ શિખવવાનું ભૂલી જાય છે. એવાં બાળકોને જ્યારે દરેક બાબતમાં પ્રશંસા મળે છે- ‘વાહ, તું તો જિનિયસ છે!’ ‘વાહ, તું તો બધું જાણે છે!’- ત્યારે તેનામાં ‘કૃત્રિમ શ્રેષ્ઠતાનો ભાવ’ વિકસવા લાગી જાય છે. ધીરે-ધીરે આ ભાવ અતિ-આત્મવિશ્વાસમાં ફેરવાઈ જાય છે, જ્યાં બાળક ટીકા સાંભળવાનું, ભૂલ સ્વીકારવાનું અથવા શીખવાનું ટાળવા લાગે છે.

અમેરિકન મનોચિકિત્સક કેરોલ ડ્વેકે તેમના સંશોધનમાં બતાવ્યું છે કે બાળકોની ઉછેરમાં બે માનસિકતા હોય છે- ફિક્સ્ડ માઈન્ડસેટ અને ગ્રોથ માઈન્ડસેટ. ફિક્સ્ડ માઈન્ડસેટવાળું બાળક એવા વિચારમાં રાચતું હોય છે કે ‘હું બુદ્ધિમાન છું, મને બધું આવડે છે.’ જ્યારે તે નિષ્ફળ જાય, તો તે સહન નથી કરી શકતું, કેમ કે તેને લાગે છે કે તેની ‘સ્માર્ટનેસ’ ખતમ થઈ ગઈ છે.

બીજી તરફ, ગ્રોથ માઈન્ડસેટવાળું બાળક એમ માનતું હોય છે કે ‘હું પ્રયત્ન કરીને શીખી શકું છું.’ તેની ઊર્જા શીખવામાં જ જાય છે, આવડતનો દેખાડો કરવામાં નહીં. ગેમ શોમાં પેલા બાળક જેવાં અનેક બાળકો ફિક્સ્ડ માઈન્ડસેટનો શિકાર છે- કેમ કે સમાજ અને પેરેન્ટ્સ બંનેએ તેમને શીખવ્યું છે કે ‘ભૂલ કરવી એ કમજોરીની નિશાની છે.’

KBC જેવા મંચ બાળકોની પ્રતિભા પ્રદર્શિત કરવાની તક આપે છે, પરંતુ તે સમાજનો આયનો પણ છે. પેલું બાળક એ વાતનો પુરાવો છે કે આપણાં બાળકોમાં જ્ઞાનની ખોટ નથી, પરંતુ ભાવનાત્મક બુદ્ધિમત્તા (Emotional Intelligence)નો અભાવ છે. દિમાગ તેજ છે, પરંતુ સંયમ નથી. જાણકારી છે, પણ વિનમ્રતા નથી. અને આ ખોટ માત્ર બાળકની નથી, પણ તે કૌટુંબિક વાતાવરણની છે જેમાં તે મોટો થાય છે.

આ બાળકનો વધુ પડતો આત્મવિશ્વાસ આપણને યાદ અપાવે છે કે શાણપણ માત્ર જાણવામાં નથી, સમજવામાં છે. સાચું જ્ઞાન વ્યક્તિને નમ્ર બનાવે છે, અહંકારી નહીં. આપણને એવા બાળકોની જરૂર છે જે પ્રશ્નોના જવાબો યાદ ન રાખતા હોય, પણ પ્રશ્નો પૂછવાની હિંમત ધરાવતા હોય. દરેક જીત પછી તે કહી શકે છે ‘હું આજે કંઈક નવું શીખ્યો.’ કેબીસીનો એપિસોડ સમગ્ર સમાજનો અરીસો છે- જ્યાં આપણે બાળકોને ઝડપથી અને સ્માર્ટ રીતે ઉછેરવા માગીએ છીએ, પરંતુ તેમને ઊંડાણપૂર્વક શીખવવાની તમા નથી રાખતા.

બાળકોને શીખવાનો આનંદ શીખવવાની જરૂર છે, જીતનું જનૂન નહીં. બાળકને જ્યારે એવું લાગશે કે દરેક ભૂલ શીખવાનો એક અવસર છે, ત્યારે તે અસફળતાથી નહીં ડરે. એટલા માટે, તેની ઉપલબ્ધીની અતિ-પ્રશંસાથી બચવું- ‘તું તો જીનિયસ છે’ એવું કહેવાને બદલે, ‘તેં સરસ મહેનત કરી’ એવું કહેવું. તેનાથી બાળક પોતાને જીનિયસ સાબિત કરવાને બદલે મહેનતને સાબિત કરવા પ્રયાસ કરશે. બાળકોને ઉડતાં જરૂર શીખવવું જોઈએ, પણ તેમને એ ખબર હોવી જોઈએ કે જમીન પર પગ કેવી રીતે રાખવા તે પણ ઊડવાની કળાનો જ હિસ્સો છે. ■

# ‘હાર્યો જુગારી બમણું રમે’ એ માનસિકતામાંથી મુક્ત થાવ...

## ‘બજારમાં થયેલું નુકસાન હું ત્યાંથી જ નફો કરી કાઢી લઈશ’ એ વૃત્તિ-પ્રવૃત્તિ મોટાભાગના ટ્રેડર્સ અને રોકાણકારોમાં પણ હોય છે. એને સમજો ને એમાંથી લો સબક...

ઈકો-સ્પેશિયલ
જયેશ ચિતલિયા
feedback@bombaysamachar.com

‘બજારમાં મને નુકસાન થયું, હું બદલો લઇ નફો કરીને દેખાડીશ...’

શેરબજારમાં આવી ખતરનાક ભાવનાત્મક પ્રતિક્રિયા જોખમી છે. એનાથી બજારમાં નોંધપાત્ર નુકસાન થયા પછી તરત જ એ રિકવર- પુન : પ્રાપ્ત કરવાં આક્રમક, ઉચ્ચ-જોખમવાળા નિર્ણયો રોકાણકારો-ટ્રેડર્સ લે છે, જે અનિવાર્યપણે પ્રારંભિક નુકસાનને ઓર વધારે છે.

એક હકીકત જાહેર છે કે ઇક્વિટી ડેરિવેટિવ્ઝમાં ૯૧% થી વધુ રિટેલ પાર્ટીસીપન્ટ્સે નુકસાન કરે છે. તેમનું સામૂહિક નુકસાન વાર્ષિક રૂ. ૧ લાખ કરોડથી પણ વધુ છે. પ્રતિ વ્યકિત-ઈન્વેસ્ટર(ટ્રેડર) સરેરાશ નુકસાન લગભગ ₹૧.૧ લાખ થાય. આ હકીકત દર્શાવે છે કે આ ફક્ત બદનસીબની વાતા નથી, પરંતુ પરિસ્થિતિનું મૂલ્યાંકન કરવાનો ઇનકાર અને પોતાની જીદને કારણે રોકાણકારે ભોગવવી પડતી નુકસાનીનું સત્ય છે.

‘બજાર મારાં નિયંત્રણમાં છે’નો ભ્રમ દરેક ઈન્વેસ્ટર-ટ્રેડર માને છે કે તેમની ક્રિયાઓ તર્કસંગત છે, છતાં અચાનક નુકસાન થવાથી તર્ક તરત જ ભાગી જાય છે. ‘થિંકિંગ, ફાસ્ટ એન્ડ સ્લો’ પુસ્તકમાં દર્શાવાયેલી મુખ્ય મનોવૈજ્ઞાનિક જાળનો સિદ્ધાંત મનની બેવડી પ્રક્રિયામાં રહેલો છે. પીડાદાયક નુકસાનીના આંચકા પછી માણસનું મગજ ઝડપી, ભાવનાત્મક અને આવેગજન્ય બનીને નિર્ણય લેવડાવે છે. આ ઝડપી મગજ મોહક જૂઠાણાની જાળમાં ફસાવે છે : ‘ફક્ત એક જ સોદો, અને તમે નુકસાનીમાંથી નીકળી શકો છો.’

બીજી ઘટનામાં મગજ પરિસ્થિતિનો લાભ લેવા માટે ઓછી કિંમતે વધુ ખરીદી કરવાનો વિકલ્પ સારો (ઓપ્શન ટ્રેડિંગનો) એવું વિચારે છે, પરંતુ સત્ય એ છે કે તેવું હકીકતમાં થતું નથી. પુરાવા આ પેટર્નની પુષ્ટિ કરે છેઃ જે ટ્રેડરો નોંધપાત્ર નુકસાનનો સામનો કરે છે એ લોકો ઉત્તરોત્તર પછીનાં સત્રમાં તેમના સોદાનું પ્રમાણ વધારે છે. આપણી એક કહેવત છે : ‘હાર્યો જુગારી બમણું રમે....’

કમાણીના આનંદ કરતાં નુકસાનીનું દર્દ વધુ. સામાન્ય પરિસ્થિતિમાં જ્યારે નફાની શક્યતા વધારે હોય છે, ત્યારે રોકાણકારો રૂઢિચુસ્ત બની જાય છે અને સમય પૂર્વે જ ઓછો લાભ બુક કરે છે. તેવી જ રીતે, નાના નુકસાનથી ગભરાઇને આખો પોર્ટફોલિયો સાફ કર્યા પછી, (મોટા આંચકા પછી) ટર્ન લેતાં પસ્તાય છે. ફરીથી નફો કરવા-કમાવાનો કોઈપણ સંભવિત માર્ગ, ભલે ગમે તેટલો વિનાશક હોય, સટોડિયાને તર્કસંગત લાગવા લાગે છે. આવા વિનાશક વ્યૂહમાં પૈસા ગુમાવવાની માનસિક પીડા તેને પૈસા મળવાથી મળેલા આનંદ કરતાં લગભગ બમણી શક્તિશાળી હોય છે. આવા અસંતુલનમાં નુકસાન સરભર કરવાની ઘેલછામાં યોજનાનું સ્ટેપવાઇસ પાલન કરવા અને નુકસાન ઘટાડવાને બદલે, વેપારી મનોવૈજ્ઞાનિક સાપ- સીડીનો ભોગ બની બેદરકારીથી વધુ મૂડી ગુમાવે છે. આમાં ઇક્વિટી




ટ્રેડર્સ કોઈપણ વ્યૂહાત્મક આધાર વિના ઓપ્શન્સ અથવા ફ્યુચર્સ જેવા ઉચ્ચ-લીવરેજ સાધનો તરફ આવેગમાં આવીને ઢળે છે. એ લોકો અન્ય સંભાવનાની ગણતરી કરી શકતાં નથી. એ ફક્ત નુકસાનની પીડાને ભૂંસી નાખવાનો પ્રયાસ કરી રહ્યા હોય છે.

ટ્રેડર્સ મોટી જીતની મામૂલી તકને અતાર્કિક રીતે વધુ પડતી મૂલવી લોટરીની ટિકિટ જેમ ઝડપે છે. ખાસ કરીને પોર્ટફોલિયો રેડ કલરનો થવા લાગે ત્યારે ટ્રેડર ઠગારી આશાને એક વ્યૂહરચના ગણી રમવાનું શરૂ કરે છે. એ પોઝિશનનું કદ વધારે છે, નિર્ધારિત જોખમ મર્યાદાઓથી આગળ વધી સ્ટોપ-લોસને લંબાવે છે અને વાસ્તવિકતાના બદલે ઇચ્છાપૂર્ણ વિચારસરણીને અનુસરીને એક ચમત્કારિક સોદાની શોધમાં પોતાના નિયમોને અવગણે છે.

આ માનવીય નબળાઈને આધુનિક ટેક્નોલોજીએ ઓર બહેકાવી છે. ટ્રેડિંગ એપ્લિકેશન્સ ઘર્ષણ રહિત ડિઝાઇન, સતત સૂચનાઓ અને ફ્લેશિંગ નફા-નુકસાનના આંકડા દેખાડતી બનાવવામાં આવી છે જે ઝડપી મગજને સતત હાવી થવા દે છે.

**નાણાકીય સ્વાસ્થ્ય પુનઃપ્રાપ્ત કરવાના ઉપાય**

(૧)સંપૂર્ણપણે થોભોઃ

નુકસાન થયા પછી ઓછામાં ઓછા બે અઠવાડિયા માટે સોદાથી દૂર રહો.

(૨)પોસ્ટ-મોર્ટમ કરોઃ

શું ખોટું થયું તેનું દસ્તાવેજીકરણ કરતી વિગતવાર નોંધ લખી એન્ટ્રી ટાઇમિંગ, પોઝિશન સાઈઝ એરર્સ, ઓવરકોન્ફિડન્સ અને અવગણવામાં આવેલા સ્ટોપ-લોસ ઓર્ડર્સની સમીક્ષા કરી સ્પષ્ટ, લેખિત શબ્દોમાં ભૂલો જોવાથી એમનું પુનરાવર્તન ટાળી શકાય છે.

(૩)રિકવરીનું ગણિત કરોઃ

એક વાત સમજી લો કે ૫૦% નુકસાનની રિકવરી માટે ૧૦૦% નફો થવો જરૂરી છે. આ સોનેરી સલાહ હંમેશાં દેખાતી રહે એમ ડિસ્પ્લે કરો.

(૪)જોખમને ફરીથી ડિફાઇન કરોઃ

પ્રતિ વેપાર જોખમમાં મુકાયેલી પોર્ટફોલિયો મૂડીની મહત્તમ નિશ્ચિત ટકાવારીમાં નોંધપાત્ર ઘટાડો કરો (દા.ત., ૫% થી ઘટાડીને ૨%).

(૫)ધીમે ધીમે ફરીથી પ્રવેશ કરોઃ

બજારમાં ભારે માર ખાધા પછી નાની નાની પોઝિશન /રોકાણથી શરૂઆત કરો અને શિસ્તનું અત્યંત કડક મર્યાદાઓ સાથે પાલન કરો. સક્રિય, આક્રમક માનસિકતા ઠંડી પડે ત્યારે પુનઃ મૂડી સર્જન માટે સ્ટેબિલાઇઝર્સ તરીકે મ્યુચ્યુઅલ ફંડ્સ, એસઆઇપી અથવા ઇટીએફ જેવા લાંબા ગાળાનાં રોકાણ માધ્યમોનો ઉપયોગ કરો.

(૬)જવાબદારી ઉમેરોઃ

તમારી સોદા બુકને માર્ગદર્શક અથવા વિશ્વસનીય વ્યક્તિ સાથે શેર કરો. તેમની સાથે શેર કરવાના કારણે બહાર સારા દેખાવાની ભાવનાનું પ્રદર્શન અને જોખમ લેવામાં જાતને છેતરવાનું ઓછું થતાં બહેતર દેખાવ કરી શકશો.

નવા વરસે આ સંકલ્પ લેવા જેવો...

બજાર ન ગમે એવું પણ પૂર્ણ સત્ય શીખવે છે તે એ છે કે તેને ટ્રેડરના વ્યક્તિગત સંઘર્ષ અથવા પુનરુત્થાનની વાર્તા સાથે કાંઇ જ લાગતું વળગતું નથી. બજાર અવિરતપણે શિસ્તને પુરસ્કાર આપે છે અને ભાવનાઓને સજા કરે છે. બજારની ગતિવિધિઓની આગાહી કરીને નહીં, પરંતુ પોતાના આવેગનું સંયમન કરીને નિયંત્રણ પ્રાપ્ત થાય છે. રિકવરી માટે જરૂરી છે કે બજાર સામે લડવાનું બંધ કરવું અને સ્વનું સંચાલન કરવું, કારણ કે બજાર કાલે પણ હશે, પરંતુ બદલાની ભાવના સાથેના વેપારમાં ગુમાવેલી મૂડી કદાચ કાલે નહીં હોય.

નવા વરસે આટલી સાદી વાતોને સમજીને ચાલવાનું નક્કી કરો, બજારની ચાલ ઈન્વેસ્ટર્સને સાઈકોલોજિકલ અસર કરે છે, જેથી બજાર કરતાં વધુ ચંચળ રોકાણકારનું મન હોય છે એ વાત ખાસ યાદ રાખો...

નવા વરસે સારી-સફળ રીતે સંપત્તિ સર્જન કરી શકો એવી શુભેચ્છા... ■

# મેઘાલયમાં છે વિશ્વની સૌથી લાંબી રેતીના પથ્થરની ગુફા!

હેં... ખરેખર?!
પ્રફુલ શાહ
feedback@bombaysamachar.com

હરવાફરવાથી સારું શું? નિતનવા સ્થળે જવું ને એને જોવું, માણવું, પામવું ને જીવવું એટલે અલૌકિક અનુભવાનંદ. આપણે દુનિયાભરના અવનવા જોવા લાયક સ્થળો શોધીએ અને ત્યાં જવા તલપાપડ થઇએ છીએ, પરંતુ દુર્ભાગ્યે કેટલાય સ્વદેશી પણ વિશ્વભરમાં વિશિષ્ટ ગણાતી જગ્યાની આપણને જાણકારી સુધ્ધાં નથી. આવું એક નામ છે ક્રેમ પુરી ગુફા.

આપણામાંથી મોટાભાગનાને આશ્ચર્ય થશે કે આ વળી કઇ ગુફા? શું ખાસ છે એમાં? એ વળી છે ક્યાં?

ભારતના ઉત્તરપૂર્વીય રાજ્ય મેઘાલયમાં દુનિયાની સૌથી લાંબી રેતીના પથ્થરની ગુફા એટલે ક્રેમ પુરી ગુફા. આ ખાસી, જયંતિયા અને ગારો ટેકરીઓના લીલાછમ જંગલોમાં ચૂનાના પથ્થર અને રેતીના પથ્થરની ગુફાઓની અંધારી દુનિયા આવેલી છે. ૨૦૧૮માં મેઘાલયમાં વિશ્વની સૌથી લાંબી રેતીના પથ્થરની ગુફા મળી આવી હતી. એની લંબાઈ ૨૪,૫૮૩ મીટર છે. આ શોધે વૈજ્ઞાનિકો, જાણકારોમાં કુતૂહલ અને જિજ્ઞાસા જગાવ્યા. ૨૦૧૮ના માર્ચમાં, મેઘાલય સાહસિક સંગઠન દ્વારા હજી વણસ્પર્શ્યા અને અજાણ્યા પ્રદેશોનું અન્વેષણ કરવા માટે સ્પેલિયોલોજિસ્ટ્સ અને ગુફાઓની એક ટીમની રચના કરીને વિશેષ અભિયાન હાથ ધર્યું હતું.

આ અભ્યાસ જૂથે સતત ૨૫ દિવસ સુધી ક્રેમ પુરી ગુફા પ્રણાલીનું અન્વેષણ કર્યુ હતું. અહીંના રેતીના પથ્થરોની દિવાલો સાથેની તેની ભવ્ય રચનાથી તેઓ આશ્ચર્યચકિત થઈ ગયા. લાખો વર્ષોથી કુદરતે બનાવેલી આ સુંદર રચનાઓ મંત્રમુગ્ધ કરનારી ભવ્યતાનું સર્જન હતી. આ ગુફા સંશોધકો માટે વિજયની પળ જ નહિ, વૈજ્ઞાનિક સીમાચિન્હરૂપ હતી. આ ભૂસ્તરશાસ્ત્રીય અજાયબીઓએ પૃથ્વીના ઇતિહાસ, ભૂતકાળની આબોહવા અને ગ્રહની સપાટીને આકાર આપતી પ્રક્રિયામાં અમૂલ્ય સમજ પૂરી પાડી હતી. ભાવિ પેઢીઓ માટે અન્વેષણ અને અભ્યાસ હાથ ધરવા આ ગુફાઓની ભૂસ્તરશાસ્ત્રીય અને પર્યાવરણીય અખંડિતતાના મહત્ત્વપૂર્ણ બની રહેવાની હતી.

ક્રેમ પુરી ગુફાઓની શોધે મેઘાલયને આકર્ષક ગુફા પ્રણાલીઓના અભ્યાસ કેન્દ્ર તરીકે વૈશ્વિક નકશા પર મૂક્યું હતું. આ રાજ્યની અગાઉથી જ સમૃદ્ધ કુદરતી અજાયબીઓના આકર્ષણમાં વધારો થયો હતો. આ શોધે કાર્સ્ટ લેન્ડસ્કેપમાં વધુ સંશોધનને પણ પ્રોત્સાહન આપ્યું, જેનાથી ગ્રહના ભૂસ્તરશાસ્ત્રીય વારસાની આપણી સમજણમાં વધારો થયો હતો.

### અહીં જાણીએ કે કાર્સ્ટ લેન્ડસ્કેપ એટલે શું?

ઇન્ટરસ્ટ્રેટલ કાર્સ્ટ એ કાર્સ્ટ લેન્ડસ્કેપ છે જે અદ્રાવ્ય ખડકોના આવરણની નીચે વિકસિત





થાય છે. સામાન્ય રીતે આમાં દ્રાવણમાંથી પસાર થતા ચૂનાના પત્થરના સ્તરના રેતીના પત્થરોનું આવરણ હોય છે.

ક્રેમ પુરી ગુફાઓનું પ્રારંભિક સંશોધન અને દસ્તાવેજીકરણ, જયંતિયા ટેકરીઓમાં શરૂ થયું હતું, કારણ કે આ પ્રદેશ તેના સમૃદ્ધ કાર્સ્ટ લેન્ડસ્કેપ માટે જાણીતો છે. આ લેન્ડસ્કેપ અને તેની અંદરની રચનાઓ જમીનમાં નીચે આવતા પાણી દ્વારા દશેક લાખ વર્ષોમાં આકાર પામે છે. જ્યારે અભિયાન ટીમે ગાઢ જંગલ, કઠોર ભૂપ્રદેશ અને ભૂગર્ભ માર્ગોમાંથી પ્રવાસ શરૂ કર્યો, ત્યારે તેમને અનેક પડકારોનો સામનો કરવો પડ્યો. જેમ જેમ તેઓ જંગલમાં વધુ ઊંડા ઊતરતા ગયા, તેમ તેમ છુપી અજાયબી સમી ક્રેમ પુરી ગુફાઓ મળી જે રેતીના પથ્થરની બનેલી હતી.

મેઘાલયના રાજ્ય વિશાળ ગુફા પ્રણાલીઓ ધરાવે છે. તેણે નિષ્ણાતો અને સાહસિકોનું ધ્યાન ખેંચ્યું, જેને પગલે રાજ્યની ગુફાઓ વિશે વધુ જાણવાની તક મળી છે. આને મેઘાલયમાં ફરવા માટેનાં શ્રેષ્ઠ સ્થળોમાંનું એક બનાવ્યું. એટલું જ નહિ,પ્રદેશના ઇતિહાસ અને ભૂસ્તરશાસ્ત્રીય ઉત્ક્રાંતિને જાણવા- સમજવાનો અવસર મળ્યો. આ ગુફાઓ થકી મેઘાલયની ભૂસ્તરશાસ્ત્રીય અજાયબીઓથી જ માહિત કરતી નથી પરંતુ પ્રાચીન અવશેષો અને પ્રારંભિક માનવ વસાહતોના અવશેષો સહિત મહત્ત્વપૂર્ણ પુરાતત્ત્વીય તારણો સુધી જવાની રાહ ચીંધે છે.

બાકી,આ સિવાય મેઘાલયમાં અનેક આહ્લાદક આકર્ષણો છે. જેમ કે તનમનને તરબતર કરી મૂકનારા તાજા પર્વતીય પવન, સતત વરસતા ધોધનો અવાજ, જીવંત ડબલ-ડેકર રુટ બ્રિજ(જીવંત વનસ્પતિ પુલ) વગેરે. કુદરતી સૌંદર્યની સમૃદ્ધ ભૂમિમાં વર્ષભર સુખદ વાતાવરણ, રાષ્ટ્રીય ઉદ્યાનોમાં મનોહર લેન્ડસ્કેપ્સ, લીલીછમ હરિયાળી અને સમૃદ્ધ જૈવવિવિધતા ય ખરી જ.

છાશવારે પરદેશ દોડી જવા અગાઉ આપણો દેશ પૂરેપૂરો નહિ તો થોડોઘણો જોવો ન જોઈએ? ■

સ્પોટ લાઈટ

મહેશ્વરી
feedback@
bombaysamachar.com

# પ્રેક્ષકોનો પ્રેમ-કલાકારનો કુબેરનો ખજાનો

**અમેરિકાનો** આનંદદાયક પ્રવાસ પૂરો કરી હું મુંબઈ પાછી ફરી મારા વન રૂમ કિચનના ફ્લેટમાં રહેવા જતી રહી એ પછી આગળ વાત વધારું એ પહેલા રંગભૂમિ સંબંધિત એક અનોખો અને હૃદયસ્પર્શી પ્રસંગ એક નાટ્ય પ્રેમી સ્નેહી પાસેથી જાણવા મળ્યો એ 'મુંબઈ સમાચાર'ના પ્રિય વાચકો સમક્ષ રજૂ કરવો છે.

વાત છે વંદના ગુપ્તે નામની અભિનેત્રીની. મરાઠી રંગભૂમિમાં વંદનાનું નામ માન અને શાન ધરાવે છે. એમનાં માતુશ્રી માણિક વર્માએ હિન્દુસ્તાની શાસ્ત્રીય સંગીત અને સુગમ સંગીતમાં ખ્યાતિ મેળવી હતી. 'વાગલે કી દુનિયા' ટીવી સિરિયલથી વધુ જાણીતાં ભારતી આચરેકર તેની સગ્ગી બહેન છે. વંદનાએ અનેક મરાઠી નાટકો, ચિત્રપટ, ટીવી સિરિયલો અને કેટલીક હિન્દી ફિલ્મમાં પણ અભિનય કર્યો છે. આજે ૭૩ વર્ષની ઉંમરે પણ નાટકો - ફિલ્મોમાં વ્યસ્ત રહેતી વંદનાનું હાલ 'કુટુંબ કીર્તન' નામનું મરાઠી નાટક ચાલી રહ્યું છે. આ નાટકના શો વખતે થયેલો અનુભવ કોઈપણ કલાકારને રાજી કરી દે એવો છે. એ વાત એના જ શબ્દોમાં જાણીએ.

'થાણાના ગડકરી રંગાયતન થિયેટરમાં 'કુટુંબ કીર્તન' નાટકનો પ્રયોગ હતો. હું મેકઅપ રૂમમાં તૈયાર થઈને બેઠી હતી ત્યાં એક ગૃહસ્થ મારો ઓટોગ્રાફ લેવા મારી પાસે આવ્યા. તેમણે મારો ઓટોગ્રાફ કોઈ કાગળ, નોટબુક, ડાયરી કે ઓટોગ્રાફ બુકમાં ન લીધી, પણ એ બે ફૂટ બે ચાર ફૂટની ટાઈલ (લાદી) પર ઓટોગ્રાફ લીધો. મેં ઓટોગ્રાફ તો આપી દીધો પણ અગાઉ આવો અનુભવ ક્યારેય ન થયો હોવાથી આશ્ચર્યચકિત થઈ આવું કરવા પાછળનું કારણ પૂછ્યું. એ સદગૃહસ્થે મને જણાવ્યું કે 'ગડકરી રંગાયતન થિયેટર થાણાનો વૈભવ છે. અહીં અનેક કલાકારોએ પોતાની કલા સાદર કરી છે. આ રંગમંદિરનું નૂતનીકરણ થઈ રહ્યું હતું ત્યારે બહાર કાઢવામાં આવેલી કેટલીક લાદી ૩ - ૪ ગૂણમાં ભરી હું મારા ઘરે લઈ ગયો હતો. મારા મનગમતા કલાકારના ઓટોગ્રાફ હું એ લાદી પર લઉં છું. મારા ઘરની એક ભીંત આ ઓટોગ્રાફવાળી ટાઈલ્સથી ભરાઈ જશે ત્યારે મારા માટે એ ઐતિહાસિક અને મૂલ્યવાન સંભારણું બની રહેશે.' એમની વાત સાંભળી હું ગળગળી થઈ ગઈ. પ્રેક્ષકો કલાકારોને કેટલો પ્રેમ કરતા હોય છે. એમને કેવી અને કેટલી લાગણી હોય છે એની વ્યાખ્યા ન થઈ શકે. સાચું કહું તો આવા પ્રેક્ષકોને કારણે જ અમે કલાકારો રંગમંચ પર ટકી શક્યા છીએ. બાલગંધર્વે પ્રેક્ષકોને માઈબાપ અમસ્તા નથી કીધા.'

વંદના ગુપ્તેની આ રજૂઆત જાણી બે ઘડી માટે મારા ગળે પણ ડૂમો ભરાઈ આવ્યો. મારા રંગભૂમિના દિવસોએ મારી નજર સામેથી પસાર થવા લાગ્યા. પ્રેક્ષકોના પ્રતિસાદ યાદ આવી ગયા. વંદનાની વાત સાથે હું સો ટકા સહમત છું કે તમે પ્રેક્ષકો છો તો જ અમે કલાકારો ટકી શકીએ છીએ. તમારો પ્રતિસાદ જ અમને સતત નવું અને વધુ સારું કરવાની પ્રેરણા આપે છે. પ્રેક્ષકોનો પ્રેમ કલાકાર માટે કુબેરનાં ખજાના જેવો હોય છે. જોકે, વંદનાએ વાત કરી છે એવા પ્રેક્ષકોની સંખ્યા કદાચ આજે ઘટી ગઈ છે. અલબત્ત, હૈયામાં આશા છે કે આજે નહીં તો આવતીકાલે એ પ્રેક્ષક ફરી જોવા મળશે.

હવે ગયા હપ્તે અધૂરી રહેલી વાત આગળ વધારું. પત્નીને સાચવી લેવા માટે માને દીકરીના ઘરે રહેવા મોકલવાનો નિર્ણય મારા દીકરાએ ભારે હૈયે લીધો હશે એ હું જાણતી હતી. અલબત્ત, અમારી વચ્ચે એ મુદ્દે કોઈ કરતા કોઈ ખુલાસો નહોતો થયો, પણ ઘણી વાર મૌન જ ઘણું બોલકું હોય છે તો ઘણી વાર આંખો જ હૈયાની વાત સ્પષ્ટ કરી દેતી હોય છે. વન



રૂમ કિચનના ફ્લેટમાં શાંતાબહેન, એમના દીકરા - વહુ અને હું એમ ચાર જણ કેવી અગવડ અનુભવતા હતા એ મારો દીકરો જાણતો હતો અને સમજતો પણ હતો. મારે રાત્રે સૂવા પાડોશીના ફ્લેટમાં જવું પડતું હતું એ વાત પુત્રને કોરી ખાતી હશે. એટલે હું અમેરિકાથી પાછી ફરી એના થોડા દિવસો પછી દીકરો આવ્યો અને મને કહ્યું કે

'આઈ, આ લોકોના રહેવાની અલગ વ્યવસ્થા મેં કરી નાખી છે. બહુ મોટું નહીં પણ સારું ઘર છે.' અને મા - દીકરો નવા ઘરમાં રહેવા જતા રહ્યા. હું ફ્લેટમાં મુક્તપણે ગોઠવાઈ ગઈ. એ રાત્રે મને બહુ સારી નીંદર આવી. પોતાના ઘરની માયા સ્ત્રીમાં અલગ જ પ્રકારની હોય છે.

ઘરમાં તો ગોઠવાઈ ગઈ, પણ અમેરિકાથી પાછા ફર્યા બાદ આટલા દિવસોમાં કોઈ નવું કામ નહોતું મળ્યું કે નહોતી કોઈ નાટક - સિરિયલ વિશે કોઈ સાથે વાતચીત થઈ. એટલે ઘરની સાફ સફાઈ અને ગોઠવણી પર ધ્યાન કેન્દ્રિત કર્યું. બે ત્રણ મહિના નવરા બેસી રહેવું પડ્યું. અલબત્ત, એકલી રહેતી હતી, ઘર પણ નાનું હતું અને થોડા પૈસા હતા અને સૌથી મહત્ત્વની વાત એ હતી કે દીકરો આર્થિક મુશ્કેલી ન પડવા દે એની કાળજી રાખતો હતો. એવામાં એક દિવસ લતેશ શાહનો ફોન આવ્યો.

'મહેશ્વરીબહેન, હું 'ચિત્કાર' નાટક કરી રહ્યો છું અને એમાં તમારે એક રોલ કરવાનો છે.'

મારે તો કામની જરૂર હતી જ. એટલે આ ફોન તો મારા માટે આશીર્વાદ જેવો હતો. મેં એ રોલ સ્વીકારી લીધો અને નાટકના રિહર્સલ શરૂ થઈ ગયા. 'ચિત્કાર'માં મુખ્ય ભૂમિકા સુજાતા મહેતાની હતી અને એની સાસુનો રોલ મારે કરવાનો હતો. ૧૯૮૩માં નાટક પ્રથમ વાર ઓપન થયું ત્યારે 'પાગલ' મહિલાના રોલમાં સુજાતાની અદાકારીની ચારેકોર પ્રશંસા થઈ હતી અને અન્ય નાટકોની ભજવણી સમયે એની ચર્ચા થતી હતી. સુજાતાએ રત્ના સોલંકી નામની મહિલાનું પાત્ર સાકાર કર્યું હતું અને નાટકની સ્ટોરી અનુસાર એની સાસુના રોલનું પણ મહત્ત્વ હતું, કારણ કે સાસુના વર્તનને કારણે જ સુજાતાએ માનસિક સંતુલન ગુમાવ્યું હતું. રિવાઇવ કરેલા આ નાટકનો અલગ જ વિષય હોવા છતાં એને જબરદસ્ત સફળતા મળી હતી. ઘણા શો થયા પછી નાટક બંધ થયું. હું કામ વગર બેઠી હતી ત્યાં ફરી લતેશનો જ ફોન આવ્યો. 'મહેશ્વરીબહેન, આપણે 'ચિત્કાર'ના શો માટે અમેરિકા જવાનું છે. તૈયારી કરી લો.'

ના પાડવાનો સવાલ જ નહોતો. નાટકમાં થોડી કાપકૂપ સાથે અમે રિહર્સલ શરૂ કરી દીધાં. વિઝા માટેની દોડધામ શરૂ થઈ. સદનસીબે ગઈ ટૂર જેવી કોઈ સમસ્યા આડી ન આવી અને અમને વિઝા મળી ગયા. બે મહિના માટે અમારો કાફલો ઉપડ્યો અમેરિકા જવા. વિદેશ પ્રવાસમાં બુક થયેલા શો જ કરવાના હોય એટલે બીજી કોઈ ચિંતા હોય નહીં. પ્રવાસ પતાવી હું મુંબઈ હજી પાછી ફરી હતી ત્યાં બીજા કે ત્રીજા દિવસે જ ફોન આવ્યો. 'હેલો, રસિક દવે બોલું છું.'

રસિક દવે સાથે નાટક કરવાનો અગાઉનો અનુભવ સારો રહ્યો હતો. એટલે મેં કહ્યું બોલ ભાઈ અને તેણે કહ્યું કે 'મહેશ્વરીબહેન, હું જાણું છું કે તમે હમણાં જ અમેરિકાથી પાછાં ફર્યા છો. થાક પણ નહીં ઊતર્યો હોય. એક સમસ્યા ઊભી થઈ છે. હું 'પરણ્યા એટલે પ્યારા લાડી' નાટક કરી રહ્યો છું. આઠેક દિવસ પછી નાટક ઓપન થવાનું છે. જેની સાથે રિહર્સલ કરી રહ્યા છીએ એ કલાકાર સાથે મજા નથી આવતી. એ રોલ તમારે કરવાનો છે. ના નહીં પાડતાં, નહીં પાડો એની ખાતરી છે.' મેં હા પાડી દીધી અને એના રિહર્સલ શરૂ થઈ ગયા. ■

## રંગભૂમિનો ખણખણતો રૂપિયો

જયશંકર ભૂધરદાસ ભોજક - જયશંકર 'સુંદરી'ની મોટી અને મહત્ત્વની ઓળખ છે. તેમણે ભજવેલા સ્ત્રી પાત્રોના કુશળ અને કાબેલ અભિનેતા તરીકે. બાર વર્ષની ઉંમરે 'સૌભાગ્ય સુંદરી' નાટકમાં સૌભાગ્ય સુંદરીની ભૂમિકા એવી આબાદ ભજવી કે પ્રેક્ષકોએ તેમને 'સુંદરી' નામથી મશહૂર બનાવી દીધાં. નાટકના ૪૧ ગીતમાંથી ૧૭ ગીત ખુદ જયશંકરભાઈ ગાતા હતા. એમના કૌશલના અનેક કિસ્સા પ્રસિદ્ધ છે, જેમકે શૃંગાર ગીતોમાં અને સાડી પહેરવાની શૈલીમાં તેઓ કોઈ પણ સન્નારીને પાછળ રાખી દે એવી આવડત ધરાવતા હતા. એવું પણ સાંભળ્યું હતું કે એક વાર કુંવરી પાઠના પહેરવેશમાં સન્નારીઓના ગ્રુપમાં બેસી કલાકો સુધી વાતચીત કરી હતી તો પણ કોઈ કરતા કોઈ સ્ત્રીને જયશંકર હોવાનો ખ્યાલ સુધ્ધાં નહોતો આવ્યો. અભિનયમાં કોઈ કચાશ ન રહી જાય એ માટે રૂમના એકાંતમાં અરીસા સામે જોઈ એકલા એકલા અભિનય કરતા અને ચહેરા પરના હાવભાવ તેમજ ડાયલોગ ડિલિવરી જાતે ચકાસી એમાં સુધારા વધારા કરી લેતા હતા. એમના વિશે એક એવી મજેદાર વાત પણ સાંભળી હતી કે નાટક જ્યારે પણ ભજવાય ત્યારે જયશંકરભાઈ એનો પ્રયોગ ખૂબ જ ધ્યાનથી, બારીકાઈથી નિહાળે. કાગળ - પેન લઈને બેસે અને જે પણ કલાકારે ભૂલ કરી હોય એ તેમજ કોઈ બાબત ગમી ગઈ હોય, સ્પર્શી ગઈ હોય એ બધું ટપકાવી લેતા. ખેલ પત્યા પછી બધા કલાકારના નામ બોલે અને જે કલાકારનું કામ પસંદ પડ્યું હોય એમને એક એક ખણખણતો રૂપિયો આપે. અનેક કલાકારોએ શિરપાવ પેટે જયશંકરભાઈ પાસેથી મળેલો રૂપિયો અનેક વર્ષો સુધી સંભાળીને સાચવી રાખ્યો હતો. ■

ફોકસ

અપરાજિતા
feedback@
bombaysamachar.com

# શું આ વૃક્ષો દુનિયાને ગ્લોબલ વોર્મિંગથી બચાવી શકશે?

**વૃક્ષોને** ઓક્સિજનનું કેન્દ્ર માનવામાં આવે છે. આ બહુ જાણીતી અને માનીતી વાત છે. આમ છતાં, આજકાલ એક વાત પર્યાવરણવાદીઓથી લઈને સામાન્ય પ્રજાજનો વચ્ચે વિશેષ ચર્ચાઈ રહી છે કે 'શું આપણાં વૃક્ષો દુનિયાને ગ્લોબલ વોર્મિંગથી બચાવી શકશે ખરાં?'

આ પ્રશ્નનો જવાબ તાર્કિક રીતે આપી શકાતો નથી. આમ જોઈએ તો ગ્લોબલ વોર્મિંગની સમસ્યા એક ખૂબ જ જટિલ અને ઈકોનોમિકલ સમસ્યા છે. આ સમસ્યાનો ઉકેલ બન્ને રીતે લાવવો પડશે એટલે કે, પર્યાવરણની દ્રષ્ટિએ અને વ્યવહારિક અર્થિક દ્રષ્ટિએ પણ...

ગ્લોબલ વોર્મિંગ એટલે 'વૈશ્વિક ઉષ્ણતા'... કાર્બન ડાયોકસાઈડ વાયુને કારણે ધરતી પર ગરમાવો ક્રમશઃ વધતો રહે છે એને કારણે આપણા અસ્તિત્વ પર જોખમનાં વાદળ મંડરાઈ રહ્યાં છે. આવી ઉષ્ણતા વધવાનું કારણ આપણી ઔદ્યોગિક ક્રાંતિ છે. એને કારણે તાપમાનમાં ૧.૩ થી ૧.૪ સેન્ટિગ્રેડ સુધીનો વધારો થયો છે. આટલું જ નહિ, ગ્લોબલ વોર્મિંગ દર વર્ષે વધી જ રહ્યું છે, જેનું મુખ્ય કારણ ત્રણ વાયુ /ગેસ છે, જેમકે, સીઓ૨, સીએચ૪ અને એન૨ઓ. આ ગેસનું અતિશય ઉત્સર્જન જ ગ્લોબલ વોર્મિંગ માટે સૌથી મોટું કારણ માનવામાં આવ્યું છે. આ ગેસની અધિકતમ માત્રા પૃથ્વીની સપાટીને સતત ગરમ રાખે છે અને આ ગેસ પાછા વાયુ મંડળમાં જઈ નથી શકતા. આને કારણે આબોહવામાં અસંતુલન થાય છે. આના હિસાબે હિમનદીઓનું પીગળવું સામાન્ય થઇ ગયું છે, સમુદ્રનું સ્તર વધ્યું છે અને હવામાનની આફતોની સંખ્યામાં ઝડપથી વધારો થયો છે.

વૈજ્ઞાનિકો - પર્યાવરણ શાસ્ત્રીઓનું માનવું છે કે, કુદરતી સંતુલન માટે વૃક્ષો મોટી ભૂમિકા ભજવે છે. ખાસ કરીને એ પ્રકારનાં વૃક્ષો કે જે વાતાવરણમાંથી કાર્બન ડાયોક્સાઇડ જેવા દૂષિત વાયુ શોષી પૃથ્વીને ઠંડી કરવાની મોટી ભૂમિકા ભજવે છે. જયારે વૃક્ષો કાર્બનડાયોક્સાઇડ શોષી લે છે, ત્યારે તે જ પ્રતિક્રિયામાં એ ઓક્સિજન પણ છોડે છે. આના પરથી ખ્યાલ આવે કે વૃક્ષો બન્ને રીતે ગ્લોબલ વોર્મિંગની સમસ્યા માટે લડે છે.

આ લડાઈમાં વૃક્ષો માત્ર શક્તિશાળી કુદરતી શાસ્ત્રો નથી, પરંતુ તે જીવનને ઊર્જા અને ઉત્સાહ પણ આપે છે. આ વૃક્ષોની પૂરતી સંભાળ લેવાય તો એ આપણને ગ્લોબલ વોર્મિંગથી સંપૂર્ણપણે મુક્ત કરી શકે છે.

ભારતમાં જ નહિં, પરંતુ આખી દુનિયામાં એવા પણ થોડાં વૃક્ષ છે કે જે ઓક્સિજનના કેન્દ્ર તરીકે ઓળખાય છે. આપણા દેશમાં પણ એવાં અમુક વૃક્ષ છે, જેમકે, પીપળો, વડ, લીમડો, વાંસ અને આંબા વગેરેને ઓક્સિજનનું કેન્દ્ર માનવામાં આવે છે. વિદેશમાં પણ યુકેલિપટસ, ઓક, પાઈન અને રેડવુડને પણ ઓક્સિજનનું કેન્દ્ર માનવામાં આવે છે. આમ





જોઈએ તો આ બધાં વૃક્ષોની ખાસિયત એ છે કે, એ ઓક્સિજન તો આપે જ છે, પરંતુ ગ્રીન હાઉસ તરીકે ગેસને પણ શોષી લેવાની તાકાત ધરાવે છે.

વૃક્ષોનાં વૈજ્ઞાનિક તથ્યો અનુસાર, એક સ્વસ્થ અને પરિપક્વ વૃક્ષ એક વર્ષમાં ૨૨ કિલોગ્રામ ઓક્સિજન ગેસ ઉત્પન્ન કરે છે. જયારે તે જ વૃક્ષ આખા વર્ષમાં ૨૧ થી ૩૦ કિલોગ્રામ સુધી કાર્બન ડાયોક્સાઇડ શોષે છે. એક એકરનું જંગલ વર્ષે લગભગ અઢી ટન કાર્બન ડાયોક્સાઇડને શોષે છે. આ આંકડોના આધારે એમ કહી શકાય કે, વૃક્ષો માત્ર શ્વાસ માટે જ નહિં, પરંતુ આબોહવાને સમતોલ રાખવા માટે પણ એટલું જ અનિવાર્ય છે.

જોકે, આપણે એ પણ કાળજીપૂર્વક સમજવાની જરૂર છે કે ઓક્સિજનના કેન્દ્ર ગણાતા આ વૃક્ષોની વાસ્તવમાં અવગણના કરીને આપણે ઘણીવાર ભૂલ કરીએ છીએ કે ગ્લોબલ વોર્મિંગથી બચાવા માટે અમુક પ્રકારનાં જ વૃક્ષો વાવવાં... વાસ્તવમાં તાપમાન ઓક્સિજન ઉત્પાદનથી ઘટતું નથી, પરંતુ જયારે વૃક્ષો કાર્બન ડાયોક્સાઇડ શોષી લે છે એનાથી ઘટે છે... જમીનનો ભેજ જાળવીને એ તાપમાન ઘટાડે છે. તેથી વિશ્વના દરેક અલગ અલગ ઇકોલોજિકલ ક્ષેત્રોમાં વિવિધ પ્રકારનાં વૃક્ષોની જરૂરત છે. ઉદાહરણ તરીકે, રાજસ્સ્થાનના પ્રાદેશિક વિસ્તારોમાં પીપળા, વડ અને લીમડાનાં વૃક્ષો વાવવાથી આ પ્રદેશના લોકપ્રિય ખેજરી અને બબુલના વૃક્ષો વાવવા જેટલા ફાયદા નહિં મળે.

આવી જ રીતે જો દરિયાકાંઠાના વિસ્તારોમાં સમુદ્રી તાપમાન અને તોફાનોથી માણસોની રક્ષા કરે છે તેને મેંગ્રોવ કહે છે. આવી જ રીતે પહાડી ક્ષેત્રોમાં જો પાઇન અને દેવદારનાં વૃક્ષોની જગ્યાએ આપણે આંબા, બરગદ અને પીપળાના વૃક્ષો મોટા પાયે લગાડીએ તો આ વૃક્ષો ગમે તેટલા પણ વધે, પણ એ પાઈન અને દેવદારની જેમ પહાડી જગ્યાની માટીમાં મજબૂતી નહીં આપી શકે કે ન તો કુદરતી ધોવાણ રોકી શકે.

કહેવાનો અર્થ એ નથી કે પર્યાવરણને વિનાશથી બચાવવા માટે આપણને ફક્ત એવા વૃક્ષોની જરૂર છે જે વધારે ઓક્સિજન આપે છે પણ એવાં વૃક્ષોની પણ જરૂર છે જે વિવિધ કારણોસર વિવિધ વિસ્તારો માટે વધુ મહત્ત્વપૂર્ણ છે. ■

બ્રાન્ડ બનશે બિઝનેસ વધશે

સમીર જોશી
feedback@
bombaysamachar.com

# શહેર કે ગામડાનો નહીં...ભારતનો કન્ઝ્યુમર

આજે લાભ પાંચમના દિવસે મોટા કે નાના શહેરનો કે ગામનો વેપારી દિવાળીનો છેલ્લો ઉત્સવ મનાવી નવા જોમ અને નવા ઉત્સાહ સાથે કાલથી કામ પર લાગશે. એક સમય હતો કે આપણે મોટાં શહેરો, નાનાં શહેરો અને ગામડાઓમાં ફરક કરતા હતા. બ્રાન્ડની દૃષ્ટિએ નાનાં શહેરોને પણ ગામડામાં ગણાતા હતા. એ પણ સત્ય છે કે ૭૦% ભારત ગામડામાં રહે છે અને આથી ગ્રામીણ માર્કેટમાં FMCG કંપનીઓ માટે વધારે તક હોય છે પણ આજની તારીખે ઇન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ અને ટેકનોલોજીના સહારે બીજી ઘણી કેટેગરી ગ્રામીણ માર્કેટમાં પોતાને સ્થાપિત કરવા કમર કસી રહી છે. રોજબરોજના જીવનમાં વપરાતી ગૃહોપયોગી વસ્તુઓનું મોટાભાગે વેચાણ ગ્રામીણ માર્કેટને આભારી છે.

આજે આપણે વાત નાનાં કે મોટાં શહેરોની નહિ પણ કન્ઝ્યુમરના દૃષ્ટિકોણથી કરવાની છે. લોકોનું માનવું છે કે શહેરનો અને ગામડાનો કન્ઝ્યુમર અલગ છે. સાચી વાત છે, અમુક વાતોમાં, વિચારોમાં ફરક હશે અને તે રહેશે. આમ છતાં, આજે આ અંતર દિવસે દિવસે ઓછું થતું જાય છે. ગ્રામીણ માર્કેટ આજે બધા વિસ્તારોમાં અર્બન માર્કેટની સમીપ આવી રહી છે, કારણ આજનો કન્ઝ્યુમર શહેર કે ગામડાનો નહિ પણ ભારતનો કન્ઝ્યુમર છે.

માર્કેટિંગમાં ખાસ ઇન્ડિયા - ભારત એમ બે પરિભાષા વપરાતી હોય છે અને આજે આપણે આ ભારતના કન્ઝ્યુમરની વાત કરવાની છે.

ભારતનો ભૌગોલિક વિસ્તાર ઘણો મોટો છે, અહીં પ્રાદેશિક ભાષાઓ અને તે પ્રમાણેની રહેણીકરણી છે. ગામના કન્ઝ્યુમર માટેની માન્યતા છે કે એ લોકો ઓછા ભાવના ઉત્પાદનો પસંદ કરે છે, ડિસ્ટ્રિબ્યુશનની મુશ્કેલી છે, એમના સુધી બ્રાન્ડનું કોમ્યુનિકેશન જોઈએ તે રીતે પહોંચતું નથી, વગેરે. જોકે, આજે આ બધી વાતો ગૌણ થતી જાય છે. આજે નવા પ્રોડક્ટ લોન્ચ થતા શહેર અને ગામનો કન્ઝ્યુમર તેને તે સમયે ખરીદી શકે છે. સ્માર્ટ ફોન અને ઇન્ટરનેટનો આ પ્રતાપ છે. D2C બ્રાન્ડ્સ અને ઓનલાઇન શોપિંગ આમાં મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. એમણે ૯૭% જેટલા ભારતના પીનકોડ કવર કરી લીધા છે. આજે જ્યારે ગ્રામીણ વિસ્તારોમાં ઇન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપ થઈ રહ્યું છે, મોબાઇલ ફોન્સ અને ઇંટરનેટ ઘરે ઘરે



જોવા મળે છે, વીજળી પણ મોટા ભાગના ગામોમાં આવી ગઈ છે. આવા સમયે અર્બન અને ગ્રામીણ માર્કેટ વચ્ચેની ખાઈ ઓછી થઈ રહી છે. મોબાઇલ અને ઇંટરનેટ જે આજે મોટો ભાગ ભજવી રહ્યું છે તેમના જીવનમાં તે હજુ વધુ મહત્ત્વનો ભાગ ભજવશે. આનો ઉપયોગ બ્રાન્ડ કરી રહી છે અને હજુ વધુ કરશે.

મોબાઇલ એક મહત્ત્વનું માધ્યમ બની ગયું છે બ્રાન્ડ પ્રમોશન માટે. ઈ-કોમ પ્લેટફોર્મ ડિસ્ટ્રિબ્યુશનની ખોટને પૂરી કરશે. ગ્રામીણ કન્ઝ્યુમર મીડિયા અને મોબાઇલના સહારે દેશ-વિદેશની નજીક આવી રહ્યો છે, તે સાચી અને ખોટી બ્રાન્ડની પરખ કરી શકે છે. બ્રાન્ડની કિંમત તે તેના જીવનમાં અનુભવી રહ્યો છે.

OTT પર બંને કન્ઝ્યુમર સમાન કન્ટેન્ટ જોવે છે. દુનિયામાં શું ચાલી રહ્યું છે તે તેમને ખબર છે. આથી આકાંક્ષાઓ આજે બધાની સરખી છે. આ કારણે એમની બ્રાન્ડની પસંદગી પણ સમાન થઇ રહી છે. આવા સમયે બ્રાન્ડ માટે મોટા પડકારો છે. પહેલા તેમને હતું કે જે પિરસીશું તે વેચાય જશે. આજે તેમ નહિ થાય, ઉત્પાદન હોય કે પછી કોમ્યુનિકેશન, સ્થાનિક લોકોને ધ્યાનમાં રાખી બનાવવું પડશે. ઉદાહરણ તરીકે : એક જ બ્રાન્ડ એમ્બેસેડરથી કામ નહિ ચાલે. એક જ બ્રાન્ડે વિવિધ એમ્બેસેડર લેવા પડશે, સાઉથ માટે અલગ, નોર્થ માટે અલગ, ઈસ્ટ માટે અલગ, ઈત્યાદિ... પહેલા એક એડ બનાવી તેનું વિવિધ ભાષામાં ભાષાંતર થતું, તે હવે નહિ ચાલે. આજે કન્ઝ્યુમર જ્યાંનો છે તેની ભાષામાં, તેને અનુસાર બનાવવું પડશે. આજે વિવિધ રાજ્યમાં માઇક્રો ઈન્ફ્લુએન્સર ઉપલબ્ધ છે.

કન્ઝ્યુમરની આકાંક્ષાઓ બદલાતી નથી તે ફક્ત જુદા જુદા આકાર લે છે. ઉદ્દેશ્ય એ જ રહે છે, પરંતુ અભિવ્યક્તિ બદલાય છે. એક કન્ઝ્યુમર માટે, પ્રગતિ શહેરમાં ચાર બેડરૂમનું એપાર્ટમેન્ટ હોઈ શકે છે; બીજા

માટે, તે નાના શહેરમાં મોટા આંગણ સાથેનો બંગલો હોઈ શકે છે. એક બજારમાં, નાની ગાડીની માલિકી સફળતાનો માપદંડ હોઈ શકે છે, જ્યારે બીજામાં, એક વૈભવી કાર હોઈ શકે છે. સ્વપ્ન સાર્વત્રિક છેઃ આગળ વધવાનું, પોતાના પરિવાર માટે વધુ સારું જીવન બનાવવાનું.

આ તે ભારત છે જે આપણે દરરોજ જોઈએ છીએઃ મહત્ત્વાકાંક્ષી, બ્રાન્ડ-જાગૃત, ડિજિટલી સમજદાર, અને કોઈ પણ સંજોગોમાં મહત્ત્વાકાંક્ષી. પ્રાદેશિક ભારત કોઈ બાજુનું બજાર નથી, તે વિકાસનું એન્જિન છે જ્યાં સંસ્કૃતિ, વપરાશ અને મહત્ત્વાકાંક્ષાના નિયમોને ફરીથી લખી રહ્યા છે.

આજના કન્ઝ્યુમર્સ બાજુ પર ઊભા નથી એ લોકો રમત ચલાવી રહ્યા છે અને પોતાની શરતો પર...જે બ્રાન્ડ્સ જૂના સ્ટિરિયોટાઇપ્સને વળગી રહે છે એ નિશાન ચૂકી જશે, પરંતુ જે લોકો ઊંડાણપૂર્વક સાંસ્કૃતિક સૂક્ષ્મતાને સ્વીકારે છે અને પ્રમાણિકતા સાથે દેખાય છે એ ફક્ત બજારમાં પ્રવેશ કરશે નહીં, એ ખુદ તેના માલિક બનશે. ■




# તમને એકલા રહેવું ગમે...?

જૂઈ પાર્થ feedback@bombaysamachar.com

*એકલાં ઊગવું, રહેવું, એકલાં આથમી જવું:*
*સ્નેહથી છલકાતા આ સંસારે એમ શે થવું?*

***ન્હાનાલાલ દલપતરામ કવિ.***

**વર્ષાબહેન** પચાસ પંચાવનની આસપાસ, એકવડો બાંધો, લાંબો ચોટલો, હંમેશાં ઈસ્ત્રી ટાઈટ વસ્ત્રોમાં સજ્જ. ઘર સુઘડ ને સ્વચ્છ. જોકે ઘર બગાડવાવાળું કોઈ હતું પણ નહીં ને. પતિ રિટાયર બેંક ઓફિસર, દીકરી પરણાવી દીધી'તી, દીકરાનાં લગ્ન બાકી. એ પોતાનાં નવા ધંધામાં મગ્ન. વર્ષાબહેન દરરોજ સાંજ પડે કોઈને શોધીને પોતાનો બળાપો કાઢતાં. કહેતાં કે આ રાત પડેને એટલે ઘર ખાવા દોડે છે. ઊંઘ આવાનું નામ જ નથી લેતી. કેટકેટલાય ઉપચારો કરી જોયા, કંઈ ફેર નથી પડતો. પહેલ વહેલું આવું ત્યારે લાગ્યુ હતું જ્યારે નજીકનાં સગાનાં મૃત્યુનાં સમાચાર અચાનક આવ્યા હતાં. આઘાત નહોતો લાગ્યો, પણ એમના વિચારો કેટલાય દિવસો સુધી આવતાં રહ્યા હતાં. દિવસે તો કામમાં મન પરોવાય, પણ રાત્રે? રાત્રે તો મન અને સમય બંનેનાં માલિક આપણે પોતે. કરવું પણ શું? કહેવું કોને?

બીજા કિસ્સામાં એકવાર કાર્તિકનાં પરિવારનાં બધા સભ્યો ત્રણ દિવસ માટે બહારગામ ગયા હતાં. નોકરીનાં કારણે એ ના જઈ શક્યો. આ પહેલાં કાર્તિક ક્યાકેય એકલો નહોતો રહ્યો. આ વખતે એને એમ કે એ કોઈ ભાઈબંધને ઘેર બોલાવી લેશે તો કંપની રહેશે અને આ બહાને ભાઈબંધ સાથે સમય વિતાવી શકાશે. પણ થયું એવું કે છેલ્લી ઘડીએ ભાઈબંધ ના આવી શક્યો. કાર્તિકની ખરી ચિંતા હવે શરૂ થઈ. એકલા સમય કેવી રીતે વિતાવવો એ સમજ નહોતી પડી રહી. ટીવી અને મોબાઈલમાં મન નહોતું લાગતું.

છેવટે એ સૂવા ગયો. ઘરમાં પોતે એકલો છે એ વિચાર એના માટે અસહ્ય હતો. હંમેશાં બધાની સાથે રહેવા ટેવાયેલા કાર્તિકને બેચેની થવા લાગી. કપડાં બદલી સોસાયટીના નાકે ચાની લારી પર જઈ એણે ચા પીધી, અજાણ્યા લોકો સાથે થોડી વાતો કરી પછી મન શાંત થયું, નબળી ક્ષણ નીકળી

ગઈ અને કાર્તિક સ્વસ્થ થઈ ઘેર જઈ સૂઈ ગયો.

કવિશ્રી ગૌરાંગ ઠાકર લખે છે :

*'એકલાં આવ્યાં જવાનાં એકલાં,*
*પણ અહીં ક્યાં એકલાં જીવાય છે?'*

જનમથી મરણ સુધીની જીવનયાત્રામાં આપણે સૌ કેટલા બધા લોકોની વચ્ચે ઘેરાયેલા રહીએ છીએ. માણસો નહીં તો ટીવી, ટીવી નહીં તો લેપટોપ કે મોબાઈલ જેવાં કોઈ ને કોઈ બાહ્ય પરિબળો આપણને શારીરિક અને માનસિક રીતે વ્યસ્ત રાખે. જ્યારે પણ આવાં કોઈ બાહ્ય પરિબળો આપણી આસપાસ નથી હોતા ત્યારે આપણું મન શાંત પડવાને બદલે આપણે કોઈ પણ પ્રવૃત્તિ શોધવામાં વ્યસ્ત થઈ જઈએ છીએ. એકલા હોઈએ ત્યારે શું કરવું, શું વિચારવું એ સમજ નથી પડતી કેમ કે આપણે એકલા પડતાં શીખ્યા નથી- પોતાનાં માટે જીવતાં શીખ્યા નથી. જાણતા- અજાણતા, પોતાના સુધી પહોંચાડતી બધી લાઈનો વ્યસ્ત રાખી છે અને કદાચ સારા વિચારો કરવા માટે મન જરા ઓછું ટેવાયેલું ને કેળવાયેલું હોય છે.

કામમાં મન પરોવાય એટલે ફક્ત વિચારથી મન દૂર થાય છે, વિચાર તો હજીએ છે જ...જ્યાં હતો ત્યાં ને ત્યાં જ. જેવું મન નવરું પડે કે તરત જ વિચારો પાછા એને ઘેરી વળે છે. ખાસ કરીને રાત્રે કેમકે હોશિયાર મન જાણે છે કે હવે ડિસ્ટર્બ કરનાર કોઈ નથી! અને કદાચ એટલે જ દિનચર્યાથી લઈને ભૂત અને ભવિષ્ય બધાં વિષે વિચારતાં વિચારતાં અડધી અરે કોઈ વાર તો આખી રાત નીકળી જાય છે ને ધીરે ધીરે તે આદતમાં ફેરવાય છે. અને આપણે આ બધું જ જાણવા છતાં વિચારોને તાબે થઈ જઈએ છીએ એમ સ્વીકારીને કે આમાં કંઈ કરી શકાશે નહીં. ડોક્ટર પાસે જઈએ તો ઊંઘની ગોળીઓ આપશે, એમ તો કોઈ દવાની આદત થોડી પડાય?

મને હંમેશાં મનમાં પ્રશ્ન થાય છે કે જો આપણને કોઈ ફક્ત બે કલાક સાવ એકલા એક ઓરડામાં રહેવાનું કહે તો શું આપણે રહી શકીએ? આપણે પોતાની જાતનો સામનો કરી શકીએ? શું આપણામાં એટલી ધીરજ કે સમજ શક્તિ છે ખરી? અહીં વાત એકલા રહેવાની છે એકલપટ્ટા થવાની નહીં, પણ પોતાની જાત સાથે, પોતાનાં મન સાથે સુમેળ સાધવાની વાત છે. મનનાં પડ એક પછી એક ખોલી તેનાં મૂળ સુધી પહોંચવાની વાત છે. સારા-નબળા પાસા બિરદાવવાની વાત છે. જાતને ક્યાં પંપાળવી ને ક્યાં ઠપકારવી તે સમજ કેળવવાની વાત છે. મનુષ્ય પોતાની જાતથી, પોતાના સ્વભાવથી હારતો જોવા મળે છે. માટે જ સ્વયંની ઓળખ અને સ્વયંનો સ્વીકાર એ જીવનનાં ઘણા પ્રશ્નોનું સમાધાન આપમેળે જ કરાવી દેતું હોય છે માટે જ જાત સાથે સમય વિતાવવો, પોતાની સાથે જ પ્રેમમાં પડવું એ કોઈ અકસીર ઈલાજથી ઊતરતું નથી.

નવા વર્ષમાં નવી શરૂઆત આપણે આ રીતે ન કરી શકીએ?

**બોલો, તમે શું કહો છો?** ■

ટ્રાવેલ પ્લસ

કૌશિક ઘેલાણી
feedback@bombaysamachar.com

# ખીજડિયા પક્ષી અભયારણ્યઃ પ્રવાસી પંખીઓનું સ્વર્ગ સમું નિવાસસ્થાન

**ભારત** દેશમાં વિવિધ સરોવરોમાં શિયાળા દરમ્યાન વિવિધ પક્ષીઓનો મેળાવડો જામે છે અને યાયાવર પક્ષીઓ પોતાનું નિવાસ સ્થાન બનાવે છે. સેન્ટ્રલ એશિયન ફ્લાય વે એટલે કે પંખીઓનાં વિવિધ હાઈવેમાંના એક હાઈવેનો ઉપયોગ કરીને તેઓ છેક સાઈબીરિયન પ્રાંતમાંથી ભારત દેશ આવે છે અને સુરક્ષિત શિયાળો પસાર કરીને ફરીથી પ્રવાસી માફક જ પોતાનાં વતનમાં પરત ઉડ્ડયન ભરે છે. કુદરતે તેઓને વિશિષ્ટ દિશા ઓળખની શક્તિ આપી છે કે તેઓ પોતાના માર્ગને વળગી રહે છે અને જે તે સ્થાન પર દર વર્ષે અચૂકપણે હાજરી નોંધાવે જ છે. ઈરાન ખાતે આવેલ રામસર શહેરમાં થયેલા પ્રવાસી પંખીઓનાં સંરક્ષણ માટેનાં ૧૯૭૧માં થયેલ કન્વેન્શન મુજબની ધારાધોરણો ધરાવતા કુદરતી કે કૃત્રિમ જળાશયોના સમૂહને રામસર સાઈટ તરીકે જાહેર કરીને આંતરરાષ્ટ્રીય મહત્ત્વ આપવામાં આવે છે અને પંખીઓ માટે તેની જાળવણી કરવામાં આવે છે. આશરે ૧૩૦ કરતાં વધુ પ્રજાતિનાં યાયાવર પક્ષીઓને સાચવી શકે અને વિવિધ જાતનાં છોડ તથા કુદરતી વાતાવરણ પૂરું પાડે તેવા વિસ્તારને રામસર સાઈટમાં આવરી લેવામાં આવે છે. દુનિયાભરમાં વિવિધ સ્થળે જ્યાં જ્યાં પંખીઓ પસાર થતા હોય, રોકાતા હોય કે બ્રીડિંગ કરતા હોય એવી રામસર સાઈટ જાહેર કરાઈ છે અને ભારત દેશમાં આવી ૪૮ રામસર સાઇટ્સ આવેલી છે. ગુજરાતમાં જ આવી ૪ રામસર સાઈટ છે.

એકાદ વર્ષ પહેલા જામનગર ખાતે આવેલ ખીજડિયા પક્ષી અભ્યારણ્યને રામસર સાઈટ તરીકે જાહેર કરવામાં આવ્યું છે. એ આગાઉ અમદાવાદ નજીક આવેલા થોળ પક્ષી અભ્યારણ્ય અને વડોદરા નજીક આવેલ વઢવાણા પક્ષી અભ્યારણ્યને પણ રામસર સાઈટ તરીકે જાહેર કરવામાં આવેલ જે પક્ષી પ્રેમીઓ માટે હરખની ઘડી કહી શકાય. આ પહેલા માત્ર નળ સરોવર પક્ષી અભ્યારણ્ય જ રામસર સાઈટ હતી પણ ગુજરાતનાં વિશાળ સમુદ્ર કિનારા, ખુલ્લા ઘાસનાં મેદાનો અને વિશાળ મીઠાં પાણીનાં સરોવરો યાયાવર પક્ષીઓને મુક્ત વાતાવરણ અને સુરક્ષિત જીવન પૂરું પાડે છે એ જ કારણોને લઈને વિશ્વભરનાં પક્ષીઓ ગુજરાતના મહેમાન બને છે. ખૂબ જ દુર્લભ કહી શકાય તેવાં પક્ષીઓ પણ ગુજરાતને પોતાનું ઘર બનાવે છે. ગુજરાતમાં આવેલ વિવિધ રામસર સાઇટ્સ વિષે ચર્ચા કરીશું.

જામનગર નજીક આવેલ ખીજડિયા પક્ષી અભ્યારણ્ય યાયાવર પક્ષીઓ માટે ખૂબ જ માનીતું સ્થળ છે. અહીં એક તરફ મીઠા વરસાદી પાણીનાં સંગ્રહથી બનતું નાનાં નાનાં તળાવોનું વિશાળ સરોવર અને માટીનાં પાળાથી અલગ પડતું ખારા પાણીનું વિશાળ જળ પ્લવિત ક્ષેત્ર છે. અહીં આશરે ૩૦૦ કરતાં પણ વધુ પક્ષીઓની વિવિધ જાતો દેખાઈ છે. જામનગરથી માત્ર ૧૨ કિમીનાં અંતરે આવેલ આ સ્થળ પર પક્ષી અભ્યાસુ લોકો પણ વિશ્વભરમાંથી શિયાળો આવતા જ દેખા દે છે. કચ્છના અખાતના દક્ષિણ કિનારે આવેલ હોય આ વિસ્તાર પક્ષીઓ માટે ખૂબ જ સરળ માઈગ્રેશન પોઇન્ટ છે, ઈરાન-અફઘાનિસ્તાન, પાકિસ્તાન, મોંગોલિયા, રશિયા જેવા પ્રાંતના પક્ષીઓ અહીં મીઠાં પાણીનાં સરોવરોમાં પોતાનું આશ્રયસ્થાન બનાવે છે. ૧૯૮૪માં પક્ષીવિદ ડો. સલીમ અલીએ અહીં એક જ દિવસના સમયમાં ૧૦૪ જાતનાં પક્ષીઓને ઓળખી બતાવ્યા હતા. દર વર્ષે અહીં જલહંસ એટલે કે ઇન્ડિયન સ્કિમર આવે છે. તાજેતરમાં અહીં વર્ષો પછી મ્યુટ સ્વાન મહેમાન બન્યો જેણે જામનગરને વૈશ્વિક ફલક પર મૂકી દીધું. પ્રવાસ આપણે કરી જાણીએ છીએ પણ પક્ષીઓથી મોટું કોઈ પ્રવાસી જીવ નથી. આપણે માત્ર વિવિધ વિશ્વને જોવા અને માણવા માટે પ્રવાસ કરીએ છીએ પણ પક્ષીઓ તો પોતાનાં જીવનને



ટકાવી રાખવાનાં સંઘર્ષનાં ભાગ રૂપે પ્રવાસ કરે છે. કેટલાંક પક્ષીઓ સાઇબીરિયા પ્રાંતમાંથી, તો કેટલાક રશિયાની ઓબ નદીનાં ઠંડા વિસ્તારમાંથી, કેટલાંક જાપાન વિસ્તારમાંથી તો કેટલાક હિમાલયનાં અતિ ઠંડાગાર સરોવરોમાંથી પોતાનાં બચ્ચાઓને લઈને ખૂબ જ ઊંચી અને લાંબી મુસાફરી માટે ઉડાન ભરીને ગુજરાતનાં અલગ અલગ સરોવરોને સંઘર્ષના ભાગ રૂપે જીવનનો થોડા સમય માટે હિસ્સો બનાવે છે. ખીજડિયામાં હિમાલયનાં માનસરોવરથી રાજહંસોનું ટોળું, હિમાલયનાં સો-મોરીરીથી ભગવી સુરખાબ, આફ્રિકા અને સિંધ પ્રાંતમાંથી હંજોનું ટોળું, મધ્ય એશિયાનાં વિસ્તારોમાંથી ગુલાબી પેણ, સિંધ પ્રાંતમાંથી શિકારી પક્ષીઓ વગેરે અહીંયા ગમતું અને સુરક્ષિત વિશ્વ મેળવી લે છે. અહીં ગુલાબી પેણનો હજારોનો સમૂહ, નાના અને મોટા હંજોનો સમૂહ, વિવિધ બતક, સમુદ્રી પક્ષીઓ ખીજડિયાને શિયાળામાં ગુંજતું કરી મૂકે છે. જામનગરનાં ખીજડિયાનાં અફાટ સૌંદર્યમાં મહાલતા મોટા અને નાનાં હંજ જ્યારે છીછરા પાણીમાં સમૂહમાં ખોરાક શોધતાં હોય ત્યારે ક્ષિતિજ પર સફેદ આકાર સ્પષ્ટ દેખાય પણ જયારે આકાશને આંબવા ઉડાણ ભરે કે આખું આકાશ ગુલાબી રંગે રંગાઈ જાય. ગુજરાતનું રાજ્ય પક્ષી આમ મુક્તપણે વિહરતું હોય ત્યારે એને જોયા જ કરવાનું મન થાય, એકીટશે.

કુદરતનાં માહોલમાં રત થઇ જવાય એવા ડલ રંગોનાં કપડાં જેવા કે ઓલિવ ગ્રીન વગેરે પહેરીને પક્ષી દર્શનનો લાભ લઇ શકાય. ખીજડિયા સરોવરને સંપૂર્ણ પણે શાંતિથી જોવા માટે સવારના છ વાગ્યાથી લઈને સૂર્યાસ્ત સુધીનો સમય જોઈશે જ. અહીં એક વોચ ટાવર છે જેના પરથી પાણીમાં દૂર સુધી મહાલતાં પક્ષીઓની કરતબને શાંતિથી નિહાળી શકાય છે. અહીંના મુખ્ય ચેક લિસ્ટમાં રેડ ક્રેસ્ટેડ પોચાર્ડ, હેરિયર્સ, પાણીમાં શિકાર કરતી લિટલ ગ્રેબ, તળાવ વચ્ચે લાકડાં પર બેસેલું સ્નેકબર્ડ ડાર્ટર, બોઇંગ વિમાનની જેમ પાણી પર ઉતરાણ કરતા પેલીકન્સ, પાણીમાં ચાંચ ડુબાડીને કોઈ તરતી સ્ટીમર માફક ટોળામાં ખોરાક શોધતા ફ્લેમિન્ગોઝ, ઊંચે આકાશમાંથી પાણીમાં છલાંગ લગાવીને એક જ ઝાટકે માછલી પકડીને ઊડતું ઓસ્પ્રે, સફેદ રૂ જેવું મુલાયમ કોટન પીગ્મી ગૂઝ, ઊડતા વેંત જ સિસોટી મારતું લેસર વિસલિંગ ડક વગેરે વિવિધતમ સુંદર પક્ષીઓ અહીં માત્ર થોડા જ કલાકોમાં જોઈ શકાય. પંદરમી ઓક્ટોબરથી લઈને છેક ફેબ્રુઆરી મહિનાના અંત સુધી અહીં વિવિધ પક્ષીઓ જોઈ શકાય છે.

ખીજડિયા બે ભાગમાં વહેચાયેલું છે જેમાં એક વિસ્તારમાં સૂકાં ઘાસિયાં મેદાનો અને માનવ સર્જિત માટીનાં પાળાથી બનેલા નાના નાના સરોવરોનો સમૂહ છે એટલે અહીં સાઈબીરિયન સ્ટોનચેટ, વિવિધ જાતની લાર્ક જેવા નાનાં પક્ષીઓ આવે છે અને શિકાર માટે બાજ, શકરો, ગરુડ વગેરે આવે છે. કુદરતની આહાર શૃખલાં સરળ રીતે જળવાઈ રહે એવી રચના અહીંના માનવસર્જિત સરોવરોમાં કુદરતી રીતે જ નિર્માણ પામી છે પરિણામે આજે જામનગરને આંતરરાષ્ટ્રીય સ્તરે નામના ધરાવતી રામસર સાઈટ મળી છે અને પંખીઓને વધારે સુરક્ષિત સ્થાન મળ્યું છે. ખીજડિયાનાં બીજા ભાગમાં વરસાદી પાણીનાં સંગ્રહથી બનતા સરોવરોનો સમૂહ છે જ્યાં પાણીમાં વસતા વિવિધ પક્ષીઓની કરતબો નિહાળવા માટેની શ્રેષ્ઠ જગ્યા છે. સાંજના સમયે અહીં બેસીને સરસ રીતે પક્ષી નિરીક્ષણ કરી શકાય છે. અહીં જંગલી બિલ્લીઓ પણ અલગ જ અંદાજમાં જોવા મળે છે. બીજા ભાગમાં ગાડી લઈને જઈ શકાય છે. પહેલા ભાગમાં ચાલતા જ પક્ષી નિરીક્ષણ કરી શકાય છે. પહેલાં ભાગમાં જવાનો શ્રેષ્ઠ સમય વહેલી સવારનો જ છે જ્યારે સાંજનાં સમયે બીજા ભાગમાં પક્ષી નિરીક્ષણ કરી શકાય છે. અહીં બુકીંગ વિન્ડો પરથી સરળ રીતે ટિકિટ મેળવીને અભ્યારણ્યની મુલાકાત લઇ શકાય છે. સાથે દૂરબીન હશે તો સોને પે સુહાગા. વનવિભાગને વિનંતી કરવાથી અહીં દૂરબીન પણ મેળવી શકાય છે. પક્ષી નિરીક્ષણ સમયે વિવિધરંગી કપડાં ના પહેરતા જંગલનાં વાતાવરણને અનૂરૂપ પોશાક પહેરવો હિતાવહ છે. કોઈ પણ જાતની અકુદરતી સુગંધ કે પરફ્યુમ પણ પક્ષીઓની વર્તણૂકને ખલેલ પહોંચાડે છે માટે અમુક બાબતોમાં સજાગ બનીને બાળકો સાથે પક્ષી નિરીક્ષણ કરીએ અને બાળકોને પણ નિસર્ગ સાથે મહાલવાની આદત પાડીએ તો રામસરની સિદ્ધિ જરૂર સાર્થક ગણાશે. બાળકોને નેશનલ જ્યોગ્રાફિક ચેનલનો અદ્દલ સાચો અનુભવ પ્રકૃતિ વિશ્વમાં વિહરીને જ આપી શકાય. અહીં તેઓ દેશમાં આવતા વિદેશી મહેમાનોથી માહિતગાર થશે અને વન્યસૃષ્ટિ તથા પ્રકૃતિ પ્રત્યે સંવેદના આપોઆપ જાગશે. માત્ર બાળકો જ નહિ પણ મોટેરાઓ પણ પક્ષી દર્શનનો શોખ આ રીતે જ કેળવી શકે છે. પક્ષીઓનાં મુક્ત વિશ્વમાં એક વાર ડૂબકી લગાવ્યા પછી આ વિશ્વને જાણવાની જિજ્ઞાસા આપોઆપ સહુને પક્ષી અભ્યારણ્ય ક્ષેત્રોમાં ખેંચી જશે જ.

સામાન્ય રીતે આપણે દયા દ્રષ્ટિ દાખવનારા લોકો છીએ પણ અજાણતા આપણે પક્ષીઓ સાથે અન્યાય કરી બેસીએ છીએ. યાયાવર પક્ષીઓની શારીરિક રચના અને પાચનતંત્ર તેમને લાંબું ઉડવા માટે પૂરતી તાકાત આપે એવી હોય છે અને તેઓનો ખોરાક પણ એ રીતે જ હોય છે. સામાન્ય રીતે તેઓ માંસાહાર કે માછલીઓ પર નભતા હોય છે પણ આપણે તેઓને આપણો ખોરાક જેવા કે ગાંઠીયા વગેરે આપીને તેઓનું પાચનતંત્ર ખોરવી મૂકીએ છીએ અને તેઓની મૂળ આહાર પદ્ધતિથી એમને વિખૂટા પાડી મૂકીએ છીએ. જરાક સજાગ અને સંવેદનશીલ બનીએ તો આ નિર્દોષ અને સુંદર મહેમાનોને આપણે હંમેશાં મહાલતા જોઈ શકીશું. ■

ટેક વ્યૂહ

વિરલ રાઠોડ
feedback@bombaysamachar.com

# ટેલિગ્રામઃ મેસેજ જ નહીં, કોન્ટેન્ટ શેરિંગનું ફ્રી પ્લેટફોર્મ છે એ...

**ગણતરીની** સેકન્ડમાં મેસેજથી લઈને મની સુધી બધું જ ટ્રાંસફર થઈ જાય છે. જમાનો ડિજિટલની સાથે ઈન્ટરનેટની એ સ્પીડનો છે જેની કોઈ એ કલ્પના પણ કરી ન હતી. મેસેજિંગ એપ્લિકેશનમાં સમયાંતરે ઘણાબધા ફેરફાર થયા, જેમાં વીડિયો કોલ ફિચર્સની સાથે હવે એક્શન રિ-એક્શન સુધી અને સ્ટેટસથી લઈને સેમસર્ચ સુધી બધું જ એક જ એપ્લિકેશનથી પ્રાપ્ય છે. ગ્રૂપથી લઈ ચેનલ અને કોમ્યુનિટી સુધી દરેક તબક્કે જે ફેરફાર આવ્યા એની નોંધ દુનિયાએ લીધી. વોટ્સએપને સમાંતર ઘણીબધી એપ્લિકેશન આવી પણ એમાંથી કેટલી ચાલી એ ચર્ચાનો વિષય છે. વીચેટ ચાઈનાએ લોંચ કરેલી, આઈએમઓ પણ ચીનથી આવી હતી. ભારતના જૂના અને ખાસ મિત્ર રશિયામાં તૈયાર થઈ હતી ટેલિગ્રામ એપ્લિકેશન.

ખરેખર તો ટેલિગ્રામ લખીને ગૂગલ સર્ચ કરવામાં આવે તો જૂના જમાનાનું ટેલિગ્રામ કેવું હતું એ મળી આવે. પવેલ અને નિકોલાઈ ડુરોવ નામના બે મિત્રએ માત્ર ફન માટે તૈયાર કરેલી એપ્લિકેશન આટલા મોટા ફલક પર સર્વસ્વીકૃત બનશે એવી એમને તો ઠીક, કોઈને પણ કલ્પના ન હતી.

રશિયામાં એક લાંબા સમય સુધી પોપ્યુલર બનેલા 'વિકોન્ટેક' એટલે કે 'વીકે' નામના સોશ્યલ મીડિયા પ્લેટફોર્મે ધૂમ મચાવી દીધી હતી. પ્રાયવસી અને સિક્યુરિટીની દ્રષ્ટિએ એપ્લિકેશન એટલી સુરક્ષિત હતી કે લોકો ડીલ કરતા ખચકાતા ન હતા. વર્ષ ૨૦૧૩માં રશિયાના એક નાનકડા શહેરમાં આ બન્ને ભાઈને વિચાર આવ્યો કે જે સિક્યોરિટી સોશ્યલ મીડિયા પર એ એને મેસેજિંગ સેક્ટરમાં કેવી રીતે મૂકી શકાય. જો કોઈ વ્યક્તિ એની પ્રીમિયમ એપ્લિકેશન ડાઉનલોડ કરે તો એના ફીચર્સ કેવી રીતે, વધુ સારી રીતે આપી શકાય. બસ, અહીંથી શરૂ થઈ મેસેજિંગ એપ્લિકેશન ટેલિગ્રામની જન્મયાત્રા.

એક જ વર્ષમાં એપ્લિકેશનની સફળતા ટેક્નોલોજીનું આકાશ આંબી ગઈ. લંડન, દુબઈ, દોહા, કતારથી લઈને છેક સાઉથ અમેરિકા સુધી એના ડંકા વાગ્યા. પછી વોટ્સએપ ટેક્નોલોજીએ એના ફીચર્સ અપડેટ રાતોરાત કરતા એપ્લિકેશન એટલી અમેરિકામાં ચાલી નહીં. આજે વોટ્સએપ એપ્લિકેશન પાસે જે ફીચર્સ છે એ જ ટેલિગ્રામમાં છે, પણ નવી વાત એ છે કે, વોટ્સએપમાં કોઈ મેસેજ ડિલિટ ફોર ઓલ કરવામાં આવે તો એ થ્રેડ દેખાય છે. ટેલિગ્રામ પર એવું થતું નથી.

ગ્રૂપની વાત કરવામાં આવે તો વોટ્સએપ પર ગ્રૂપ એડમિનનો કોન્ટેટ જોઈ શકાય છે.




ટેલિગ્રામ એમાં પણ સિક્યોરિટી મૂકીને એકથી વધુ એડમિન દર્શાવીને હાઈડ કરી શકે છે. બેથી અઢી જીબીની ફાઈલ ગણતરીની સેકન્ડમાં ટ્રાન્સફર કરી શકે છે. સૌથી મોટી અને મહત્ત્વની વાત, વોટ્સએપ પાસે પોતાની મેમરી બેકએન્ડ નથી. અર્થાત એકવાર વોટ્સએપમાંથી બેકઅપ વગર કંઈ ડિલિટ થયું તો સમજો ચીડિયા ચૂક ગઈ ખેત. એ ડેટા રિસ્ટોર થતાં નથી. ટેલિગ્રામમાં એકવાર જે કંઈ શેર કર્યું અને સેવ કર્યું એટલે સમજો પથ્થર કી લકરી. એપ્લિકેશન બીજા ફોનમાં ઈનસ્ટોલ કરો ત્યાં સુધી એ ડેટા એના મૂળ સ્વરૂપે સચવાય છે.

ટેલિગ્રામ જ્યારે નવું નવું આવ્યું એ સમયે એવી અફવા વહેતી થઈ હતી કે, આ ઈન્ડિયન બ્રાંડ છે. પણ ના, આ મેઈડ ઈન રશિયા છે. આજે પણ રશિયામાં ટેલિગ્રામ પાસે ૯૦ મિલિયન યુઝર્સથી વધારે ટ્રાફિક અને યુઝર્સ બન્ને એકલા ટેલિગ્રામ પાસે છે. એમાંથી ૩૫ મિલિયન તો કોર્પોરેટના ઓફિશિયલ ગ્રૂપ અને કોમ્યુનિટી છે. શરૂઆતમાં માત્ર મેસેજિંગ અને ફોરવર્ડના ઓપ્શન બાદ એમાં પણ હવે મેસેજ પિંગ, શેરિંગ, રિએક્શન અને કોમ્યુનિટી લિંકના ઓપ્શન આવતા કામ ઘણું આસાન થઈ ગયું છે.

મોટી સાઈઝની પીડીએફ અને મુવી આવી જાય એવી વીડિયો ફાઈલનું શેરિંગ પણ ઈઝી થયું છે. 'સેવ' નામના ઓપ્શનથી જે રીતે વોટ્સએપમાં પોતાને જ મેસેજ કરી શકાય એમ અહીં બધું જ સાચવી શકાય છે. ફોટો, વીડિયો, ડોક્યુમેન્ટ, પીડીએફ, કોન્ટેક્ટ એવરીથિંગ ઈઝ પોસિબલ. ક્લાઉડ કોમ્પ્યુટિંગ ટેક્નોલોજીથી કનેક્ટેડ હોવાને કારણે વોટ્સએપની જેમ મેમરી ફૂલની કોઈ નોટિફિકેશન આવતી જ નથી. ફોટો અને વીડિયોની ક્લેરિટીની વાતમાં તે વોટ્સએપથી પણ ચડે એમ છે. રૂઢિચુસ્ત અને પોતાનાને જ પ્રાધાન્ય આપતા ચીનમાં પણ ટેલિગ્રામ થોડા સમય માટે ઘણી જાણીતી બની હતી, પણ એમની પ્રાદેશિક ભાષા અને એમના ટેક્નોક્રેટના બીજા કેટલાક ધતિંગના કારણે ચીનમાં આ એપ્લિકેશન ચાલી નથી. ચીનમાં આજે પણ વીચેટ ચાલે છે. જેમાં એ પોતાની મંદારીન અને ફૂટોનઘુ ભાષા આ સિવાય કોઈ ભાષાને પ્રાધાન્ય નથી આપતા.

જે લોકો ટેલિગ્રામનો ઉપયોગ કરે છે એ ઘણા બધા મનોરંજનના ગ્રૂપમાં જોઈન છે. માત્ર મનોરંજન જ નહીં, વૈકલ્પિક પરીક્ષાની તૈયારીઓ કરતા લોકોએ તો આને માહિતી શેરિંગનું બેસ્ટ પ્લેટફોર્મ બનાવી દીધું છે. સમાચારની ચેનલ અને અખબારોના ગ્રૂપ પણ અહીં સરળતાથી પ્રાપ્ય છે. બસ, ગ્રૂપ જોઈન કરો અને અપડેટ મેળવો.

એક મહત્ત્વની વાતઃ જ્યારે પણ કોઈ ગ્રૂપ કે મેસેજનું સેટિંગ કરો તો એમાં આ એપ્લિકેશન કેટલા નોટિફિકેશન જોઈએ એ પણ બતાવે છે. દરરોજના નોટિફિકેશનને ઓન-ઓફની સગવડ આપે છે. કોઈ પણ ગ્રૂપ કે કોમ્યુનિટીને સાયલંટ પણ કરી શકો. પીન કરી શકો. બસ, ધ્યાન એટલું જ રાખવાનું છે કે કોઈ પણ ગ્રૂપમાં રેટિંગ માટેની લિંક આવે અને એના પૈસા મળતા હોય આ પ્રકારના મેસેજથી ચેતજો. એક ક્યૂઆરથી ફ્રોડ ટેલિગ્રામ પરથી પણ ખાતું ખાલી કરી શકે છે. ■

### આઉટ ઓફ ધ બોક્સ

***ભારતમાં સૌ પ્રથમ ટેલિગ્રામ તાર સર્વિસ મુંબઈ અને પુણે વચ્ચે શરૂ થઈ. વર્ષ ૧૮૫૪માં મુંબઈના મેસેજ પુણે મોકલી ટ્રાયલ શરૂકરવામાં આવી, જ્યારે ૧૮૫૦માં કોલકાતાથી ડાયમંડ હાર્બર વચ્ચે સંદેશાવ્યવહાર માટે તાર નાખવાની વાત થઈ હતી.***

હાસ્ય વિનોદ

# બુધ-પ્રભાવિત જાતક તો શત્રુઓ બનાવવામાં સ્વાવલંબી હોય છે!

મંગળ અમંગળ

વિનોદ ભટ્ટ
feedback@bombaysamachar.com

બુધ દરેક રાશિમાં એક મહિના સુધી રહે છે. તેને પોતાના ઘર કરતાં અન્ય ગ્રહોનાં ઘરમાં જવાનું વધારે ગમે છે. પોતાના બંગલામાં કોઈ ગેરકાયદે ઘૂસવા પ્રયત્ન કરે તો તેને રોકવા દરવાજે બંદૂકધારી પહેરેગીરને રોકવામાં આવે છે અથવા તો ખૂંખાર ડોબરમેનને બંગલાના કમ્પાઉન્ડમાં છૂટો મૂકી દેવામાં આવે છે, પણ એ જ માણસની કુંડળીમાં મંગળ, બુધ કે રાહુ-કેતુ તેને પૂછવાનીય તસ્દી લીધા વગર ઘૂસી જાય તો તેમને કોઈ અટકાવી શકતું નથી - અરે, સુપ્રીમ કોર્ટ જેવી સુપ્રીમ કોર્ટ પણ લાચાર છે.... આપણા માટે શુભ ક્યારે અને ક્યારે અશુભ હોય છે એ આપણને બુધની નહીં (રિપીટ બુધની નહીં) પણ જ્યોતિષીની મદદથી જ જાણવા મળે છે.

બુધ પ્રથમ ઘરમાં હોય એવો જાતક સ્વભાવે બાર્ગિંગ એટિટ્યૂડવાળો હોય, તેની સાથેના નિરર્થક વાદવિવાદથી સામેની વ્યક્તિ તનથી અને મનથી થાકી જાય. નંખાઈ જાય. તે પોતાનો કક્કો સાચો કરાવીને જ સામા પક્ષની છાલ છોડે. આ કારણે આવા પતિથી તેની પત્ની માટે છૂટાછેડા સુલભ બને. ખુદ જજ પોતે જ કંટાળીને જીવદયાથી પ્રેરાઈ આવા જાતકથી તેની સ્ત્રીને ડિવોર્સ અપાવે.

જોકે, બીજે અને આઠમે બુધ હોય એ જાતક પત્નીના કહ્યામાં જ રહે. તેને આત્મહત્યા કરવાની ઈચ્છા થઈ આવે તો એ માટે ય તે પત્નીની પરવાનગી માગે. તે રેવન્યૂ સ્ટેમ્પના હિસાબ સાથે તેનો પૂરો પગાર પત્નીના હાથમાં મૂકી દે છે. આવા જાતકને ચપળ, ચાલાક અને તીક્ષ્ણ બુદ્ધિ ધરાવતી પત્ની મળે. આ જાતક જિગર વગરનો, ડરપોક હોય. તેની પાસેથી પ્રેમપૂર્વક પૈસા મેળવી શકાય નહીં. દાદાગીરીથી નાણાં કાઢવી શકાય. આમ તો, એક નનામો ફોન કરવાથી જ કામ સરી જાય. તેને ઘરમની બહેનો બનાવવાની હોબી હોય. તેની પત્ની સામે કોઈ જુએ, તેની પ્રશંસા કરે તો એથી તે હરખાય છે.

બુધ ત્રીજા ઘરમાં હોય તો કોઈ બેવકૂફ સાથે દોસ્તી થાય જે ભાગીદારીના ધંધામાં પરિણમે. જેના ફલસ્વરૂપ, પેલી જૂની ઉક્તિ પ્રમાણે, પૈસા રોકનાર ભાગીદારના ભાગે મબલક અનુભવ આવે, જાતકના ભાગે નાણાં આવે...આવા જાતકને મિત્રોથી અર્થપ્રાપ્તિ થાય છે. (ટીપઃ આવા દરેક સુદામાએ એકાદ કૃષ્ણ શોધી લેવો.) સ્ત્રીઓની બાબતમાં તે સ્પષ્ટપણે દેખાઈ આવે એટલે બધો લીસો રહે. તેની ખુદની પત્ની પણ ખીજમાં તેને 'લંપટ'ના વિશેષણથી બોલાવે. આથી લાંબા ગાળે જાતકને પોતાને જ એવો વહેમ પડવા માંડે. પત્ની જેનો વિશેષણ લેખે ઉપયોગ કરે છે એ તેની અટક તો નહીં પડી જાયને !... જીવનને તે ભરપટ્ટે માણે ને પછી એ બધાથી થાકી જઈને- ઉબઈ જઈને સંસારનો ત્યાગ કરી સાધુ થાય. અને સાધુ-બાવા બન્યા બાદ ઘણાં વર્ષે તેને સમજાય કે સંસારની માફક સાધુત્વ પણ અસાર છે એટલે પછી એનાથી કંટાળીને કોઈ અતિ શ્રીમંત વિધવાનું હૃદયપરિવર્તન કરી તેની સાથે સંસાર માંડે. બોલવામાં તે એટલો બધો મીઠડો હોય કે તેને લાં...બો સમય સાંભળનારને બ્લડ-યુરીનમાં સાકરનું પ્રમાણ એકદમ વધી જાય.

જેને ચોથે બુધ હોય એ જાતકનું મિત્રમંડળ બહોળું હોય, તેને ઘણા સારા મિત્રો મળે. જોકે તેના એ મિત્રો હંમેશાં એવું વિચારતા રહે કે અમને અચ્છો મિત્ર મળ્યો હોત તો કેટલું સારું થાત! તેનું મન અકળ હોય, તે પીઠ પાછળ ઘા કરવાની પ્રકૃતિ ધરાવતો હોય - પાછો આદિલ મન્સૂરીની કાવ્યપંક્તિ જાણે પોતે જ લખી હોય એમ ગણગણ્યા કરે કે 'પાછળ પ્રવાસીઓમાં ઘણા મિત્ર પણ હતા, કોણે કર્યો પ્રહાર મને કંઈ ખબર નથી...' તેના આ પ્રકારના મિજાજને પોલિટિક્સ વધારે માફક આવે.

પાંચમે બુધ હોય એ વ્યક્તિ પોતે ચોપડા અને / અથવા ચોપડીઓ લખનાર હોય. ચોપડા લખતો હોય તો દેશીનામા-સેન્ટર (કમ્પ્યુટરાઈઝ્ડ નામા સેન્ટર) ચલાવે અને લેખક હોય તો તાબાના માણસો પાસે પુસ્તકો લખાવી પોતાના નામે પ્રગટ કરાવે.

છઠ્ઠે બુધ હોય એ જાતકની પત્ની સુંદર હોય. અથવા તો તેને કાયમ રૂપાળી લાગે. આથી તેનો સ્વભાવ વહેમી બને. દરેક પુરુષ સામે શંકાની નજરે જુએ.

સાતમે બુધવાળો જાતક શત્રુઓ બનાવવામાં સ્વાવલંબી હોય. આ ઉપરાંત માણસોને અંદર અંદર લડાવી પોતાનું ટટ્ટુ કાઢે. તે બધાંને પજવી શકે, તેને કોઈ ન પજવે.

અને જેની જન્મ કુંડળીમાં આઠમે બુધ હોય તે સો વરસ જેટલી આવરદા ભોગવે, પરંતુ આ ઉંમર સુધી પહોંચવા ઈચ્છનાર જાતકે ડોક્ટરની સલાહ પ્રમાણે વર્તવાને બદલે નેચરોપથી યાને નિસર્ગોપચાર તેમ જ એ પ્રકારના ઉપચારોના આશરે જવું.

નવમા સ્થાને બુધ હોય તેને સ્વપત્ની સાથે મનમેળ ઓછો રહે ને બીજી ડાળ પર મન લાગે. કોઈ નિર્દોષ ડિવોર્સી સાથે મિત્રતા થાય. એ નિર્દોષ ડિવોર્સી નિર્દોષ ભલે હોય કે ન હોય, પણ તેના ડિવોર્સ તો નિર્દોષ જ હોય. પછી એ નિર્દોષ ડિવોર્સી જાતકના જ કોઈ પરમ ધનાઢ્ય મિત્ર સાથે નાસી જઈને નિર્દોષ ભાવે પરણી જાય, ને જાતક માટે 'દોસ્ત દોસ્તના રહા' જેવું ગીત છોડતી જાય.

-અને દસમા ગૃહમાં બુધ હોય એ જાતકે આર્થિક ક્ષેત્રે સાવધ રહેવું. તેનો ધનભંડાર લુચ્ચા, ઠગ અથવા તો વકીલોના હાથમાં પડી ન જાય એની તકેદારી રાખવી. દસમે બુધવાળી વ્યક્તિની વાણી અસરકારક હોય. જેમને શુદ્ધ ગુજરાતીમાં 'પરધાનિયા' કહે છે, જે પર-ધાન પર નભતા હોય છે એવા પ્રધાનોમાંના એકાદ પ્રધાન પાસેથી આ જાતક પોતાની વક્તૃત્વકળાથી મિલકત મેળવે-અવળી ગંગા જેવું થાય.

હા, પણ અગિયારમા સ્થાને બુધ હોય એ જાતક ઓછાબોલો હોય. થોડું બોલ્યો ઝાઝું કરી સમજશો એવું કહ્યા વગર પણ તે શોર્ટ હેન્ડ કે ટેલિગ્રામ જેટલું ઓછું બોલે. આ જાતકની વિશેષતા એ હોય છે કે તેને કોઈ પણ કાર્યક્રમ, પછી ભલે તે શ્રદ્ધાંજલિનો હોય, તેમાં પણ સ્ટેજ પર બેસી, સ્ટેજ શોભાવવાનું ગમે છે.

બારમે બુધ હોય એ જાતકનો શબ્દકોશ નેપોલિયનના શબ્દકોશ જેવો અધૂરો હોય. નેપોલિયનના શબ્દકોશમાં 'ઈમ્પોસિબલ' - અશક્ય શબ્દ નહોતો એ રીતે આ જાતકના શબ્દકોશમાં 'વિશ્વાસ' જેવો શબ્દ શોધ્યોય ન જડે. તે કોઈના પર વિશ્વાસ ન મૂકે. અને તેના પર વિશ્વાસ મૂકનારનો એક ટેવ લેખે વિશ્વાસઘાત કરવાનું ન ચૂકે. તેની સમાજમાં આ જાતની છાપ હોવા છતાં તેનો વિશ્વાસ કરનારા સદાય તેને મળતા રહે.

સૂર્ય, શુક્ર અને રાહુ જેવા બળિયા ગ્રહો બુધના મિત્ર છે, જ્યારે મંગળ, ગુરુ અને ચંદ્ર તેના શત્રુ છે.. બુધ તો ચંદ્રને પોતાનો મોટો શત્રુ ગણે છે, પરંતુ ચંદ્ર તેને પોતાના શત્રુ હોવાનું ગૌરવ આપે છે કે કેમ તે માટે આપણે ચંદ્રને જ પૂછવું પડે,

પણ મંગળ અને બુધ જે રીતે વાર તરીકે એકબીજાની સાવ નજીક છે એ રીતે ગ્રહ તરીકેય એકબીજાની પાસે હોય તો? મહાત્મા ગાંધી અને એ જ અટકધારી શ્રીમતી ઈન્દિરાજી, આ બન્નેની કુંડળીમાં લગ્ને મંગળ-બુધ હતા એટલે તે અત્યંત લોકપ્રિય અને મહાન થઈ શક્યાં, બન્ને મિલેનિયમના મહાન વ્યક્તિનું ગૌરવ પામ્યાં. અલબત્ત, અમરત્વ પામવા માટે આ બન્નેને સમય પહેલાં ગોળીઓથી વીંધાવું પડ્યું. આપણી પાસે અબ્રાહમ લિંકન અને જ્હોન કેનેડીની કુંડળી નથી, પણ જે રીતે એ બંને મરીને મહાન થાય તે પરથી અનુમાન કરવાનું મન થાય કે તેમની કુંડળીમાં પણ મંગળ-બુધ સાથે હોવા જોઈએ. ભગવાન રજનીશને તો કદાચ ખબર પણ નહીં હોય કે તેમની કુંડળીમાં પણ મંગળ-બુધનો ગાઢ સંબંધ હતો. અને જેમની વાણીમાં સોક્રેટિસ જેવો જાદુ હતો એવા આપણા અટલ બિહારી બાજપાઈ ત્રણ ત્રણ વખત વડા પ્રધાન થઈ શક્યા, તેમની કુંડળીમાંય મંગળ-બુધ પ્રગાઢ રીતે જોડાયેલા છે. તેમને પત્ની ભલે ન મળી, પણ મંત્રમુગ્ધ કરે એવી વાણી મળી. શક્ય છે કે વાચાળતાનું વરદાન તેમને સ્ત્રી નહીં મળવાને લીધે જ પ્રાપ્ત થયું હશે, કે પછી વિકસ્યું હશે. બાકી જો તે પરણ્યા હોત તો માત્ર એક આદર્શ શ્રોતા જ બની રહ્યા હોત, આપણે એક ઉત્તમ વક્તા ગુમાવ્યો હોત.

આ બુધને રાજી કરવા ચન્દ્રની ગેરહાજરી અનિવાર્ય હોવાથી પૂનમને બદલે અમાવાસ્યાનું વ્રત કરવામાં આવે છે. અને સુપાત્રને જેટલું વધારે દાન આપવામાં આવે એટલો બુધ વધુ ખુશ થાય છે. આ દાનમાં ટાલિયો હોય તેને કાંસકો, દાંત પડી ગયા હોય તેને હાથીદાંત, ડાયાબિટીસ થયો હોય તેને મધ, સાકર અથવા તો સ્યુગર ફ્રી ટેબ્લેટ્સનું દાન કરવું. બિલ્ડર ન હોય તેને ભૂમિ, જમીન કે પછી પ્લોટનું દાન કરવું જેથી તે બિલ્ડરો પાસેથી બે નંબરનાં નાણાં પ્રાપ્ત કરી શકે. બીકણ હોય તેને શસ્ત્ર અને દાણચોરને સુવર્ણદાન કરવાથી બુધ (અને/અથવા તો દાન લેનાર) રાજીનો રેડ થઈ જશે.

જમણા હાથની ટચલી આંગળીની નીચેનો હૃદય-રેખા સુધીનો ભાગ બુધનો પર્વત કહેવાય છે. આ પર્વત પર જે આડી રેખાઓ પડેલી છે તે પ્રેમની એટલે કે પ્રેમિકાઓની અથવા તો લગ્નની રેખાઓ ગણાય છે. આ રેખા જો હૃદયરેખા અને ટચલી આંગળીના મૂળની વચ્ચેના ભાગ સુધી લંબાયેલી હોય તો લગ્ન મોડાં યા વહેલાંય થશે તો ખરાં જ, કુંવારા મરવાનો યોગ નહીં આવે, પરંતુ એ રેખા જો એથી ઊંચે જતી હોય તો લગ્ન ઘણી મોટી ઉંમરે થાય, અને લગ્નજીવનના પાંચ વર્ષના ગાળામાં પત્ની પોતે જે તેના પતિને અંકલ કહેવાનું શરૂ કરે છે. આ પર્વત પર જેટલી વધારે રેખાઓ હોય એ બધી રેખાઓની સંખ્યા જેટલાં પ્રેમપ્રકરણો થાય, છતાં આમાંની એક પણ છોકરીનું નામ રેખા કે સુરેખા નહીં હોય. અને એવી કોઈ આડીઅવળી રેખા ન હોય, રેખાનો એકાદ ટુકડોય હોય તો એવો જાતક પત્ની સિવાયની સ્ત્રીના ઈતર પ્રવૃત્તિના પ્રેમમાં ઊંધા માથે પટકાય છે. કિંતુ રેખા જો તૂટેલી, ફૂટેલી, ગૂંચવાળી, સાંકળીવાળી કે આગળ યા પાછળથી ચીપિયા આકારની હોય તો જાતક માટે તે પ્રેમભંગ, લગ્નભંગ યા અસ્થિભંગ સૂચવે છે..

અમુક જ્યોતિષીઓના મત પ્રમાણે બુધ-પ્રધાન જાતકનું મૃત્યુ તાવથી થાય છે. આ તાવ ટાઢિયો પણ હોઈ શકે. આ બુધ આમ તો ઘણો નાનો ગ્રહ છે એટલે તેના વિશે આનાથી વધારે કેટલું લખાય...! ■

---

ઝબાન સંભાલ કે

હેન્રી શાસ્ત્રી
feedback@bombaysamachar.com

# સોનું સાંપડે નહીં, પિત્તળ પહેરાય નહીં



ગુજરાતી અને મરાઠી ભાષામાં સામ્ય ઘણું છે, પણ જો ગફલતમાં રહ્યા કે સાવચેતી ન રાખી હોય તો કહેવાનું કશુંક હોય અને સામેની વ્યક્તિ કંઈક જુદું જ સમજી બેસે એવો ઘાટ થાય. અર્થ કરવા જતા અનર્થ થઈ જાય. ગુજરાતીઓ સામાન્ય બોલચાલમાં ગઈ કાલ અને આવતીકાલ એ બંને માટે કાલે શબ્દ જ વાપરતા હોય છે. કાલે હું ઓફિસ નહોતો ગયો - કાલે મારે રજા છે. ભૂતકાળ અને ભવિષ્યકાળ બંને માટે સરખો શબ્દ. મરાઠીની વાત અલગ છે. ગઈકાલ માટે **काल** વપરાય છે જ્યારે આવતી કાલ માટે **उद्या** શબ્દનું ચલણ છે. **काल मी ओफिस नहोतो गेलो. उद्या मला सुट्टी आहे.** હવે જો તમે તમારા મરાઠીભાષી મિત્રને આમંત્રણ આપતી વખતે ગુજરાતી બોલવાની ટેવ અનુસાર જો **काल तुम्ही घरी या** (કાલે તમે ઘરે આવજો) એમ જો કહી બેસો તો મિત્ર જરૂર મુંઝાઈ જાય, કારણ કે ગઈ કાલે આવવા કેમ કહે છે એ જ વાત એના પલ્લે ન પડે. માટે ઝબાન સંભાલ કે. તમારે એને **उद्या तुम्ही घरी या.** એમ કહેવું જોઈએ.

આજકાલ સોનાના ભાવ એવા આસમાને ગયા છે કે મધ્યમવર્ગને એની ખરીદી પોસાય એમ જ નથી. એ સંદર્ભમાં એક જૂની કહેવત આજે એકદમ ફિટ બેસે છે કે સોનું સાંપડે નહીં ને પિત્તળ પહેરાય નહીં. સોનું ખરીદવાની વેંત નથી અને જે લઈ શકાય એ સોના જેવો વાન ધરાવતા પિત્તળના દાગીના પહેરી ન શકાય. સોનાના દાગીના પહેરવાની ઈચ્છા થાય તો શું સોનાની લૂંટ ચલાવવાની? મરાઠી ભાષીકો મર્માળુ હસી કહેશે હાસ્તો. **दसऱ्याच्या दिवशी सोनं म्हणून आपट्याची पानं लुटण्याची म्हणजे एकमेकांना देण्याची प्रथा अनेक हिंदु धर्मीय पाळताना दिसतात.** સોનુ સમજી દશેરાને દિવસે આપટા વૃક્ષના પાન 'લૂંટવાની' એટલે કે એ પાન એકમેકને આપવાનો રિવાજ હિંદુ ધર્મના લોકોમાં અને ખાસ કરી મહારાષ્ટ્રમાં જોવા મળે છે. આપટા અશ્મંતક તરીકે પણ ઓળખાય છે. અશ્મંતક એટલે પથ્થર અથવા ખડકનો નાશ કરનાર. એ કારણે ગુજરાતીમાં પાષાણભેદ પણ કહેવાય છે. મહારાષ્ટ્રમાં અને ખાસ કરી રાજ્યના કેટલાક ગામડાઓમાં આપટાની ડાળીઓનો ઢગલો કરવામાં આવે છે. આ ડાળીના પાન સોનું તરીકે એકબીજાને આપવાની પ્રથા છે. આર્થિક રીતે સધ્ધર લોકો આપટાના પાનના આકારનું સાચું સોનું પણ ભેટ આપે છે. મહાકવિ કાલિદાસના 'રઘુવંશ' કાવ્યમાં દાનશૂર રઘુરાજાની કથામાં વેદ અભ્યાસ કરનાર કૌત્સની કથા છે. વિદ્યાભ્યાસ થયા પછી ગુરુદક્ષિણા માટે કૌત્સે આગ્રહ રાખ્યો ત્યારે ગુરુએ ૧૪ કરોડ સોનામહોર માગી. વચન પૂર્તિ કરવા કૌત્સ રઘુરાજા પાસે ગયો અને દાનવીર રાજાએ પોતાને મળેલું બધું સોનું કૌત્સને આપી દીધું. જોકે, કૌત્સે ૧૪ કરોડ સોનામહોરથી રતીભાર સોનુ વધુ લેવાની ના પાડી દીધી. એટલે વધેલું સોનું ગામની બહાર આપટા અને શમીના ઝાડ નીચે રાખવામાં આવ્યું. કૌત્સે ગામના લોકોને બોલાવી એ બધું સોનું લૂંટી પોત પોતાના ઘરે લઈ જવા કહ્યું. એ દિવસ આસો સુદ દસમનો - દશેરાનો હતો. આ લોકકથામાંથી જ દશેરાના દિવસે 'સોનું લૂંટવાના' રૂઢિપ્રયોગનો જન્મ થયો હોવાનું કહેવાય છે.

## हिंग्लिश VINGLISH Chillum hither lao

હિન્દી અને ઈંગ્લિશ ભાષાની ભેળસેળ હિંગ્લિશ (**हिंदी+ English = हिंग्लिश**) તરીકે ઓળખાય છે. ઉદાહરણ તરીકે એક કોલ્ડડ્રિન્કનું સ્લોગન હતું '**ये दिल मांगे** More.' એમાં પહેલા ત્રણ શબ્દ હિન્દી ભાષાના છે જ્યારે ચોથો શબ્દ 'મોર' (વધુ) અંગ્રેજી શબ્દ છે. ' **You are giving, बहाना** પણ બે ભાષાની ભેળ છે. હિન્દી ફિલ્મોના નામમાં પણ **जब Met** કે પછી **Love आज कल** જેવા અખતરા જોવા મળ્યા છે. ફિલ્મી ગીતોમાં તો છેક ૧૯૪૭થી **आना मेरी जान मेरी जान** (**Sunday के Sunday** - ફિલ્મ શેહનાઈ, ગીતકારઃ પી. એલ. સંતોષી) અંગ્રેજીની ઘૂસણખોરી જોવા મળે છે. તાજેતરમાં અવસાન પામેલા જાહેરખબર જગતના મહારથી પિયૂષ પાંડેએ પણ તેમના વિજ્ઞાપનોમાં હિંગ્લિશનો વ્યાપક ઉપયોગ કર્યો હતો. હિંગ્લિશનો ઉપયોગ ૧૯૭૦ પછી ધીરે ધીરે ચલણમાં આવ્યો અને ૧૯૯૦ના દાયકાથી એનું ચલણ વધી ગયું એવી સર્વસામાન્ય માન્યતા છે.

જોકે, ભાષાવિજ્ઞાનમાં સંશોધનના હેતુથી સતત ખાંખાંખોળાં કરતા સંશોધકોએ ખોળી કાઢ્યું છે કે અંગ્રેજીમાં હિંગ્લિશનો અખતરો છેક ૧૮૨૭માં સંભવતઃ પહેલી વાર થયો હતો. વિદેશી કુળના માતા પિતાના સંતાન **Henry Louis Vivian Derozio** દ્વારા રચિત કવિતાઓમાં આવા પ્રયોગ નજરે પડે છે. કલકત્તામાં જન્મેલા મિસ્ટર હેન્રી ભારતીય કવિ હોવા ઉપરાંત હિન્દુ કોલેજમાં અસિસ્ટન્ટ હેડમાસ્ટરના હોદ્દા પર હતા. **Poems** (૧૮૨૭) શીર્ષક હેઠળ પ્રસિદ્ધ થયેલા પુસ્તકમાં તેમની પોએમ્સ - કવિતાઓ પ્રગટ થઈ છે. પુસ્તકના ૭૨મા પાના પર પ્રસિદ્ધ થયેલી કવિતાનું શીર્ષક છેઃ **Song of the Hindoostanee Minstrel** (હિન્દુસ્તાની રાજ દરબારના ગવૈયાનું ગીત). કાવ્યની શરૂઆત જ **With Surmah tinge thy black eye's fringe, It will sparkle like a star** (આંખોમાં કાજળ આંજવાથી તારી પાંપણ ઝગમગ તારલાની જેમ ચમકી ઉઠશે) પંક્તિથી થાય છે. કહેવા માટે સુરમા શબ્દ ઉર્દૂ છે પણ એ હિન્દીમાં સ્થાયી થયો છે. આ સિવાય આ કવિતાની નવમી અને અંતિમ કડીમાં **सितार-दिलदार** શબ્દો પણ વાપરવામાં આવ્યા છે, અલબત્ત રોમન લિપિમાં.



**Like birds from land to land we'll range, And with our sweet sitar, Our hearts the same, though worlds may change, We'll live, and love, Dildar!** આ કવિતા ૧૮૨૭ના મે મહિનામાં લખાઈ હોવાની નોંધ છે. આ શબ્દોનો અંગ્રેજી ભાવાર્થ પણ આપવામાં આવ્યો છે.

કવિ હેન્રીની બીજી એક કવિતામાં પણ હિન્દી શબ્દનો ઉલ્લેખ જોવા મળે છે. **Ode - From the Persian of Half Queez** (૧૮૨૭) શીર્ષક હેઠળના કાવ્યમાં **Without thy dreams, dear opium, Without a single hope I am, Spicy scent, delusive joy; Chillum hither lao, my boy!** પંક્તિઓ આવે છે. જોઈ શકાય છે કે અંતમાં 'ચિલ્લમ ઈધર લાઓ' એમ ત્રણ હિન્દી શબ્દ આવે છે. આ પંક્તિમાં આગળ અફીણ (ઓપિયમ)નો ઉલ્લેખ આવતો હોવાથી ચિલમનો ઉલ્લેખ સમજી શકાય છે. હતાશાને ખંખેરવા અફીણને આશરે જવાની વ્યથા છે. તેમની કવિતા એ સમયે ક્રાંતિકારી ગણાઈ હતી કારણ કે, બ્રિટિશરોના દમનકારી શાસન સાથે ભારતીય વિરાસતની ઉજવણીની વાત પણ એમાં વણાઈ જતી હતી. જોકે, કવિશ્રીને એ જાણ નહોતી કે વૈચારિક ક્રાંતિ સાથે તેમણે ભાષાકીય ક્રાંતિના બીજ રોપી દીધા છે. ■

---

ઊડતી વાત

ભરત વૈષ્ણવ
feedback@bombaysamachar.com

# મોટી લૂંટની મહા મોટી મોંકાણ




'કુછ તો કરના પડેગા.'

અબ્દુલે ચુપકીદી તોડી. સલીમ, મોહમ્મદ, જાવેદ અને અબ્દુલ અડધા કલાકથી ચિકનની ટાંગ ચૂસતા હતા, તળેલા કાજુ ખાતા હતા અને દેશી પોટલી ખાલી કરતા હતા. આ બધાની સાથે ચિલમની તમાકુમાં ગાંજો મેળવી ધુમાડો છોડતા હતા.

'ભાઇ તું સહી બોલ રહાય.' સલીમ ચિકનાએ હાથ મસળ્યા તો બે મચ્છર મરી ગયા.

'યાર, કિસી કે સામને હાથ પગ ફેલાને કી બજાય કુછ તો કરનાય પડેગા.' મોહમ્મદ પવાલામાંથી દેશી દારૂનો મોટો ઘૂંટ મારતા કહ્યું.

'વો સબ તો ઠીક હૈ. લેકિન કુછ કા મતલબ ક્યાં? ક્યાં કરે ઓર દો પાંદડેવાલે બન જાવેએં?' જાવેદે સૌની ગડમથલ જાહિર કરી.

'હમ હાથ પૈર હિલા રહે હૈ. પર કમબખ્ત કિસ્મત હમે ઠેર કે ઠેર છોડ દેતી હૈ,' અબ્દુલે અફસોસ જાહિર કર્યો.

'યાર, મૈંને શોપિંગ મોલ કે પાંચવે માલે પર પંકચર કી દુકાન ખોલી થી. મૈં લિફ્ટ કે દરવાજે ખુલતી હૈ કોઇ બંદા સાઇકલ, મોટર સાઇકલ યા કાર કા ટાયર કા પંકચર કરવાને વાસ્તે આયેંગે ઐસાં સોચતા થા. પર કભી ભી બૌની નહી હુઇ. ચાય ભી ખુદ કી પૈસો પીની પડતી થી.' સલીમ ચિકનાએ સ્વરોજગારની નિષ્ફળ કથા કહી.

'અરે હમને કહાં ઝંડા ગાડા હૈ? સુબહ શામ ફટફટીકો ઠીક કરતે હૈ. હાથ કે સાથ દિલ ભી કાલાકલૂટા હો જાતા હૈ. બદન થકાનસે તૂટ જાતા હૈ. ઉપરસે ખુસડ બુઢા યાકુબ મા-બેન કી ગાલી બકતા હૈ. મન મેં આતા હૈ કી ઉસકો ટપકા દૂં. લેકિન દિલશાદ ખાલા કા માસૂમ ચહેરા આંખો કે સામને આ જાતા હૈ. બડી પાક ઓરત હૈ. જો ઇસ ખુસડ બુઢે કી બીવી હૈ.' જાવેદે મન કી બાત કહી.

'સાલી જિંદગી ઝંડ બન ગઇ હૈ. મૈંને સોચા કિ હાથ પગ ફૈલાને યા હાથ પૈર હિલાને સે બહેતર હૈ કી હાથ પૈર માર લૂ. માં કસમ મૈંને ચેઇન સ્નેચિંગ ચાલુ કિયા. ઇન્સાલ્લાહ. અલ્લાહ કી મહેરબાની સે દો તીન લાખ કમાયે ભી. બેઇમાની કા પૈસા કબાબ, શરાબ ઔર શબાબમેં ચલા ગયા.' અબ્દુલે પોતાના હાલહવાલ બેહાલ બતાવ્યા.

'હમને ડકૈતી-ફિરોતી મેંભી હાથ અજમાયા. લેકિન સાલે કમીને પુલિસવાલેને મેરે ધંધે કી વાટ લગાલી. સાલે એક લાખ કા ભરણ માંગ રહે થે. મુશ્કિલસે દો તીન મહિનેમેં એક બકરા મિલતા થા. વોહ ભી પુલિસ કે ભરણ મેં ચલા જાતા થા નતીજા? 'ખાયા પિયા કુછ નહી ઔર ગિલાસ તોડે બારહ આના' જૈસી પતલી હાલત હો ગઇ હૈ.' મોહમ્મદે તેની કહાણી કહી.

આજે એ લોકો કોઇ રોજામાં ભેગા થયા હતા. બધાના જમણા હાથમાં ખંજવાળ આવતી હતી. મુફલિસને બદલે ખ્વાજાની જેમ જીવવાની ખુજલી આવતી હતી. નાના મોટા ધંધા, ચોરી ચપાટી કરીને તંગ આવી ગયેલ. એક મોટો હાથ મારી દલ્લો મેળવી બાકીની લાઇફ સેટલ કરવાની ખ્વાહિશ હતી.

'મિલ ગયા મિલ ગયા...' સલીમ ચિલ્લાયો. માનો કે અકબર બાદશાહનો ખજાનો મળ્યો ન હોય.

'ક્યાં મિલ ગયા?' ત્રણે જણે પૂછ્યું. કોઇ ચમત્કાર થયો કે સલીમને જાદુઇ છડી મળી કે ઘુમાવો એટલે માંગો તે મળે.

'અરે બુધ્ધુઓં, હમારી કિસ્મત ચમકાને કા કરિશ્મા મિલ ગયા.' સલીમે કહ્યું.

'પર હુઆ ક્યાં?' બાકીના ત્રણેય જણાના મોં ખુલ્લા રહી ગયા.

'અરે પૂછો કે ક્યાં નહીં હુઆ?' સલીમે રહસ્યને વધુ ઘેરું કર્યું.

'પહેલિયા મત બુજાવ. જો કહેના હૈ સાફ લબ્જોમેં કહો.' બાકીના ત્રણેયે ઓર્ડર કર્યો.

'હમ કહાં બેઠે હૈ?' સલીમે પૂછ્યું.

'કોઇ રોજા કે નીચે.'

'અબ રોજા કી ઉપર દેખો. કુછ લાઇટ જલી?' સલીમના અવાજમાં ઉત્સાહ છલકતો હતો. ત્રણેયે રોજાની ટોચે જોયું. ત્રણેયને કાંઇ ખબર ન પડી.

'સલીમ, હમે મામુ મત બનાવ,' ત્રણેયે સોઇ ઝાટકીને કહ્યું.

'અરે મેરે ઘોંચું ચાચુજાન, રોજા કે ઉપર જો બડા ગોલ ગુંબજ હૈ. વોહ ગોલ ગુંબજ સોના કા બના હુઆ હૈ. ઉસ જમાનેમેં સોનેમેં દૂધ મેં પાની મિલાને કી તરહ મિલાવટ નહીં હોતી થી.' સલીમે કહ્યું.

'તો?' ત્રણેય બોલી ઊઠ્યા

'અરે અક્કલકે અંધો, હમ યેહ સોને કા ગુંબજ ચૂરા લે તો અખ્ખી જીંદગી હાથપૈર ફેલાને નહીં પડેંગે, હાથ પૈર હિલાને નહીં પડેંગે, યા તો હાથપૈર મારને નહીં પડેંગે.' સલીમે આઇડિયા બતાવ્યો.

'માશાલ્લાહ.' ત્રણેયના મો આફતાબની જેમ ચમકી રહ્યા હતા...પછી તો મોટી લૂંટ વખતે જે જરૂર પડે બધી સામગ્રીનો મેળ પાડ્યો.

એક રાતે બે ત્રણ વાગ્યે...સલમાને લાંબું દોરડું હવામાં ઉછાળ્યું. ગુંબજ પાસે બેસેલા જાવેદ અને મોહમ્મદે દોરડાંનો ફાંસીના ફંદો જેવો ગાળિયો બનાવ્યો. અબ્દુલે દોરડાંનો ગાળિયો ગુંબજને પહેરાવ્યો. અબ્દુલ સિવાય જાવેદ અને મોહમ્મદ નીચે ઊતરી ગયા. સલીમ, જાવેદ અને મોહમ્મદે જોરથી દોરડું ખેંચ્યું. ગુંબજ ગબડતો ગબડતો સલીમના ચરણે પડ્યો. સલીમે ગુંબજને વર્લ્ડ કપની જેમ ચૂમ્યો. ગુંબજને કોથળામાં ભરીને કોથળાનું દોરડું બાંધ્યું.

બીજે દિવસે સોની પાસે ગુંબજ વેચવા ગયા. સોની એકાદ લાખ ઓછા આપે તો પણ ગુંબજ વેચવાની સૌની તૈયારી હતી.

'ભંગારનો ભાવ વીસ રૂપિયા છે. ગુંબજનું વજન ચાર સો કિલો છે. એટલે લગભગ આઠ હજાર મળશે.' એમ સોનીએ કહ્યું. મતલબ કે સલીમ, જાવેદ, અબ્દુલ અને જાવેદના કિસ્મતમાં ચોરીચપાટી, પંકચરની દુકાન, ગેરેજની નોકરી અને ઓમલેટની લારી જ લખાયેલ હતી!

કિસ્મતનું પાંદડું ખસ્યું પણ એવું ખસ્યું કે એ પાંદડા પાછળ મોટું જંગલ પથરાયેલું નજરે ચઢ્યું! ■

### ૪. ધાર્મીક સંબંધી

**જૈન દેરાસર માટે**

કેસર ઘૂંટવા માટેનું સાત્વીક લાકડું 350/- રૂા. કીલો પ્રમાણે મળશેજી. 9820770223. (બી-૧૬૨૬૮)

### ૬. પરચુરણ

**R.K. ANTIQUE ARTS**

ઓલ્ડ જુના જરી બોર્ડર સાડી પાટણના પટોલા જુના ઘરચોળા જુની નોટ કોઈન ચાંદીના સિક્કા ચાંદીના વાસણ જુના મોતી બસેરા ઘડિયાળો પેન જરમન સિલ્વર સાડી જુનો માલ લઈએ. 8879388883, 9867814407. (૩૦૪)

### ૯. લગ્ન સંબંધી

■ જૈન કુંવારા યુવક CA, 48, 42 lacs, માટે કન્યા 9408601501. (દહેજ નહીં). (બી-૧૬૬૬૬)

રવિ ૨ ડિસે : મુંબઈ
સર્વ જ્ઞાતિય મેળાવડો
ફક્ત ઉમેદવારોને પ્રવેશ!
રવિ ૧૬ નવે : અમદાવાદ
વાલીઓ માટે
સ્નેહ સંમેલન (સર્વ જ્ઞાતિ)
રવિ ૭ ડિસે : અમદાવાદ
સર્વ જ્ઞાતિય મેળાવડો
ફક્ત ઉમેદવારોને પ્રવેશ!
રવિ ૭ ડિસે : અમદાવાદ
જૈન સર્વ જ્ઞાતિય મેળાવડો ફક્ત ઉમેદવારોને પ્રવેશ!
ફક્ત કુંવારા ઉમેદવારો માટે.
વધુ ૨૫ થી ૩૨ વર્ષ, વર ૨૬ થી ૩૬ વર્ષ
ઓનલાઈન નોંધણી ઉપલબ્ધ
ગુજરાતી અને મરાઠી ભાવિ વર-કન્યાઓ માટે
॥અનુરૂપ॥
www.anuroopwiwaha.com
સંપર્ક : 1800 267 7991

(દહેજ નહીં) (બી-૧૬૬૪૫)

### ૧૦. મહિલાઓ માટે

**મહેમાનોનો ઉતારો**

લગ્નપ્રસંગના બોરીવલી/ કાંદિવલીમાં AC ફુલ્લી ફર્નિશ્ડ - બાપલી બંગલો. 9821112796. (૩૨૮-એ)

■ * જામનગરવાળા SUTARIA's મસાલા - અથાણા ફ્રી હોમ ડીલેવરી ₹999 મોબાઈલ 8200644970 / 9426239355 * (બી-૧૬૫૪૫)

### ૧૨. યાત્રા સહેલગાહ

**કુદરતના ખોળે ડુંગરની ટોચે પધારો શ્રી મલ્લીનાથ જૈન તીર્થ કોસબાડ (દહાણુ). કુદરતના સાનિધ્યમાં મૂળનાયક શ્રી મલ્લીનાથ દાદાની સેવા-પૂજા કરવા માટે પધારો. ઉત્તમ ભોજનશાળા, ધર્મશાળા વગેરેની વ્યવસ્થા છે. બુકિંગ માટે સંપર્ક: પુનમબેન 9226297975, 8308676398. (એસડીબી-૨૯૦૮)**

### ૧૪. નોકરી ખાલી છે

EMPLOYMENT OPPORtunity - Retired, Bankers, Professionals, Seniors. Fixed Salary + Incentives: 9821679520. (B-16612)

MEGA CARRIER OPPORtunity for Professional, Retires, Housewife. on Tuesday 28/10/2025 (11:15 am). Free Entry Age 45+., Registration Compulsory - 9653662882. (B-16655)

CAREER OPPORTUNITY!! Retired / Housewives / Bankers / Pensioners. Age: 35+/45+. Fixed Salary + Incentives + Medical Benefits. :8097181975. (B-16606)

### ૧૭. જગ્યા આપવી છે

**મલાડ વેસ્ટમાં**

ભાડા પર શુભ પ્રસંગ માટે લિબર્ટી ગાર્ડન, 2 Bed (દિવસ દીઠ 6,000/-) અને 3 Bed (દિવસ દીઠ 9000/-) ઉપલબ્ધ (AC) 7021469923. (બી-૧૬૬૩૨)


**મુંબઈ સમાચાર**

વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.

email id for advertisement: samacharadvt@gmail.com


### ૧૭. જગ્યા આપવી છે

**ઘાટકોપરમાં ગેરેંટી**

**1% દલાલીમાં 100% શાંતિ, ફ્લેટ ઘણા મળશે, ફસાયા વગર ગોઠવાઈ જાવ. ફ્લેટ, ઓફિસ ભાડેથી/ લે-વેંચ બજાર ભાવે 30 દિવસમાં સોદાની ગેરંટી. BHIMANI - 9820814333, CHABHADIA - 9820204041. (૨૮૯-એ)**

**ઘાટકોપર**

**ફ્લેટ/ ઓફિસ/ દુકાન/ ગોડાઉન, રેડી પઝેશન/ અંડરકન્સ્ટ્રકશન, લેવા-વેચવા-ભાડેથી. ૧૦૦% સોદાની ગેરંટી. HOMEALONE PROPERTY ભૂપેશ શાહ/ જુગ્નું શાહ - 9833352224. (૩૮૬-એ)**

**ઘાટકોપર (ઈસ્ટ)**

**2 બેડરૂમ હોલ કિચન, વલ્લભબાગ લેન, ભાડેથી, 3 બેડરૂમ હોલ કિચન, 90 ફીટ રોડ, વેચાણથી. સંપર્ક:- દલાલ ભાવેશ મીરાની - 9870019019. (૩૫૯-ઈ)**

**ચેંબુર તિલકનગર**

**3 બેડરૂમ હોલ કિચન, ભાડેથી / વેચાણથી, આપવું છે, ઓનર:- 9821045046. (૩૫૯-એ)**

**ઘાટકોપર (વેસ્ટ)**

**જીવદયા લેન, જુનું માણેકલાલ એસ્ટેટ- ૧, ૨, ૩ બેડરૂમ, હોલ, કિચનના ફ્લેટો બુકીંગમાં લેવા મનીશ વોરા. 9324339343. (૩૯૭-સી)**

**ઘાટકોપર ઈસ્ટ-વેસ્ટ**

૬૦', ૯૦', ઓડિયન વલ્લભબાગ, રાજાવાડી, ૧ થી ૬ બેડરૂમના ફ્લેટસ તથા ઓફિસ, શોપ રેડી, બંધાતામાં લેવા, વેચવા, ભાડે થી હિતેશભાઈ 9920927958, 9820008003. (૩૫૯-સી)

**કાંદિવલી (વેસ્ટ)**

1 બેડરૂમ નવા ટાવરમાં, 1.32 કરોડ, પાર્કિંગ સાથે, 10 માળની ઉપર, મથુરાદાસ રોડ એક્સટેન્શન, સંજીવ - 9821925693. (જેપી/૪૫૨૦-બી)

■ વિઘ્નહર્તા સોસાયટી, મહાદેવ પાલવ માર્ગ, મુંબઈ (પૂર્વ) 12, કરી રોડ સ્ટેશન પાસે, વન અવિઘ્ન પાર્ક પાસે, વેચાણ માટે 380 ચોરસ ફુટનો ફ્લેટ. 9422254391. (બી-૧૬૬૬૪)

**દેવલાલી**

વેચાણથી. શ્રી શાંતિનાથજી દેરાસરની બાજુમાં, ૨ બેડરૂમના ફ્લેટો, રેડી પઝેશન, મહારેરા રજિસ્ટર્ડ પ્રોજેક્ટ. પરેશ - 9930803959/ 9930106054. (૩૭૮-એ)

**શાંતાક્રુઝ (વેસ્ટ)**

રામ કૃષ્ણ મિશન પાસે- નવું બિલ્ડીંગ-૪ બેડરૂમ એરિયા ૧૮૨૫' કારપેટ+ સર્વન્ટ ટોઈલેટ, ૩ પાર્કિંગ, જીમ અને ઓ.સી. સાથે, તુરંત વેચવાનો. ફોન:- ''ઓનર'' 9820156133. (બી-૧૬૩૯૦)

**કાંદિવલી (વેસ્ટ)**
**માતૃ આશિષ**
બાલભારતી સ્કુલની બાજુમાં, એસ.વી. રોડ
* ૨૨ માળના નવા બંધાતા ટાવરમાં
૨ બેડરૂમ એરીયા ૫૦૯' કારપેટ ૧.૪૫ કરોડ+
૨ બેડરૂમ એરીયા ૬૫૩' કારપેટ ૧.૮૩ કરોડ+
૩ બેડરૂમ એરીયા ૯૫૬' કારપેટ, ૨.૬૮ કરોડ+
* ૨૦ + એમીનીટીઝ, પોડીયમ, Rooftop Garden
MARKETED BY :
M.G. REALTORS - 9820964062
RADHA ESTATE AGENCY-9821034272

(બી-૧૬૫૪૭)

**વિલે-પાર્લે ઈસ્ટના**

પ્રાઈમ લોકેશનમાં સ્ટેશનથી પાંચ મિનિટ ફુલ્લી ફર્નિશ્ડ 3 માસ્ટર બેડરૂમ હોલ કિચન બે પાર્કિંગ સાથે રજિસ્ટર સોસાયટી 1180' કારપેટ 4,25,00,000/- સંપર્ક: 9819201737/ 9820550033. (૩૮૮-એ)

**ANDHERI**

**FLATS - OFFICES Available for sale - Purchase - Rent સ્ટેશન - હાઈવે નજીક બજેટમાં લેવા 9820601794 Bharat Mayani. (SDB-2913)**

**CHEMBUR (EAST) - PRIME LOCATION**

**Spacious 3 BHK + 3 Bathrooms with Large Balcony, Pocket Terrace, Total Usable area approximately 1700 sq ft (Carpet), 1 Car Parking for Sale. Immediate Possession and Pet Friendly Apartment. Call: "8369852734". (394-B)**

**MATUNGA EAST EXCLUSIVE**

**1 Flat Per Floor, Open on all sides, 2000 + usable Large Balcony, Beautiful views Motivated Seller 12 Cr. revised 11.25 Cr. Open to offers 9004078342. (B-16362)**

**MALAD (WEST)**

**3 Bedroom, 1150' Rera Carpet Adarsh Dugdhaly Road, Higher Floor Dilip 8108307900 (Broker Excuse) (348-A)**

**GHATKOPAR (EAST)**

Luxurious Residential & Commercial Underconstruction Projects also Resale Buy, Sell, Rent Flats and Offices. SJ Real Estate 9022279684. (368-F)

### ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ - કામણ**

**સાતીવલી- વાલીવ- હાઈવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવઘર- ઈન્ડસ્ટ્રીયલ- ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા- વેચવા- ભાડેથી- ગોપીભાઈ- 9326472399 જીતેન્દ્રભાઈ- 9320404145. (૧૫૭૧૨-એ)**

**વસઈ**

**ઈન્ડસ્ટ્રીયલ ગાળા લેવા-વેચવા- ભાડેથી વિશ્વસનીય નામ રાજેશ દડિયા 9326495003. (એસડીબી-૨૨૭૨)**

**ભિવંડીમાં ઈન્વેસ્ટરોને**

**હાયવે ટચ, પ્રાઈમ લોકેશનમાં, જમ્બો વેરહાઉસ, 7.25%, ROI, ભાડે લાગેલા, વેચાણથી. ઓનર- 9321690977. (૩૯૭-એ)**

### ૨૦. ધંધાદારી જગ્યા

**બોરીવલી (વેસ્ટ)**

કોમર્શિયલ જગ્યા - સ્ટેશન પાસે ૧૨૦૦' + ૩૦૦' ટેરેસ, ઓફિસ રેડી ટુ મુવ, 1 પાર્કિંગ સાથે, લીઝથી અથવા વેચાણથી તુરંત આપવાની છે. અન્ય ઘણા પ્રપોઝલ આપની જરૂરીયાત મુજબ ફોન:- ''કલ્પેશ શાહ'' ૯૮૨૧૪૧૧૧૭૨. ''પાર્થ શાહ'' ૯૮૨૧૯૧૧૦૬૩. (બી-૧૬૫૯૧)

**કાંદિવલીમાં**

કોમર્શિયલ ઓફિસ, ફેક્ટરી માટે 800' કાર્પેટ, 2.5 Cr. નેગોશીએબલ. મનોજ પટાણી - 9820574739. (બી-૧૬૬૬૭)

**ઘાટકોપર (ઈસ્ટ)**

દામજી શામજી કોરપોરેટ સ્કેવર - 10 માળના ભવ્ય ટાવરમાં ઓફિસો, 200'- 2000', ભાડે થી/ વેચાણથી. મયુરભાઈ - 9821147578, 9987254333. (૩૬૮-સી)

### ૨૩. મનોરંજન

**બજેટથી પ્રાર્થનાસભા**

લગ્નગીત, સાંજી, સંગીત સંધ્યા, ભજન, ડાયરો ANNIVERSARY. મનસુખભાઈ 9326801860. (૩૯૨-એ)

### ૩૧. નાણાંકીય

**■ ''(બેંકની-નોટિસનાં)'' રીપ્લાય સેટલમેન્ટ/ઈન્સ્ટોલમેન્ટ સ્મોલ બજેટમાં (વકીલ મારફત). 9137725086. (બી-૧૬૬૪૩)**

**FUNDING**

For NPA, OTS, Real Est. Proj. Difficult Cases, Unsecured, Structured, Order, Import Finance. 25 yrs exp. financenetwork.in / 9819878744. (365-E)

### ૩૨. જમીન-મિલકત

**દેવલાલી**

5 બેડરૂમ અતિ સુંદર બંગલો વિલા With Garden ભરપૂર હવા ઉજાસ પાણી તુરંત કબજો સુરેશભાઈ - 9869170308. (બી-૧૬૫૮૦)

### ૩૩. ધંધાદારી

**ગાદીવાળા ચપ્પલ**

પગના દુખાવા માટે સોફ્ટ ચપ્પલ/ સ્લીપર જેન્ટ્સ, લેડીસો માટે બોરીવલી વેસ્ટ- 9869669633. (એસડીબી-૨૯૨૨)

**''પ્રતાપ પેકર્સ-મુવર્સ''**

52 વર્ષથી ઓફિસ/ઘરસામાન, ફેરવવા- ૯૮૨૧૦૭૦૩૨૦, ૯૮૨૧૫૪૩૮૧૬, ૨૩૪૮૧૬૪૭. લલિતભાઈ ઠક્કર. (એસએ/૨૬૨૧-એ)

**''પાણીની ટાંકીઓ''**

''મશીનથી કુવા - સોસાયટીની - ઘરની ટાંકીઓની સફાઈ'' ''યોગી એન્ટરપ્રાઈઝ'' 9820776583/ 9892298963. (૨૮૩-એ)

### ૩૫. જ્યોતિષ ભવિષ્ય

**''સુદર્શન જ્યોતિષ''**

સમસ્યાઓનું સમાધાન. જન્માક્ષર ગૃહકલેશ વ્યાપારમાં લાભ, સંતાનથી પરેશાની, શત્રુબાધા, લગ્નમાં રુકાવટ, સૌતન-ત્રાશ, છુટાછેડા, લવ પ્રોબ્લેમ સ્પેશિયાલિસ્ટ. 9737117093 વિક્રોલી (ઈસ્ટ). (બી-૧૬૬૩૯)

**''શ્રીજી જ્યોતિષ''**

અશક્યને શક્ય કરનાર. સચોટ નિવારણ. જન્માક્ષર, લગ્ન વિલંબ, સૌતન, પતિ-પત્ની અનબન, પ્રેમી મિલન, (લવ પ્રોબ્લેમ, પર્સનલ પ્રોબ્લેમ, સ્પેશિયાલિસ્ટ) 9372024547 (ઘાટકોપર) (નિરાશ થયેલા વ્યક્તિઓ ખાસ મળો). (બી-૧૬૬૩૧)

### ૫૨. કુરીઅર્સ

**મનસ્વી પાર્સલ**

યુરોપ, અમેરિકા, ન્યુઝીલેંડ, ઓસ્ટ્રેલિયા, કેનેડા, દુનિયાભરમાં સસ્તામાં મોકલવા. ૯૮૨૦૧૯૪૭૧૯, ૭૨૦૮૦૧૯૫૧૫. (૧૫૯૭૫-એ)

# દિલ્હી-એનસીઆરમાં પ્રદૂષિત ઝેરી હવાની અસરઃ ચારમાંથી ત્રણને આંખોમાં બળતરા, માથામાં દુઃખાવો

નવી દિલ્હી : દિલ્હી-એનસીઆરના ચારમાંથી ત્રણ ઘરમાં ઝેરી હવાની માઠી અસર જોવા મળે છે. આમાં સામાન્ય ફરિયાદ ખરાબ ગળા અને ઉધરસથી માંડીને આંખોમાં બળતરા, માથાનો દુઃખાવો અને અનિદ્રા જોવા મળે છે.

સિટિઝન પ્લેટફોર્મ લોકલસર્કલ્સે કરેલા ઓનલાઈન સર્વે પ્રમાણે સીપીસીબી ડેટાના વિશ્લેષણ બતાડે છે કે દિવાળી પછી પીએમ ૨.૫ લેવલ ક્યુબિકમીટરદિઠ ૪૮૮ માઈક્રોગ્રામ પર પહોંચી ગયું છે. તહેવાર પહેલાં આ લેવલ ૧૫૬.૬ માઈક્રોગ્રામ હતું. પ્રદૂષણનું સ્તર ૨૦ ઑક્ટોબરની દિવાળીની રાત્ર અને આવતી સવાર દરમિયાન ચરમ સીમાએ હતું.

દિલ્હી, ગુરુગ્રામ, નોઈડા, ફરિદાબાદ અને ગાઝિયાબાદના ૪૪,૦૦૦ રહેવાસીઓનો ઓનલાઈન સર્વે થયો હતો. આમાંના ૪૨ ટકા રહેવાસીઓએ માહિતી આપી હતી કે ઘરના એકથી વધારે સભ્ય ગળાના દુઃખાવા કે ઉધરસથી પીડાય છે. ૨૫ ટકા લોકો કહે છે કે અમારા કુટુંબીજન આંખમાં બળતરા, માથાનો દુઃખાવો કે અનિદ્રાથી પીડાય છે.

૧૭ ટકા રહેવાસીઓએ શ્વાસની તકલીફ કે દમથી પીડાય છે.

લોકલસર્કલે કહ્યું હતું કે ૪૪ ટકા ઘરવાળાએ કહ્યું હતું કે તેઓ બહાર જવાનું ટાળે છે અને પ્રતિકાર શક્તિ વધારે એવા ફૂડ અને પીણા પીએ છે જેથી હવાની ખરાબ ગુણવત્તાનો સામનો કરી શકાય. ત્રીજા ભાગના રહેવાસીઓ કહે છે કે અમે પ્રદૂષણ સંબંધિત બીમારીનો સામનો કરવા ડૉક્ટરની સલાહ લીધી છે અથવા લઈશું. પંજાબ અને હરિયાણામાં પૂરને લીધે અનાજનાં ઠૂંઠાં બાળવામાં ૭૭.૫ ટકા ઘટાડો થયો છે. આમ છતાં દિલ્હીની હવાની ગુણવત્તા કંગાળ રહી હતી. એકર ક્વૉલિટી ઈન્ડેક્સે (એક્યુઆઈ) અનેક વિસ્તારોમાં ૪૦૦નો આંકડો આંબ્યો હતો. આ વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનના સૂચવેલા પીએમ ૨.૫ એક્સપોઝરથી ૨૪ ગણો મોટો છે. (એજન્સી)■

# રામમંદિર પર લહેરાશે બાવીસ ફૂટની ધર્મધજા

અયોધ્યાઃ અયોધ્યામાં રામ મંદિરના શિખર પર ધ્વજ ફરકાવવાની તૈયારીઓએ જોર પકડ્યું છે. આ કાર્યક્રમ મંદિર નિર્માણની પૂર્ણતાનું પ્રતીક બનશે અને પ્રાણ પ્રતિષ્ઠા જેવો જ ભવ્ય સમારોહ હશે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને આરએસએસ પ્રમુખ મોહન ભાગવત મુખ્ય અતિથિ તરીકે હાજર રહેશે. આ કાર્યક્રમ રાજકીય અને આધ્યાત્મિક રીતે મહત્વપૂર્ણ છે, જેમાં બીજેપીના નવા અભિયાનની શરૂઆત પણ થશે.

પચીસ નવેમ્બરે રામ મંદિરના ૧૬૧ ફૂટ ઊંચા શિખર પર બાવીસ ફૂટ લાંબો અને ૧૧ ફૂટ પહોળો ભગવો ધ્વજ ફરકાવવામાં આવશે. આ ધ્વજ ૪૨ ફૂટના થાંભલા પર લગાવાશે. કાર્યક્રમમાં વરિષ્ઠ બીજેપી નેતાઓનું મોટો મેળાવડો થશે. પ્રધાનમંત્રી વિશ્વના સૌથી મોટા સ્કાઉટ-ગાઇડ જમ્બુરી માટે ૩૫ હજારથી વધુ કેડેટ્સને આમંત્રણ આપશે અને વિકસિત ઉત્તર પ્રદેશ અભિયાનની સમીક્ષા કરશે.

આ મામલે શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટના કોષાધ્યક્ષ ગોવિંદ દેવ ગિરિએ જણાવ્યું કે ધ્વજમાં વાલ્મીકિ રામાયણમાં વર્ણિત સૂર્ય, ઓમ અને કાંચનારના વૃક્ષો પ્રતીકો હશે. પાંચ દિવસીય સમારોહ ૨૧ નવેમ્બરથી શરૂ થશે અને પચીસમીએ ધ્વજારોહણ સાથે સમાપ્ત થશે. મંદિર પરિસરમાં શિવ, ગણેશ, સૂર્ય, હનુમાન, ભગવતી અને અન્નપૂર્ણા મંદિરો પર પણ ધ્વજ ફરકાવવામાં આવશે.

આ કાર્યક્રમને લઈ ટ્રસ્ટે મહેમાનોની સંખ્યા આઠ હજારથી વધારીને દસ હજાર કરી છે. તમામ આઠ મંદિરોમાં વિશેષ પૂજા, હવન અને અનુષ્ઠાનો થશે. અયોધ્યા અને કાશીના આચાર્યો અનુષ્ઠાન કરાવશે. ધ્વજસ્તંભ ૩૬૦ ડિગ્રી ફરતા બોલ-બેરિંગ પર આધારિત હશે, જેથી ૬૦ કિમી/કલાકની આંધી-તોફાનમાં પણ ધ્વજ સુરક્ષિત રહે.

ધ્વજના કાપડની આંધી-તોફાન સહન કરવાની ક્ષમતાની તપાસ ચાલી રહી છે. ૨૮ ઓક્ટોબરે ભવન નિર્માણ સમિતિની બેઠકમાં ટેસ્ટ રિપોર્ટ આપવામાં આવશે અને તેના આધારે કાપડનું અંતિમ પસંદગી થશે. આ કાર્યક્રમ રામ મંદિરના નિર્માણના પૂર્ણ થવાની ઉજવણીનું પ્રતીક બનશે. ■

# રિલાયન્સ અને ફેસબુકનું ૮૫૫ કરોડનું એઆઈ સાહસ

નવી દિલ્હીઃ અબજપતિ મુકેશ અંબાણીની રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિ. (આરઆઈએલ)ના નવા એઆઈ સાહસમાં ફેસબુકની ૩૦ ટકા હિસ્સેદારી હશે. બંને કંપની સાથે મળીને આ યોજનામાં ૮૫૫ કરોડ રૂપિયાનું રોકાણ કરશે.

રિલાયન્સ એન્ટરપ્રાઈસ ઈન્ટેલિજન્સ લિ.માં રિલાયન્સનો ૭૦ ટકા હિસ્સો હશે, એમ કંપની દ્વારા બહાર પાડવામાં આવેલા નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું.

રિલાયન્સ ઈન્ટેલિજન્સની સંપૂર્ણ માલિકી ધરાવતી આરઆઈએલ અને ફેસબુક બંને સંયુક્ત રીતે આ સાહસમાં ૮૫૫ કરોડ રૂપિયાનું પ્રારંભિક રોકાણ કરશે. કંપનીના જણાવ્યાનુસાર ૨૪ ઑક્ટોબર ૨૦૨૫ના રિલાયન્સ ઈન્ટેલિજન્સ લિ.એ રિલાયન્સ એન્ટરપ્રાઈસ ઈન્ટેલિજન્સ લિ.(આરઈઆઈએલ)ને એક કરી દીધી હતી.

રિલાયન્સ ઈન્ટેલિજન્સની સંપૂર્ણ માલિકીની આરઈઆઈએલ ફેસબુક ઑવરસિસ, ઈન્ક. સાથે સંયુક્ત રીતે આ સાહસ કરશે. આરઈઆઈએલ માર્કેટ વિકસાવશે અને એઆઈ સેવાનું વિતરણ કરશે. (એજન્સી)■

# સબરીમાલાનું ખોવાયેલું સોનું અબજપતિના ઘરમાંથી મળી આવ્યું હોવાનો દાવો

કોચીઃ કેરળ વિધાનસભામાં વિપક્ષના નેતા વી. ડી. સાથીસાને શનિવારે દાવો કર્યો હતો કે

સબરીમાલાનું ખોવાયેલું સોનું અબજપતિના ઘરમાંથી મળી આવ્યું હતું જે કૉંગ્રેસ દ્વારા કરવામાં આવેલા એ આક્ષેપોને પુરવાર કરે છે કે સબરીમાલાનું ખોવાયેલું સોનું અબજપતિને વેચી દેવામાં આવ્યું હતું.

કર્ણાટકસ્થિત બિઝનેસમેન ગોવર્ધનની માલિકીની જ્વેલરી શૉપમાંથી સ્પેશ્યલ ઈન્વેસ્ટિગેશન ટીમ (એસઆઈટી)એ અનેક ગૉલ્ડ બાર જપ્ત કર્યા હોવાનો સાથીસાને ઉલ્લેખ કર્યો હતો. ગોવર્ધને જ પવિત્ર ગર્ભગૃહના દરવાજાની ફ્રેમને સોનાનો ઢોળ ચઢાવવા માટે ભંડોળ પૂરું પાડ્યું હતું. (એજન્સી)■

# કોલંબિયાના પ્રમુખને ડ્રગ માફિયા ગણાવ્યા ટ્રમ્પે

વોશિંગ્ટન : અમેરિકા અને લેટિન અમેરિકા વચ્ચે ડ્રગ્સ દાણચોરી મુદ્દે સતત તણાવ વધી રહ્યો છે. આમાં અમેરિકાએ કોલંબિયાના રાષ્ટ્રપતિ ગુસ્તાવો પેટ્રો પર પ્રતિબંધોની જાહેરાત કરી છે. ડોનલ્ડ ટ્રમ્પે ગુસ્તાવો પેટ્રો પર કોલંબિયાથી અમેરિકામાં કોકેનની દાણચોરી રોકવા માટે નક્કર પગલાં ન લેવાનો આરોપ લગાવ્યો છે. આ ઉપરાંત ટ્રમ્પે ગુસ્તાવો પેટ્રોને ડ્રગ માફિયા પણ ગણાવ્યા છે.

ગુસ્તાવો પેટ્રોએ અમેરિકા પર કેરેબિયન સમુદ્રમાં હવાઈ હુમલા કરીને નિર્દોષ લોકોની હત્યા કરવાનો આરોપ લગાવ્યો. ગુસ્તાવો પેટ્રો કાર્યકાળને હવે ફક્ત ૧૦ મહિના બાકી છે. તેમજ તે લાંબા સમયથી અમેરિકા લશ્કરી હુમલાઓનો વિરોધી છે. તેમના દ્વારા શાંતિ વાટાઘાટો અને શરણાગતિ કરારો દ્વારા કોલંબિયાના છ દાયકા લાંબા સંઘર્ષનો અંત લાવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

છેલ્લા કેટલાક અઠવાડિયાથી અમેરિકા અને લેટિન અમેરિકન દેશો વચ્ચે તણાવ વધી રહ્યો છે. અમેરિકન સૈન્યએ દક્ષિણ કેરેબિયન ક્ષેત્રમાં તેની પ્રવૃત્તિઓ વધારી દીધી છે, આંતરરાષ્ટ્રીય જળ સરહદમાં શંકાસ્પદ જહાજો પર હુમલો કર્યો છે જેના પર અમેરિકાનો દાવો છે કે તેઓ ડ્રગ્સ લઈ રહ્યા છે. જોકે, તેણે હજુ સુધી આના કોઈ નક્કર પુરાવા આપ્યા નથી. ■

# કાશ્મીરમાં રાજ્યસભાની ચૂંટણીમાં જબરા રાજકીય કાવાદાવા થયા

*સુરેશ એસ. ડુગ્ગર*

જમ્મુઃ જમ્મુ-કાશ્મીરની રાજ્યસભાની ચોથી બેઠક માટેની રસાકસીભરી સ્પર્ધામાં અંતિમ સંખ્યા-ગણના રાજનીતિક ગણિત કરતાં રાજકીય કાવતરાં સાથે વધુ જોડાયેલી છે. જરૂરી સંખ્યાબળ ન હોવા છતાં ભાજપે પોતાનાં ઉમેદવાર સતપાલ શર્માને શાનદાર વિજય અપાવ્યો હતો. આ વિજય વિપક્ષી ગઠબંધનના સાત મહત્ત્વના મત રહસ્યમય રીતે ગાયબ થવાને કારણે કે પછી ખોટી દિશામાં જવાને કારણે મળ્યો હતો. આ પરિણામે એ સાત પક્ષ તેમ જ નિર્દલીય વિધાનસભાના સભ્યો પર નજર નાખી છે જેમના મત મુકરર કરેલા માર્ગથી ભટકી ગયા હોવાનું પ્રતીત થઈ રહ્યું છે. નેશનલ કૉન્ફરન્સ (એનસી)ના વડપણ હેઠળના સત્તારૂઢ ગઠબંધને મહેનતથી ૫૮ વિધાનસભ્ય (૪૧ એનસી, છ કૉંગ્રેસ, સાત અપક્ષ, ત્રણ પીડીપી અને એક સીપીઆઈ (એમ)નું એક મજબૂત ગઠબંધન બનાવ્યું હતું. આ સંખ્યા રાજ્યસભાની ત્રીજી અને ચોથી બેઠક આરામથી મેળવવા માટે પૂરતી હતી, પરંતુ અંતિમ પરિણામ ચોંકાવનારું હતું કેમ કે ભાજપના ઉમેદવાર સતપાલ શર્માને ૩૨ મત મળ્યા હતા જે ભાજપના કુલ મતની સંખ્યા કરતા ચાર વધુ હતા. આ વધારાના ચાર મત ભાજપની તરફેણમાં ક્રોસ વૉટિંગનું સ્પષ્ટ પ્રમાણ છે. ■

## મુંબઈ સમાચાર ના ઓથોરાઈઝડ ક્લાસિફાઈડ ડેપો લીસ્ટ

MIRA ROAD
ASHANSHI ADVERTISING & PRESS RELATION
Tel: 28114235 / 28114295 / 28553722
DAHISAR
KENIA AD AGENCY
Tel: 28905993,28925993
BORIVALI
EXPRESS ADVTG. AG.
Tel. :9820401077/ 9820401099/ 28339977.
KOKISHA ADVERTISING
Tel.: 28950139 / 28932877
Mobile: 9820200500.
SHREE VERSATILE
Tel: 022-28993348 / 022-28993349
TENDER ADS.
Tel.: 28902057/28918881 / 28901049.
Mobile: 9821112796.
KANDIVALI
ARIHANT ADVERTISING
Tel: 28627468/28626679.
Fax: 28631357.
GAYATRI PUBLICITY CO.
Tel: 28055819/32508525.
NEW BOOM ADS.
Tel: 9821153364/9322232712
PRANAV PUBLICITY
Tel.: 28693300/9820295421/ 9820006816
Tele Fax: 28685505/28646115
JEET ADVERTISING AGENCY
Tel: 9820006816/ 28989990
Tele Fax: 55713747.
VIKSON ADVERTISING AGENCY
Tel: 28645005.
Fax: 28644004.
MALAD
SIGNATURE ADVERTISING
Mobile: 9820489442 / 9819454050
SHRADDHA PUBLICITY
Tel: 28880404.
Mobile: 9224674744
SYNERGY ADVERTISING
Tel.: 28891428/9869101801/ 9029101801
YASHI ADVERTISING
Mobile: 9820855578/ 9820877810/ 28898297.
Tel.: Fax: 2807 8255
NOBLE PUBLICITY SERVICE PVT. LTD.
Tel: 28881426/28897301.
Fax: 28897567.
GOREGAON
ASHUTOSH LEGEND MULTI-MEDIA P. LTD.
Tel: 28779143, 28742201
Tel. Fax: 28741360.
ADRESULT SERVICES
Tel: 28726291
Tel. Fax: 28762157.
SHARK ADVERTISING PVT.LTD
Tel: 26863587 / 26863597
Mobile: 9820223503
SHREE REKHA AGENCY
Tel: 29275033/ 9819099563
S. ARTS ADVERTISING
M: 8356803979/ 9867615899
JOGESHWARI
TECHNO-KRATS ENTERPRISES
Tel. Fax: 2679 5549.
ANDHERI
PRIME PUBLICITY SERVICE
Tel: 56771190/26839686.
Tel. Fax: 26830304
FAMS ADVERTISER
Tel: 26715389/64173276
SMART ADVERTISERS
Mobile: 9322006833
Tel. Fax: 26846833.
LOKHANDWALA ADVERTISING
Tel: (022) - 46732289
Tele. Fax: 26316960
VILE PARLE
MEHTA ADVERTISING AGENCY
Tel: 26711896, 9821522195
HINDUSTAN ADVERTISING & MARKETING
Tel. 26146229, Mob: 9869577941
SANTACRUZ
URS PUBLICITY
Tel: 26177838. Mobile: 9869088972.
KHAR
KIRTI AGENCIES
Tel: 26047542. Tel Fax: 26053675
MAHIM
CHARUDATTA ADVERTISING
Tel: 24221461. Fax: 24316482.
MATUNGA (C.R.)
PREVIEW ADS & DESIGNS
Tel: 24033462/32509565.
Fax: 24024313.
DADAR
B.Y. PADHYE PUBLICITY SERVICE
Tel: 24229241.
TARDEO
SARJAN ADVERTISING CO.
Tel: 66626983/66602032
OPERA HOUSE
Lemon Star Advertising Agency
Tel: 49711349, M-9323225769
GIRGAON
KAIRLEEN ARTS.
Tel: 23866072 / 23891317
Mobile: 9324945454 / 9892097470
BHULESHWAR
KHOOSHI CREATIONS
Mobile: 9869000624, 7977013553
Tel. 22425899.
BYCULLA
COLOR SPOT
Tel: 23748048/23714748
Tel. Fax:23732511.
TAJ PUBLICITY SERVICES
Tel: 23054894/23052149
Tel Fax: 23079854.
ABDUL REHMAN ST.
GANESH ADVERTISERS
Tel: 23429163/23414596.
MASJID BUNDER
GAUTAM ADVERTISING
Mobile: 09821054179/ 08080453839.
C. S. M. T.
JAYA ADVERTISING PVT. LTD.
Tel: 22070382/ 22072500
KALBADEVI
P. V. ADVERTISER
Tel: 26768888
Fax: 26790755
NARIMAN POINT
FCA COMMUNICATION
Tel: 22824213.
MARINE DRIVE
PARTH ADVERTISING & MARKETING
Tel: (022) 35948193
Mobile: 9820689070
THANE
HEM-HIRA PUBLICITY
Tel: 32935537
Tel. Fax: 25360269
Mobile: 9869489269
MULUND
MAHESH ADVERTISING AND DESIGNING
Tel: 25916735/2469.
Tel. Fax: 25682469.
PARESH ADVERTISING SERVICE
Tel: 25618851/25614505.
Mobile: 9820391544
SMITE PUBLICIZE
Tel: 022 - 25609674 - 25612007
Mobile: 9821364422 / 9324811105
GHATKOPAR
MARISHA COMMUNIQUE
Tel: 21022286
Tel.Fax: 21023498
ROYAL ADVERTISERS
Mobile: 9819995622/ 9819175581
Tel: 21026993
SMIT ADVERTISING
Mobile: 9821038260 / 9320038260
SINGHAL PUBLICITY
Tel: 55758001/25966504.
Fax: 25131327.
K PARTH PUBLICITY
Ph. 25010606/25103939
Mob.- 9819116116
CHEMBUR
AGARWAL ASSOCIATES
Tel: 25290741
Tel. Fax:25230002.
Mobile: 9004055773/4/6/2
BHAYANDER (EAST)
WHITE ADVERTISING
Tel: (0) - 28171216, 65229804
Mobile: 9324545986
NALLASOPARA (EAST)
RUTURAJ ADVERTISING AGENCY
Tel: 9082826024 / 9819760130, 9773082684
VIRAR (EAST)
AAKAR PUBLICITY
Mobile: 9768110020 / 9892780722

# અમદાવાદના શીલજમાં હાઈપ્રોફાઈલ રેવ પાર્ટી માણતા એનઆરઆઈ સહિત ૨૦ ઝડપાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરની બોપલ પોલીસે શીલજ વિસ્તારમાં ફાર્મ હાઉસમાં ચાલતી હાઈપ્રોફાઈલ રેવ પાર્ટી પર પોલીસ દરોડા પાડ્યા હતા. એનઆરઆઈ સહિત કુલ ૨૦ લોકો મહેફિલ માણતા ઝડપાયા હતા. પાર્ટીમાંથી પોલીસે ૪૮ દારૂની બોટલ અને ૯ હુક્કા જપ્ત કર્યા હતાં. અટકાયત કરી હતી અને સ્થળ પરથી દારૂની બોટલો, હુક્કાનો સામાન અને અન્ય સામગ્રી જપ્ત કરી હતી. તમામ લોકોને પહેલા બોપલ પોલીસ સ્ટેશન બાદમાં સોલા સિવિલ હૉસ્પિટલ ખાતે મેડિકલ ચેકઅપ માટે લઈ જવામાં આવ્યા હતા. જેમાં ૧૫ લોકો પીધેલા હોવાનું સામે આવ્યું હતું. જેમાં ૬ મહિલા સામેલ હતી.

અમદાવાદના શીલજ પાસે આવેલા એક ફાર્મ હાઉસમાં હાઇપ્રોફાઇલ પાર્ટી ચાલી રહી હોવાની તેમ જ તેમાં શરાબ અને શબાબની છોળો ઉડી રહી હોવાની પોલીસને બાતમી મળી હતી. આ બાતમીના આધારે બોપલ પોલીસે ફાર્મ હાઉસ પર દરોડો પાડ્યો હતો. પોલીસે દારૂના નશામાં ચૂર ૨૦ લોકોની અટકાયત કરી હતી. આ પાર્ટીમાં બે ભારતીયો સહિત ૧૫ જેટલા એનઆરઆઈ અને વિદેશી નાગરિકો મોજ માણતા ઝડપાયા હતા. પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે પકડાયેલા લોકોમાં નાઇજિરીયન, આફ્રિકન, મોઝામ્બિકા અને કેન્યાના નાગરિકો પણ સામેલ હતા.

સૂત્રોના જણાવ્યા પ્રમાણે, આ પાર્ટી માટે આયોજકો દ્વારા ખાસ પાસ છપાવવામાં આવ્યા હતા. આ પાસ પર પાર્ટીમાં 'અનલિમિટેડ દારૂ' પી શકાશે, તેવો સ્પષ્ટ ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. મોટાભાગના ગુજરાત યુનિવર્સિટીમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. આ વિદ્યાર્થીઓ દ્વારા એન્યુઅલ ગેટ ટુ ગેધર રાખવામાં આવ્યું હતું. ઉપરાંત તપાસમાં કેન્યાના જોન નામના યુવકે પાર્ટીનું આયોજન કર્યાનું સામે આવ્યું હતું. આ પાર્ટીના પાસની કિંમત ૭૦૦થી ૧૫ હજાર રાખવામાં આવી હતી અને હોટ ગ્રેબર પાર્ટી પાર્ટીનું નામ રાખવામાં આવ્યું હતું. પોલીસે ફાર્મ હાઉસ માલિકની પણ ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી હતી. ■

## નશાનો કારોબાર બેરોકટોક ચાલે છેઃ કૉંગ્રેસનો આક્ષેપ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદના બોપલમાં આવેલા ફાર્મ હાઉસમાં હાઈપ્રોફાઇલ દારૂ પાર્ટી પર પોલીસે દરોડા પાડ્યા હતા. જેમાં ૧૩ વિદેશી નાગરિક સહિત ૨૦ લોકોની અટકાયત કરવામાં આવી હતી. ગુજરાતમાં દારૂબંધી હોવા છતાં દારૂ પાર્ટી ઝડપાતા કૉંગ્રેસે સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા. ગુજરાતમાં નશાનો બેરોકટોક કારોબાર ચાલતો હોવાનો કૉંગ્રેસે આરોપ લગાવ્યો હતો. યુવાનોને નશાના રવાડે ચલાવવા માટે સુનિયોજિત ખેલ ચાલતો હોવાનો પણ કૉંગ્રેસે આરોપ લગાવ્યો હતો. નશાની આડમાં ધકેલાતા યુવાનોને બચાવવામાં આવે અને ગેરકાનૂની વેપલો કરનારા ચમરબંધીઓને પકડવામાં આવે એવી કૉંગ્રેસે માગ કરી હતી.

ગુજરાત કૉંગ્રેસના મુખ્ય પ્રવક્તા ડૉ. મનીશ દોશીએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં એક તરફ દિવાળીનું પાવન પર્વ ચાલી રહ્યું છે. લોકો સંકલ્પ લેતા હોય છે કે, ગુજરાત સહિત દેશવાસીઓનું ભલું થાય પરંતુ, ગાંધી, સરદારના ગુજરાતમાં બેરોકટોક નશાનો કારોબાર ચાલી રહ્યો છે. નવા વર્ષમાં વ્યસનમુક્તિના સંકલ્પને બદલે ગુજરાતમાં રેવ પાર્ટીઓ યોજાઈ રહી છે. ગુજરાતના યુવાનોને નશાની આડમાં ધકેલવાનું લાંબા સમયથી સુનિયોજિત રીતે ચાલતા ખેલનો આ એક ભાગ છે.

રાજ્યમાં ઠેર-ઠેર રિસોર્ટમાં અને મોટા-મોટા ફાર્મ હાઉસમાં ગેરકાનૂની કામ ચાલે છે અને પોલીસ માત્ર સાક્ષી બને છે. ગુજરાતમાં અગાઉ પણ લાલ ડાયરી પકડાઈ હતી. જેમાં ડાર્ક વ્યક્તિ, અનેક મોટા અધિકારીઓના દીકરા અને દીકરીઓના નામ હતા. મોટાપાયે ગુજરાતમાં હાઇબ્રિડ ગાંજો લાખો રૂપિયાનો ઠલવાય છે, કરોડો રૂપિયાનો ડ્રગ્સનો વેપલો ચાલે છે.

ડૉ. મનીશ દોશીએ વધુમાં જણાવ્યું હતું કે, જે ગુજરાત શ્વેત ક્રાંતિથી ઓળખાય છે તેમાં દારૂના ટેન્કરની બેરોકટોક હેરાફેરી ચાલી રહી છે. જેમાં નાના લોકોને પકડીને પોલીસ પોતાની સ્વયં પીઠ થાબડે છે. સરકાર ગાંધી, સરદારના ગુજરાતમાં નશાના વેપલાને રોકવામાં નાકામ ગઈ છે. સરકાર ક્યારે જાગશે અને ક્યારે પગલાં લેશે? ભાજપની સરકારમાં ખેડૂતો ન્યાય માગે તો તેમને દંડા મારવામાં આવે, યુવાનો રોજગાર માગે તો દંડા મારવામાં આવે ત્યારે અસમાજિક તત્વો માટે રેડ કાર્પેટ પાથરવામાં આવે છે.

ભાજપની નીતિ અને નિયત ગુજરાતને બરબાદી તરફ ધકેલી રહી છે. જેથી અમે માગ કરીએ છીએ કે, ગુજરાતમાં નશાની આડમાં ધકેલાતા યુવાનોને બચાવવામાં આવે અને ગેરકાનૂની વેપલો કરનારા ચમરબંધીઓને પકડવામાં આવે તો જ ગુજરાતમાં નશાની કારોબાર રોકાશે અને ગુજરાત પ્રગતિશીલ અને ગતિશીલ બનશે. ■

# કૅબિનેટમાં સ્થાન ન મળતા નિરાશ જયેશ રાદડીયાએ કહ્યું, આ તો નસીબ-નસીબની વાત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મહીસાગર જિલ્લાના ખાનપુર તાલુકાના વડાગામ ગામે સરદાર પટેલની ૧૫૦મી જન્મજયંતી ઉજવણી ઉજવાઈ રહી છે, જે નિમિત્તે મહીસાગર ૪૨ પાટીદાર સમાજ દ્વારા સ્નેહમિલન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. પૂર્વ પ્રધાન અને ધારાસભ્ય જયેશ રાદડિયાની અધ્યક્ષતામાં પાટીદાર સમાજનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં અરવલ્લી જિલ્લાના માલપુર તાલુકા વિસ્તાર સહિત રાજસ્થાન અને મધ્ય પ્રદેશ તથા મહીસાગર જિલ્લાના મોટી સંખ્યામાં પાટીદાર સમાજ લોકો ઉપસ્થિત રહ્યા હતા.

પાટીદાર સમાજના સ્નેહમિલન કાર્યક્રમમા કૉંગ્રેસના કાર્યકરો સહિત ભાજપના નેતાઓ અને હોદ્દેદારોની પણ હાજરી એક મંચ પર જોવા મળી હતી, આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલા ધારાસભ્ય જયેશ રાદડિયાએ પ્રધાનમંડળ વિસ્તરણ અંગે મીડિયા સમક્ષ નિવેદન આપ્યું હતું.

જયેશ રાદડિયાએ ભારે હતાશા સાથે કહ્યું હતું કે, મંત્રી મંડળમાં સ્થાન ન મળ્યું એ બધી નસીબની વાત હોય છે. જ્યારે ૩૦ વર્ષની મારી ઉમર હતી, ત્યારે તત્કાલિન મુખ્યપ્રધાન નરેન્દ્ર મોદીની સરકારથી અત્યાર સુધી એટલે કે ૧૦ વર્ષ સુધી મેં મંત્રીમંડળમાં જવાબદારી સંભાળી છે. એટલે સમયે સમયે બધાના નામ ચર્ચાતા હોય છે અને જે કાઈ નિર્ણય આવ્યો તે શિરોમાન્ય છે. આ કાર્યક્રમમાં 'જય જય પાટીદાર'ના નારા લગાવવામાં આવ્યા હતા. મહીસાગર ૪૨ પાટીદાર સમાજના લોકો દ્વારા જયેશ રાદડિયા તેમજ મધ્ય પ્રદેશ અને રાજેસ્થાનથી આવનાર પાટીદાર સમાજના લોકોનું ફૂલ હારથી ભવ્ય સવાગત કરવામાં આવ્યું હતું. ■

# અમદાવાદમાં આજથી ભાજપ ૧૫ દિવસ સ્નેહમિલન યોજશેઃ પ્રદેશ પ્રમુખ હાજર રહેશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યમાં ટૂંક સમયમાં જ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીની જાહેરાત થઈ શકે છે. આ માટે ભારતીય જનતા પાર્ટીએ અત્યારથી જ તૈયારી શરૂ કરી દીધી છે. જે મુજબ લાભ પાંચમથી ભાજપ ચૂંટણી મોડમાં આવશે અને વોર્ડ મુજબ સ્નેહમિલન સમારોહનું આયોજન કરવામાં આવશે. અમદાવાદમાં ભાજપ દ્વારા ૨૬ ઓક્ટોબર, લાભ પાંચમથી ૧૦ નવેમ્બર દરમિયાન વોર્ડ વાઇઝ સ્નેહમિલનનું આયોજન કરવામાં આવ્યું છે. દરેક વોર્ડ સમ્મેલનમાં સ્થાનિક સંગઠન અને પ્રદેશ સંગઠનના હોદ્દેદારો હાજર રહેશે. ચૂંટણી પહેલાં કાર્યકર્તાઓમાં ઉત્સાહ વધારવા ભાજપ વોર્ડ મુજબ સ્નેહ મિલનનું આયોજન કરવામાં આવ્યું છે. આજે લાભ પાંચમના દિવસે અમદાવાદમાં ગુજરાત ભાજપ પ્રદેશ પ્રમુખ અને નિકોલ વિધાનસભાના ધારાસભ્ય જગદીશ વિશ્વકર્માના વિધાનસભા વિસ્તારમાં આવતા વિરાટનગર અને ઓઢવ વોર્ડથી નૂતન વર્ષ સ્નેહમિલન સમારોહની શરૂઆત થશે. ચ

ાલુ વર્ષે રાજ્યમાં મહાનગરપાલિકાની ચૂંટણી યોજવાની છે ત્યારે અમદાવાદ શહેર ભાજપ દ્વારા ચૂંટણી પહેલા શહેરના તમામ ૪૮ વોર્ડમાં નૂતનવર્ષ સ્નેહમિલન સમારોહ યોજવા માટેની સૂચના આપવામાં આવી હતી. જે અંતર્ગત શહેરના તમામ વોર્ડમાં સ્નેહમિલન કાર્યક્રમ યોજાશે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે સ્નેહમિલન સમારોહમાં ૪૦૦થી ૫૦૦ કાર્યકર્તાઓની હાજરી રહે તે મુજબનું આયોજન કરવા જણાવ્યું હતું. દરેક સ્નેહમિલનમાં જે-તે વિધાનસભાના ધારાસભ્ય અને શહેર ભાજપમાંથી એક નેતા વક્તા તરીકે હાજર રહેશે. ■

# સમાજસેવક અને કોમેડિયન ખજૂરભાઈ રાજકારણમાં ઝંપલાવશે

## વિધાનસસભા ૨૦૨૭ની ચૂંટણી લડશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ખજૂરભાઈ તરીકે જાણીતા નીતિન જાની હવે રાજકારણના મેદાનમાં ઝંપલાવવાની તૈયારીઓ કરી રહ્યા છે. સોશ્યલ મીડિયામાં વાયરલ એક વીડિયોમાં ખજૂરભાઈ કહી રહ્યા છે કે અત્યાર સુધી વિચાર કર્યો નહોતો, પણ હવે લાગે છે કે વર્ષ ૨૦૨૭માં આપણે ઊતરવું પડશે. પોતે ચૂંટણી લડવાની ઈચ્છા વ્યકત કરવાની સાથે કાર્યક્રમમાં ઉપસ્થિત શિક્ષિત યુવાનોને પણ રાજકારણમાં આવવા હાકલ કરી હતી. જેથી આ મુદ્દો રાજકીય વર્તુળોમાં ચર્ચાનું કેન્દ્ર બની ગયો છે.

વીડિયોમાં ખજૂરભાઈ યુવાનોને સંબોધીને કહ્યું હતું કે અત્યાર સુધી રાજકારણમાં આવવાનો વિચાર કર્યો નહોતો, પણ હવે લાગે છે કે ૨૦૨૭માં આવવું પડશે, જોકે આ વીડિયોમાં તેઓ કઈ પાર્ટમાંથી ચૂંટણી લડશે એની કોઈ સ્પષ્ટતા કરી નહોતી.

ખજૂરભાઈએ ત્યાં ઉભેલા યુવકોને કહ્યું હતું કે જો તમે ભણેલા છો અને તમને તમારે સમાજ માટે કંઈક કરવું જોઈએ. તમારે ચૂંટણી લડવી જોઈએ. સાથે જ તેમણે એવું પણ કહ્યું કે અત્યાર સુધીની વાત અલગ હતી હવે કંઈક કરવું પડશે. પરિણામે હવે એવી ચર્ચાએ જોર પકડ્યું છે કે ખજૂરભાઈ રાજકારણમાં જોડાઈ શકે છે.

ખજૂરભાઈનો આ વીડિયો વાયરલ થયા બાદ એવી ચર્ચાએ જોર પકડ્યું છે કે તેઓ રાજકારણમાં જોડાઈ શકે છે. વીડિયોમાં તેમણે એવું કહ્યું હતું કે, તમને એવું લાગે છે કે ઇલેક્શનમાં ઊતરવું છે તો ઊતરજો પાર્ટી ગમે તે હોય.

અત્રે ઉલ્લેખનીય છે કે ખજૂરભાઈ એટલે કે નીતિન જાનીને ગુજરાતમાં કોઈક જ માણસ એવો નહીં હોય હશે જે તેમને ઓળખતા ન હોય. સોશ્યલ મીડિયા પર મોટા પ્રમાણમાં ફેન ફોલોવિંગ છે. એક સમયે તેમણે સોશ્યલ મીડિયા પર કોમેડી વીડિયો બનાવવાનું શરૂ કર્યું હતું. બાદમાં તેઓ સમાજ સેવા તરફ આગળ વધ્યા અને ગરીબ પરિવારોની તેમણે સહાય કરી છે. જેમાં ઘણા લોકોને તેમણે પાક્કું ઘર પણ બનાવી આપ્યા છે. ઇન્સ્ટાગ્રામ પર ખજૂર ભાઈના ૬.૩ મિલિયન ફોલાઅર્સ છે. તેઓ જે પણ પોસ્ટ કરે તે ઝડપથી સોશ્યલ મીડિયા પર વાયરલ થતી હોય છે. ■

# ગિરનારની પરિક્રમાના ૩૬ કિ.મી. લાંબા માર્ગનું કલેક્ટર દ્વારા વિવિધ અધિકારીઓ સાથે નિરીક્ષણ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગરવા ગઢ ગિરનારની પાવનકારી લીલી પરિક્રમાની શ્રદ્ધાળુઓ આખું વર્ષ કાગડોળે રાહ જોતા હોય છે. આગામી તારીખ બે નવેમ્બર ૨૦૨૫ના રોજ ગિરનાર પરિક્રમાનો પ્રારંભ થવા જઈ રહ્યો છે, જેમાં લાખોની સંખ્યામાં ભાવિકો પુણ્યનું ભાથું બાંધવા માટે ૩૬ કિલોમીટરની પરિક્રમા કરવા માટે ઉમટી પડશે. દર વર્ષે યોજાતી આ પરિક્રમા દરમિયાન ભાવિક ભક્તોને કોઈ પણ પ્રકારની અગવડતા ન પડે તે માટે જિલ્લા વહીવટી તંત્ર અને વન વિભાગે તૈયારીઓ શરૂ કરી દીધી છે.તૈયારીઓના ભાગરૂપે, જૂનાગઢ જિલ્લા કલેક્ટર અનિલકુમાર રાણાવસિયાએ મહાનગરપાલિકા કમિશનર, જિલ્લા પોલીસ વડા અને ડીસીએફ સહિતના અધિકારીઓ સાથે પરિક્રમાના સમગ્ર ૩૬ કિલોમીટરના રૂટનું જાત નિરીક્ષણ કર્યું હતું.

કલેક્ટર અનિલકુમાર રાણાવસિયા, મહાનગરપાલિકા કમિશનર તેજસ પરમાર, જિલ્લા પોલીસ વડા સુબોધ ઓડેદરા, નાયબ વન સંરક્ષક અક્ષય જોશી, તેમજ આરોગ્ય વિભાગ, પોલીસ અને વન વિભાગના સંબંધિત અધિકારીઓએ સરકડીયાથી બોરદેવી સુધીના કઠિન ચઢાણવાળા માર્ગ પર ચાલીને વ્યવસ્થાઓનું નિરીક્ષણ કર્યું હતું.

અધિકારીઓએ ભવનાથમાં પરિક્રમાના પ્રવેશદ્વારથી શરૂ કરીને ઈટવા ઘોડી, ઝીણા બાવાની મઢી, નળપાણીની ઘોડી, માળવેલા, બોરદેવી અને અંતિમ દ્વાર ભવનાથ સુધી ચાલીને તેમજ મોટર માર્ગે સમગ્ર રૂટની તપાસ કરી હતી. આ દરમિયાન પરિક્રમાર્થીઓની સુવિધાઓ માટે જરૂરી સૂચનાઓ સંબંધિત અધિકારીઓને આપવામાં આવી હતી.

પરિક્રમાના લાખો ભાવિકો માટે પાણી, વીજળી, આરોગ્ય સેવાઓ, અને સુરક્ષા સહિતની તમામ મૂળભૂત સુવિધાઓ માટેની મોટાભાગની પૂર્વતૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે. ખાસ કરીને પરિક્રમાના રૂટ પરના જળ સ્રોતો અને જંગલના પર્યાવરણને શુદ્ધ રાખવા પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. જિલ્લા વહીવટી તંત્ર અને સાધુ સંતો દ્વારા આ વર્ષે 'પ્લાસ્ટિક મુક્ત પરિક્રમા ૨૦૨૫' માટે ભાવિકોને ખાસ અનુરોધ કરવામાં આવ્યો છે. પરિક્રમાર્થીઓને અપીલ કરવામાં આવી છે કે તેઓ પ્લાસ્ટિકનો ઉપયોગ ટાળે, જેથી જંગલનું અમૂલ્ય પર્યાવરણ અને કુદરતી જળ સ્રોત દૂષિત ન થાય. આ પ્રયાસો ગિરનારના પવિત્ર જંગલને સ્વચ્છ અને હરિયાળુ રાખવામાં મદદરૂપ થશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, આ લીલી પરિક્રમાનું ધાર્મિક મહત્ત્વ ઘણું છે. દર વર્ષે આ પરિક્રમા કારતક સુદ અગિયારસથી પૂર્ણિમા (દેવ દિવાળી) સુધી યોજાય છે, જે સામાન્ય રીતે નવેમ્બરમાં આવે છે. આ વર્ષે ૨૦૨૫માં આ લીલી પરિક્રમાની શરૂઆત બે નવેમ્બર, ૨૦૨૫ (રવિવાર)થી પાંચ નવેમ્બર, ૨૦૨૫ને બુધવાર એમ ચારથી પાંચ દિવસમાં પૂરી થશે, જે દરમિયાન શ્રદ્ધાળુઓ દરરોજ ૯-૧૨ કિ.મી. ચાલશે.

આ લીલી પરિક્રમા દરમિયાન ૧૫ લાખથી વધુ ભાવિકો આવવાની સંભાવના છે, જેને ધ્યાનમાં રાખીને પોલીસ અને વન વિભાગ દ્વારા સુરક્ષા વ્યવસ્થામાં વધારો કરવામાં આવ્યો છે. આરોગ્ય વિભાગ દ્વારા રૂટ પર ઠેર ઠેર મેડિકલ કેમ્પ ગોઠવવામાં આવશે, જ્યારે સેવાભાવી સંસ્થાઓના અન્નક્ષેત્રો પણ શ્રદ્ધાળુઓને ભોજન અને અન્ય સેવાઓ પૂરી પાડવા માટે સજ્જ થઈ રહ્યા છે. ■

# અમદાવાદમાં બેવડી ઋતુના કારણે રોગચાળો વકર્યોઃ ડેન્ગ્યૂ, કમળા, વાઈરલ ફીવરના કેસમાં ઉછાળો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેર સહિત સમગ્ર ગુજરાતમાં બેવડી ઋતુની અસર લોકોના આરોગ્ય પર થઈ રહી છે. અમદાવાદમાં શરદી, ખાંસી, ડેન્ગ્યૂ, કમળા, ઝાડા ઊલટી, વાયરલ ફીવરના કેસ અસારવા સિવિલમાં નોંધાયા છે. અસારવા સિવિલના સુપરિટેન્ડેન્ટે જણાવ્યું હતું કે, અત્યારે જે દિવાળીનો માહોલ ચાલી રહ્યો છે તેમાં અને આ અઠવાડિયામાં સિવિલ હૉસ્પિટલમાં ૭,૦૦૦થી વધારે લોકોએ ઓપીડીની સારવાર લીધી અને એની સાથે અંદાજિત ૧,૪૦૦થી વધારે લોકોએ દાખલ દર્દી તરીકે સારવાર લીધી. રોગચાળાની વાત કરીએ તો અત્યારે ઘણી બધી વસ્તુ કંટ્રોલમાં છે. જો ડેન્ગ્યૂના આંકડા જોઈશું તો ગયા મહિને ૧૬૪ દર્દીઓએ સારવાર લીધી એની સામે અત્યારે આ ૨૩ દિવસમાં ૯૬ લોકોએ ડેન્ગ્યૂના સારવાર લીધી એટલે એના કેસમાં ઘણો ઘટાડો નોંધાયો છે.

હિપેટાઇટિસ (કમળા) ના કિસ્સાઓ જોઈએ તો ગયા મહિનામાં ૨૧૬ હતા, જે અત્યારે ૨૩ દિવસમાં ૧૩૨ લોકોએ એની સારવાર લીધી છે. એ રીતે મલેરિયામાં જોઈશું તો સાદો મલેરિયા ગયા મહિને ૪૨ લોકો હતા, આ વખતે અત્યાર સુધી ૩૭ લોકોએ એની સારવાર લીધી. ઝેરી મલેરિયાના જોઈએ તો ગયા આખા મહિનામાં ૧૮ કિસ્સાઓ હતા જેની સામે અત્યાર સુધી ૧૨ કિસ્સાઓ નોંધાયા છે. ડાયેરિયા વોમિટિંગના કેસમાં પણ ઘણો બધો ઘટાડો છે. ગયા વખતે ગયા મહિનામાં ૯૭ દર્દીઓએ સારવાર લીધી, જે આ વખતે ૨૩ દિવસમાં માત્ર ૨૧ દર્દીઓએ એની સારવાર લીધી. વાઈરલ ફીવરમાં પણ ઘણો ઘટાડો છે. ૪૧૭ લોકોને વાઈરલ ફીવરના કેસીસ ગયા મહિનામાં જોવા મળ્યા હતા, જે અત્યાર સુધીમાં માત્ર ૨૧૬ કેસ છે. ■

# બિહાર વિધાનસભા ચૂંટણીમાં ગુજરાત ભાજપના ધારાસભ્યો, સાંસદને સોંપાઈ મોટી જવાબદારી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ બિહાર વિધાનસભાની ચૂંટણીને ધ્યાનમાં રાખીને ગુજરાત ભાજપે તેના નેતાઓને ખાસ જવાબદારીઓ સોંપી હતી. બિહારમાં દરેક મતદારો સુધી પહોંચી શકાય તે માટે ભાજપે રાજ્યના તેના આશરે આઠ ધારાસભ્યો અને સાંસદોને બિહાર જવા સૂચના આપી હતી.

સૂત્રોના જણાવ્યા પ્રમાણે, બિહારમાં ભાજપના પ્રચારને વધુ અસરકારક બનાવવા માટે દરેક નેતાને બે વિધાનસભા મતવિસ્તારોની જવાબદારી સોંપવામાં આવી છે. સ્થાનિક કાર્યકરો સાથે માઈક્રો મેનેજમેન્ટ પર કામ કરવા માટે ધારાસભ્ય અને સાંસદ સાથે ૨૦ થી વધુ પક્ષના કાર્યકરો બિહાર જશે. આ ઉપરાંત જે મતવિસ્તારોમાં ભાજપનું ગઠબંધન છે તે વિસ્તારની જવાબદારી ગુજરાતના નેતાઓને સોંપવામાં આવી હતી. સૂત્રો મુજબ અમુલ ભટ્ટ,દિનેશ કુશવાહા, દિનેશ મકવાણા, અમિત ઠાકર, પ્રવિણ માલી, અનિરુદ્ધ દવે, દેવુસિંહ ચૌહાણ, ગણપત વસાવા બિહારમાં ચૂંટણી પ્રચાર કરશે અને ભાજપની લોકો સુધી પહોંચ વધારશે.

થોડા દિવસો પહેલા બિહાર વિધાનસભા ચૂંટણી માટે ગુજરાત ભાજપના પૂર્વ પ્રમુખ અને નવસારીના સાંસદ સી.આર. પાટીલને બિહાર ચૂંટણી માટે સહ-પ્રભારી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. ગુજરાતમાં ભાજપને સતત સફળતા અપાવવા અને કાર્યકર્તાઓમાં ઉત્સાહ ભરવાના તેમના રેકોર્ડને કારણે કેન્દ્રીય નેતૃત્વએ તેમના પર વિશ્વાસ મૂક્યો હતો. બિહારમાં ચૂંટણી પ્રચારની રણનીતિ ઘડવા, સ્થાનિક નેતાઓ સાથે સંકલન સાધવા અને ચૂંટણીના મેનેજમેન્ટની જવાબદારીમાં તેઓ મુખ્ય પ્રભારીને મદદ કરશે. ■

## દિવાળીમાં વડોદરાની સયાજી હૉસ્પિટલ દર્દીઓથી ઊભરાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડોદરામાં દિવાળીના તહેવાર દરમિયાન અકસ્માતોની ઘટનાઓ વધી હતી. શહેરની એસ.એસ.જી. હૉસ્પિટલના ઈમર્જન્સી વોર્ડમાં છેલ્લા એક અઠવાડિયા દરમિયાન સતત અકસ્માતના દર્દીઓ આવતાં તબીબી સ્ટાફ તાત્કાલિક સારવારમાં વ્યસ્ત રહ્યો હતો.

આ અંગે સયાજી હૉસ્પિટલના આરએમઓ ડૉ. હિતેન્દ્ર ચૌહાણે માહિતી આપતાં જણાવ્યું હતું કે, ૧૮ ઓક્ટોબરથી ૨૫ ઓક્ટોબર સુધી તાત્કાલિક વિભાગમાં કુલ ૩૩૭ દર્દીઓ દાખલ થયા હતા. તેમાં સૌથી વધુ આશરે ૨૫૦ કેસ રોડ એક્સીડન્ટના નોંધાયા હતા. ■

# અમદાવાદમાં છઠ ઘાટ પર તંત્ર દ્વારા ભવ્ય આયોજનઃ ૫૦૦૦થી વધુ શ્રદ્ધાળુઓ પૂજા માટે એકઠા થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરના પૂર્વ વિસ્તારોમાં મોટી સંખ્યામાં પરપ્રાંતીય લોકો વસવાટ કરે છે. શહેરમાં છઠ્ઠ પૂજાને લઈ તંત્ર દ્વારા વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. અમદાવાદના ઇન્દિરા બ્રિજ સહિત વિવિધ સ્થળે છઠ્ઠ પૂજાનું ખાસ આયોજન કરવામાં આવ્યું છે. અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા શહેરના વિવિધ પૂજા ઘાટ પર વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. છઠ્ઠના દિવસે સાંજે પાંચ વાગ્યાથી પૂજાની શરૂઆત થશે.

ઇન્દિરા બ્રિજ પાસે આવેલા છઠ્ઠ પૂજાઘાટ ખાતે દર વર્ષે ૫૦૦૦થી વધુ શ્રદ્ધાળુઓ પૂજા માટે એકઠા થતા હોય છે. આ ભીડને ધ્યાનમાં રાખીને તંત્ર દ્વારા અહીં વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. અમદાવાદમાં વસવાટ કરતાં ઉત્તર ભારતીયો માટે પણ છઠ્ઠ મહાપૂજાને લઈને ઘાટ પર ડોમ અને સ્ટેજ બનાવવામાં આવ્યા છે. આ ઉપરાંત, સુરક્ષા વ્યવસ્થાના ભાગરૂપે સિક્યુરિટી ગાર્ડથી લઈ ચેન્જિંગ રૂમ સુધીની સુવિધાઓ પણ ઊભી કરવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે, અમદાવાદમાં છઠ્ઠ પૂજા ઉત્તર ભારતીય સમુદાય માટે આસ્થાનું એક મોટું અને મહત્ત્વપૂર્ણ પર્વ છે.

અમદાવાદમાં મોટી સંખ્યામાં ઉત્તર પ્રદેશ, બિહાર અને ઝારખંડના લોકો વસે છે, જે આ તહેવારને અહીં પણ એટલા જ ઉત્સાહ અને શ્રદ્ધાથી ઉજવે છે. છઠ્ઠ પૂજાનું સૌથી મોટું અને મુખ્ય આયોજન સાબરમતી રિવરફ્રન્ટ પર ખાસ કરીને ઇન્દિરા બ્રિજ પાસેના છઠ ઘાટ ખાતે થાય છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા અહીં દર વર્ષે શ્રદ્ધાળુઓ માટે વિશેષ વ્યવસ્થાઓ કરવામાં આવે છે.

# રાધનપુરમાં સોશ્યલ મીડિયા પર સસ્તી પબ્લિસિટી માટે નિર્દોષ શ્રમિકને માર માર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યમાં કાયદા અને કાનૂનની સ્થિતિ પર વધુ એક વખત સવાલ ઊભા થયા હતા. સોશ્યલ મીડિયા પર સસ્તી પબ્લિસિટી મેળવવાની લ્હાયમાં પાટણ જિલ્લાના રાધનપુરમાં ચાર લુખ્ખા તત્ત્વોએ એક શ્રમિકને નિર્દયતાપૂર્વક માર માર્યો હોવાનો કિસ્સો સામે આવ્યો હતો. એટલું જ આ રીલને સોશ્યલ મીડિયા પર પોસ્ટ પણ કરવામાં આવી હતી.

આ ચારેય લુખ્ખા તત્ત્વોએ શ્રમિક યુવકને એટલો માર્યો હતો કે, તેને ગંભીર ઇજા પહોંચી હતી અને લોહીલુહાણ થઈ ગયો હતો. ઉપરાંત તેને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ઘટનાથી શ્રમિક યુવક ડરી ગયો હતો અને તેણે પોલીસનો સહારો લીધો હતો. શ્રમિક યુવકે આ ચાર અજાણ્યા શખ્સો સામે રાધનપુર પોલીસ સ્ટેશનમાં લેખિત ફરિયાદ દાખલ કરી હતી. જેથી પોલીસે ફરિયાદના આધારે ગુનો નોંધીને તાત્કાલિક તપાસ શરૂ કરી હતી.

ઉલ્લેખનીય છે કે સસ્તી પબ્લિસિટી માટે સોશ્યલ મીડિયાનો સહારો લઈને નિર્દોષ લોકોને નિશાન બનાવવાની વૃત્તિ ચિંતાનો વિષય છે. લુખ્ખા તત્વોને જાણે પોલીસ અને કાયદાનો કોઈ ડર ન હોય તેમ બેફામ બન્યા છે. પોલીસે આરોપીઓને પકડવા માટે ઈન્સ્ટાગ્રામ પર પોસ્ટ કરાયેલી રીલના આધારે તેમની શોધખોળ હાથ ધરી હતી. ■

# વજુભાઈ ડોડિયાના અવસાન બાદ સોશ્યલ મીડિયા પર હાર્દિક પટેલને બદનામ કરાતા પોલીસ ફરિયાદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વિરમગામના પૂર્વ ધારાસભ્ય વજુભાઈ ડોડિયાના અવસાન બાદ સોશ્યલ મીડિયા પર હાર્દિક પટેલને લઈ એક પોસ્ટ વાઈરલ થઈ હતી. આ પોસ્ટ બદલ પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી હતી. વજુભાઈના મૃત્યુ પછી વિરમગામના ધારાસભ્ય હાર્દિક પટેલે સોશ્યલ મીડિયા પર એક શોકસંદેશ પોસ્ટ કર્યો હતો, પરંતુ તે કથિત રીતે એક ટિપ્પણી સાથે વાઈરલ થયો હતો જેમાં લખ્યું હતું, બૅંક ડિરેક્ટરના મૃત્યુ પછી કેટલો સમય લાગે છે. જેના કારણે હાર્દિક સામે રાજકીય તકવાદના આરોપો લાગ્યા હતા. હાર્દિક પટેલે તરત જ સ્પષ્ટતા કરી કે આ ટિપ્પણી તેમની મૂળ પોસ્ટમાં નહોતી અને તેમના વિરોધીઓએ તેમને બદનામ કરવા માટે તેમાં છેડછાડ કરી હતી. તેમની મૂળ પોસ્ટના સ્ક્રીનશોટ શેર કરતા તેમણે કહ્યું, મેં વજુભાઈ પટેલના મૃત્યુ પર શોક વ્યક્ત કર્યો હતો અને તેમાં બીજું કંઈ લખ્યું નહોતું. આ ઘટના અંગે પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. જેમાં કેટલાક અસામાજિક તત્ત્વોએ જાણી જોઈને સામાજિક વિખવાદ પેદા કરવા માટે ટિપ્પણી ઉમેરી હોવાનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. ■

# રો-કોએ રોક્યો વાઈટવૉશઃ ઑસ્ટ્રેલિયા ઐતિહાસિક સિદ્ધિથી વંચિત

## રોહિતે ૫૦મી ઇન્ટરનૅશનલ સેન્ચુરીથી ટીકાકારોની બોલતી બંધ કરીઃ કોહલીના અણનમ ૭૪ રનઃ ભારત નવ વિકેટે જીત્યું

સિડનીઃ રો-કો તરીકે જાણીતા રોહિત અને કોહલીની જોડીએ ભારતને અહીં શનિવારે સિરીઝની છેલ્લી વન-ડેમાં પરાજયથી બચાવીને ટીમની આબરૂ સાચવી લીધી હતી. ઑસ્ટ્રેલિયા ક્યારેય ભારત સામે વન-ડેમાં વાઇટવૉશથી નહોતું જીતી શક્યું અને શનિવારે પણ એ ઐતિહાસિક ઉપલબ્ધિથી વંચિત રહી ગયું. રો-કોએ કાંગારુંઓને એ વિરલ સિદ્ધિ મેળવતાં રોક્યા હતા. જોકે ઑસ્ટ્રેલિયાએ આ શ્રેણીની ટ્રોફી ૨-૧થી જીતી લીધી હતી.

૩૮ વર્ષના રોહિત શર્મા (૧૨૧ અણનમ, ૧૨૫ બૉલ, ૧૫૯ મિનિટ, ત્રણ સિક્સર, તેર ફોર) અને ૩૭ વર્ષના વિરાટ કોહલી (૭૪ અણનમ, ૮૧ બૉલ, ૧૧૧ મિનિટ, સાત ફોર)ની વિશ્વ વિખ્યાત જોડીએ બીજી વિકેટ માટે ૧૭૦ બૉલમાં ૧૬૮ રનની અતૂટ ભાગીદારી કરીને ભારતની નૌકા પાર કરાવી હતી. તેમણે પોતાની નિવૃત્તિની રાહ જોઈ રહેલા ટીકાકારોની બોલતી બંધ કરી છે. ભારતને જીતવા માટે ૨૩૭ રનનો સાધારણ લક્ષ્યાંક મળ્યો હતો અને ૩૮.૩ ઓવરમાં ભારતે એકમાત્ર શુભમન ગિલ (૨૪ રન, ૨૬ બૉલ, ૪૭ મિનિટ, એક સિક્સર, બે ફોર)ની વિકેટના ભોગે ૨૩૭ રન કરીને યાદગાર વિજય મેળવી લીધો હતો. ટૂંકમાં, ભારતે નવ વિકેટ અને ૬૯ બૉલ બાકી રાખીને જીત હાંસલ કરી હતી.

### ઑસ્ટ્રેલિયામાં બન્નેની છેલ્લી મૅચ?

રોહિત શર્મા અને વિરાટ કોહલીની આ કદાચ છેલ્લી ઑસ્ટ્રેલિયન ટૂર હતી અને એમાં તેમણે અસ્સલ સ્ટાઇલમાં રમીને ભારતને પરાજયથી બચાવ્યું. રોહિતે તેની ટિપિકલ સ્ટાઇલમાં સહજતાથી શૉટ ફટકાર્યા હતા અને રનમશીન સતત ચાલુ રાખ્યું હતું. તે શૉટ-સિલેક્શનમાં પણ ખૂબ સાવચેત હતો. બીજી તરફ, કોહલીનો પણ એવો જ અભિગમ હતો અને રોહિત સાથેની જોડીમાં તેણે બહુ સારી ગણતરીથી રન બનાવતા રહીને ટીમ ઇન્ડિયાનો વિજય આસાન બનાવ્યો હતો. ભારત કરતાં ઑસ્ટ્રેલિયાની સ્પિન-તાકાત નબળી હતી જેનો બન્ને પીઢ બૅટ્સમેનોએ ફાયદો લીધો હતો. સાત બોલરમાંથી એકમાત્ર હૅઝલવૂડને એક વિકેટ મળી હતી. મુખ્ય સ્પિનર ઍડમ ઝૅમ્પાની ૧૦ ઓવરમાં ૫૦ રન થયા હતા અને તેને એકેય વિકેટ નહોતી મળી.


વિરાટ અને રોહિતની જોડીએ ભારતનો કરાવ્યો જયજયકાર (એપી/પીટીઆઇ)

### હર્ષિતને ચાર, કુલદીપને મળી એક વિકેટ

એ પહેલાં, ઑસ્ટ્રેલિયાએ ટૉસ જીતીને બૅટિંગ પસંદ કરી હતી અને ૫૦ ઓવરમાં ૨૩૬ રન કર્યા હતા જેમાં મૅટ રેન્શૉના ૫૬ રન હાઇએસ્ટ હતા, જ્યારે કૅપ્ટન મિચલ માર્શનું ૪૧ રનનું યોગદાન હતું. ઑસ્ટ્રેલિયન ટીમે છેલ્લી સાત વિકેટ ફક્ત ૫૩ રનમાં ગુમાવી હતી. ૩૪મી ઓવરમાં તેમનો સ્કોર ૩/૧૮૩ હતો અને છેવટે ૪૬.૪ ઓવરમાં તેમનો દાવ ૨૩૬ રનના સ્કોર પર પૂરો થયો હતો. પેસ બોલર હર્ષિત રાણાએ સૌથી વધુ ચાર વિકેટ લીધી હતી. તેની બોલિંગમાં સારી પેસ (ઝડપ) હતી તેમ જ તેને સિડનીની નવી પિચમાંથી સારા બાઉન્સ પણ મળ્યા હતા. વૉશિંગ્ટન સુંદરને બે વિકેટ મળી હતી. કુલદીપ યાદવ (૧૦-૦-૫૦-૧)ને સિરીઝમાં (નીતીશ રેડ્ડીના સ્થાને) પહેલી જ વાર રમવા મળ્યું અને તે થોડો ખર્ચાળ રહ્યો હતો, પરંતુ મિચલ સ્ટાર્કની વિકેટ લેવામાં સફળ રહ્યો હતો. અક્ષરને એક વિકેટ તેમ જ અર્શદીપ સિંહના સ્થાને રમનાર પ્રસિદ્ધ ક્રિષ્નાને અને મોહમ્મદ સિરાજને પણ એક-એક વિકેટ મળી હતી.


ટ્રેવિસ હેડે સિરાજના બૉલમાં કૅચ આપી દીધા બાદ પોતાના પર ગુસ્સો કાઢ્યો હતો.

### વિરાટ-શ્રેયસે ઝીલ્યા બે લાજવાબ કૅચ

વિરાટ કોહલીએ વૉશિંગ્ટન સુંદરના બૉલમાં બૅકવર્ડ પૉઇન્ટ પર મૅથ્યૂ શૉર્ટ (૩૦ રન)નો શાનદાર કૅચ ઝીલ્યો હતો. કોહલી આ કૅચ ઝીલતી વખતે નીચે બેસી પડ્યો હતો. તે કૅચ ઝીલતી વખતે બેસી પડ્યા બાદ પાછળની તરફ પડ્યો હતો, પણ તેણે કૅચ કમ્પ્લીટ કર્યો હતો. ત્યાર બાદ શ્રેયસ ઐયરે હર્ષિત રાણાના બૉલમાં ઍલેક્સ કૅરી (૨૪ રન)નો અફલાતૂન કૅચ પકડ્યો હતો. શ્રેયસ બૅકવર્ડ પૉઇન્ટ તરફથી ખૂબ દોડ્યો હતો અને ડાઇવિંગ કૅચ ઝીલ્યો હતો. આ કૅચ પકડતી વખતે તેને પાંસળીમાં ઈજા થઈ હતી.

### બન્ને પુરસ્કાર મળ્યા રોહિતને, હાઈએસ્ટ વિકેટ હર્ષિતની

રોહિત શર્માએ ૫૦મી આંતરરાષ્ટ્રીય સદી ફટકારી હતી. વન-ડેમાં આ તેની ૩૩મી સેન્ચુરી હતી. ટેસ્ટમાં તેની ૧૨ સદી અને ટી-૨૦માં પાંચ સેન્ચુરી હતી. રોહિતને બન્ને પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યો હતો. તેને અણનમ ૧૨૧ રન બદલ મૅન ઑફ ધ મૅચનો અને સિરીઝમાં સૌથી વધુ ૨૦૨ રન કરવા બદલ મૅન ઑફ ધ સિરીઝનો પુરસ્કાર અપાયો હતો. આખી શ્રેણીમાં સૌથી વધુ છ વિકેટ પેસ બોલર હર્ષિત રાણાના નામે હતી. વૉશિંગ્ટન સુંદર પાંચ વિકેટ સાથે બીજા ક્રમે અને ઍડમ ઝૅમ્પા ચાર વિકેટ સાથે ત્રીજા ક્રમે હતો. ■

# રોહિતે કોહલીનો રેકૉર્ડ તોડ્યો, વિરાટે સચિનનો વિક્રમ બ્રેક કર્યો

## બન્ને દિગ્ગજોએ ઑસ્ટ્રેલિયા સામે એક મૅચ જિતાડીને અનેક નવી સિદ્ધિઓ મેળવી

સિડનીઃ ભારતીય ક્રિકેટના બે દિગ્ગજો રોહિત શર્મા (૧૨૧ અણનમ, ૧૨૫ બૉલ, ત્રણ સિક્સર, તેર ફોર) અને વિરાટ કોહલી (૭૪ અણનમ, ૮૧ બૉલ, સાત ફોર)એ ૧૭૦ બૉલમાં ૧૬૮ રનની અતૂટ ભાગીદારીથી ભારતને શનિવારે ઑસ્ટ્રેલિયા સામેની છેલ્લી વન-ડેમાં શાનથી વિજય અપાવીને ૦-૩નો વાઇટવૉશ રોક્યો, એ ઉપરાંત તેમણે વ્યક્તિગત સિદ્ધિઓ પણ મેળવી. રોહિતે કોહલીનો એક રેકૉર્ડ તોડ્યો તો બીજા એક વિક્રમમાં વિરાટે સચિન તેન્ડુલકરને ઓળંગી લીધો.

સિડનીમાં ભારતે નવ વર્ષે વન-ડેમાં ઑસ્ટ્રેલિયા સામે વિજય મેળવ્યો. અગાઉનો વિજય ૨૦૧૬માં મળ્યો હતો.


શ્રેયસે ઍલેક્સ કૅરીનો કૅચ ઝીલ્યો ત્યારે તેની કૅપ નીકળી ગઈ હતી અને શ્રેયસને પાંસળીમાં ઈજા થઈ હતી.

### રોહિત-વિરાટના સિલસિલાબંધ વિક્રમો

(૧) રોહિત શર્માએ ઑસ્ટ્રેલિયાની ધરતી પર છઠ્ઠી વન-ડે સદી ફટકારી. આ ક્રિકેટપ્રેમી દેશમાં અત્યાર સુધીમાં કોઈ પણ વિદેશી ખેલાડી છ વન-ડે સદી નહોતો ફટકારી શક્યો, પણ એ કામ રોહિતે શનિવારે કરી દેખાડ્યું. તેણે ઑસ્ટ્રેલિયામાં પાંચ-પાંચ સેન્ચુરી ફટકારનાર વિરાટ કોહલી અને કુમાર સંગકારાનો રેકૉર્ડ તોડી નાખ્યો. રોહિતની છમાંથી પાંચ સદી ઑસ્ટ્રેલિયા સામે થઈ છે. બીજા કોઈ પણ વિદેશી બૅટ્સમૅને ઑસ્ટ્રેલિયામાં ઑસ્ટ્રેલિયા સામે ત્રણથી વધુ સેન્ચુરી નથી ફટકારી.


હર્ષિત રાણાએ ગઈ કાલે સૌથી વધુ ચાર વિકેટ લીધી

(૨) કિંગ કોહલી તરીકે ઓળખાતા વિરાટ કોહલીના ૭૦ ફિફ્ટી-પ્લસ સ્કોર્સ લક્ષ્યાંક ચેઝ કરતી વખતે નોંધાયા હતા અને એ વિશ્વવિક્રમ છે. તેણે આ રેકૉર્ડ-બુકમાં સચિન તેન્ડુલકરના ૬૯ ફિફ્ટી-પ્લસ સ્કોર્સની સિદ્ધિ ઓળંગી લીધી છે.

(૩) વિરાટના વન-ડેમાં કુલ ૧૪,૨૫૫ રન થયા છે. તેણે કુમાર સંગકારા (૧૪,૨૩૪ રન)ને હટાવીને વન-ડે ફૉર્મેટમાં સૌથી વધુ રન કરનારાઓમાં બીજું સ્થાન મેળવી લીધું છે. હવે માત્ર સચિન તેન્ડુલકર (૧૮,૪૨૬ રન) વિરાટથી આગળ છે. જોકે સચિન સુધી પહોંચવું વિરાટ માટે અસંભવ છે.

(૪) રોહિત હવે વન-ડેમાં ઑસ્ટ્રેલિયા સામે સૌથી વધુ નવ સેન્ચુરી ફટકારનાર સચિનની બરાબરીમાં થઈ ગયો છે. વન-ડેમાં કોઈ એક દેશ સામે સૌથી વધુ સેન્ચુરી ફટકારવાનો વિશ્વવિક્રમ કોહલીના નામે છે. તેણે શ્રીલંકા સામે ૧૦ સેન્ચુરી કરી છે. વેસ્ટ ઇન્ડિઝ સામે કોહલીની નવ સેન્ચુરી છે.

(૫) રોહિતે શનિવારે ૩૩મી વન-ડે સેન્ચુરી ફટકારી. જોકે એમાંથી ૧૭ સેન્ચુરી ટાર્ગેટ ચેઝ કરવામાં થઈ છે અને એ સાથે તેણે સચિનની બરાબરી કરી લીધી છે. જોકે સચિન-રોહિત ૧૭-૧૭ સદીના આ રેકૉર્ડની બાબતમાં બીજા નંબરે છે. કોહલીએ ૨૮ સેન્ચુરી લક્ષ્યાંક ચેઝ કરતી વખતે ફટકારી છે જે વર્લ્ડ રેકૉર્ડ છે.


કુલદીપ યાદવને એક મૅચ રમવા મળી જેમાં તેણે એક વિકેટ લીધી

(૬) ભારત વતી સૌથી મોટી ઉંમરે સદી ફટકારનારા બૅટ્સમેનોમાં સચિન તેન્ડુલકરનું નામ મોખરે છે. તેણે બાંગ્લાદેશ સામે ૨૦૧૨માં સદી ફટકારી ત્યારે તેની ઉંમર ૩૮ વર્ષ અને ૩૨૭ દિવસ હતી. રોહિતે શનિવારે વન-ડેની ૩૩મી અને આંતરરાષ્ટ્રીય ક્રિકેટની ૫૦મી સેન્ચુરી ફટકારી હતી અને તેની ઉંમર ૩૮ વર્ષ અને ૧૭૮ દિવસ છે. આવી સદીની ભારતની રેકૉર્ડ-બુકમાં સચિન પછી બીજા ક્રમે રોહિત છે. જોકે રોહિત ઑસ્ટ્રેલિયામાં વન-ડે સદી ફટકારનાર બીજા નંબરનો સૌથી મોટી ઉંમરનો ખેલાડી છે. તેની આગળ એકમાત્ર ઇંગ્લૅન્ડના જ્યૉફ બૉયકૉટ છે. તેમણે ૧૯૭૯માં ઑસ્ટ્રેલિયામાં સદી ફટકારી હતી ત્યારે તેમની ઉંમર ૩૯ વર્ષ અને ૫૧ દિવસ હતી.

(૭) વન-ડે ક્રિકેટમાં સૌથી વધુ ૧૫૦-પ્લસ રનની ભાગીદારી કરનારાઓમાં અત્યાર સુધી સચિન-ગાંગુલી મોખરે હતા, કારણકે તેમની વચ્ચે આવી ૧૨ ભાગીદારી થઈ હતી. જોકે હવે રોહિત-વિરાટ ૧૫૦-પ્લસની ૧૨ પાર્ટનરશિપ સાથે તેમની બરાબરીમાં થઈ ગયા છે.

(૮) વન-ડે ક્રિકેટમાં રોહિત-વિરાટે જોડીમાં ઑસ્ટ્રેલિયા સામે કુલ ૧,૪૫૪ રન કર્યા છે. કોઈ એક દેશ સામે જોડીમાં સૌથી વધુ રન કરનારાઓમાં તેમની આગળ એકમાત્ર જોડી છે. વેસ્ટ ઇન્ડિઝના ડેસ્મંડ હેઇન્સ અને રિચી રિચર્ડસન છે. તેમણે જોડીમાં પાકિસ્તાન સામે ૧,૪૮૪ રન કર્યા હતા. ■

# ઑસ્ટ્રેલિયામાં ફરી રમવા ન પણ આવુંઃ રોહિત શર્મા

## વિરાટને હજારો પ્રેક્ષકોનું સ્ટૅન્ડિંગ ઑવેશનઃ પહેલા રનને ક્રિકેટપ્રેમીઓએ તાળીઓથી વધાવી લીધો

સિડનીઃ ભારતના ભૂતપૂર્વ કૅપ્ટન અને બૅટિંગ-લેજન્ડ રોહિત શર્મા (૧૨૧ અણનમ)એ શનિવારે સિડની ગ્રાઉન્ડ પર અવિસ્મરણીય ઇનિંગ્સ રમીને ભારતને વિજય અપાવ્યો અને ટીમનો વાઇટવૉશ થતા રોક્યો ત્યાર બાદ પત્રકારો સાથેની વાતચીતમાં તેણે કહ્યું હતું કે હવે પછી ખેલાડી તરીકે તે ઑસ્ટ્રેલિયા પાછો કદાચ ન પણ આવે.

વિરાટ કોહલી (૭૪ અણનમ) પણ ઑસ્ટ્રેલિયામાં કદાચ છેલ્લી વાર રમ્યો. રોહિતની જેમ વિરાટ પણ ટેસ્ટ અને ટી-૨૦માંથી નિવૃત્ત થઈ ચૂક્યો છે. હવે પછીનો ઑસ્ટ્રેલિયા ખાતેનો ટીમ ઇન્ડિયાનો વન-ડે પ્રવાસ લાંબા સમય પછી યોજાશે અને ત્યારે ટીમમાં આ બન્ને દિગ્ગજો હશે કે કેમ એમાં શંકા છે. વન-ડેના વર્લ્ડ કપને હજી બે વર્ષની વાર છે.

### વિરાટે વાંકા વળીને સિડનીની ભૂમિને કર્યા નમન

સિડનીમાં કૅપ્ટન શુભમન ગિલની વિકેટ બાદ વિરાટ કોહલી બૅટિંગમાં આવ્યો હતો. તે ડ્રેસિંગ-રૂમમાંથી ઊતરી રહ્યો હતો ત્યારે હજારો પ્રેક્ષકોએ તેને સ્ટૅન્ડિંગ ઑવેશન આપ્યું હતું. વિરાટે મેદાન પર ઊતરતાં જ ભૂમિને નમન કર્યું હતું અને પિચ તરફ આગળ વધ્યો હતો. તે સિરીઝની પહેલી બન્ને મૅચમાં શૂન્યમાં આઉટ થયો હતો. જોકે શનિવારે શ્રેણીની અંતિમ વન-ડેમાં તેણે પ્રથમ રન કર્યો ત્યારે ખુદ વિરાટે આનંદ વ્યક્ત કર્યો હતો તેમ જ અસંખ્ય પ્રેક્ષકોએ તાળી પાડીને તેનો એ બહુમૂલ્ય રન વધાવી લીધો હતો. પછી તો તેણે બીજા ૭૩ રન કરીને ૭૪ રને અણનમ રહ્યો હતો.

### ઑસ્ટ્રેલિયામાં રમવું હંમેશાં ગમ્યું છે

રોહિત-વિરાટે ૧૬૮ રનની અતૂટ ભાગીદારીથી ભારતને વિજય અપાવ્યો હતો. રોહિતે મૅન ઑફ ધ મૅચ અને મૅન ઑફ ધ સિરીઝનો પુરસ્કાર સ્વીકાર્યા પછી કહ્યું, ‘ અહીં ઑસ્ટ્રેલિયા આવવું અને રમવું મને હંમેશાં ગમ્યું છે. અહીં રમવું ક્યારેય સરળ નથી રહ્યું. ૨૦૦૮ની સાલના પ્રવાસની ક્ષણેક્ષણ મને યાદ છે. હું ફરી ખેલાડી તરીકે ઑસ્ટ્રેલિયા પાછો આવીશ કે નહીં એ ખાતરીથી કહી ન શકું. જોકે અહીં અમને ભલે ગમે એવી પ્રશંસા મળે, અમે અહીં ક્રિકેટ રમવાનો ભરપૂર આનંદ માણતા હોઈએ છીએ.’



### અમે સિનિયરો પાસેથી શીખ્યા, હવે અમે યુવાનોને શીખવીએ છીએ

રોહિતે વિરાટ સાથેની ક્રિકેટ સફરની વાત કરતા અને ઑસ્ટ્રેલિયા ખાતેના સંઘર્ષભર્યા પ્રવાસની શરૂઆતની વાત કરતા કહ્યું, ‘ અમે પર્થમાં સાથે સફર શરૂ કરી હતી. અમે આ સિરીઝ જીતી ન શક્યા, પણ ઘણી સકારાત્મક બાબતો અમે મેળવી છે. વન-ડે ટીમ હજી ઘણી યંગ છે અને ખેલાડીઓ રમતા જશે એમ ઘણું નવું શીખતા જશે. હું આ ટીમમાં નવો આવ્યો ત્યારે સિનિયર ખેલાડીઓ પાસેથી ઘણું શીખ્યો હતો. તેમણે મને ઘણી મદદ કરી હતી. હવે એ ભૂમિકા અમારે ભજવવાની છે. અમે યુવાન ટીમને માર્ગદર્શન આપીશું, નવા ગેમ પ્લાન બનાવીશું. અહીં હું જ્યારે પણ રમ્યો છું ત્યારે મેં બૅઝિક્સ પર ખાસ ધ્યાન આપ્યું છે. આ બધુ અમે ટીમના યુવાન ખેલાડીઓને શીખવીશું.’


કોહલીએ મૅથ્યૂ શૉર્ટનો અફલાતૂન કૅચ ઝીલ્યો હતો

### વિરાટે ઑસ્ટ્રેલિયામાંના ચાહકો વિશે શું કહ્યું?

બૅટિંગ-લેજન્ડ સુનીલ ગાવસકરે શુક્રવારે જ કહ્યું હતું કે ‘ વિરાટ સરળતાથી હાર માની લે એવો નથી. તે પોતાની સ્ટાઇલમાં નિવૃત્તિ લેશે.’ શનિવારે વિરાટે અણનમ ૭૪ રન કરીને ભારતની જીતમાં મહત્ત્વનું યોગદાન આપ્યું હતું. વિરાટે મૅચ પછી પત્રકારો સાથેની વાતચીતમાં કહ્યું, ‘ ક્રિકેટમાં મને દરેક તબક્કે કંઈક નવું શીખવા મળ્યું. પિચ પર પહોંચીને ખેલાડીનો અપ્રોચ બદલાઈ જાય અને તેનામાંથી શ્રેષ્ઠ ક્ષમતા અને કાબેલિયત બહાર આવે. હાલમાં બૅટિંગમાં જોડીમાં અમે (હું અને રોહિત) સૌથી અનુભવી છીએ. અમે જોડીમાં રમીએ ત્યારે પરિસ્થિતિને પારખીને એ મુજબ રમીએ છીએ. ૨૦૧૩માં ઘરઆંગણે ઑસ્ટ્રેલિયા સામેની સિરીઝની શરૂઆતથી અમારા બન્નેનો અભિગમ એવો રહ્યો છે કે જો અમે મોટી ભાગીદારી કરતા રહીશું તો ટીમને જિતાડવામાં ઘણી મદદરૂપ થતા રહીશું. અમને આ દેશમાં આવવું હંમેશાં ગમ્યું છે. અહીં મોટી સંખ્યામાં આવીને અમને સપોર્ટ આપવા બદલ હું ક્રિકેટચાહકોનો આભાર માનું છું.’ ■

# રણજી ટ્રોફીઃ સૌરાષ્ટ્રના આઠ વિકેટે ૨૫૮

રાજકોટઃ અહીં રણજી ટ્રોફીના બીજા રાઉન્ડમાં પ્રથમ દિવસે મધ્ય પ્રદેશ સામે સૌરાષ્ટ્રએ પ્રથમ બૅટિંગમાં આઠ વિકેટે ૨૫૮ રન કર્યા હતા જેમાં ચિરાગ જાનીના ૮૨ રન હાઇએસ્ટ હતા. રવીન્દ્ર જાડેજા (૩૬ રન) ઉપરાંત બીજો કોઈ પણ ૪૦ રન સુધી નહોતો પહોંચી શક્યો. મધ્ય પ્રદેશના કુમાર કાર્તિકેયે ચાર વિકેટ લીધી હતી. આ મૅચ માટેની સૌરાષ્ટ્રની પ્લેઇંગ ઇલેવનમાં ધર્મેન્દ્રસિંહ જાડેજાનો સમાવેશ નથી.

અન્ય કેટલીક રણજી મૅચોની સ્થિતિ આ મુજબ હતીઃ (૧) વિઝિયાનગરમમાં આંધ્ર સામે બરોડાના છ વિકેટે ૨૩૦ રન. (૨) કોલકાતામાં ગુજરાત સામે બેન્ગાલના સાત વિકેટે ૨૪૪ રન. ગુજરાતના સિદ્ધાર્થ દેસાઈએ ત્રણ વિકેટ લીધી. (૩) મુંબઈમાં છત્તીસગઢ સામે મુંબઈના અજિંક્ય રહાણે (રિટાયર્ડ હર્ટ)ના ૧૧૮ રન અને સિદ્ધેશ લાડના ૮૦ રન સહિત પાંચ વિકેટે ૨૫૧ રન. ■

## અલાના કિંગની સાત વિકેટ, ભારત ચેતી જાય



મહિલા વર્લ્ડ કપમાં ઑસ્ટ્રેલિયાની સ્પિનર અલાના કિંગે ગઈ કાલે સાઉથ આફ્રિકા સામે ૧૮ રનમાં સાત વિકેટ લીધી હતી અને સાઉથ આફ્રિકા ૯૭ રને ઑલઆઉટ થયા બાદ ઑસ્ટ્રેલિયાએ ત્રણ વિકેટે ૯૮ રન કરીને વિજય મેળવ્યો હતો. ગુરુવાર, ૩૦મી ઑક્ટોબરે (બપોરે ૩.૦૦ વાગ્યાથી) ભારતની સેમિ ફાઇનલ ઑસ્ટ્રેલિયા સામે જ છે એટલે અલાનાથી ભારતે ચેતવું પડશે. અલાના કિંગના મમ્મી-પપ્પાનો જન્મ ચેન્નઈમાં થયો હતો. ૨૯મી ઑક્ટોબરે પ્રથમ સેમિમાં ઇંગ્લૅન્ડ અને સાઉથ આફ્રિકા ટકરાશે. ■

# એક બીમારીને લીધે મારો જીવ ગયો હોતઃ તિલક

હૈદરાબાદઃ ટીમ ઇન્ડિયાના તથા આઇપીએલના લોકપ્રિય બૅટ્સમૅન અને તાજેતરમાં એશિયા કપમાં પાકિસ્તાન સામેની ફાઇનલમાં મૅચ-વિનિંગ અણનમ ૬૯ રન કરનાર તિલક વર્માએ એક ચોંકાવનારી વાત શૅર કરી છે. તેણે કહ્યું છે કે ૨૦૨૨ની આઇપીએલ બાદ તે રબડૉમાયૉલિસિસ નામની ખતરનાક બીમારીથી પીડાતો અને જો ત્યારે તેને સમયસર સારવાર ન મળી હોત તો તેનો જીવ ગયો હોત. જાણીતા ઍન્કર ગૌરવ કપૂર સાથેની એક ચર્ચા દરમ્યાન તિલકે કહ્યું, ‘ ૨૦૨૨માં બાંગ્લાદેશ-એ સામેની સિરીઝમાં મારી તબિયત બગડી હતી. મેં સેન્ચુરી માટે ખૂબ જહેમત ઉઠાવી હતી, પોતાની પાસે ખૂબ પરિશ્રમ કરાવ્યો હતો. મારી આંખોમાં આંસુ આવી ગયાં હતાં. મારી આંગળીઓ જરાય હલતી નહોતી, શિથિલ થઈ ગઈ હતી. આખું શરીર પથ્થર જેવું થઈ રહ્યું હતું. હું રિટાયર હર્ટ થયો હતો. મારા ગ્લવ્ઝ કાપવા પડ્યા કારણકે મારી આંગળીઓ હલતી જ નહોતી.’



તિલકે એવું પણ જણાવ્યું કે ‘ હું ત્યારે મુંબઈ ઇન્ડિયન્સમાં હતો. મને આકાશ અંબાણીનો ફોન આવ્યો હતો. તેમણે મારી તકલીફ વિશેની જાણ બીસીસીઆઇને કરી હતી. મને બધાની ખૂબ મદદ મળી હતી. જય શાહ સરનો આભાર. હૉસ્પિટલમાં મને ડૉક્ટરે કહ્યું કે જો મેં થોડું પણ મોડું કર્યું હોત તો ભયંકર પરિણામ આવ્યું હોત.’ રબડૉમાયૉલિસિસ નામની બીમારીમાં માંસપેશીઓ તૂટવા લાગે છે. આ ભયાનક બીમારી વધુ પડતી કસરત કરવાથી, અમુક પ્રકારની ઈજા થવાથી, અમુક પ્રકારની દવાના ઇન્ફેક્શનને લીધે થાય છે.

મુંબઈ સમાચાર
કલાસિફાઇડ ધમાકા

આપના ઉત્તમ પ્રતિસાદને ધ્યાનમાં લઈ હવે ૩૧મી માર્ચ, ૨૦૨૬ સુધી વિશેષ સ્કીમમાં ક્લાસિફાઇડ જાહેરાત નોંધાવો અને

**વધારાની એક જાહેરાત મફત મેળવો**

તેમજ ઉપરોક્ત મુદત દરમ્યાન બધી જ ક્લાસિફાઇડ ડિસ્પ્લે જાહેરાતો (કલર અથવા B/W) સ્કીમનાં સ્પેશિયલ ભાવ

**રૂ. ૧૦૦/- પ્રતિ સ્કે. સે.મી.** માં મેળવો

* ક્લાસિફાઇડ અને ક્લાસિફાઇડ ડિસ્પ્લે પર વધારાની મફત જાહેરાતની આ ઓફર લાગુ કરાશે.
* વધારાની મફત જાહેરાત કોઇપણ દિવસે છપાવી શકાશે.
* અન્ય બધા જ ભાવ અને નિયમો યથાવત રહેશે.

૧લી મે, ૨૦૧૩થી અમલમાં
**ક્લાસિફાઈડ રેટ કાર્ડ**
ડેઈલી અને વીકલી

**ખાસ નોંધઃ** તમામ જાહેરખબરો નીચે દર્શાવેલ ભાવ અને શરતો પર સ્વીકારાશે

| | | |
|---|---|---|
| ગુજરાતી અને અંગ્રેજીમાં | રૂા. ૧૫૦ મિનિમમ (મિનિમમ ૧૦ શબ્દ) (મેકસીમમ ૧૦૦ શબ્દ) | રૂા. ૧૫.૦૦ શબ્દ દીઠ |
| સંપૂર્ણ બોલ્ડ | રૂા. ૨૦૦ મિનિમમ | રૂા. ૨૦.૦૦ શબ્દ દીઠ |
| સબ હેડિંગ (બોલ્ડ) | (મેકસીમમ ૪ શબ્દ) | રૂા. ૨૦.૦૦ શબ્દ દીઠ |
| ક્લાસિફાઈડ ડિસ્પ્લે B/W | (મિનિમમ ૨૧ સ્કે. સે.મી.) | રૂા. ૨૦૦.૦૦ દર સ્કે. સે. મી. |
| ક્લાસિફાઈડ ડિસ્પ્લે Colour | (મિનિમમ ૨૧ સ્કે. સે.મી.) | રૂા. ૩૦૦.૦૦ દર સ્કે. સે.મી. |

ક્લાસિક બોનાન્ઝા સ્કીમ ક્લાસિફાઈડ અને ક્લાસિફાઈડ ડિસ્પ્લે માટે
૧લી મે, ૨૦૨૫ થી ૩૦મી એપ્રિલ, ૨૦૨૬ સુધી

સ્કીમ*

| ચુકવણી થયેલ જા.ખ. | સમય મર્યાદા |
|---|---|
| ૪ | ૩૦ દિવસ |
| ૭ | ૪૫ દિવસ |
| ૧૫ | ૭૫ દિવસ |
| ૨૩ | ૯૦ દિવસ |
| ૩૯ | ૧૬૫ દિવસ |
| ૫૭ | ૨૦૦ દિવસ |
| ૮૩ | ૨૩૦ દિવસ |
| ૧૨૨ | ૨૮૦ દિવસ |
| ૧૮૦ | ૩૮૫ દિવસ |
| ૩૭૦ | ૪૭૫ દિવસ |

* શરતો લાગુ


ટ્રમ્પ અને શી જિનપિંગની મુલાકાતથી વેપાર તણાવ હળવો થવાનો આશાવાદ

# વૈશ્વિક સોનાની નવ સપ્તાહની તેજીને બ્રેકઃ સાપ્તાહિક ધોરણે સોનામાં ત્રણ ટકાનો અને ચાંદીમાં છ ટકાનો કડાકો

કોમોડિટી

રમેશ ગોહિલ

અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પ અને ચીનના પ્રમુખ શિ જિનપિંગ વચ્ચેની આગામી સપ્તાહે યોજાનારી બેઠકમાં વેપાર તણાવનો અંત આવે તેવી શક્યતા જણાતા ગત સપ્તાહના આરંભથી સોના અને ચાંદીમાં રોકાણકારોની નફારૂપી વેચવાલીનું દબાણ જોવા મળ્યું હતું. જોકે, સપ્તાહના અંતે શુક્રવારે જાહેર થયેલા અમેરિકાનાં સપ્ટેમ્બર મહિનાના ફુગાવામાં બજારની ૩.૧ ટકાની અપેક્ષિત વૃદ્ધિ સામે ત્રણ ટકાની વૃદ્ધિ જોવા મળી હોવાથી અમેરિકી ફેડરલ રિઝર્વ આગામી ૨૮-૨૯ ઑક્ટોબરની નીતિવિષયક બેઠકમાં વ્યાજદરમાં વધુ ૨૫ બેસિસ પૉઈન્ટનો કાપ મૂકે તેવી શક્યતા પ્રબળ બનવાની સાથે અમેરિકી ઈક્વિટી માર્કેટમાં સુધારો જોવા મળ્યો હતો તેમ જ સોના અને ચાંદીના ભાવમાં પણ ઘટાડો થોડો મંદ પડ્યો હતો. તેમ છતાં સાપ્તાહિક ધોરણે સોનાના વૈશ્વિક ભાવમાં સતત નવ સપ્તાહ સુધી જોવા મળેલી તેજીને બ્રેક લાગી હતી અને ત્રણ ટકા આસપાસનો ઘટાડો નોંધાયો હતો, જ્યારે ચાંદીના ભાવમાં સાપ્તાહિક ધોરણે છ ટકા જેટલો ભાવઘટાડો નોંધાયો હતો. જોકે, અમેરિકાએ ગત ગુરુવારે રશિયન તેલ કંપની રોસનેફ્ટ અને લુકૉઈલ પર નિયંત્રણો લાદતા અમુક અંશે સોનાને સલામતી માટેની માગનો પણ ટેકો મળ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે ગત સપ્તાહે વિશ્વ બજાર પાછળ સ્થાનિક ઝવેરી બજારમાં પણ બન્ને કિંમતી ધાતુઓના ભાવમાં ઘટાડાતરફી વલણ રહ્યું હતું. તેમ જ ગત સપ્તાહે દિવાળી-લક્ષ્મી પૂજનનો તહેવાર હોવાથી ખાસ માગમાં વૃદ્ધિ જોવા મળી હતી. જોકે, તેમાં ખાસ કરીને રોકાણલક્ષી માગ વધુ રહી હતી. વધુમાં ભાવમાં સતત ઘટાડો જોવા મળી રહ્યો હોવાથી વધુ ભાવઘટાડાના આશાવાદને ધ્યાનમાં લેતા આગામી લગ્નસરા પેટેની ખરીદી અને નવા ઓર્ડરો માટે ઘણાંખરાં ગ્રાહકોએ સાવચેતીનો અભિગમ અપનાવ્યો હોવાનું જ્વેલરોએ જણાવ્યું હતું. આમ એકંદરે આગલા સપ્તાહે ધનતેરસની અને ગત સપ્તાહે દિવાળીની માગ જળવાઈ રહેતાં સ્થાનિક સ્તરે ડીલરો સોનાના ભાવ વૈશ્વિક ભાવની સરખામણીમાં ઔંસદીઠ ૨૫ ડૉલર આસપાસનાં પ્રીમિયમમાં ક્વૉટ કરી રહ્યાના અહેવાલ હતા.

ઈન્ડિયા બુલિયન ઍન્ડ જ્વેલર્સ એસોસિયેશનની આંકડાકીય માહિતી અનુસાર ગત સપ્તાહે સ્થાનિકમાં વેરારહિત ધોરણે ભાવમાં ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ આગલા સપ્તાહના અંત અથવા તો ગત ૧૭મી ઑક્ટોબરના ૧૦ ગ્રામદીઠ રૂ. ૧,૨૯,૫૮૪ના બંધ ભાવ સામે ઘટીને રૂ. ૧,૨૬,૭૩૦ના મથાળે ખૂલ્યા બાદ સપ્તાહ દરમિયાન નીચામાં રૂ. ૧,૨૧,૫૧૮ અને ઉપરમાં ૧,૨૭,૬૩૩ની રેન્જમાં રહીને અંતે સાપ્તાહિક ધોરણે ૬.૨૨ ટકા અથવા તો રૂ. ૮૦૬૬ના ઘટાડા સાથે સપ્તાહની નીચી ૧,૨૧,૫૧૮ની સપાટીએ બંધ રહ્યા હતા. તે જ પ્રમાણે હાજરમાં ચાંદીના ભાવ આગલા સપ્તાહના અંત અથવા તો ગત ૧૭ ઑક્ટોબરનાં કિલોદીઠ રૂ. ૧,૬૯,૨૩૦ના બંધ સામે નરમાઈના અન્ડરટોને નીચામાં રૂ. ૧,૬૦,૧૦૦ના મથાળે ખૂલ્યા બાદ સપ્તાહ દરમિયાન નીચામાં રૂ. ૧,૪૭,૦૩૩ અને ઉપરમાં રૂ. ૧,૬૩,૦૫૦ની રેન્જમાં રહ્યા બાદ અંતે સાપ્તાહિક ધોરણે ૧૩.૧૧ ટકા અથવા તો કિલોદીઠ રૂ. ૧,૪૭,૦૩૩ની સપ્તાહની નીચી સપાટીએ બંધ રહ્યા હતા.

વધુમાં ગત સપ્તાહે સોનાના વૈશ્વિક અગ્રણી વપરાશકાર દેશ ચીન ખાતે પાંખાં કામકાજો વચ્ચે હાથબદલાનું પ્રમાણ વધુ રહ્યું હતું. વાસ્તવમાં ગત સપ્તાહે વૈશ્વિક સોનાની રેન્જ ઔંસદીઠ ૪૦૦૦થી ૪૩૦૦ ડૉલર આસપાસની રહી હોવાથી ટ્રેડરોએ માલ ઓછો છૂટો કર્યો હોવાનું એમકેએસ પીએએમપીનાં રિજિનલ ડિરેક્ટર બર્નાર્ડ સિને જણાવતાં ઉમેર્યું હતું કે ગત સપ્તાહે વેચવાલ ઓછા હતા અને રોકાણકારોએ બજારની અનિશ્ચિતતા અને વ્યાજદરમાં કપાતના આશાવાદને ધ્યાનમાં રાખીને તેની પોઝિશન જાળવી રાખી હતી. આમ પાંખાં કામકાજો વચ્ચે ચીનના ડીલરો સોનાના ભાવ ઔંસદીઠ ૨૦ ડૉલરના ડિસ્કાઉન્ટથી લઈને આઠ ડૉલર સુધીના પ્રીમિયમમાં ઓફર કરી રહ્યાના અહેવાલ હતા.

એકંદરે અમેરિકા અને ચીન વચ્ચે ટ્રેડ વૉર વધુ વકરે તેવી ભીતિ હેઠળ વિશ્વ બજારમાં છેલ્લા નવ સપ્તાહથી રોકાણકારોની સોના અને ચાંદીમાં સલામતી માટેની વ્યાપક માગ રહેતાં ભાવમાં એકતરફી તેજીનું વલણ જોવા મળ્યું હતું. જોકે, આગલા સપ્તાહના અંત અથવા તો ગત ૧૭મી ઑક્ટોબરે અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પ તેની એશિયાની મુલાકાતમાં ચીનના પ્રમુખ શિ જિનપિંગને મળે તેવી જાહેરાત થતાં ટ્રેડ વૉર શાંત પડે તેવી શક્યતાઓ સપાટી પર આવતાં રોકાણકારોએ બન્ને કિંમતી ધાતુઓમાં નફો ગાંઠે બાંધવાનું શરૂ કરતાં ભાવમાં ઘટાડો જોવા મળ્યો હતો. જોકે, સપ્તાહના અંતે અમેરિકાના ફુગાવાના ડેટા બજારની અપેક્ષા કરતાં સારા આવ્યા હોવાથી ફેડરલ રિઝર્વ આગામી બેઠકમાં વ્યાજદરમાં કાપ મૂકે તેવી શક્યતા પ્રબળ બની હોવાથી ગત શુક્રવારે ભાવઘટાડો થોડો મંદ પડ્યો હતો. તેમ છતાં ગત સપ્તાહે સાપ્તાહિક ધોરણે ચાંદીના વૈશ્વિક ભાવમાં છ ટકાનો અને સોનાના ભાવમાં ત્રણ ટકાનો ઘટાડો થયો હોવાનું એસએમસી ઈન્વેસ્ટમેન્ટ ઍન્ડ ઍડ્વાઈઝર્સના વિશ્લેષકે જણાવતાં ઉમેર્યું હતું કે ગત સપ્તાહે સોનાના એક્સચેન્જ ટ્રેડેડ ફંડોમાં પણ પાંચ મહિનાના લાંબા સમયગાળા પછી બાહ્યપ્રવાહ જોવા મળ્યો હતો. વર્તમાન સ્થિતિને ધ્યાનમાં લેતા આગામી સપ્તાહે સોનાના વૈશ્વિક ભાવ માટે ઔંસદીઠ ૪૩૮૦ ડૉલરની સપાટી પ્રતિકારક સપાટી અને ૪૨૫૦ ડૉલરની સપાટી ટેકાની સપાટી પુરવાર થાય તેવી શક્યતા છે. જો ટેકાની સપાટી તૂટે તો ભાવ ઘટીને ૪૧૭૦ ડૉલર સુધી પહોંચી શકે છે, જ્યારે આગામી સપ્તાહે ચાંદીના ભાવ ઔંસદીઠ ૪૫.૮૦ ડૉલરથી ૫૪.૫૦ ડૉલરની રેન્જમાં રહે તેવી શક્યતા તેમણે વ્યક્ત કરી હતી. વધુમાં તેમણે આગામી સપ્તાહે સ્થાનિકમાં સોનાના ઓનલાઈન વાયદામાં ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૧,૧૮,૦૦૦થી ૧,૨૭,૦૦૦ની રેન્જમાં અને ચાંદીના વાયદામાં ભાવ કિલોદીઠ રૂ. ૧,૩૨,૫૦૦થી ૧,૬૦,૦૦૦ની રેન્જમાં રહે તેવી ધારણા વ્યક્ત કરી હતી.

ગત સપ્તાહના અંતે ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જ ખાતે હાજરમાં સોનાના ભાવમાં એક તબક્કે આગલા બંધ સામે બે ટકા જેટલો ઘટાડો નોંધાયો હતો, પરંતુ અમેરિકાના ફુગાવાના ડેટા અપેક્ષાથી સારા આવ્યા હોવાથી ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં વધુ ૨૫ બેસિસ પૉઈન્ટનો કાપ મૂકે તેવી શક્યતા વધુ પ્રબળ થતાં ભાવ આગલા બંધ સામે માત્ર ૦.૨ ટકા ઘટીને ઔંસદીઠ ૪૧૧૮.૨૯ ડૉલર અને ડિસેમ્બર વાયદામાં ભાવ ૦૨ ટકા ઘટીને ૪૧૩૭.૮ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે ચાંદીના ભાવ ૦.૬ ટકા ઘટીને ઔંસદીઠ ૪૮.૬૫ ડૉલર આસપાસના મથાળે રહ્યા હતા. અત્રે નોંધનીય બાબત એ છે કે ગત સોમવારે સોનાના વૈશ્વિક ભાવ વધીને ઔંસદીઠ ૪૩૮૧.૨૧ ડૉલરની વિક્રમ સપાટી સુધી પહોંચ્યા હતા, પરંતુ અમેરિકા અને ચીન વચ્ચે વેપાર તણાવ હળવો થવાના આશાવાદ સપાટી પર આવતા સલામતી માટેની માગમાં ઘટાડો થયો હતો અને નફારૂપી વેચવાલીનું દબાણ વધ્યું હતું. હાલના તબક્કે વૈશ્વિક સોનામાં ઔંસદીઠ ૪૦૦૦ ડૉલરની સપાટી મહત્ત્વની ટેકાની સપાટી છે અને જો ભાવ ૪૦૦૦ ડૉલરની અંદર જશે તો ૩૮૫૦ ડૉલર સુધી ઘટે તેવી શક્યતા બ્લ્યુલાઈન ફ્યુચર્સનાં ચીફ માર્કેટ સ્ટ્રેટેજિસ્ટ ફિલિપ સ્ટ્રિબલે વ્યક્ત કરી હતી. નોંધનીય બાબત એ છે કે ગત સપ્તાહે સોનાના ભાવ નોંધપાત્ર ઘટ્યા હોવા છતાં વર્ષ ૨૦૨૫માં અત્યાર સુધીમાં સોનાના ભાવમાં પંચાવન ટકાનો ઉછાળો જોવા મળ્યો છે. જોકે, હવે રોકાણકારોની નજર આગામી ૨૮-૨૯ ઑક્ટોબરની અમેરિકી ફેડરલ રિઝર્વની બેઠક પર સ્થિર થઈ હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■

## વિદેશી હૂંડિયામણની અનામત ૪.૪૯૬ અબજ ડૉલર વધીને ફરી ૭૦૦ અબજની પાર

મુંબઈઃ ગત ૧૭ની આક્ટોબરના રોજ પૂરા થયેલા સપ્તાહે દેશની વિદેશી ચલણી અસ્ક્યામતોમાં ઘટાડો થયો હોવા છતાં કુલ વિદેશી હૂંડિયામણની અનામત ૪.૪૯૬ અબજ ડૉલર વધીને ફરી ૭૦૦ અબજ ડૉલરની સપાટી પાર કરીને ૭૦૨.૨૮ અબજ ડૉલરના સ્તરે રહી હોવાનું રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાએ સાપ્તાહિક આંકડાકીય માહિતીમાં જણાવ્યું છે. નોંધનીય બાબત એ છે કે આ પૂર્વેના સપ્તાહે અનામત ૨.૧૭૬ અબજ ડૉલર વધીને ૬૯૭.૭૮૪ અબજ ડૉલરની સપાટીએ રહી હતી.

સમીક્ષા હેઠળના સપ્તાહમાં કુલ વિદેશી હૂંડિયામણની અનામતમાં બહોળો હિસ્સો ધરાવતી વિદેશી ચલણી અસ્ક્યામતો ૧.૬૯૨ અબજ ડૉલરના ઘટાડા સાથે ૫૭૦.૪૧૧ અબજ ડૉલરના સ્તરે રહી હતી. અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે વિદેશી ચલણી અસ્ક્યામતોમાં સપ્તાહ દરમિયાન ડૉલર ઉપરાંત યુરો, પાઉન્ડ અને યેન જેવાં અન્ય મુખ્ય ચલણો સામે રૂપિયામાં થયેલી વધઘટને પણ ધ્યાનમાં લેવામાં આવતી હોય છે.

વધુમાં સપ્તાહ દરમિયાન ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ સાથેની અનામત પણ ત્રણ કરોડ ડૉલરના ઘટાડા સાથે ૪.૬૦૨ અબજ ડૉલરની સપાટીએ રહી હતી. જોકે, આ સમય દરમિયાન સોનાની અનામત ૬.૧૮૧ અબજ ડૉલર વધીને ૧૦૮.૫૪૬ અબજ ડૉલરની સપાટીએ અને ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ સાથેના સ્પેશિયલ ડ્રોઈંગ રાઈટ્સ ૩.૮ કરોડ ડૉલર વધીને ૧૮.૭૨૨ અબજ ડૉલરની સપાટીએ રહ્યા હોવાથી કુલ અનામતમાં વૃદ્ધિ જોવા મળી હોવાનું રિઝર્વ બૅન્કે યાદીમાં ઉમેર્યું હતું. ■

## વર્તમાન નાણાકીય વર્ષમાં ઑઈલ પામનો વાવેતર વિસ્તાર વધીને ૫૨,૧૧૩ હેક્ટર

નવી દિલ્હીઃ તેલંગણા અને આંધ્ર પ્રદેશમાં વાવેતર વિસ્તારનું વિસ્તરણ થવાથી વર્તમાન નાણાકીય વર્ષમાં અત્યાર સુધીમાં ઑઈલ પામનો વાવેતર વિસ્તાર ૫૨,૧૧૩ હેક્ટરની સપાટીએ પહોંચ્યો હોવાનું એક સરકારી વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું છે.

આ વિસ્તરણ થકી ગત ઑગસ્ટ, ૨૦૨૧થી શરૂ થયેલા નેશનલ મિશન ઓન એડીબલ ઑઈલ્સ-ઑઈલ પામ (એનએમઈઓ-ઓપી) હેઠળ ઑઈલ-પામનો કુલ વાવેતર વિસ્તાર ૨,૪૧,૦૦૦ હેક્ટર થયો છે અને દેશભરમાં હવે વિસ્તાર છ લાખ હેક્ટર થયો છે.

દેશમાં ઑઈલ પામ વાવેતર વધી રહ્યું છે અને વર્તમાન નાણાકીય વર્ષમાં ગત ૨૨મી ઑક્ટોબર સુધી વાવેતર વિસ્તાર ૫૨,૧૧૩ હેક્ટર થયો હોવાનું કૃષિ મંત્રાલયના એક અધિકારીએ પીટીઆઈને જણાવ્યું હતું. પ્રાપ્ત આંકડાકીય માહિતી અનુસાર આંધ્ર પ્રદેશમાં નવો વાવેતર વિસ્તાર ૧૩,૨૮૬ હેક્ટર અને તેલંગણામાં ૧૨,૦૦૫ હેક્ટરનો વધારો થયો છે. આ સિવાય અન્ય રાજ્યોમાં છત્તીસગઢ, ગોવા અને ગુજરાતનો સમાવેશ થાય છે.

આંધ્ર પ્રદેશ અને તેલંગણાના ખેડૂતોએ વધુ વળતરના આશાવાદે કોકા અને અન્ય પાકનાં આંતરપાક તરીકે ઑઈલ પામનો પાક લઈ રહ્યા છે. હાલમાં ભારત જર્મિનેટેડ ઑઈલ પામના બિયારણો આયાત કરી રહ્યું છે અને તેને ખેતરમાં રોપતા પહેલા ૧૮ મહિના સુધી નર્સરીમાં ઉછેર કરવો પડે છે. આ પ્રક્રિયાને ઝડપી બનાવવા માટે સરકારે આ વર્ષે બીજ બગીચાઓને મંજૂરી આપી છે. એનએમઈઓ-ઓપી હેઠળ પ્રતિ કલાક ૬૩૮.૫ ટનની ક્ષમતા ધરાવતી ૨૪ મિલોને મંજૂરી આપવામાં આવી છે.

નોંધનીય બાબત એ છે કે કૃષિ મંત્રાલયે નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ સુધીમાં ઑઈલ પામનો વાવેતર વિસ્તાર બે લાખ હેક્ટર સુધી પહોંચાડવાનો લક્ષ્યાંક રાખ્યો છે. દેશમાં મુખ્યત્વે તેલંગણા, આંધ્ર પ્રદેશ, આસામ, અરુણાચલ પ્રદેશ, ત્રિપુરા અને મિઝોરમ રાજ્ય વાવેતરમાં અગ્રેસર છે. વધુમાં સરકારે ઑઈલ પામની ખેતી માટે સરકારે ૨૮ લાખ હેક્ટર વિસ્તાર ઓળખી કાઢ્યો છે જે સોયાબીન, સૂર્યમુખી, રાયડા અને મગફળી જેવા અન્ય તેલીબિયાના વિસ્તારની સરખામણીમાં ૧૦ ગણો વધુ છે. ■

## વિશ્વની ૨૬ બજારમાં ચોખાની નિકાસ વધારવાનું લક્ષ્યઃ અપેડા

નવી દિલ્હીઃ દેશમાં ચોખાની નિકાસ નોંધપાત્ર દરે વૃદ્ધિ પામી રહી છે અને હવે દેશ ફિલિપાઈન્સ, ઈન્ડોનેશિયા, યુકે અને મેક્સિકો સહિત વિશ્વની ૨૬ બજારમાં શિપમેન્ટ વધારવાની વિચારણા થઈ રહી હોવાનું વાણિજ્ય મંત્રાલય હેઠળની કૃષિ નિકાસ બાબતે ધ્યાન રાખતી એગ્રિકલ્ચરલ ઍન્ડ પ્રોસેસ્ડ ફૂડ પ્રોડક્ટ્સ એક્સપોર્ટ ડેવલોપમેન્ટ ઑથૉરિટી (અપેડા)ના અધ્યક્ષ અભિષેક દેવે જણાવ્યું હતું.

નોંધનીય બાબત એ છે કે ગત સપ્ટેમ્બર મહિનામાં ચોખાની નિકાસમાં વર્ષાનુવર્ષ ધોરણે ૩૩.૧૮ ટકા વધીને ૯૨.૫ કરોડ ડૉલરની અને વર્તમાન નાણાકિય વર્ષમાં ગત એપ્રિલથી સપ્ટેમ્બર દરમિયાન નિકાસ ગત સાલના સમાનગાળાની તુલનામાં ૧૦ ટકા વધીને ૫.૬૩ અબજ ડૉલરની સપાટીએ રહી હતી.

તાજેતરમાં ઈન્ડિયન રાઈસ એક્સપોર્ટર્સ ફેડરેશન અને અપેડાના સહયોગમાં ભારત મંડપમ્ ખાતે આયોજિત ભારત ઈન્ટરનેશનલ રાઈસ કોન્ફરન્સ પશ્ચાત્ પત્રકાર વર્તુળોને જણાવતાં તેમણે કહ્યું હતું કે અમે ૨૬ બજારમાં નિકાસ વધારવાની દિશામાં વિચારણા કરી રહ્યા છીએ. આ ૨૬ બજારમાં સાઉદી અરેબિયા, વિયેટનામ, ઈરાક, અમેરિકા, મલયેશિયા, ચીન, ફ્રાન્સ, યુએઈ, બ્રાઝિલ, દક્ષિણ આફ્રિકા, બેલ્જિયમ, જાપાન, જર્મની અને કેન્યાનો સમાવેશ થાય છે. આ દેશો મુખ્યત્વે ચોખાની આયાત પાકિસ્તાન જેવાં ભારતના સ્પર્ધક દેશો તરફથી કરે છે.

તેમણે જણાવ્યું હતું કે આ કોન્ફરન્સ અથવા તો પરિસંવાદનો મુખ્ય હેતુ ઉત્પાદકો, નિકાસકારો, આયાતકારો, નીતિઘડવૈયાઓ, ફાઈનાન્સરો, લોજિસ્ટિસિયનો, સંશોધક સંસ્થાઓ અને સંલગ્નિત સેવાઓ પૂરી પાડનારાઓને એક છત્ર હેઠળ લાવવાનો છે જેથી ચોખાના વૈશ્વિક વેપારમાં પારદર્શકતા, અસરકારકતા અને કાર્યક્ષમતામાં વધારો થાય.

નોંધનીય બાબત એ છે કે ભારત ચોખાનો વૈશ્વિક અગ્રણી ઉત્પાદક અને નિકાસકાર દેશ છે અને ૧૭૨ દેશને પુરવઠો પૂરો પાડે છે. આથી બ્રિક ૨૦૨૫ હિસ્સેધારકોને વૈશ્વિક ખાદ્ય ચીજોનાં પુરવઠા શ્રૃંખલામાં તેમની હાજરી સ્થાપિત કરવાની તક પૂરી પાડશે. ■

## મથકો પાછળ ખાંડમાં નરમાઈ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર આજે સ્થાનિક તેમ જ દેશાવરોની માગ નબળી રહી હોવાથી મથકો પર સ્મોલ ગ્રેડની ખાંડના ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૧૦ના ઘટાડા સાથે રૂ. ૩૭૭૦થી ૩૮૦૦ના મથાળે થયાના અહેવાલ ઉપરાંત આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં સપ્તાહના અંત તેમ જ તહેવારોની મોસમ પૂરી થતાં સાર્વત્રિક સ્તરેથી માગ મર્યાદિત રહેતાં હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડમાં નીચલા મથાળેથી અને મિડિયમ ગ્રેડની ખાંડમાં ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦નો ઘટાડો આવ્યો હતો. જોકે, આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારોની છૂટીછવાઈ માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું. આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની માગ ખપપૂરતી રહેતાં ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો. તેમ જ મથકો પાછળ હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ના ઘટાડા સાથે રૂ. ૩૯૪૦થી ૪૦૧૨માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ના ઘટાડા સાથે રૂ. ૩૯૮૨થી ૪૦૭૨માં થયા હતા.

વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગ છૂટીછવાઈ ખપપૂરતી જળવાઈ રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૭૦થી ૩૯૦૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૦૦થી ૩૯૫૦માં ટકેલા ધોરણે થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■

## દેશી-આયાતી તેલમાં પાંખાં કામકાજે ટકેલું વલણ

મુંબઈઃ સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં આજે સપ્તાહના અંત ઉપરાંત બૅન્કો પણ બંધ રહી હોવાથી એકંદરે હાજર, ડાયરેક્ટ ડિલિવરી તેમ જ સેલરિસેલ ધોરણે કામકાજો પાંખાં રહ્યા હતા. જોકે, ગઈકાલે શિકાગો ખાતે સોયાતેલના વાયદામાં ૬૦ સેન્ટનો ઘટાડો આવ્યો હોવાના ઓવરનાઈટ નિરુત્સાહી અહેવાલને કારણે પણ બજારનો અન્ડરટોન સુસ્ત રહ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

આજે ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ એડબ્લ્યુએલના આરબીડી પામોલિનના રૂ. ૧૨૫૫, પતંજલિ ફૂડ્સના પાતાળગંગાથી ડિલિવરી શરતે આરબીડી પામોલિનના રૂ. ૧૨૮૩, સંજય સોયાના નવેમ્બર અને ડિસેમ્બર ડિલિવરી શરતે રૂ. ૧૨૯૦, જી-વનના આરબીડી પામોલિનના રૂ. ૧૨૬૧ અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૫૧ તથા ગોકુલ એગ્રોના સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૫૧ આસપાસના મથાળે ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપારો નિરસ રહ્યા હતા.

આજે હાજરમાં વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિન અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૮૫, સન રિફાઈન્ડના રૂ. ૧૪૮૦, સિંગતેલના રૂ. ૧૪૨૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૩૧૫ અને સરસવના રૂ. ૧૫૦૫ના મથાળે રહ્યા હતા. ■

## ધાતુમાં માગ અનુસાર મિશ્ર વલણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં આજે વૈશ્વિક અહેવાલોની ગેરહાજરી વચ્ચે સપ્તાહના અંતે સ્ટોકિસ્ટોની લે-વેચ ઉપરાંત વપરાશકાર ઉદ્યોગની માગ અનુસાર મિશ્ર વલણ જોવા મળ્યું હતું, જેમાં ખાસ કરીને કોપરની અમુક વેરાઈટીઓ, બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને ઝિન્ક સ્લેબના ભાવમાં કિલોદીઠ રૂ. બેથી ચારનો સુધારો આવ્યો હતો, જ્યારે નિકલ, ટીન, બ્રાસ શીટ કટિંગ્સ અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સમાં કિલોદીઠ રૂ. એકથી ૧૫નો ઘટાડો આવ્યો હતો અને અન્ય ધાતુઓમાં ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ખાસ કરીને કોપરની અમુક વેરાઈટીઓમાં વૈશ્વિક સ્તરે પ્રવર્તી રહેલી પુરવઠાખેંચની સ્થિતિમાં મક્કમથી સુધારાતરફી વલણ રહેતું હોવાથી સ્થાનિકમાં પણ સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગને ટેકે કોપર આર્મિચરના ભાવ કિલોદીઠ રૂ. ચાર વધીને રૂ. ૯૧૫, કોપર વાયરબાર અને કોપર કેબલ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ વધીને અનુક્રમે રૂ. ૧૦૩૮ અને રૂ. ૯૪૮ અને કોપર સ્ક્રેપ હેવીના ભાવ કિલોદીઠ રૂ. બે વધીને રૂ. ૯૩૩ના મથાળે રહ્યા હતા. આ સિવાય વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ વધીને રૂ. ૫૯૮ અને ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. બે વધીને રૂ. ૩૦૩ના મથાળે રહ્યા હતા.

જોકે, આજે અમુક ધાતુઓ જેમાં સ્ટોકિસ્ટોની વેચવાલીનું દબાણ અને સાર્વત્રિક સ્તરેથી માગ નિરસ રહેતાં ભાવમાં ઘટાડાતરફી વલણ રહ્યું હતું. તેમાં નિકલના ભાવ કિલોદીઠ રૂ. ૧૫ ઘટીને રૂ. ૧૩૫૦, ટીનના ભાવ કિલોદીઠ રૂ. છ ઘટીને રૂ. ૩૨૩૭, બ્રાસ શીટ કટિંગ્સના ભાવ કિલોદીઠ રૂ. ચાર ઘટીને રૂ. ૬૪૬ અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. એક ઘટીને રૂ. ૨૬૯ના મથાળે રહ્યા હતા.

આ સિવાય ખપપૂરતી છૂટીછવાઈ માગને ટેકે કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. ૮૫૫, એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. ૨૧૬ અને લીડ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. ૧૮૨ના મથાળે ટકેલા રહ્યા હતા. ■

## ઈથેનોલના નવા ટેન્ડરની ફાળવણીઃ અનિશ્ચિતતાનો સામનો કરતી દેશની ૩૫૦ કરતાં વધુ ડિસ્ટિલિયરીઓ

નવી દિલ્હીઃ તાજેતરનાં ઈથેનોલ ટેન્ડરમાં અપર્યાપ્ત પ્રાપ્તિ ઓર્ડરને કારણે દેશભરની અંદાજે ૩૫૦ કરતાં વધુ ડિસ્ટિલિયરીઓ અનિશ્ચિત ભવિષ્યનો સામનો કરી રહી છે કેમ કે તેમાં હાલના એકમો કરતાં નવાં એકમોની વધુ તરફેણ કરવામાં આવી હોવાથી ઉદ્યોગ સંસ્થાઓએ ફાળવણી પદ્ધતિ અંગે ચિંતા વ્યક્ત કરી છે.

ઓઈલ માર્કેટિંગ કંપની (ઓએમસી)ઓ દ્વારા જારી કરવામાં આવેલા ઈથેનોલ પુરવઠા વર્ષ ૨૦૨૫-૨૬ના ટેન્ડરની હિસ્સેધારકો દ્વારા ટીકા કરવામાં આવી રહી છે. તેઓ આક્ષેપ કરી રહ્યા છે કે ફાળવણી માટેનાં માપદંડ અસંતુલન બનાવી રહ્યા છે, સરકારી પ્રતિબદ્ધતતાઓ હેઠળ સ્થાપિત ડિસ્ટિલિયરીઓને કોરાણે મૂકીને નવાં એકમોની તરફેણ કરવામાં આવી છે.

ટેન્ડર ડોક્યુમેન્ટ (૧૦૦૦૪૪૨૩૩૨) અનુસાર જે ઝોનમાં સ્થાનિક ડિસ્ટિલિયરીઓ તરફથી થતી ઑફરમાં જરૂરિયાત પૂર્ણ નથી થતી તેવા ઝોનને ખાદ્ય (ડેફિસિટ) ઝોન તરીકે વર્ગિકૃત કરવામાં આવે છે, જેમાં તમામ સ્થાનિક ઓફરો ફાળવણી માટે પૂર્ણ ગણવામાં આવે છે. જોકે ઉદ્યોગના પ્રતિનિધિઓ જણાવે છે આ અભિગમમાં પાડોશી રાજ્યોનાં અતિરિક્ત પુરવઠાની ક્ષમતાની અવગણના કરવામાં આવે છે તેમાંથી ઘણીખરી ડિસ્ટિલિયરીઓ લૉન્ગ ટર્મ ઓફટેક એગ્રીમેન્ટ હેઠળ અને ઓએમસી દ્વારા દાખવવામાં આવેલા એક્સ્પ્રેશન ઑફ ઈન્ટરેસ્ટ મારફતે સ્થાપિત કરવામાં આવેલી છે.

આ સંદર્ભે ગ્રેન ઈથેનોલ મેન્યુફેક્ચરર્સ એસોસિયેશનનાં પ્રમુખ સી કે જૈને એક નિવેદનમાં જણાવ્યું હતું કે ઈથેનોલની પ્રાપ્તિ માટે એક સર્વાંગી મૉડેલની આવશ્યકતા છે, જેમાં રાજ્યોની અતિરિક્ત ઉપલબ્ધતા, પહેલાથી અસ્તિત્વમાં રહેલી ક્ષમતાઓ અને રોકાણો તથા ડિસ્ટિલિયરીઓ સાથે કરવામાં આવેલી અગાઉની સમજૂતી અને પ્રતિબદ્ધતાઓને ધ્યાનમાં લેવી જોઈએ. હાલની ફાળવણીની યંત્રણા માત્ર આર્થિક રીતે બિનકાર્યક્ષમ નથી, પરંતુ પર્યાવરણીય રીતે પણ પ્રતિકૂળ છે, કારણ કે હાલની માળખાગત સુવિધાઓની અવગણના કરતી વખતે બિનજરૂરી ક્ષમતાના નિર્માણને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. ઉદ્યોગના હિસ્સેધારકોએ દાવો કર્યો હતો કે ઘણી અસરગ્રસ્ત ડિસ્ટિલિયરીઓએ સરકારનાં ઈથેનોલ બ્લેન્ડેડ પેટ્રોલ (ઈબીપી) કાર્યક્રમની બાંયધરી હેઠળ મોટાપાયે રોકાણ કરેલું છે. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ અશ્મીભૂત ઈંધણની આયાતમાં ઘટાડાની સાથે શેરડી અને અનાજના ખેડૂતોને પ્રાપ્તિ મારફતે ટેકો આપવાનો હતો. ■

PUBLIC NOTICE પબ્લિક નોટીસ

### લીલાઉ વેચાણ

૧. ૨૦૧૦ના સૂટ નં. ૧૧૬૯માં માનનીય મુંબઈ હાઈ કોર્ટ દ્વારા પસાર કરાયેલ તારીખ ૧૬.૧૦.૨૦૨૫ના આદેશના અન્વયે જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે અહીં નીચે લખેલ પરિશિષ્ટમાં વધુ વિગતવાર વર્ણવેલ ફ્લેટ હોઈ સ્થાવર મિલકતનું વેચાણ કોર્ટ ઓક્શન દ્વારા કરવામાં આવી રહ્યું છે.
૨. ઓફર કર્તાઓએ તેમની ઓફર મુંબઈ ખાતે ચૂકવવાપાત્ર "ધ પ્રોથોનોટરી એન્ડ સિનિયર માસ્ટર, હાઈ કોર્ટ બોમ્બે"ની તરફેણમાં કોઈપણ રાષ્ટ્રીયકૃત બેંકના રૂ. ૧૦,૦૦,૦૦૦/- બાના રકમ ડિપોઝીટ (બારડી) તરીકેના ડિમાન્ડ ડ્રાફ્ટ / પે ઓર્ડર સાથે સુપ્રત કરવી જોઈશે.
૩. ઓફર લેટર અને ડિમાન્ડ ડ્રાફ્ટ અલગ સિલબંધ કવર (બારડી અને ઓફર લેટર માટે અલગ કવરો)માં ૧૫.૧૧.૨૦૨૫ના કે પહેલાં સ. ૧૧.૦૦ ક.થી બ. ૦૨.૦૦ ક.ની વચ્ચે ઓફિશિયલ એસાઈની, ૪થો માળ, અશોકા શોપિંગ સેન્ટર પાછળ, G.T. હોસ્પિટલ કમ્પાઉન્ડ, ક્રાફર્ડ માર્કેટ પાસે, મુંબઈ - ૪૦૦૦૦ (Attn: શ્રી કેતન કે. ત્રીવેદી, કોર્ટ કમિશનર)ની ઓફિસમાં સુપ્રત કરવાના રહેશે. આ રીતે પ્રાપ્ત થયેલી ઓફરો ૧૮.૧૧.૨૦૨૫ના બ. ૩ કલાકે કોર્ટમાં ખોલવામાં આવશે, જ્યારે ઓફરકર્તાઓ હાજર રહી શકશે.
૪. સંભવિત ખરીદદારો માટે સૂટ ફ્લેટનું નિરિક્ષણ ૦૧.૧૧.૨૦૨૫ અને ૦૨.૧૧.૨૦૨૫ના સ. ૧૧.૦૦ થી સાં. ૦૫.૦૦ ક. વચ્ચે નક્કી કરવામાં આવ્યું છે.

શેડ્યુલ

ફ્લેટ નં. C-૩, ૩જો માળ, કોનોટ મેન્શન્સ, CD વિંગ, કોલાબા પોસ્ટ ઓફિસની સામે, ૧૭૩, SB રોડ, અપર કોલાબા, મુંબઈ - ૪૦૦૦૦૫ ધરાવતા વરંડા (કાર્પેટ એરીયા) સાથે ભરતમાં ૧૯૭૩ ચો.ફૂટ ધરાવતો રહેણાંક ફ્લેટ.

સ્થળઃ મુંબઈ
તારીખ- ૨૬-૧૦-૨૦૨૫

## સાતારામાં મહિલા ડૉક્ટરની આત્મહત્યા

# મહિલા ડૉક્ટર અને આરોપી રિલેશનમાં હતાં: પોલીસ


પ્રશાંત બનકર

### મારા ભાઈએ પ્રેમનો પ્રસ્તાવ ઠુકરાવ્યો હતો: પ્રશાંત બનકરની બહેનનો દાવો

પુણે: મહિલા ડૉક્ટરને આત્મહત્યા માટે પ્રવૃત્ત કરવાના આરોપસર પુણેથી સોફ્ટવેર એન્જિનિયર પ્રશાંત બનકરની પોલીસે શુક્રવારે રાતે ધરપકડ કરી હતી. મહિલા ડૉક્ટર અને બનકર રિલેશનમાં હતાં અને બાદમાં તેમના સંબંધ બગડ્યા હતા, એવો દાવો પોલીસે કર્યો હતો. બીજી તરફ બનકરની બહેને દાવો કર્યો હતો કે મહિલા ડૉક્ટરે મારા ભાઇને પ્રપોઝ કર્યું હતું, પણ તેણે ઇનકાર કરી દીધો હતો.


ફરાર પોલીસ ગોપાલ બદાને

બનકરની બહેને જણાવ્યું હતું કે મહિલા ડૉક્ટર અમારે ત્યાં એક વર્ષ સુધી રહી હતી. હું એક-બે મહિના માટે મારા ઘરે રહેવા માટે આવી ત્યારે મારી તેની સાથે સારી મિત્રતા થઇ હતી. હું તેને કહેતી કે તમારી નોકરી તો સરકારી છે, પણ (જુઓ પાનું ૪)

### ૮૦થી ૯૦ પોસ્ટમોર્ટમ કરનારી યુવતી શું સ્ટ્રોન્ગ નહીં હોય?

સાતારા જિલ્લામાં હોટેલની રૂમમાં આત્મહત્યા કરનારી મહિલા ડૉક્ટરે પોતાની હથેળી પર સુસાઇડ નોટ લખી હતી, જેમાં ગંભીર આરોપ કરાયા છે કે સબ-ઇન્સ્પેક્ટર ગોપાલ બદાનેએ તેના પર ચાર વખત બળાત્કાર ગુજાર્યો, જ્યારે પ્રશાંત બનકરે તેને માનસિક ત્રાસ આપ્યો. આરોગ્ય વિભાગના વરિષ્ઠો તથા પોલીસ અધિકારીઓએ પોસ્ટમોર્ટમ રિપોર્ટ બદલવા માટે તેના પર દબાણ કર્યું. આ અંગે ફરિયાદ કરવા છતાં કોઇ કાર્યવાહી ન થઇ. એ સિવાય એક સાંસદ અને તેના પીએનો પણ તેમાં ઉલ્લેખ કરાયો છે. હવે મૃત ડૉક્ટરની પિતરાઇ બહેને પણ આરોપ કર્યો છે કે દબાણ લાવીને મારી બહેનને આત્મહત્યા માટે પ્રવૃત્ત કરવામાં આવી. (જુઓ પાનું ૪)

### મકાનમાલિકના સોફ્ટવેર એન્જિનિયર પુત્રની પુણેથી ધરપકડ

પુણે: સાતારા જિલ્લામાં સરકારી હૉસ્પિટલની ૨૮ વર્ષની મહિલા ડૉક્ટરે કરેલી આત્મહત્યા પ્રકરણે પોલીસે શુક્રવારે રાતે મકાનમાલિકના સોફ્ટવેર એન્જિનિયર પુત્રની ધરપકડ કરી હતી.

મહિલા ડૉક્ટરે પોતાની હથેળીમાં લખેલી સુસાઇડ નોટમાં જે બે જણનાં નામ આપ્યાં હતાં, તેમાંથી એક નામ પ્રશાંત બનકરનું હતું. ફલટન પોલીસ સ્ટેશનની ટીમે શનિવારે બનકરને પુણેથી ઝડપી પાડ્યો હતો. બનકર તેના મિત્રના ફાર્મહાઉસમાં છુપાયો હતો.

બનકરની ધરપકડ કરાયા બાદ શનિવારે તેને કોર્ટમાં હાજર કરવામાં આવ્યો હતો. સરકારી વકીલ મહાલેએ બનકરની સાત દિવસની પોલીસ કસ્ટડીની માગણી કરી હતી, જ્યારે બનકરના વકીલ સુનીલ ભોંગળેએ તેના (જુઓ પાનું ૪)

### '... તો એ ડૉક્ટરનો જીવ બચી શક્યો હોત'

પુણે: હોટેલની રૂમમાં ગળાફાંસો ખાનારી મહિલા ડૉક્ટરે પોલીસ સબ-ઇન્સ્પેક્ટર સહિત બે જણ પર આરોપ કર્યો હતો અને આ ઘટના બાદ વિરોધકોએ ગૃહવિભાગની ટીકા કરી. હવે આ પ્રકરણમાં મૃત ડૉક્ટરે લખેલી ચાર પાનાંની સુસાઇડ નોટનો ઉલ્લેખ થઇ રહ્યો છે, જેમાં અનેક ચોંકાવનારા આરોપ કરવામાં આવ્યા છે. સાતારાના એડિશનલ પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ વૈશાલી કડૂસકરે કહ્યું હતું કે 'જો મહિલા ડૉક્ટરને ત્રાસ આપવામાં આવી રહ્યો હતો તો તેણે સમયસર કોઇને જાણ કરવી જોઇતી હતી. સગાંવહાલાં, મિત્રોને આની માહિતી આપી હોત તો તેની નોંધ લઇ શકાઇ હોત અને ડૉક્ટરનો જીવ બચી શક્યો હોત.'

તબીબી અધિકારીઓ અને પોલીસ પ્રશાસન વચ્ચેના મતભેદને કારણે આ ઘટના બની હતી? એવો પ્રશ્ન પૂછવામાં આવતાં કડૂસકરે કહ્યું હતું કે આરોપીને કોર્ટમાં લઇ જવાનું અને પીડિતાને ન્યાય અપાવવાનું કામ તબીબી અધિકારી અને (જુઓ પાનું ૪)

### મહિલા ડૉક્ટરના મૃત્યુની એસઆઈટી દ્વારા સ્વતંત્ર તપાસની માગણી

મુંબઈ: મહારાષ્ટ્રના સાતારા જિલ્લામાં ૨૮ વર્ષની મહિલા ડોક્ટરના કથિત મૃત્યુની સ્વતંત્ર તપાસ અને એસઆઈટી તપાસની માગણી મહારાષ્ટ્રના રાજકીય નેતાઓએ પક્ષાપક્ષનો ભેદ ભૂલીને કરી છે.

બીડ જિલ્લાની વતની અને ફલટણની સરકારી હોસ્પિટલમાં પોસ્ટ કરાયેલી ડોક્ટર ગુરુવારે રાત્રે એક હોટલના રૂમમાં મૃત હાલતમાં મળી આવી હતી.

વિપક્ષે આ ઘટના અંગે મહાયુતિની સરકાર પર નિશાન સાધ્યું, ત્યારે રાજ્યના પ્રધાનોએ એવી ખાતરી આપી હતી કે પોલીસ નિષ્પક્ષ અને વિગતવાર તપાસ કરશે.

એનસીપીના નેતા ધનંજય મુંડે અને શિવસેના (યુબીટી)ના નેતા અંબાદાસ દાનવેએ શુક્રવારે અલગ-અલગ રીતે સ્વતંત્ર તપાસની માગણી કરી હતી.

એક્સ પરની એક પોસ્ટમાં ભૂતપૂર્વ પ્રધાન ધનંજય મુંડેએ (જુઓ પાનું ૪)

# નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેની અચાનક દિલ્હીમાં મોદી સાથે મુલાકાત

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મહારાષ્ટ્રના રાજકારણમાં અત્યારે સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણી માટેની તૈયારીઓ ચાલી રહી છે અને બધા જ રાજકીય પક્ષો અને ગઠબંધનો આગામી વ્યૂહરચના ઘડવામાં વ્યસ્ત છે ત્યારે રાજ્યના નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ શનિવારે અચાનક દિલ્હીમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીની મુલાકાત લઈને બધાને ચોંકાવી દીધા છે. સત્તાવાર રીતે આ મુલાકાતનું કારણ આપવામાં આવ્યું ન હોવા છતાં એવું માનવામાં આવી રહ્યું છે કે આગામી પાલિકા ચૂંટણીઓમાં યોગ્ય પ્રમાણમાં બેઠકો મળે તે માટે આ બેઠક હતી.

નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે મોદીને કેમ મળ્યા? આ બેઠકમાં શું ચર્ચા થઈ? આ બધા સવાલોનો તેમણે દિલ્હીમાં મીડિયા સાથે વાત કરતા જવાબ આપ્યા હતા. શિંદેએ એમ કહ્યું હતું કે આ એક શુભેચ્છા મુલાકાત હતી અને તેમણે આ બેઠકમાં મોદીને દિવાળીની શુભેચ્છા આપી હતી.

જ્યારે મીડિયા પ્રતિનિધિઓએ એકનાથ શિંદેને આ મુલાકાત વિશે પૂછ્યું, ત્યારે શિંદેએ કહ્યું, 'આ મુલાકાત અચાનક નહોતી. હું તેમને દિવાળીની શુભેચ્છા પાઠવવા મળ્યો હતો. બિહાર ચૂંટણીને કારણે તેઓ વ્યસ્ત હતા. મેં તેમને દિવાળીની શુભેચ્છા આપી હતી અને આ મુલાકાત એક શુભેચ્છા મુલાકાત હતી. તેમણે કહ્યું હતું કે મોદીના કાર્ય પર આખા દેશને ગર્વ છે.'

'જો હું દિલ્હી આવું તો ચર્ચા થાય છે અને જો હું ખેતરોમાં જાઉં તો પણ ચર્ચા થાય છે. જે લોકો ચર્ચા કરે છે તેમની ચર્ચા ચાલુ રહે છે, પરંતુ હું મારું કામ કરી રહ્યો છું. વડા પ્રધાન મોદી દેશ માટે જે કાર્ય કરે છે તેના પર અમને બધાને ગર્વ છે,' એમ એકનાથ શિંદેએ કહ્યું હતું.

આ બેઠકમાં કયા મુદ્દાઓ પર ચર્ચા થઈ હતી એવા સવાલોના જવાબ આપતાં તેમણે કહ્યું હતું કે 'અમે જ્યારે પણ મળીએ છીએ ત્યારે ફક્ત વિકાસની વાતો કરીએ છીએ, પછી તે મહારાષ્ટ્રનો વિકાસ હોય કે પછી દેશનો વિકાસ હોય. અમે જ્યારે મળીએ ત્યારે વિકાસ એક જ વસ્તુ એવી હોય છે જેની ચર્ચા કાયમ થાય છે.

આ ઉપરાંત અમે એનડીએના ઘટક પક્ષ છીએ એટલે શિવસેનાને કાયમ મોદી સાહેબ અમારા માટે આદરનું સ્થાન ધરાવે છે. તેમણે એમ પણ કહ્યું હતું કે જોકે એવું માનવામાં આવી રહ્યું (જુઓ પાનું ૪)

# મુંબઈમાં આવતા અઠવાડિયા સુધી વરસાદ રહેશે


### મંગળવાર સુધી યલો અલર્ટ


**સ્વચ્છ આકાશ...** હાલમાં રોજ સાંજે વરસાદ પડે છે, જ્યારે બપોરના સમયે આકાશ સ્વચ્છ રહેતું હોય છે. (અમય ખરાડે)

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈ સહિત થાણેમાં શનિવારે પણ મધ્યમ સ્વરૂપના વરસાદના ઝાપટાં પડયા હતા. ભારતીય હવામાન વિભાગે મુંબઈ, થાણે સહિત મહારાષ્ટ્રમાં આવતા અઠવાડિયે વરસાદ પડવાનો અંદાજો વ્યક્ત કર્યો છે. તેમ જ મંગળવાર સુધી યલો અલર્ટની ચેતવણી આપી છે. આ દરમ્યાન વરસાદને કારણે મુંબઈમાં હવાની ગુણવત્તામાં સુધારો જણાયો છે. નૈર્ઋત્યના ચોમાસાએ મુંબઈમાંથી આઠ ઓક્ટોબરના સત્તાવાર રીતે વિદાય લઈ લીધી છે. છતાં મુંબઈમાં હજી પણ વરસાદના ઝાપટાં જ ચાલુ જ રહ્યા છે. મંગળવારથી મુંબઈ સહિત થાણે અને મુંબઈ મેટ્રોપોલિટન રિજન વિસ્તારમાં હળવાથી મધ્યમ સ્વરૂપનનો વરસાદ પડી રહ્યો છે. નવરાત્રી બાદ દિવાળીમાં પણ વરસાદે હેરાન કરી મૂક્યા છે અને આવતા અઠવાડિયા સુધી વરસાદ રહેવાની શકયતા છે. મંગળવાર સુધી હવામાન વિભાગે યલો અલર્ટ આપ્યું છે. શુક્રવારે મોડી રાતના અચાનક વરસાદ પડવાનું શરૂ થઈ ગયું હતું અને મુંબઈના અનેક વિસ્તારોમાં અડધાથી પોણો કલાકની અંદર જ (જુઓ પાનું ૪)

## સતીશ શાહનું નિધન



# એક બહુમુખી અભિનેતા અને કલા ક્ષેત્રે માર્ગદર્શક કડી: ફડણવીસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે શનિવારે પીઢ અભિનેતા સતીશ શાહને શ્રદ્ધાંજલિ આપતાં તેમને એક બહુમુખી કલાકાર તરીકે વર્ણવ્યા હતા જેમણે ભારતીય સિનેમા અને રંગભૂમિ પર અમીટ છાપ છોડી હતી.

મુખ્ય પ્રધાને તેમના શોક સંદેશમાં કહ્યું હતું કે ૭૪ વર્ષની વયે અવસાન પામેલા શાહને તેમણે ભજવેલી દરેક ભૂમિકામાં સરળ આકર્ષણ અને પ્રામાણિકતા માટે યાદ કરવામાં આવશે.

'તેમના કુદરતી અને મનોહર અભિનય દ્વારા, તેમણે દર્શકોના હૃદયમાં કાયમી સ્થાન બનાવ્યું હતું,' એમ ફડણવીસે કહ્યું હતું.


શાહને ફિલ્મો, રંગભૂમિ અને ટેલિવિઝનમાં તેમના કામ માટે વ્યાપક પ્રશંસા મળી હતી, એમ તેમણે કહ્યું. કોમેડી અને હળવા મનોરંજનથી લઈને ગંભીર પાત્ર ભૂમિકાઓ સુધી, તેમણે એક અભિનેતા તરીકે નોંધપાત્ર શ્રેણી અને ઊંડાણ દર્શાવ્યું હતું, એમ ફડણવીસે જણાવ્યું હતું.

તેમણે એમ પણ કહ્યું હતું કે શાહ જેમણે સ્વ. દાદા કોંડકેની ફિલ્મોમાં પણ અભિનય કર્યો હતો, તેમણે મરાઠી સિનેમાને સમૃદ્ધ બનાવવામાં ફાળો આપ્યો હતો. 'તેમના નિધનથી કલા જગતને મોટું નુકસાન થયું છે. કલાકારોની પેઢીઓને જોડતી માર્ગદર્શક કડી તૂટી ગઈ છે,' એમ તેમણે જણાવ્યું હતું.

'સારાભાઈ વિરુદ્ધ સારાભાઈ'માં દિવંગત અભિનેતા સાથે કામ કરનારા નિર્માતા જેડી મજેઠિયા હજુ પણ આ સમાચારથી આઘાતમાં છે. જ્યારે તેઓ મુંબઈથી મુસાફરી કરી (જુઓ પાનું ૪)

## 'તમે હંમેશાં મારા...'

### સતીશ શાહની મૃત્યુના એક દિવસ પહેલાંની પોસ્ટ વાઈરલ



મુંબઈ: ૭૪ વર્ષની વયે અવસાન પામેલા અભિનેતા સતીશ શાહે મૃત્યુના એક દિવસ પહેલા, સોશિયલ મીડિયા પર એક પોસ્ટ શેર કરી હતી જે હવે વાઈરલ થઈ રહી છે.

સતીશ શાહ લાંબા સમયથી કિડનીની બીમારી સામે લડી રહ્યા હતા. તેમને હિન્દુજા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. સતીશના મૃત્યુથી ઉદ્યોગમાં શોકની લહેર ફેલાઈ ગઈ છે. લોકો સોશિયલ મીડિયા પર પોતાનો શોક વ્યક્ત કરી રહ્યા છે. દરમિયાન, સોશિયલ મીડિયા પર તેમની છેલ્લી પોસ્ટ વાયરલ થઈ રહી છે.

**શું હતું છેલ્લી પોસ્ટમાં?**


મૃત્યુના એક દિવસ પહેલા, સતીશ શાહે સોશિયલ મીડિયા પર દિગ્ગજ અભિનેતા શમ્મી કપૂર વિશે એક પોસ્ટ શેર કરી હતી. ૨૧ ઓક્ટોબરે શમ્મીની જન્મજયંતિ હતી. આ પ્રસંગે સતીશે તેમની યાદમાં એક ફોટો શેર કર્યો હતો, જેમાં તેઓ શમ્મી અને ગોવિંદા સહિત અન્ય ઘણા સ્ટાર્સ સાથે દેખાયા હતા. સતીશ શાહે સેન્ડવિચમાં શમ્મી સાથે કામ કર્યું (જુઓ પાનું ૪)

# 'ફિટ મુંબઈ' પહેલના ભાગરૂપે સુધરાઈની બાન્દ્રામાં 'ફિટ સેટરડે' ઝુંબેશ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈની ફાસ્ટ લાઈફમાં પણ તેમનું આરોગ્ય જળવાઈ રહે અને નાગરિકો પોતાના આરોગ્ય માટે નિયમિત સમય આપે તે આવશ્યક છે. નિરોગી આરોગ્ય માટે નાગરિકો મુંબઈ મહાનગરપાલિકાની સેવા સુવિધાનો લાભ લઈ શકે તે માટે 'ફિટ મુંબઈ' પહેલના ભાગરૂપે સુધરાઈએ બાન્દ્રા ફોર્ટ ગાર્ડન ખાતે 'ફિટ સેટરડે' ઝુંબેશ શરૂ કરી હતી.

આ ઝુંબેશ અંતર્ગત પાલિકા દ્વારા 'એલ એન્ડ ટી-બીએમસી કોસ્ટલ રોડ હાફ મૅરેથોન'નું આયોજન કરવામાં આવવાનું છે, જે દર વર્ષે ડિસેમ્બરના બીજા રવિવારે યોજાશે. એ સિવાય પાલિકાના નેજા હેઠળ સ્થાનિક સંસ્થા દ્વારા બગીચાઓ અને રમતના મેદાનોમાં વોકિંગ, જોગીંગ, યોગા, મેડિટેશન અને પ્રાણાયામ જેવા ફિટનેસના સત્રોનું આયોજન કરવામાં આવશે. શનિવારે બાન્દ્રામાં શરૂ 'ફિટ મુંબઈ' 'ફિટ સેટરડે' ઝુંબેશના શુભારંભ દરમ્યાન પાલિકા કમિશનર ભૂષણ ગગરાણીએ કહ્યું હતું કે આ ઝુંબેશનો હેતુ કસરત નહીં કરતા લોકોને નિયમિત ફિટનેસ રૂટિન અપનાવવા માટે પ્રોત્સાહિત કરવાનો છે. આયોજન અને પ્રતિબદ્ધતા સારા સ્વાસ્થયની (જુઓ પાનું ૪)



# મધ્ય રેલવેમાં આજે બ્લોક

મુંબઈ: મુંબઈગરાની લાઈફલાઈન એવી મુંબઈ લોકલ ટ્રેનોના રવિવારે ધાંધિયા રહેશે. રેલવે દ્વારા સિગ્નલ, ટ્રેક મેઈન્ટેનન્સ જેવા મહત્ત્વના કામ માટે મેગા બ્લોક હાથ ધરવામાં આવશે.

મધ્ય રેલવેના અધિકારી દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર મધ્ય રેલવે પર ૨૬મી ઓક્ટોબરના સવારે ૧૧થી બપોરે ૪ વાગ્યા સુધી માટુંગાથી મુલુંડ વચ્ચે અપ-ડાઉન ફાસ્ટ લાઈન પર મેગા બ્લોક હાથ ધરવામાં આવશે.

બ્લોકના સમય દરમિયાન માટુંગા-મુલુંડ વચ્ચે અપ-ડાઉન ફાસ્ટ લોકલ અપ-ડાઉન સ્લો લાઈન પર દોડાવવામાં આવશે. આ બ્લોકના સમય દરમિયાન કેટલીક ટ્રેનો પોતાના ગંતવ્ય સ્થાને મોડી પહોંચી શકે છે.

ટ્રાન્સ હાર્બર લાઈનની વાત કરીએ તો ટ્રાન્સ હાર્બર લાઈન પર સવારે ૧૧થી બપોરે ૪ વાગ્યા સુધી થાણે-વાશી, નેરુળ વચ્ચે અપ-ડાઉન લાઈન (જુઓ પાનું ૪)

## કાજોલ, આર. માધવન અને અન્ય હસ્તીઓએ શોક વ્યક્ત કર્યો

મુંબઈ: કાજોલ, આર માધવન અને કરણ જોહર સહિત અનેક હસ્તીઓએ સ્વ. અભિનેતા સતીશ શાહને યાદ કર્યા હતા અને તેમને 'દંતકથાસમાન' ગણાવ્યા હતા. સતીશ શાહનું શનિવારે બપોરે બાંદ્રા પૂર્વમાં તેમના નિવાસસ્થાને અવસાન થયું. તેઓ ૭૪ વર્ષના હતા.

તેઓ ફિલ્મ 'જાને ભી દો યારોં' અને 'મૈં હૂં ના' જેવી ફિલ્મો અને સિટકોમ 'સારાભાઈ વર્સીસ સારાભાઈ' અને 'યે જો હૈ જિંદગી'માં તેમના નોંધપાત્ર કામ માટે જાણીતા છે.

૧૯૯૭ની સિટકોમ 'ઘર જમાઈ'માં શાહ સાથે સહ-અભિનય કરનાર માધવને તેમના ઇન્સ્ટાગ્રામ હેન્ડલ પર એક લાંબી નોંધ શેર કરીને શોક વ્યક્ત કર્યો હતો. પોસ્ટમાં શાહનો માધવન અને મંદિરા બેદી સાથેનો ફોટો હતો, જે સિટકોમનો પણ ભાગ હતા.

'હવે સ્વર્ગ વધુ આનંદી અને ખુશહાલ બનશે. સતીશ જી, અમે ભગવાનને મોટેથી (જુઓ પાનું ૪)


શ્રીલંકા 2 ડિસેમ્બર 7 દિવસ
બેંગકોક પટાયા ફુકેટ
૧ ડિસેમ્બર, 7 દિવસ

| | | |
|---|---|---|
| વેઇટનામ 12 ડિસે.,8 દિ. | બાલી-સિંગાપુર 9 જાન્યુ., 8 દિ. | દુબઈ 7 દિ. 24 જાન્યુ. |

હોંગકોંગ, મકાઉ, શેનઝેન 9 જાન્યુ. 7 દિ.
ન્યુઝીલેન્ડ 19 ફેબ્રુઆરી,10 દિવસ
Tour Costs are Dynamic.
વૈષ્ણવી ટુર્સ દાદર
9769318856 9769318872


# નાગપુરથી દિલ્હી જતા વિમાન સાથે પક્ષી અથડાયું, એર ઇન્ડિયાએ ફ્લાઈટ રદ કરી

નાગપુર: નાગપુરથી દિલ્હી જતી એર ઇન્ડિયાની ફ્લાઇટ પંખી સાથે અથડાતા વિમાનમાં ખામી આવી હતી. જોકે, પાયલટના કારણે મોટો અકસ્માત ટળી ગયો હતો. આ ફ્લાઇટ ૨૪ ઓક્ટોબરે નાગપુરથી દિલ્હીની તરફ જતી હતી. નાગપુરથી ટેકઓફ કર્યા બાદ એર ઇન્ડિયાનું વિમાન પંખી સાથે અથડાયું. પછી ક્રૂએ વિમાનને પાછું ફેરવવાનો નિર્ણય કર્યો હતો. થોડીવાર પછી વિમાનને પાછું એરપોર્ટ પર લેન્ડ કરાયું અને સલામતી પ્રોટોકોલ અનુસાર તપાસ કરવામાં આવી હતી. તપાસમાં પંખી સાથે અથડાયાથી વિમાને ખામી આવી હોવાનું જાણવા મળ્યું હતું. ત્યારબાદ ફ્લાઇટ રદ કરી દેવામાં આવી હતી.

ક્રૂ મેમ્બરના સતર્કતાના કારણે મોટી દુર્ઘટના ટળી હતી. સૂત્રો દ્વારા મળતી જાણકારી પ્રમાણે જો કે સત્વરે નાગપુર એરપોર્ટ પર લેન્ડિંગ કરવામાં ના આવ્યું હોત તો દિલ્હી પહોંચતા પહેલા મોટી દુર્ઘટના સર્જાઈ હોત. આ ઘટના અંગે એર ઇન્ડિયાના પ્રવક્તાએ કહ્યું કે ફ્લાઇટ ઉડાન ભર્યા પછી તરત જ પક્ષી અથડાયું હતું. સાવચેતી રૂપે, માનક સંચાલન પ્રક્રિયા મુજબ ક્રૂએ વિમાન નિરીક્ષણ માટે નાગપુર પાછા ફરવાનું (જુઓ પાનું ૪)


PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"


"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Weekly) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1689/1957.** ''મુંબઈ સમાચાર સાપ્તાહિક'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨, દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રી: *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર) ઈ-મેઈલ: **samachar.bombay@gmail.com** ટેલિફોન: ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1689/1957.**